# પલસાણા લઘુ વિસ્તાર આયોજન

## (જિલ્લો સુરત)


અહેવાલ લેખન :

શ્રી ગિરીશ ભટ્ટ

સંકલન :

ડૉ. ઠા. ભા. નાયક



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

૧૯૮૬


૧.૭૪

# પલસાણા લઘુ વિસ્તાર આયોજન

(જિલ્લો : સુરત)

અહેવાલ લેખન

શ્રી ગિરીશ ભટ્ટ

સંકલન

ડૉ. ઠાકોરભાઇ નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

૧૯૮૫

## અનુક્રમણિકા


| પ્રકરણ નંબર | પ્રકરણનું નામ | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૧. | પ્રારંભ | |
| ૨. | પૃષ્ઠભૂમિ | |
| ૩. | લઘુ વિસ્તારની સામાજિક સંરચના. | |
| ૪. | લઘુ વિસ્તારની અર્થવ્યવસ્થા | |
| ૫. | આયોજનના સિધ્ધાંતો અને હેતુઓ. | |
| ૬. | લઘુ વિસ્તારનું આયોજન | |
| ૭. | તારણો | |
| | પરિશિષ્ટ | |
| | સંદર્ભસૂચિ | |


.....

## કોઠાની યાદી


| ક્રમ | કોઠાનું નામ | કોઠા નંબર |
|---|---|---|
| (૧) | ૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ કુલ જમીન અને પિયતની જમીન માહિતી દર્શાવતો કોઠો. | ૨:૧ |
| (૨) | વૃક્ષોની માહિતી દર્શાવતો કોઠો | ૨:૨ |
| (૩) | ૧૯૮૨ની પશુધન ગણતરી મુજબ અભ્યાસમાં પસંદ થયેલ ગામોમાં પશુની સંખ્યા દર્શાવતો કોઠો. | ૨:૩ |
| (૪) | અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબની પશુની માહિતી દર્શાવતો કોઠો. | ૨:૪ |
| (૫) | ૧૦૦ વ્યક્તિએ કેટલા પશુ છે તેની માહિતી દર્શાવતો કોઠો. | ૨:૫ |
| (૬) | ૧૯૭૧ અને ૧૯૮૧ની જનગણના પ્રમાણે પુરૂષ અને સ્ત્રીની સંખ્યામાં જાતિવાર કેટલા ટકા વસ્તીની વધ-ઘટ થઇ છે તેની માહિતી દર્શાવતો કોઠો. | ૩:૧ |
| (૭) | કેટલા ટકા વસ્તી કેટલા ગામમાં વધ-ઘટ થાય છે તેની માહિતી દર્શાવતો કોઠો. | ૩:૨ |
| (૮) | પલસાણા તાલુકામાં ૧૯૮૧ અને ૧૯૮૨માં કેટલી મંડળી છે તેની માહિતી. | ૩:૩ |
| (૯) | ઓગસ્ટ ૧૯૮૫ સુધી પલસાણા તાલુકામાં કેટલા ધોરણની કેટલી શાળા છે તેની માહિતી દર્શાવતો કોઠો. | ૩:૪ |

| ક્રમ | કોઠાનું નામ | કોઠા નંબર |
| --- | --- | --- |
| (૧૦) | અભ્યાસમાં પસંદ કરેલ પાંચગામની શાળાઓમાં ઓગષ્ટ ૧૯૮૫માં કયા ધોરણમાં કેટલા વિધાર્થી અભ્યાસ કરે છે તેની વિગત દર્શાવતો કોઠો. | ૩:૫ |
| (૧૧) | અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબના સભ્યોનું શિક્ષણ દર્શાવતો કોઠો | ૩:૬ |
| (૧૨) | મકાન કોની જમીનમાં છે તેની માહિતી દર્શાવતો કોઠો | ૪:૧ |
| (૧૩) | મકાનની સંખ્યા અને તેનું ક્ષેત્રફળ ની માહિતી દર્શાવતો કોઠો | ૪:૨ |
| (૧૪) | મકાનની દિવાલ અને છાપરાનો પ્રકાર દર્શાવતો કોઠો | ૪:૩ |
| (૧૫) | મકાનના ઓરડાની માહિતી દર્શાવતો કોઠો. | ૪:૪ |
| (૧૬) | મકાનમાં પશુ બાંધવા માટેનું છાપરું છે તેની વિગત દર્શાવતો કોઠો | ૪:૫ |
| (૧૭) | વાસણોની માહિતી દર્શાવતો કોઠો | ૪:૬ |
| (૧૮) | ઘરવખરીના સાધનોની માહિતી દર્શાવતો કોઠો | ૪:૭ |
| (૧૯) | રોકડ રકમ તથા ઘરેણાની કિંમત દર્શાવતો કોઠો | ૪:૮ |
| (૨૦) | અભ્યાસમાં પસંદ કરેલ ગામમાં કેટલા ખાતેદાર છે તેની માહિતી દર્શાવતો કોઠો. | ૪:૯ |

| ક્રમ | કોઠાનું નામ | કોઠાનંબર |
|---|---|---|
| (૨૧) | મહત્વના ખેતીના સાધનોની માહિતી દર્શાવતો કોઠો | ૪:૧૦ |
| (૨૨) | અસ્કયામતની માહિતી દર્શાવતો કોઠો | ૪:૧૧ |
| (૨૩) | મુખ્ય ધંધા પ્રમાણે વર્ગીકરણ દર્શાવતો કોઠો | ૪:૧૨ |
| (૨૪) | ગૌણ ધંધા પ્રમાણે વર્ગીકરણ | ૪:૧૩ |
| (૨૫) | વયજૂથ પ્રમાણે વર્ગીકરણ દર્શાવતો કોઠો | ૪:૧૪ |
| (૨૬) | કમાનાર અને નહીં કમાનારની માહિતી દર્શાવતો કોઠો | ૪:૧૫ |
| (૨૭) | કમાનાર સભ્યોનું જુદા જુદા ધંધા પ્રમાણે વર્ગીકરણ દર્શાવતો કોઠો | ૪:૧૬ |
| (૨૮) | સ્ત્રોતવાર આવક દર્શાવતો કોઠો | ૪:૧૭ |
| (૨૯) | વાર્ષિક ખર્ચની માહિતી દર્શાવતો કોઠો | ૪:૧૮ |
| (૩૦) | કોનું દેવું છે તેની માહિતી દર્શાતતો કોઠો | ૪:૧૯ |
| (૩૧) | દેવાનો હેતુ દર્શાવતો કોઠો | ૪:૨૦ |
| (૩૨) | કેટલા વર્ષથી દેવું છે તેની માહિતી દર્શાવતો કોઠો | ૪:૨૧ |
| (૩૩) | વ્યાજનો દર દર્શાવતો કોઠો | ૪:૨૨ |
| (૩૪) | દેવું ભરપાઇ ન થવાના કારણો દર્શાવતો કોઠો | ૪:૨૩ |

| ક્રમ | કોઠાનું નામ | કોઠાનંબર |
| --- | --- | --- |
| (૩૫) | દેવુ ભરપાઇ શેમાંથી કરશો તેની માહિતી દર્શાવતો કોઠો | ૪:૨૪ |
| (૩૬) | દૂધાળા ઢોર અને મરઘા યોજનાનો લાભ મળ્યો છે. | ૫:૧ |
| (૩૭) | શિક્ષણ યોજનાનો લાભ મળ્યો છે | ૫:૨ |
| (૩૮) | કુટુંબના કોઇ સભ્ય લાંબી માંદગી થી પીડાય છે તેની માહિતી દર્શાવતો કોઠો. | ૫:૩ |
| (૩૯) | નવો ધંધો કરવાની ઇચ્છા છે. | ૫:૪ |
| (૪૦) | નવા ધંધા માટે શેની જરૂર છે | ૫:૫ |
| (૪૧) | મકાન અંગેની જરૂરિયાતની મમાહિતી દર્શાવતો કોઠો | ૫:૬ |
| (૪૨) | જમીન સુધારણા અંગે સહાયની જરૂરીયાતની માહિતી દર્શાવતો કોઠો. | ૫:૭ |
| (૪૩) | ખેતી માટેના સાધનોની જરૂરિયાત દર્શાવતો કોઠો | ૫:૮ |
| (૪૪) | ફળઝાડ,શાકભાજી, ઉગાડવાની ઇચ્છા દર્શાવતો કોઠો | ૫:૯ |
| (૪૫) | પશુપાલનની જરૂરિયાત અને અન્ય વસ્તુની જરૂરિયાત દર્શાવતો કોઠો | ૫:૧૦ |

| ક્રમ | કોઠાનું નામ | કોઠાનંબર |
| --- | --- | --- |
| (૪૬) | છઠ્ઠી પંચવર્ષિય યોજનામાં સરદરવાર થયેલ ખર્ચની અને સાતમી પંચવર્ષિય યોજનામાં સદરવાર ફાળવેલ રકમની માહિતી દર્શાવતો કોઠો. | ૬:૧ |
| (૪૭) | પલસાણા લઘુ વિસ્તાર માટે ૭મી પંચવર્ષિય યોજનામાં સમાવવા માટેની સૂચિત યોજનામાં અંદાજિત ફાળવેલ ખર્ચ. | ૬:૨ |

## આંકની યાદી

| ક્રમ | આંકનું નામ | આંકનંબર |
| --- | --- | --- |
| (૧) | ૧૯૭૧ થી ૧૯૮૧ના દશકામાં કુલ વસ્તી અને આદિવાસી વસ્તીમાં થયેલ ગામવાર વધઘટનો આંક | આંક:૩:૧ |

-----

# પ્રકરણ - ૧

## પ્રારંભ

## પ્રકરણ - ૧

## પ્રારંભ

છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં આદિવાસીઓના વિકાસ માટે જે વિસ્તારનો આદિવાસી પેટાયોજનામાં સમાવેશ ન કર્યો હોય તેવા વિસ્તારના ગામોને પોકેટ બનાવવામાં આવ્યા છે. પોકેટની રચના માટે મુખ્યત્વે બે માપદંડ નક્કી કરવામાં આવ્યા. એક આવા વિસ્તારોની વસ્તી ૧૦,૦૦૦ હોય અને તેમાંથી ૫૦ટકા વસ્તી અનુસૂચિત જનજાતિઓની હોવી જોઇએ. આવા લઘુ વિસ્તારો કોઇ પણ એક તાલુકાનો સળંગ ભાગ હોવો જોઇએ.

### સંશોધનનો વિષય અને હેતુ :

છઠ્ઠી પંચવર્ષીય યોજનાના સમય દરમ્યાન જ આવા લઘુ વિસ્તારોનું આયોજન કરી વિકાસના કામ શરૂ કરવા-ની અપેક્ષા રાખવામાં આવી હતી. આ કાર્ય છઠ્ઠી પંચવર્ષીય યોજનાના અંતીમ વર્ષ સુધી આખા ભારતમાં આ કાર્ય શરૂ થઇ શકયું નહીં. કેન્દ્રના ગૃહખાતા અને રાજયના આદિવાસી વિકાસ કમિશનરની લિપ્સા છે, કે સાતમી પંચવર્ષીય યોજનાના પ્રથમ વર્ષમાંજ લઘુ વિસ્તારના વિકાસ માટેનુ આયોજન કરી અને સાતમી પંચવર્ષીય યોજનાના બાકીના વર્ષમાં આયોજન પ્રમાણે અનુસૂચિત જનજાતીઓનો વિકાસ કરવો.

લઘુવિસ્તારના આયોજનનું કામ આદિજાતિ વિકાસ કમિશનરે ગુજરાત વિદ્યાપીઠના આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સોંપ્યુ છે. આ કાર્ય માટે કેન્દ્ર સ્તરે જૂથો બનાવી લઘુ વિસ્તારના આયોજિત વિકાસ માટેના કાર્યની

સોંપણી કરવામાં આવી હતી. અમારા ભાગે સુરત જિલ્લાના પલસાણા તાલુકાના પલસાણા પોકેટનું સર્વેક્ષણ કરી આ પોકેટ માટેનું આયોજન કરવાનું છે.

સર્વેક્ષણસંશોધનના હેતુઓ :-

(૧) લઘુ વિસ્તારમાં વસતા આદિવાસીઓના વિકાસ માટે સરકાર દ્વારા શું શું થઇ શકે. તે માટે જે તે વિસ્તારની સ્થાનિક પરિસ્થિતિનો અભ્યાસ કરી અને અનુસૂચિત જનજાતિઓના વિકાસ માટેનું આયોજન કરવું.

(૨) લઘુ વિસ્તારના અનુસૂચિત જનજાતિઓના વિકાસના કામોમાં કયા કયા અવરોધક પરિબળો છે. તેનો અભ્યાસ કરી અને તે ત્રુટીઓને પ્રસ્તુત આયોજનમાં નિર્દેશ કરી આયોજનને વધુ વાસ્તવિક બનાવવું જેથી કરીને અનુસૂચિત જનજાતિના લોકોની વિકાસની ગતિ ઝડપી બનાવવામાં સરકાર સફળ થઇ શકે.

૧. અનુસુચિ :

લઘુ વિસ્તારમાં વસતા આદિવાસી કુટુંબોની માહિતી ભેગી કરવા માટે એક પ્રશ્નોની સૂચિ બનાવવામાં આવી હતી. આ પ્રશ્ન સૂચિમાં અભ્યાસના એકમની કુટુંબની માહિતી જેવી કે કુટુંબના સભ્યો કેટલા, તેનો વ્યવસાય કયો છે. જમીન કેટલી છે. વાર્ષિક આવક અને ખર્ચની માહિતી, દેવાની પરિસ્થિતી, કુટુંબને સરકારની જુદી જુદી યોજના દ્વારા કોઇ લાભ પ્રાપ્ત થયો છે કે નહીં. ભવિષ્યમાં સરકાર દ્વારા કેવા પ્રકારની સહાયની ઇચ્છા રાખે છે. તે અંગેના પ્રશ્નોનો સમાવેશ પ્રશ્ન સૂચિમાં કરવામાં આવ્યો હતો.

ઉપરોકત અનુસૂચિ દ્વારા પલસાણા પોકેટના ૪૭ ગામો-માંથી પાચ ગામો નકકી કરી દરેક ગામોમાંથી વીસ-વીસ કુટુંબ પસંદ કરી સો કુટુંબોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. ~~અનુસુચિનો નમૂનો પરિશિષ્ટ-માં મૂકવામાં આવ્યો છે.~~

## મુલાકાત :

લઘુ વિસ્તારમાં વસતા અનુસૂચિત જનજાતિના કુટુંબની આર્થિક પ્રવૃત્તિઓ વિષેના કેટલાક પાસા, તેમના સામાજિક, ધાર્મિક રીતરિવાજ, જે તે ગામોમાં અનુસૂચિત જનજાતિમાં સમાવેલ જુદી જુદી જાતિ રહેતી હોય તો તે જાતિઓ સાથે કેવા પ્રકારનો સંબંધ રાખવામાં આવે છે. તે ઉપરના ગામમાં જે અનુસૂચિ જાતિના લોકો રહેતા હોય તો તેની સાથે કેવા પ્રકારનો વ્યવહાર રાખવામાં આવે છે. બિન પછાત જાતિના લોકો વિકાસમાં પાછળ રહી ગયેલ જાતિઓ સાથે કેવા પ્રકારનો સંબંધો રાખે છે. તે અંગેની ઉંડાણ પૂર્વકની માહિતી એકત્ર કરવા માટે લઘુ વિસ્તારમાં વસતા અનુસૂચિત જનજાતિના આગેવાનો, ગામના તલાટી કમ મંત્રી, સરપંચ, ગ્રામસેવક, ગામના વેપારી, અને ગામના પ્રતિષ્ઠીત આગેવાનો, શિક્ષકો, તાલુકાવિકાસ અધિકારી, તાલુકાપંચાયતના પ્રમુખ, તાલુકાપંચાયતના સભ્યો. મામલતદાર વગેરેની મુલાકાત દ્વારા સમાજ જીવનના જુદા જુદા પાસાઓની જાણકારી મેળવી છે. આ માટે એક મુલાકાત માર્ગદર્શિકાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મુલાકાત માર્ગદર્શિકાનો નમૂનો પરિશિષ્ટ-(૬)માં મૂકવામાં આવ્યો છે.

## નિરીક્ષણ :

સંશોધનકાર્યમાં કેટલીક માહિતીઓ પ્રશ્નો કે મુલાકાત દ્વારા એકત્ર થતી નથી. અથવા તો પ્રશ્ન અને મુલાકાત દ્વારા એકત્ર થયેલ માહિતીની ચકાસણી કરવા માટે નિરીક્ષણ ઘણુંજ મહત્વનું છે. લઘુ વિસ્તારમાં વસતા લોકોના જીવનની ઘણી બાબતો નિરીક્ષણ દ્વારા જાણવા મળી છે. જેમકે આદિવાસી અને બિન આદિવાસી સાથેના સામાજિક

સંબંધોના પ્રશ્નની જાણકારી મેળવવા આદિવાસી અને બિનઆદિવાસી વ્યક્તિની મુલાકાત સમયે પ્રશ્નો પૂછવામાં આવ્યા ત્યારે દરેક વ્યક્તિએ આદિવાસી અને બિનઆદિવાસીઓ વચ્ચે સામાજિક સંબંધો સારા છે તેવું જણાવ્યું હતું. પરંતુ ક્ષેત્રકાર્યના દિવસો દરમ્યાન નિરક્ષણ કરતા જાણવા મળ્યું કે મુલાકાત સમયે આગેવાનોએ જે માહિતી આપી તે માહિતીમાં ઘણી ક્ષતી હતી. અથવા તો જે તે માહિતી ઘણી વિકૃત કરી તે રજૂ કરવામાં આવી હતી.

આદિવાસી લોકોની ગરીબાઇનો અનુભવ કરવા તે લોકો કઇ રીતે રહે છે, શું ખાય છે, તે જાણવા માટે સહભાગી અને અસહભાગી નિરીક્ષણ પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

<u>વૈયક્તિક અધ્યયન</u> :

સામાજિક સંશોધનના ક્ષેત્રમાં વૈયક્તિક અધ્યયન પ્રવિધિ ઘણી ઉપયોગી બને છે. આ પ્રવિધિ દ્વારા પસંદ કરેલ વર્ગ કુટુંબનો ઉંડાણથી અભ્યાસ કરી અને એકમના સમસ્ત જીવનનો અભ્યાસ કરીને અભ્યાસના એકમ વિષે ઉંડાણથી જાણકારી મેળવી શકાય છે.આ પ્રવિધિથી વિકાસના આયોજનમાં કયા કયા પાસાને મહત્વ આપવું અને તે પાસાથી ખરેખરે વિકાસ યોજનાનો લાભલેનાર કુટુંબનો વિકાસ કેટલો થશે તેની માહિતી આ પ્રવિધિ દ્વારા મેળવી શકાય છે. તેથી આ પ્રવિધિનો ઉપયોગ કરી ચારથી પાંચ વૈયક્તિક અધ્યયન કરવામાં આવ્યા છે.

ઉપરોક્ત સંશોધન પ્રવિધિનો ક્ષેત્રકાર્યમાં ઉપયોગ કર્યો છે. સાથોસાથ સંશોધન સંબંધિત અન્ય માહિતી જેવી કે તાલુકાના આંકડાઓ, ભૌગોલિક વિસ્તારની માહિતી, ઐતિહાસીક માહિતી, મેળવવા માટે દ્વૈતિયક સ્ત્રોતમાંથી માહિતી એકત્ર કરવામાં આવી છે. જેમાં ગ્રંથાલયમાં જઇ જુદા જુદા પુસ્તકો સુરત જિલ્લા અને પલસાણાની વિગતો જે પુસ્તકમાં આપવામાં આવી હોય તેવા પુસ્તકો અને

આયોજનના કામમાં મદદરૂપ થાય તેવા પુસ્તકોનું વાંચન કરવામાં આવ્યુ છે. જેથી કરી પ્રસ્તુત અહેવાલ વધુ સિધ્ધાંતિક અને સમાજ ઉપયોગી બની શકે તેમ છે.

સંશોધનના વિસ્તારમાં વસ્તી જુદી જુદી જાતિઓ વિષે અલગ અલગ થોડું ઘણું સંશોધન કાર્ય થયું છે. તે ઉપરાંત વિકાસના કાર્ય માટે પણ જિલ્લા કક્ષાએ આયોજનો થયા છે. પરંતુ નાના નાના વિસ્તારોમાં વસતી જુદી જુદી આદિવાસી વસ્તી કે જયાં શહેરીકરણ,ઔદ્યોગીકરણ અને વિકસીત જાતિના રોજબરોજના સંપર્કમાં રહેવા છતા પોતાનો વિકાસ કરવામાં અન્ય લોકો કરતા પાછળ રહી ગયા છે. આમ શાથી બન્યું તે જાણવા માટે આ સંશોધન કાર્યમાં અને ખાસ કરીને ક્ષેત્રકાર્યમાં ખૂબજ આનંદ આવ્યો છે.

અમારા ક્ષેત્રકાર્યના વિસ્તારમા બે જૂથો વચ્ચે થોડા સમય પહેલા સંઘર્ષ થયેલ તેથી આ પોકેટના ગામોમાં વિરોધાભાસી દ્રષ્ટિ સામાન્ય નાગરિકની જોવા મળી. અનુસૂચિત જાતીનાં લોકોના ફળીયામાં જઇ તેના કુંટુંબની વિગત અને અન્ય માહિતી પૂછતા સમયે ગામોમાં બિન આદિવાસી જ્ઞાતિઓના કે જે ગામની પ્રભાવિત જ્ઞાતિઓમાં પણ મૂકી શકાય આવા લોકો અમારા તરફ શંકાની દ્રષ્ટિથી જોતા હતા અને જયાં સુધી તેની શંકાનું સમાધાન ન થાય ત્યાં સુધી અમો શા કામ માટે આવ્યા છે તેની માહિતી આડકતરી રીતે મેળવવાનો પ્રયાસ કરતા હતા.

ઘણા ગામોમાં આદિવાસીઓની આંતરિક ઝઘડાની પણ માહિતી પ્રાપ્ત થઇ તેમાં સહકારી મંડળીનું સંચાલન મેળવવા માટે એક જૂથે બીજા જૂથને પાછળ રાખવામાં સફળ થયા હોય. આવા ગામોમાં આદિવાસીઓને અમારા ઉપર શંકા આવતી હતી કે અમો શા માટે તેમના જીવનને લગતા પ્રશ્નોની ઝીણવટભરી માહિતી એકત્ર કરીએ છીએ.

વળી સરકારી કર્મચારી પણ રોસ્ટર પ્રથાના મુદ્દા ઉપર લાંબા સમયથી હડતાળ ઉપર રહીને અમારા ક્ષેત્ર કાર્યના સમયે કામ ઉપર લાગ્યા હતા. તેથી હડતાળ ઉપર રહેલા દિવસોનું કામ જેતે વિભાગના કર્મચારી પૂરું કરવાના દબાણ નીચે પોતાનું કામ કરી રહ્યા હતા. આ સમયે અમો તેમની પાસે જે આંકડાકિય માહિતી માટે ગયા ત્યારે અમારા તરફની થોડી નફરતની લાગણી તેમના મુખ ઉપર દેખાય આવી હતી. આમ છતા અમારા કાર્યમાં તેમણે શકય એટલો રસ લઇને અમને માર્ગદર્શન અને જરૂરિ વિગત આપવામાં મદદરૂપ થઇ ને અમારું આ કાર્ય વધુ સારું બને તે માટે પોતે પણ થોડો કામનો બોજ વધારે ઉપાડીને અમને મદદરૂપ થયા છે.

## નિદર્શન કેવી રીતે નકકી કર્યો ?

અમારા લઘુ વિસ્તારમાં ગામોની સંખ્યા ૪૯ છે. દરેક ગામની મુલાકાત લેવી અશકય છે. કારણ કે લઘુ-વિસ્તારનું આયોજન સરકારશ્રીને વહેલામાં વહેલું મોકલી આપવાનું છે. તેથી આ લઘુવિસ્તારના ૪૯ ગામોમાંથી દૈવ નિદર્શન પવિધીથી ગામોની પસંદગી કરવામાં આવી છે.

## દૈવનિદર્શન :

આ પ્રવિધિમાં અભ્યાસના સમગ્ર એકમને પસંદ થવાની તક સરખી રહે છે. અને આમાં વ્યકિતગત મહત્વ નષ્ટ કરીને અભ્યાસના સમગ્ર એકમને પસંદ થવાની સરખી તક મળે છે. આ પ્રવિધીનો પ્રયોગ કરવા માટે સર્વ પ્રથમ અભ્યાસના સમગ્ર એકમની સૂચી બનાવી લેવામાં આવે છે અને દરેક એકમને સમાન મહત્વ આપતા બધા એકમોમાંથી થોડા ઘણા એકમો પસંદ કરી લેવામાં આવે છે.

દેવનિદર્શન પ્રવિધીમાં અભ્યાસના એકમ પસંદ કરવા માટે જુદી જુદી પ્રણાલી છે. જેમકે લોટરી પધ્ધતિ, કાર્ડ પ્રણાલી, નિયમિત અંકન દેવનિદર્શન પ્રણાલી. આ પ્રણાલીઓમાંથી આ અભ્યાસમાં લોટરી પધ્ધતિનો ઉપયોગ કર્યો છે.

## લોટરી પધ્ધતી :

અભ્યાસના લઘુ વિસ્તારના ૪૯ ગામોની યાદી બનાવી દરેક ગામના અલગ અલગ કાર્ડો બનાવી અને તે કાર્ડોને વાળીને વાળેલા દરેક કાર્ડોને ઉપર નીચે હલાવી ને તેમાંથી એક એક કાર્ડ લઇ અને તે કાર્ડમાં જે ગામનું નામ હોય તે ગામને અભ્યાસના એકમ તરીકે પસંદ કર્યું છે. અભ્યાસમાં પોકેટના ગામોની સંખ્યા પ્રમાણે ૧૦ ટકા ગામોની પસંદગી કરવાની હતી. તેથી પાંચવાર કાર્ડ ખેંચવામાં આવ્યા છે. આ પ્રવિધીથી (૧) સેઢવ (૨)જતપોર (૩) અંભેટી (૪) દસ્તાન (૫) બારસડી. આ પાંચ ગામો પસંદ કરવામાં આવ્યા છે. આ પાંચ ગામમાં જતપોર, દસ્તાન, બારસડી ગામ સુરત જિલ્લાના બારડોલી તાલુકાના ગામોની સરહદે આવેલા છે. અંભેટી વલસાડ જિલ્લાના નવસારી તાલુકાના ગામોની સરહદે આવેલું છે. સેઢવ સુરત જિલ્લાના ચૈયાસી તાલુકાની સરહદે આવેલું છે. લઘુ વિસ્તારના ગામોમાં જે મીઢોળા નદી વહેસા ગામ નજીકથી પસાર થાય છે. અને લઘુ વિસ્તારના ગામોને તાલુકાના અન્ય ગામોથી જુદા પાડી દે છે. તેમાં તે સાત ગામમાંથી એક ગામ પણ પસંદ થયું છે. લોટરી પધ્ધતિથી ગામો પસંદ કરયા ~~હોવા~~ હતા. આખા તાલુકાનું પ્રતિનિધિત્વ જળવાય રહે છે. અભ્યાસમાં જે પાંચ ગામો પસંદ કરવામાં આવ્યા તે દરેક ગામમાંથી ૨૦ કુટુંબોને અભ્યાસના એકમ તરીકે પસંદ કર્યા છે. કુટુંબની પસંદગી અનિયમિત અંકન દેવનિદર્શન પ્રણાલી (Irregular marking random sampling method) થી કરયા છે. આ પધ્ધતિથી નિદર્શનોની પસંદગી કરવા

માટે ગ્રામ પંચાયતની કાર્યાલયમાંથી ગામમાં રહેતા જાતિવાર આદિવાસી કુટુંબોની યાદી મેળવી અને તેમાં જાતિવાર આદિવાસી ખાતેદારની અલગ યાદી બનાવી તે જમીન વાળા જાતિવાર કુટુંબો અને જમીન વગરના જાતિવાર કુટુંબો ને અભ્યાસના એકમ તરીકે પસંદ કર્યા છે.

ઉપરોક્ત પધ્ધતિથી ગામ અને કુટુંબો પસંદ કરી અનુસૂચિ અને મુલાકાત ધ્વારા જે માહિતી મળી તેને આયોજનના કયા પાસા સાથે સંબંધ છે તે બાબત જાણવા માટે માહિતીનું પૃથકકરણ કરવું જરૂરી છે. પૃથકકરણ કરતા સમયે એ બાબતનો ખ્યાલ રાખવામાં આવ્યો છે કે મેળવેલ દરેક વિગત એવી રીતે મૂકવીકે જેથી આયોજન કુટુંબલક્ષી, સમૂહલક્ષી અને ગ્રામ્યલક્ષી બનાવી શકાય અને સમગ્ર પોકેટના વિકાસ માટે વ્યવહારું આયોજન બનાવી અમલમાં મૂકી શકાય. તેથી દરેક માહિતી ગામવાર, જાતિવાર, અને જાતિમાં પણ જમીનવાળા અને જમીનવગરના, જુદા જુદા વ્યવસાયમાં રોકાયેલ કુટુંબોની માહિતી જરૂર લાગે તો જુદી બનાવીને પણ આયોજનમાં આ માહિતી કેટલી ઉપયોગી છે તેનો ખ્યાલ રાખી પૃથકકરણ કરવામાં આવ્યું છે અને તેમાંથી આયોજનના આ અહેવાલને અનુરૂપ અને આવશ્યક એવા કોઠા તૈયાર કરવામાં આવ્યા છે. આ કોઠાની સૂચિ અનુક્રમણિકામાં મૂકવામાં આવી છે. મેળવેલ માહિતીને તર્કબધ્ધ અને હેતુપૂર્વક જુદા જુદા પ્રકરણમાં મૂકવામાં આવી છે. લઘુ વિસ્તારમાં વસ્તી આદિવાસી જાતીઓનું સમગ્ર ચિત્ર અહેવાલ વાંચનાર સમક્ષ ખડું થાય તેવો પ્રયાસ અહેવાલ લેખનમાં ~~તૈયાર~~ કરવામાં આવ્યો છે. આ માટે તેઓની હાલની સ્થિતિથી શરૂ કરી કઇ રીતે રહે છે. શું ખાય છે. શું કામ કરે છે. તેમના આવકના સાધનો કયા છે. પશુ અને વૃક્ષો તરફ તેમનો પ્રેમ કેવો છે. અને આ પાસાઓ તેમની આર્થિક સ્થિતિ સુધારવામાં કેટલા અંશે મદદરૂપ થઇ શકે તેમ છે. અને પોતાનો વિકાસ માટે કઇ કઇ બાબતની આવશ્યકતા છે. આવી માહિતીઓ વિગતે નીચે દર્શાવ્યા મુજબના જુદા જુદા સાત પ્રકરણોમાં

વહેંચવામાં આવી છે.

<u>પ્રકરણ - ૧</u>

આ પ્રકરણમાં લઘુ વિસ્તાર કઇ રીતે નક્કી થયો અને તેને આવશ્યક માપદંડ કયા છે. તેની માહિતી અને આ સંશોધન કોના દ્વારા અને શા માટે કરવામાં આવ્યું છે તેની માહિતી અને અભ્યાસમાં પસંદ કરેલ ગામ અને કુટુંબ કઇ રીતે પસંદ કરવામાં આવ્યા છે. તેની માહિતી આપવામાં આવી છે.

<u>પ્રકરણ - ૨</u>

લઘુ વિસ્તારમાં આવતા ગામોમાં નો ઇતિહાસ વિકાસની કઇ પ્રક્રિયા સાથે સંબધિત છે તે માહિતી અને લઘુ વિસ્તારની ભૂગોળ એટલે કે રાજયમાં અને જિલ્લામાં આ લઘુ વિસ્તારનું સ્થાન કયા છે અને કયા કયા શહેર સાથેનો કાયમી સંપર્ક છે. અને વાહનવ્યવહારની કેવા પ્રકારની સવલત છે તે બાબતનો આ પ્રકરણમાં ઉલેખ કરવામાં આવ્યો છે.

કુદરતી સાધનો જેવા કે નદી-નાળા-તળાવ-જમીન કેવા પ્રકારની છે.આ સાધનો વિકાસમાં શું મદદરૂપ થાય તે બાબત સાથે આબોહવાની માનવજીવન ઉપર કેવી અસર પડે છે. તેની માહિતી આ પ્રકરણમાં આપવામાં આવી છે.

વૃક્ષો-જંગલ-પશુઓ કેવા અને કેટલા પ્રમાણમાં છે અને તેનો આદિવાસી શું ઉપયોગ કરે છે તેની માહિતી પણ આ પ્રકરણમાં મૂકવામાં આવી છે.

## પ્રકરણ - ૩

લઘુ વિસ્તારના ગામોમાં છેલ્લા દશકામાં વસ્તીમાં કેટલો વધારો ઘટાડો થયો છે તે બાબત કુલ વસતી અને આદિવાસી વસતીને અલગ અલગ બતાવી તેને વિકાસ ઉપર શું પ્રભાવ પડે છે તેની માહિતી આ પ્રકરણમાં આપી છે.

લઘુ વિસ્તારના પ્રજાતીય તત્વોની ટૂંકી પણ આપણા પ્રશ્નને સમજવા પુરતી માહિતીનો ઉલેખ પણ આ પ્રકરણમાં કર્યો છે. ગામમાં વસતી જુદી જુદી જ્ઞાતિ-જાતિઓ વચ્ચે કેવા પ્રકારનો સામાજિક અને વ્યકિતગત સંબંધ છે અને આ ગામના લોકો કયા તહેવારો-મેળા ઉજવે છે. ધાર્મિક માન્યતાઓ કેવી છે. તેની માહિતી આ પ્રકરણમાં આપવામાં આવી છે.

ગામના આગેવાનો શું કામ કરે છે. અને આગેવાનો કેટલા છે. તાલુકામાં કઇ કઇ સહકારી સંસ્થાઓ અને સમાજસેવા સ્વૈચ્છિક સંસ્થાઓ લોક જાગૃતી અને લોકોના વિકાસ માટે શું કામગીરી કરે છે તેની માહિતી પણ આ પ્રકરણના અંતમાં મૂકવામાં આવી છે.

## પ્રકરણ - ૪

અભ્યાસના ગામના આદિવાસીઓની ભૌતિક સંસ્કૃતિ, ઘર, તેની લંબાઇ, પહોળાઇ,ઉંચાઇ વગેરે માહિતી તથા તેના ઘરવખરીના સાધનો,ખેતીના સાધનો,આર્થિક ઉપાર્જનના કયા કયા કાર્ય કરે છે. કુટુંબની આવક, ખર્ચ, દેવું તેમનો વાર્ષિક કાર્યક્રમ, શ્રમવિભાજન મજૂરીના દર ખેતી કરવાની પધ્ધતી વગેરે બાબતનો આ પ્રકરણમાં ઉલેખ કરવામાં આવ્યો છે.

પ્રકરણ - ૫

આયોજનના સિધ્ધાંતો અને હેતુઓ વિષે આ પ્રકરણમાં ચર્ચા કરી આયોજનમાં અત્યાર સુધીમાં શું કરવામાં આવ્યું છે અને લોકો પોતાના વિકાસ માટે સરકારરપાસે કેવા પ્રકારની મદદની આશા રાખે છે. તેની માહિતી આ પ્રકરણમાં આપવામાં આવી છે.

આયોજિત વિકાસમાં નીચેના સ્તરેકે જીવતા લોકોના અવિકાસ માટે અગ્રિમતા કઇ બાબતને આપવા જેવી છે અને તેના વિકાસ માટે લાંબા ગાળાની યોજના હોવી જોઇએ આ મુદ્દાઓની ચર્ચા આ પ્રકરણમાં વિગતે કરવામાં આવી છે.

પ્રકરણ - ૬

ઉપર મુજબ સિધ્ધાંતોને ધ્યાનમાં રાખી આયોજન કરવામાં આવ્યું છે. અને આયોજન કરતી સમયે ઓછામાં ઓછા ૫૦ ટકા આદિવાસી લોકો ગરીબીની રેખા ઉપર લાવવા માટે કેવા પ્રકારના કાર્યક્રમો જરૂરી છે તેની માહિતી આ પ્રકરણમાં આપવામાં આવી છે. આયોજન કરતા સમયે નીચેના મુદ્દાને ખ્યાલમાં રાખવામાં આવ્યા છે.

(૧) આર્થિક કાર્યક્રમો
(૨) લોકોની કુશળતા વધારવાના કાર્યક્રમો
(૩) ધીરાણ વ્યવસ્થાના કાર્યક્રમો
(૪) ખેતીના કાર્યક્રમો
(૫) અન્ય કાર્યક્રમો
(૬) સામાજિક શૈક્ષણિક કાર્યક્રમો
(૭) સાંસ્કૃતિક આયોજન
(૮) વહિવટી માળખાના સુઝાવો

આ પ્રકરણમાં આપવામાં આવ્યા છે.

## પ્રકરણ - ૭

સમગ્ર અહેવાલમાં જે બાબત જણાવવામાં આવી છે તેમાંથી શું નિષ્કર્ષ પ્રાપ્ત થાય છે તેની વિગત આપવામાં આવી છે.

ક્ષેત્રકાર્ય દરમ્યાન જે વિગતો મળી જોયું, જાણ્યું અને લઘુ વિસ્તારની ભૌગોલિક સ્થિતિને ખ્યાલમાં રાખી અહેવાલના પ્રમુખ તારણો તારવવામાં આવ્યા છે.

વિકાસ માટેના સૂઝાવોમાં આદિવાસી આગેવાનો અને આદિવાસીના કાર્યમાં અને વિકાસમાં રસ લઇ રહેલ વ્યકિતઓ સ્થાનિક નેતાઓ અને જે લોકોને યોજનાનો અમલ કરવાનો છે. તેવા તાલુકા કક્ષાના અને ગ્રામ્ય કક્ષાના સરકારી કર્મચારીઓએ સૂચવેલ સૂઝાવોને અગ્રિમતા આપવામાં આવી છે. તેથી જે તારણો અને સુઝાવો આપવામાં આવ્યા છે. તેમાં વાસ્તવિકતા અને વિશ્વનીયતાનું તત્વ વધારે છે. અમોને આશા છે કે સૂચિત અહેવાલમાં દર્શાવ્યા મુજબના કાર્યક્રમોને અગ્રિમતા આપવામાં આવશે તો આ પોકેટના આદિવાસીના વિકાસમાં ગતિ વધશે.

### નોંધ :૧

લઘુ વિસ્તારના ગામની યાદી સર્વેક્ષણ માટે ઉપયોગમાં લીધેલ અનુસુચિ, ક્ષેત્રકાર્યની ડાયરીની નોંધ, મુલાકાત લીધેલ વ્યકિતના નામની યાદી પરિશિષ્ટમાં મૂકવામાં આવી છે.

### નોંધ :૨

આ અહેવાલની આંકડાકીય માહિતી પલસાણા તાલુકા પંચાયતની આંકડાશાખામાંથી લેવામાં આવી છે. આ શાખે એમા ૧-૧૦-૧૯૮૧ના રોજ ગુજરાત રાજય અર્થશાસ્ત્ર અને આંકડા બ્યૂરો ગાંધીનગર માટે

ગામવાર સવલતોની તૈયાર કરેલ યાદીમાંથી વિગત લીધી છે. તે ઉપરાંત ૧૯૮૧-૮૨ની જિલ્લા આંકડાકીય રૂપરેખામાંથી આંકડા લેવામાં આવ્યા છે.

**આભાર :**

પલસાણા લઘુવિસ્તારના આયોજનનું કાર્ય અમને સોંપવામાં આવ્યું ત્યારથી અહેવાલ લેખનના કાર્ય સુધી જુદી જુદી વ્યકિત તરફથી પ્રત્યક્ષ યા પરોક્ષ સહકાર મળયો છે. એ સૌને અત્યારે યાદ ન કરીએ તો નગુણા ગણાયે.

પ્રથમ તો ગુજરાત રાજયના આદિવાસી વિકાસ કમિશ્નર એ લઘુ વિસ્તારના આયોજનના કાયને મહત્વનું ગણી અને સાતમી પંચવર્ષીય યોજનાના શરૂઆતના વર્ષમાંજ ગુજરાત રાજયના લઘુ વિસ્તારોનું આયોજન કરવાનું આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ગુજરાત વિદ્યાપીઠને સોંપીને, અને અમારે જયારે જયારે લઘુ વિસ્તારની તેમની કચેરીમાંથી જોઇતી માહિતી વિના વિલંબે પુરી પાડી અને લઘુવિસ્તારમાં કામ કરતા સરકારી અધિકારીઓને પણ આ કાયને અગ્રિમતા આપવાની સૂચના આપી અમારા કામમાં જે પરોક્ષ રીતે સહભાગી થયા છે તે બદલ અમો તેમના આભારી છીએ.

અમારા સંશોધન કાર્યમાં પાયારૂપ અને આધાર સ્થંભ એવા લઘુ વિસ્તારમાં વસતા આદિવાસીઓ અને બિન આદિવાસી કુટુંબો,ગામના આગેવાનો, તલાટી કમ મંત્રી અને ગ્રામસેવકોના અમે આભારી છીએ.

લઘુ વિસ્તાર અંગેની સામાન્ય અને તાલુકાની માહિતી માટે તાલુકા વિકાસ અધિકારીશ્રી અને આંકડા મદદનીશ તથા કેળવણી નિરીક્ષકશ્રીએ અમોને ક્ષેત્રકાર્યમાં અને આંકડાકિય માહિતી માટે જે સાથ અને સહકાર આપ્યો તે.બદલ ~~તેમની~~ તેઓના આભારી છીએ. તાલુકા પંચાયતના પ્રમુખશ્રી ઉમરભાઇ મહમદભાઇ આબોવને જે અમારા કાર્યમાં રસ લઇ અભ્યાસના અંભેટી ગામે સાથે આવી સ્થાનિક અને તાલુકાના પ્રશ્નોની વિગતે માહિતી આપી તે અમારું આ કાર્ય વધારે સારું બનાવવામાં મદદરૂપ થયા છે તે બદલ તેમનો હૃદયપૂર્વક આભાર માન્યે છીએ. તાલુકા પંચાયતના સભ્યોશ્રી લલ્લુભાઇ નાથાભાઇ નાયક, અને મગનભાઇ ફકીરભાઇનો પણ અમો આભાર માન્યે છીએ.

લઘુ વિસ્તારના આયોજન અહેવાલના કાર્યની શરૂતાથી અહેવાલ લેખનના કાર્ય સુધી સંકળાયેલા આ કેન્દ્રના નિયામક શ્રી ડૉ. ઠાકોરભાઇ નાયકે અમોને તેમના અનુભવનું પ્રત્યક્ષ માર્ગદર્શન આપી આ અહેવાલ વધુ સારો થયો છે. લઘુ વિસ્તારનું આયોજન સમાજમાનવ-શાસ્ત્રના સિધ્ધાંતોને આધારે કરવા માટે માર્ગદર્શન આપીને જ નહીં પરંતુ અહેવાલને પુરો કરવામાંટે સતત સૂચના આપી અહેવાલની સમગ્ર હસ્તપ્રતનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરી જરૂરી સૂચનો કરીને અહેવાલને વધુ સારો બનાવવા પ્રોત્સાહિત કર્યા છે તેમનો હૃદયપૂર્વક અને અંતઃકરણથી આભારી માનીએ છીએ.

આ કાર્યમાં નામી અનામી વ્યક્તિઓએ જે સાથ અને સહકાર આપ્યો છે તે બદલ તેમનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

-ગિરીશ ભટ્ટ

# પ્રકરણ - ૨

## પૂષ્ઠ ભૂમિ

## પ્રકરણ - ૨

### પૃષ્ઠ ભૂમિ

દક્ષિણ ગુજરાતનો ઇતિહાસ સુરત શહેરના ઇતિહાસ સાથેજ મુખ્યતઃ જોડાયેલો છે. પલસાણા તાલુકાના ગામોનો ઇતિહાસ સુરત શહેર તથા નવસારી સાથે સંકળાયેલો છે.

ઇ.સ. ૧૮૭૫ પહેલા પલસાણા તાલુકો બલેસર પ્રાંત તરીકે ઓળખાતો હતો. પલસાણા બાજુમાં બલેસર ગામમાં બળેશ્વરનું મંદિર આવેલું છે. તેના ઉપરથી બલેસર થયેલું કહેવાય છે. પલસાણા અંગે એવી પણ એક માન્યતા છે કે પરશુરામ આ ભૂમિ ઉપર આવ્યા હતા. તેથી આ ભૂમિને પરશરામા કહેવામાં આવતી આનુ અપભ્રંશ પલસામા થયેલુ અને પાછળથી તે પલસાણા થયું. પરશુરામના આગમનથી અહીં લક્ષમીનારાયણ અને વૃંદાદેવી ના બે મંદિરો બંધાયા છે. પારસી લોકો એવું માને છે કે પલસાણાનું અસલ નામ પારાહ નામ હતું.

અશોક પછી સૌરાષ્ટ્રને ગુજરાત ગ્રીક બાકુગીઅન રાજાઓના તાબામાં આવ્યા એ રાજાઓનું રાજય સો વર્ષ સુધી રહયું. ત્યારબાદ ઇંડો પાર્થીઅન વંશનું રાજય થયું. આ વંશના રાજાઓ ગુજરાત રાજય તંત્ર ચલાવવા સુબાઓ મોકલતા આ સુબાઓ ક્ષત્રપ તરીકે ઓળખાતા હતા. આ ક્ષત્રપ પાછળથી સ્વતંત્ર રાજાઓ થયા તેમની માળવાથી સુરત સુધી સતા હતી. ક્ષત્રપો પછી ગુપ્ત-વંશના રાજાઓ થયા આ સમયે રાજધાની કનોજમાં હતી. ઇ.સ. ૨૫૭માં આ વંશના રાજા ચંદ્રગુપ્ત

વિક્રમાદિત્યે ભરૂચથી ગુજરાત અને કાઠીયાવાડ જીત્યા હતા. ઇ.સ. ૬૧૪ સુધી વલ્લભ વંશના રાજાઓ રાજ્ય કરતા હતા. આ વંશના શિલાદિત્ય રાજા પાસેથી આરબોએ રાજ્ય લઇ લીધું ત્યારબાદ ગુજરાત-માં ચાવડા રજપુતોનું રાજ્ય થયું. સને ૭૪૬માં વનરાજ ચાવડાએ અણહિલપુર પાટણ વસાવી ને ત્યાં રાજ્યગાદી સ્થાપી, આ વશંના રાજાઓએ ઇ.સ. ૯૪૨ સુધી રાજ્ય કર્યું. આ વશંના છેલ્લા રાજા સામંતસિંહની બેન કલ્યાણીના લગ્ન સોલંકી રાજકુમારના રાજા સાથે કર્યું. આ રાજાથી કલ્યાણીને મૂળરાજ નામે કુંવર થયો. મૂળરાજે મામાને મારીને ગાદી પર બેઠો. ત્યારથી ગુજરાતમાં સોલંકી વંશનું રાજ્ય શરૂ થયું. ઇ.સ. ૯૯૭માં મૂળરાજનો પુત્ર ચામુંડ ગાદી ઉપર બેઠો આ સમયમાં મહંમદ ગીઝનીએ સોમનાથ ઉપર ચડાઇ કરી હતી. આજ વંશનો સિધ્ધરાજ ગુજરાતમાં નામાંકિત રાજા થઇ ગયો તેની સતા દક્ષિણમાં કોલ્હાપુર સુધી હતી. દક્ષિણ માં તે આવ્યા ત્યારે તેને સંજાણના રાણાએ પારસી સાથે ઓળખાણ કરાવી. પારસીથી સિધ્ધરાજ પ્રભાવિત થયા હતા.

ઇ.સ. ૧૪૦૩માં દિલ્હીના પાદશાહ થી જાફરખાન નામનો સરદાર જુદો પડયો અને ગુજરાતમાં પાટણમાં પોતાના છોકરાના નામથી પાદશાહી સ્થાપી. તે છોકરાનું મૃત્યું થતાં મુજફર નામ ધારણકરી પોતેજ ગુજરાતમાં પાદશાહ થયો.

વાઘેલાઓના સમય લગી સુરત વિશે કશી (કંઇ) ચોકકસ માહિતી મળતી નથી. સુરત અંગેનો ઉપલબ્ધ ઇતિહાસ ઇસુની ૧૩મી સદી પછીજ શરૂ થાય છે. આ સમયે રાંદેર અને કામરેજ મોટા શહેર હતા અને સુરત નાનું ગામડું હતું. રાંદેર અને કામરેજમાં હિંદુરાજા હતા. તેની હકુમત નીચે આ આખો પ્રદેશ હતો. ઇ.સ. ૧૪૬૪માં દિગંબર

જૈનોના ભટ્ટાર્ક વિદ્યાનંદજીએ રાંદેરથી ગાદી સુરત ખસેડી હતી. સુરતનો મહત્વનો વિકાસ ૧૫મી સદીથી શરૂ થયો છે.

આ સમયમાં મહંમદ બેગડો બહુ પ્રખ્યાત હતો. એણે દક્ષિણમાં કોકંણ સુધી સવારી કરી હતી. દરિયામાં લૂંટફાટ કરતા ચાંચીયાઓનો નાશ કર્યો હતો. પશ્ચિમ કિનારા ઉપર પોર્ટુગીઝો સામે વહાણનો કાફલો મોકલી તેમને મહાત કર્યા હતા. દક્ષિણની સ્વારી સમયે નવસારી ના પારસી હાકેમ પાસેથી ઇ.સ. ૧૪૭૦માં ખંડણી લીધી હતી. ઇ.સ. ૧૪૯૮માં પોર્ટુગીઝ વહ ણવટી વાસ્કોડીગામા સુરત આવ્યો હતો. તેની સાથેના ફિરંગીઓએ નવસારી અને તેના આજુબાજુના પ્રદેશના લોકોને ત્રાસ આપ્યો હતો.

અકબરે ઇ.સ. ૧૫૭૩માં ગુજરાત જીતીને ગુજરાતના સ્વતંત્ર મુસલમાની રાજ્યનો અંત આણ્યો ત્યારબાદ મોગલ સુબાઓ ગુજરાતમાં રાજ્ય કરવા આવતા તેમાના કેટલાક સુબાઓ સ્વતંત્ર થતા જુના અને નવા સૂબા વચ્ચે સતા લેવા અને છોડવાના પ્રશ્ને લડાઇ થતી. તેમાં પ્રજા દુઃખી થતી વારંવાર લડાઇથી રાજ્યતંત્રમાં ગરબડ ને લઇને કેટલાક સુબાઓ સ્વતંત્ર થયા તેમાં ભરૂચ અને સુરતના નવાબોએ નવસારી પ્રાંતનો કેટલોક ભાગ કબજે કર્યો હતો.

ઇ.સ. ૧૬૬૪માં શિવાજીએ સુરત ઉપર ચડાઇ કરીને શહેર લૂટયું આ સમયે સુરત અને નવસારી પૂર્ણ જાહોજલાલી ભોગવતાં શહેરો હતા. સુરત પર ચડાઇ કર્યા પછી નુકશાન ઓછુ કર્યુ હતું. ત્યારબાદ શિવાજીએ ફરી ૧૬૬૬માં અને ૧૬૭૦માં સુરત લૂટયું હતું. ઇ.સ. ૧૬૮૦ માં શિવાજીનું મરણ થયું. ઇ.સ. ૧૭૦૦માં ટેમુલજી રૂસ્તમજી

નામે પારસી ગૃહસ્થી દિલ્હી જઇ બાદશાહ પાસેથી દેસાઇ-ગીરી લઇ આવ્યા. ત્યારબાદ પણ સુરતના નવાબ રૂસ્તમ અલીખાન તરફથી નવસારીની પ્રજા ઉપર બહુ ત્રાસ ગુજારવામાં આવતો. ૧૭૦૨માં મરાઠા સરદારો એ ફરીથી સુરત શહેર લૂંટયું હતું. ૧૭૨૦માં ટેમૂલજી દેસાઇ સોનગઢ જઇને પિલાજીરાવ ગાયકવાડને નવસારી પ્રાંતના રક્ષણની જવાબદારી સ્વિકારવા વિનંતી કરી હતી.

ગુજરાતના મોગલ સરદાર રૂસ્તમઅલી સામે લડવા પિલાજી રાવની મદદ અહમદખાને લીધી તેના બદલામાં પિલાજીરાવે મહી નદીની દક્ષિણનો એટલે કે વડોદરા, નાંદોદ, ચાંપાનેર, ભરૂચ અને સુરત પ્રગણાંઓ ની ચોથ લેવાનો હક મળયો. ઇ.સ. ૧૭૫૧ પછી ગાયકવાડ સરકાર અને પેશ્વા વચ્ચે ગુજરાતના મુલકની વહેંચણી કરવામાં આવી તેમાં સુરત અઠ્ઠાવીસનાં એટલેકે હાલના સુરત જીલ્લા અને નવસારી પ્રાંત પૈકી નાદણા, પ્રગણા ગાયકવાડના ભાગમાં આવ્યા. પલસાણા પ્રાંતનું બલેશ્વર ગામ તે સમયે બલેશ્વર પ્રગણું હતું તે અને કડોદગામ ગાયકવાડ સરકારના કુટુંબના પોષણ માટે ખાસ પ્રગણા આપવામાં આવ્યા હતા. તેમાંનું એક પગણું હતું.

મરાઠાઓની મુલકગીરી અને અવારનવાર પડતા દુષ્કાળોના કારણે ગુજરાતના વેપાર ઉદ્યોગ ઉપર માઠી અસર થઇ તેથી વેપારીઓ પૂર્વ આફ્રિકા અને અરબસ્તાન તરફ ચાલ્યા ગયા. ઇ.સ. ૧૭૫૯માં સુરતના સીદી નામના કિલ્લેદાર પાસેથી અંગ્રેજોએ આ કિલ્લો જીત્યો ત્યારબાદ થોડી શાંતિ સ્થપાણી, પ્રજા શાંતિનો અનુભવ કરવા લાગી. શાંતિ થવા લાગી તેમ તેમ વેપાર ઉદ્યોગ વિકસ્યા અને આર્થિક સ્થિતિ ~~વિકાસોન્મુખ~~ બની

આ પછી સુરતની વસ્તી પણ વધી.ઇ.સ. ૧૭૬૪માં સુરતની વસ્તી આશરે સાતલાખ હતી.ઇ.સ. ૧૭૭૧માં સુરતમાં આર્થિક પરિસ્થિતિ સુધરવા લાગી.લોકો પાસે પૈસા આવવા લાગ્યા બજારમાં મોઘા માલની ઉથલ પાથલ થવા લાગી આ કામમાં દેશ પરદેશની પંચરંગી પ્રજા અહીં રહેવા લાગી ઇ.સ. ૧૭૭૦માં ચીનમાં દુષ્કાળ પડયો ત્યારે સુરતથી રૂ ભરીને વહાણ જતા હતા. આ વર્ષમાં સોના રૂપાની પાટો અને પરદેશી સિક્કા સૂરત આવતા, વેનિસથી સિકવિઝ્ઝ, જર્મનથી ડોલર અને તુર્કસ્તાનથી સોનાના સિક્કા આવતા ઇરાનથી ચાંદી ના સિક્કા આવતા ઇ.સ. ૧૭૬૫માં ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ સુરતની કોઠીને સોનાના સિક્કા પડાવવાનું જણાવ્યું અને એનો અમલ થતા કંપનીનું સોનાનું નાણું શરૂ થયું. આ સમયમાં સુરતના નાણાવટીઓ સમૃધ્ધ હતા તેથી ઇસ્ટઇન્ડિયા કંપનીને પણ મોટી રકમ આપતા આ સમયમાં એટલેકે ઇ.સ. ૧૭૬૦માં સુરતમાં હિંદુ મુસ્લિમના હુલ્લડ થયા ત્યારબાદ ઇ.સ. ૧૭૮૮ અને ઇ.સ. ૧૭૯૫માં ફરી હિન્દુ-મુસ્લિમના ઝઘડા થયા હતા.

રિચાએસ નામે અંગ્રેજ લેખકે સુરતની અંગ્રેજ કોઠીના કાર્યે ઉપર અનેં કારીગરોની સ્થિતિ વિષે ઇ.સ. ૧૭૯૬ અને ૧૮૧૧માં અમુક લેખ લખ્યા છે. તેમાં કંપની સરકારની કાર્ય પ્રણાલિકા ઉપર પ્રકાશ પાડતા લખે છે કે આ સમયે જે સુરતથી કાપડ ઇંગ્લેન્ડ મોકલવામાં આવતું તે મેળવવા માટે કારીગરો ઉપર જુલમ કરવામાં આવતો.વણકરોની ઇચ્છા ન હોયતો પણ એમને કંપનીનું કામ કરવું પડતું કામનો જુલમ સહન ન થતા વણકરો કામને બદલે દંડ ભરી દેવાનું પસંદ કરતા વણકરોએ વણાટ કામ બંધ કર્યું તો પણ દબાણથી અને જુદા જુદા નિયમ બનાવીને અંગ્રેજોએ વણકરોનું શોષણ કર્યું હતું. અંગ્રેજોએ ૧૮૦૦માં ચાલુ રાજતંત્ર સંભાળી લીધું હતું.ઇ.સ. ૧૮૧૮થી ૧૮૪૭

સુધી સુરતની વસ્તી ઓછી થતી થઇ હતી. ઇ.સ. ૧૮૦૨ થી વેપાર ધંધો ખિલ્યો હતો. આયાત-નિકાસનો ધંધામાં વેપારીને સારી આવક થતી હતી. ૧૮૧૩માં ઉત્તર ગુજરાતમાં દુકાળ પડયો તેના ત્રાસથી કચ્છ અને માળવાથી લોકો સુરત અને તેની આજુબાજુના પ્રદેશમાં ઉતરી આવ્યા તેમણે લૂંટ અને ચોરી કરીને વેપાર ધંધાને નુકશાન પહોચાડયું.ઇ.સ. ૧૮૧૮માં વેપાર ધંધામાં મંદી આવી એ સમયમાં ગામડાઓમાં ગરીબી વધવા લાગી ખેડૂતો પાસે પૂરતું અનાજ કે પહેરવાના કપડા પણ ન હતા. જમીન મહેસૂલ પણ ભારે હતી. અને તેનું ધોરણ અસમાન હતું. ૧૮૫૬માં અમરેલીમાં રેલવે નાખવાનું કામ શરૂ થયું. જે ઇ.સ. ૧૮૫૮ સુધી ચાલ્યું. ગુજરાતમાં રેલ્વે વ્યવહારના મુખ્ય કેન્દ્ર તરીકે સુરત આગળ આવ્યું.ઇ.સ. ૧૮૬૧ થી ઇ.સ. ૧૮૬૫માં અમેરિકામાં આંતર વિગ્રહ જાગ્યો પરિણામે રૂ ના ભાવ ઉંચા ગયા અને મોંઘવારી વધી હતી.

૧૯મી સદીના ઉત્તરાર્ધમાં પ્રજા કુદરતી કોપથી દુઃખી બની. ઇ.સ. ૧૮૬૪માં કોલેરા ફાટી નીકળયો, ત્યારબાદ ૧૮૭૫માં ફરી કોલેરાનો ઉપરૂપ વધ્યો, ૧૮૭૬માં ઓગસ્ટની ૨૯મીએ ૧૬ ઇંચ વરસાદ પડયો ત્યારબાદ રેલ આવી. ૧૮૮૧માં પાછો કોલેરા ફાટી નીકળયો.૧૮૮૩માં ફરી રેલ આવી ૧૮૯૩માં કોલેરા ફાટી નીકળયો અને ૧૮૯૬-૯૭માં પ્લેગનો ભંયકર ઉપદ્રવ થયો હતો. જેની અસર સુરત અને તેની આજુબાજુનાં ગ્રામ્ય પ્રદેશ ઉપર પડી હતી.

૧૯મી સદીના ઉત્તરાર્ધમાં આઝાદીની લડત શરૂ થઇ હતી. તેમાં સુરત અને આજુબાજુના વિસ્તારના લોકો એ આગળ પડતો ભાગ ભજવ્યો હતો.સુરતના બારડોલી શહેરમાં નકારની લડાઇ સરદાર વલ્લભભાઇ પટેલની આગેવાની નીચે શરૂ થઇ હતી.

અંગ્રેજ સરકાર આ વિસ્તારની જમીન પોતાની છે તેમ માનતી હતી. જમીનમાંથી પુષ્કળ આવક થતી અને આ આવકમાંથી જ વહીવટી ખર્ચ મળી રહેતો હતો. જમીન પોતાના હસ્તક લેવા માટે આકરામાં આકરો જમીન મહેસૂલ વેરો નાંખવામાં આવતો. જેથી ખેડૂત જમીન મેહસૂલ ભરી શકે નહીં અને તેની જમીન ખાલસા થઇ જાય. આ સમયે જમીન મહેસૂલના દર મુંબઇ ઇલાકામાં આકરા હતા. મુંબઇ ઇલાકામાં પણ ગુજરાતમાં અને તેમાં પણ સુરત જિલ્લામાં વધારેમાં વધારે જમીન મહેસૂલનો દર હતો. સુરત જિલ્લામાં ત્યારે એકરે પાંચ રૂપિયા અને નવઆના જમીન મહેસૂલ વેરો હતો.

ઇ.સ. ૧૯૨૮માં સરદાર વલ્લભભાઇ પટેલની આગેવાની નીચે બારડોલીમાં નાકરની લડતનો આરંભ થયો તે સમયે પલસાણા તાલુકાના પુણી ગામના લોકોએ સત્યાગ્રહની લડતમાં આગળ પડતો ભાગ લીધો હતો. કારણકે ત્યારે પલસાણા મહાલ વડોદરા રાજ્ય હસ્તક હતો. તેથી ત્યાં અંગ્રેજની હકૂમત સિધી રીતે ચાલતી નહીં.

૨૦મી સદી પહેલા આ વિસ્તારમાં વસતા આદિવાસી વિષે પુસ્તકોમાં ઓછી માહિતી મળે છે. બારડોલીના સત્યાગ્રહ સમયે આ વિસ્તારના 'રાની પરજ' લોકોમાં આત્મશુધ્ધિના વિચારનો પવન વાયો હતો. તેથી આ લોકોમાંથી ઘણાએ દારૂ-તાડી-છોડયા હતા.બારડોલીમાં સ્વ.મગનલાલ ઓઝાની દેખરેખ નીચે 'રાનીપરજ'ના છોકરાઓને વણાટ શીખવવાની શાળા ચાલતી હતી. 'રાની પરજ' શબ્દનો જન્મ ૧૯૨૧ પછી થયેલો સરકારી દફતરે અને લોકોને મોઢે આ લોકોને 'કાળીપરજ' તરીકે ઓળખતા હતા. ૧૯૨૬માં આ લોકોની

એક પરિષદ ખાનપુર નામના ગામડામાં ભરાઇ ત્યારથી આ લોકોએ'કાળીપરજ' ને બદલે'રાનીપરજ' સ્થાન સૂચક નામ અપનાવ્યું. ત્યારબાદ દારૂનિષધ અને ખાદી પ્રવૃત્તિનું કામ આ લોકોમાં વધતુંજ ગયું. અને શ્રી ચુનીલાલ મહેતા અને તેમનાં પત્નીના પ્રયાસથી આ લોકોમાં પરિવર્તન આવવા લાગ્યું. ખાસ કરીને ઘર અને શહેરની ચોખાઇમાં ઉજળીયાત ~~ઉજળીપદ~~ જતા લોકોની સમક્ષ આવ્યા. શ્રી લક્ષમીદાસ પુરૂષોત્તમ અને જુગતરામભાઇ એ બારડોલીમાં ઉદ્યોગ શાળામાં કેળવાયેલ રાનીપરજ ના યુવકોને પોતાની જાતિના લોકોની સેવા કરવા તૈયાર કર્યા. આ કામ આઝાદી બાદ પણ ચાલુ રાખવા-માં આવ્યું છે.

ઇ.સ.૨૫૭ થી ૧૯૪૭ સુધીનો પલસાણા મહાલના ગામો અને આજુબાજુના વિસ્તારના ઇતિહાસ પરથી ખ્યાલ આવે છે કે આ વિસ્તારની પ્રજા માનવ રચીત અને કુદરતી આફત વચ્ચે શોષાતી આવી છે. નકરની લડતમાં પહેલા ઘણા આદિવાસીની જમીન ચાલી ગઇ હતી. ઉજળી-યાત લોકોની જમીન સરકાર હસ્તક જવા લાગી કે તુરતજ તેઓએ સરકાર સામે લડત માંડી જેમાં તેને સફળતા મળી. આઝાદી પહેલા અને આઝાદી બાદ આદિવાસીનું શોષણ ઓછું થયું,નથી. અલબત ૨૦મી સદીની શરૂઆતમાં આ લોકોના વિકાસ માટે છૂટા છવાયા કામ થયા છે. પણ તે મર્યાદિત ક્ષેત્રમાં થયા છે.

ઉજળીયાત લોકોને જુદા જુદા સમયે રાજ સતા તરફથી લૂટવામાં આવ્યા ખાસ કરોને વેપારીલોકોને ઉજળીયાત લોકોએ અને વેપારીએ આદિવાસીને લૂંટીને ઇતિહાસનું પુનરાવર્તન કર્યું છે.

## લઘુવિસ્તારની ભૂગોળ :

૧૯૪૭ સુધી સુરત જિલ્લો મુંબઇ ઇલાકાનો ભાગ હતો. આઝાદીબાદ દેશી રાજ્યોનું વિલીનીકરણ થતા ધરમપુર અને વાંસદા રાજ્યોના ગામો, અને વડોદરા રાજ્યના નવસારી પ્રાંતના ગામોને એકત્ર કરી સુરત જિલ્લો બનાવવામાં આવ્યોછે.આ સમયે પલસાણા મહાલ નવસારી પ્રાંતમાં હતું. ૧૯૬૦માં મુંબઇ રાજ્યમાંથી ગુજરાત જુદું પડયું ત્યારે આ જિલ્લામાં ઉચ્છલ અને નિઝર મહાલોને સુરત જિલ્લામાં ભેળવવામાં આવ્યા હતા. ૧૯૬૪માં સુરત જિલ્લાના બે ભાગ પાડવામાં આવ્યા. ત્યારબાદ સુરત જિલ્લામાં ઓલપાડ,ચોયાસી, માંગરોળ, કામરેજ, માંડવી, બારડોલી,સોનગઢ, વ્યારા, મહુવા, પલસાણા,વાલોડ,ઉચ્છલ અને નિઝર તાલુકાનો આ જિલ્લો બન્યો છે.

## સ્થાન અને સીમા :

ગુજરાત રાજ્યની દક્ષિણે ૨૧° થી ૨૧°-૨૩° ઉત્તર અક્ષાંશ ઉપર અને ૭૨.૩૮ થી ૭૪.૨૩ રેખાંશ ઉપર સુરત જિલ્લો આવેલો છે. ગુજરાત રાજ્યના કુલ વિસ્તારમાં આ જિલ્લાનો વિસ્તાર ૪ ટકા છે.

પલસાણા પોકેટને પલસાણા મહાલ તરીકે ઓળખવામાં આવે છે. પલસાણા પોકેટનું મુખ્ય ગામ પલસાણા છે. આ તાલુકાની ઉત્તરે કામરેજ તાલુકો, દક્ષિણે વલસાડ જિલ્લાનો નવસારી તાલુકો,પૂર્વે બારડોલી, તાલુકો અને પશ્ચિમે ચોયાસી તાલુકાઓ છે.

આ તાલુકાનો ઉત્તર-દક્ષિણ વિસ્તાર ૧૬ કિ.મી. અને પૂર્વ પશ્ચિમ લગભગ ૧૫ કિ.મી.નો છે. પલસાણા ગામ નજીકથી નવસારી કામરેજ તરફનો રાષ્ટ્રિય ધોરી માર્ગ પસાર થાય છે. રાષ્ટ્રિય ધોરી માર્ગથી આ ગામ ૩ કિ.મી. અંદર આવેલું છે. બારડોલી અને ચોયાસી તાલુકાની હદે આવેલા લીંગડ ગામ સુધી સ્થાનિક માર્ગથી પલસાણા ગામ જોડાયેલું છે.

૧૯૮૧ની જનગણના ના અહેવાલ પ્રમાણે આ ગામની કુલ વસ્તી ૫૦૩૨ છે. તેમાં ૨૫૯૦ (૫૧.૪૭) પુરુષો અને ૨૪૪૨(૪૮.૫૩) સ્ત્રીઓ છે. કુલ વસ્તીમાં ૧૯૬ (૩.૯૦) અનુસૂચિતજાતિની છે. અને ૧૭૫૬ (૩૪.૯૦) ની વસ્તી અનુસૂચિત જનજાતિની છે.ગામમાં આદિવાસી-ઓમાં હળપતિ લોકો રહે છે. બિન આદિવાસીમાં અનાવિલ, મુસ્લમાન, પટેલ, બ્રાહ્મણ,વાણિયા,દરજી, લોકો રહે છે. હરિજન લોકો પણ આ ગામમાં છે.

ગામમાં પીવાના પાણીની વ્યવસ્થામાં સાદા કૂવા વોટર વર્કસ, અને ઘરે ઘરે નળ છે. આદિવાસી ફળીયામાં નળની સગવડતા ઓછી છે. આદિવાસી ફળીયામાં પાણીના સ્ટેન્ડ છે. તે ઉપરાંત કૂવાના પાણીનો પણ પીવામાં ઉપયોગ કરે છે.

ગામમાં દરજીકામ, સુથારીકામ, અને કડીયા કામ કરનાર લોકો રહે છે. આ ગામમાં ગ્રામ્ય કારીગરી જાણકાર ૫૦ કારીગરો છે. વિજળીનું કામ જાણકાર ૫ કારીગરો છે. અનાજદળવાની ૪ ઘંટી ગામમાં છે. આ ગામ તાલુકાનું મુખ્ય મથક હોવાથી ગામમાં તાલુકા પંચાયતની કચેરીઓ મામલતદારની કચેરી, પોસ્ટ અને ટેલીફોનની ઓફીસ ઉપરાંત તાલુકા ની જુદા જુદા વિભાગની કચેરી આવેલી છે. તેમાં

કામ કરનાર ગામ અને ગામ બહારના લોકોમાં અનાવિલ બ્રાહ્મણ, સુથાર, કણબી પટેલ, બ્રાહ્મણ મુસલમાન વગેરે જાતિના લોકો રહે છે. ગામના સ્થાનિક અનાવિલ બ્રાહ્મણ, મુસ્લમાન, કણબીપટેલ લોકો ખેતી ઉપરાંત, વેપાર અને નોકરી પણ કરે છે.

૧૯૮૧ની વસ્તી ગણતરી મુજબ આ ગામમાં ૨૦૨૫ (૪૦.૨૪) વ્યક્તિ કમાનાર છે. તેમાં ૧૪૨૨ (૭૦.૨૨) પુરૂષ અને ૬૦૩ (૨૯.૭૮) સ્ત્રીઓ છે. કમાનાર વ્યક્તિઓમાં ૧૭૮(૮.૭૯) ખેડૂત,૯૯૮(૪૯.૨૯) ખેતમજૂરો, ૨૮(૧.૩૮) ગૃહઉદ્યોગ ૮૨૧(૪૦.૪૫) અન્ય કામમાં રોકાયેલા છે. કમાનાર વ્યક્તિ કયા કયા વ્યવસાયમાં કામ કરે છે તેની વિગત ઉપરથી ખ્યાલ આવે છે કે સૌથી વધુ ખેતમજૂરો છે. ખેતમજૂરીનું કામ આદિવાસી લોકો વધુ પ્રમાણમાં કરે છે. અન્ય કામમાં ૪૦.૪૫ ટકા લોકો રોકાયેલા છે. આ વ્યક્તિઓમાં નોકરી કરનાર, વેપાર કરનાર અને સ્વરોજગારીના ધંધા કરનારનો સમાવેશ થઇ જાય છે.ગામના મુખ્ય પાકો ડાંગર, ઘઉં, કપાસ, કઠોળમાં મગ અને ચણા છે. શેરડી, કેળા, કેરી,ની વાડી પણ ગામમાં છે. ગામને નહેરનો લાભ મળે છે. ગામમાં ૫ ગોબરગેસ પણ છે.જેની માલીકી બિન આદિવાસી લોકોની છે.

ગામમાં પ્રાથમિક શાળા, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળા છે. ૧૯૮૧ની વસ્તી ગણતરી મુજબ આ ગામમાં ૨૬૮૨ લોકો અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરેલ છે.તેમાં ૧૫૩૬(૫૭.૨૭) પુરૂષો અને ૧૧૪૬(૪૨.૭૩)સ્ત્રીઓ છે.

ગામમાં ૩ ખાનગી દવાખાના પણ છે. ગામમાં આદિવાસી અને બિન આદિવાસી ઓને અંદરોઅંદર ઝઘડા થતા નથી કયારેક કયારેક ઝઘડા થાય ત્યારે આદિવાસી ફળીયાના આગેવાનો ઝઘડાનું નિરાકરણ

કરે છે. તાલુકાનું મુખ્ય ગામ હોવાથી તાલુકાપંચાયતના પ્રમુખ નિયમિત તાલુકાની કચેરીએ આવતા હોવાથી ગામમાં નાના ઝઘડા થાય તો પણ તે પોતે રસ લઇને ઝઘડાનું નિરાકરણ કરે છે.

સેઢવ :

સેઢવ ગામ સુરત શહેરની ૧૫ કિ.મી. દૂર આવેલું છે. આ ગામ સુરત જિલ્લાના ચોયાસી તાલુકાના ગામોની હદ નજીક આવેલું છે. આ ગામ સુરત-બારડોલી રાજ્ય ધોરી માર્ગથી ૪ કિ.મી. દૂર આવેલુ છે. આ ગામે જવા સુરતથી બારડોલી જતા બસમાં નિયોલ બસ સ્ટેન્ડે ઉતરીને નજીક ૩ થી ૪ કિ.મી. ચાલીને જવું પડે છે.

૧૯૮૧ની જનગણના અહેવાલ મુજબ આ ગામની કુલ વસ્તી ૩૭૬ છે. જેમાં ૨૮૭(૭૬.૩૩) આદિવાસીની વસ્તી છે.

ગામમાં બિન આદિવાસીઆમાં અનાવિલ બ્રાહમણ અને વાણિયા લોકો રહે છે. આદિવાસીમાં હળપતિ લોકો રહે છે. આ ગામ ત્રણ ફળિયામાં વહેચાયેલું છે. જેમાં આદિવાસી અને બિન આદિવાસી લોકો રહે છે. નિયોલ ગામથી આ ગામમાં આવતા નવો હળપતી વાસ આવે છે. જેમાં હળપતી લોકો રહે છે. ત્યારબાદ દેસાઇ ફળિયું આવે છે. જયાં અનાવિલ લોકો અને વાણિયા રહે છે. જૂનો હળપતિવાસ નવા હળપતિ વાસથી દૂર છે.

ગામમાં પીવાના પાણીની વ્યવસ્થામાં ગામમાં પાણીના સ્ટેન્ડ અને કુવા છે. હળપતિ વાસમાં સ્ટેન્ડ ના અમુક પાઇપમાં ચકલી નથી. ગામમાં લાઇટ છે. હળપતિવાસમાં ફકત ૧૩ કુટુંબમાં લાઇટ છે. ૮ કુટુંબો જુના હળપતિવાસમાં અને ૫ કુટુંબો નવા હળપતિવાસમાં છે.

ગામમાં દરજીકામ, સુથારીકામ, કરનાર એક પણ વ્યકિત નથી. ગામમાં પરચૂરણ માલસામાન વેચવાની એક દુકાન છે જે વાણિયા ચલાવે છે. ગામમાં ગામ કારીગર અને વિજળીનું કામ જાણકાર ૪ વ્યકિતઓ છે. તેમાં ૩ વિજળીનું કામ જાણકાર વ્યકિત છે. ગામમાં ઘંટી અને સહકારી મંડળી નથી.

ગામના આર્થિક ઉપાર્જનના સાધનોમાં અનાવિલ બ્રાહ્મણ લોકો ખેતી ઉપરાંત સરકારી અને અધસરકારી નોકરી કરે છે. આદિવાસીઓ ખેતમજૂરીનું કામ કરે છે. તેમાં ૪ રૂપિયા રોજ મળે છે. જો પુરૂષ બાધેલો હોય તો તેને ૩ રૂપિયા રોજ આપવામાં આવે છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું કે જુના હળપતિ વાસમાં બંધાયને ખેતમજૂરીનું કામ ઓછા લોકો કરે છે. નવા હળપતિ-વાસમાં એક-બે કોટવાળ રહે છે. જેઓ જુદા જુદા ગામની પંચાયતમાં ૧૫૦ રૂપિયાના ફિકસ પગારમાં કામ કરે છે. નવા હળપતિવાસમાં એક આદિવાસી અનાવિલ બ્રાહ્મણની જમીન પણ ભાડેથી ખેડે છે. ખાતર અને બિયારણનો જે ખર્ચ થાય તે અનાવિલ બ્રાહ્મણે આપવાનો અને જે ઉપજ થાય તેમાંથી અડધી ઉપજ મૂળ જમીનદારને આપવાની. આ ગામમાં ૧૯૮૧ની વસ્તી ગણતરી મુજબ ૩૭૬ની વસ્તીમાં ૧૮૩(૪૮.૬૭)કમાનાર વ્યકિત છે. જેમાં ૧૪(૭.૬૫) ખેડૂત ૧૩૪(૭૩.૨૩)ખેત મજૂરો ૨(૧.૦૯) ગૃહ ઉદ્યોગમાં રોકાયેલ અને ૩૩ (૧૮.૦૩) અન્ય કામમાં રોકાયેલ છે.

૧૨૯-૭૧-૨૫ હેકટર જમીનમાં ૧૦૩-૧૯-૬૭ હેકટર જમીન ખેડાણ નીચે છે. બાકીની જમીનમાં ખરાબાની, ગામતળ, ગૌચર, તળાવની જમીન, રસ્તા, રેલ્વેલાઇન, અને ઢોર દાટવામ માટેની છે.

બેડાણ નીચેની જમીનમાં ૪૪.૮૭.૧૨ હેકટર જમીન નહેરની પિયત થાય છે. અને ૧૨.૬૨.૪૬ હેકટર જમીન કૂવા દ્વારા પિયત થાય છે. પિયતની જમીમાં ડાંગર, ઘઉં, શાકભાજી શેરડીનો પાક લે છે. કઠોળમાં વાલ, તુવેર, પકવે છે. શણ પણ ઉગાડે છે. ૨૯.૩૭.૩૨ હેકટરમાં ઘાસ થાય છે. વૃક્ષોમાં આબાં, આંબલી અને પીપળા મુખ્ય છે.

આ ગામમાં તા. ૧૪-૭-૧૯૮૪ થી વર્ગ શાળા છે. શાળા પાસે એક રૂમ છે. જેમાં પહેલું અને બીજુ ધોરણ ભણાવવામાં આવે છે. ઓગસ્ટ ૧૯૮૫માં આ શાળામાં ૩૧ બાળકો અભ્યાસ કરતા હતા. તેમાં ૨૯ બાળકો આદિવાસીના છે. એક આદિવાસી શિક્ષક આ શાળામાં શિક્ષણ આપવાનું કામ કરે છે. ૧૯૮૧ની જનગણના પ્રમાણે ૧૧૦(૨૯.૨૫)લોકોએ અક્ષરજ્ઞાન મેળવેલું છે.

આ ગામમાં પંચાયતમાં પહેલા હળપતી આદિવાસી સરપંચ તરીકે હતા. હાલમાં અનાવિલ બ્રાહમણ સરપંચ તરીકે છે. ગામના બે હળપતી વાસના લોકો વચ્ચે કયારેક કયારેક મન દુઃખ થાય છે. ત્યારે અનાવિલ લોકો બન્ને જૂથને સમજાવિને ઝઘડો શાંત પાડે છે. નવા હળપતિ વાસના લોકોને અનાવિલ બ્રાહમણ સાથેના સંબંધો ખૂબજ સારા છે. પહેલા જૂના હળપતિ વાસના એક હળપતિભાઇ સરંપચ હતા. છેલ્લી ચૂંટણીમાં તે હારી ગયા. આથી જુના હળપતિ વાસના લોકોને અને નવા હળપતી વાસના લોકોને કયારેક કયારેક ઝઘડા થયા છે.

**દસ્તાન :**

દસ્તાન સુરતથી ૨૦ કિલોમીટર દૂર આવેલુ છે. આ ગામ સુરત–બારડોલી રાજ્ય ધોરી માર્ગથી ૨ કિ.મી દૂર છે. આવેલું છે. સુરતથી બારડોલી જતા બસમાં દસ્તાન રેલ્વે ફાટક થી ૨ કિ.મી. અંદર આ ગામ આવેલું છે. દસ્તાન રેલ્વે સ્ટેશન પણ છે.

૧૯૮૧ની જનગણના ના અહેવાલ મુજબ આ ગામની કુલ વસ્તી ૧૮૬૯ છે. તેમાં ૮૩૨(૪૪.૫૨) આદિવાસીની વસ્તી છે. બિન આદિવાસીની વસ્તીમાં બ્રાહ્મણ, જૈન વાણિયા, પારસી, પાટીદાર, રજૂપૂત લોકોની વસ્તી છે. અનુસૂચિત જાતિની વસ્તી પણ આ ગામમાં છે. અનુસૂચિત જનજાતિની વસ્તીમાં હળપતિ લોકોની મુખ્ય વસ્તી છે.

આ ગામ ૭ ફળીયાનું બનેલું છે. પારસી ફળીયામાં હળપતીઓને પારસીનું એક કુટુંબ રહે છે. આ કુટુંબના જ એક સભ્ય ~~દસ્તાન~~ ગામ પંચાયતના સરપંચ છે. ગૌચર ફળીયામાં હળપતીની વસ્તી છે. પટેલ ફળીયામાં પટેલ, રજપૂત, બ્રાહ્મણના કુટુંબો રહે છે. નવા ફળીયા અને ૪૦ ગાળા જનતા કોલોનીમાં હળપતી લોકો રહે છે. હરિજન વાસમાં હરિજન લોકો રહે છે. ગામના ૫ ફળિયામાં લાઇટની સગવડ છે. આ ફળિયાના લોકોના ઘરમાં પણ લાઇટની સગવડતા છે. નવા ફળીયા અને ૪૦ ગાળા જનતા કોલોનીમાં લાઇટની સગવડ નથી. હળપતીની વસ્તીવાળા ફળિયામાં લાઇટની સગવડ છે. પરંતુ હળપતિના ઘરમાં લાઇટની સગવડ ખૂબજ ઓછી છે. હળપતિની વસ્તીવાળા ફળિયામાં સ્ટ્રીટલાઇટ છે. પરંતુ થાંભલા ઉપર લાઇટના ગોળા નથી.

પીવાના પાણી સાદા કૂવા અને વોટરવકર્સ અને ઘરમાં નળની વ્યવસ્થા છે. હળપતીના ઘરમાં નળ નથી. ૪૦ ગાળા અને નવા ફળીયામાં સ્ટેન્ડ પોસ્ટ નથી. તે સિવાયના ફળિયામાં ૯ સ્ટેન્ડ પોસ્ટ ઉપર ૩૬ નળ છે. ૪૦ ગાળા અને નવા ફળીયા માં રહેતા કુટુંબોને દુરથી પાણી લાવવું પડે.છે.

ગામમાં ગામ કારીગરી જાણનાર ૨ વ્યકિત છે. વિજળીના જાણકાર એક પણ વ્યકિત નથી. ગામમાં દરજીકામ ૮ વ્યકિતઓ કરે છે. તેમાં ૨ આદિવાસી, ૪ હરિજન, ૨ દરજી છે. દરજી બીજા ગામથી આવીને વસ્યા છે. સુથારીકામ કે લુહારી કામના જાણકાર એક પણ વ્યકિત ગામમાં નથી. પરચૂરણ માલ સામાનની ૬ દુકાન છે. જે ૧ બ્રાહ્મણ, ૪ જૈન મારવાડી, અને ૧ હળપતિની છે. ગામમાં અનાજ દળવાની ૨ ઘંટી છે. ૧ બ્રાહ્મણ અને એક વાણિયા આ ૪ ઘંટીના માલીક છે. ગામના આર્થિક ઉપાર્જનના સાંપ્રત ૨ સાધનો જોઇએ તો બ્રાહ્મણનું એક કુટુંબ છે. તે વેપાર કરે છે. દરજી લોકો કપડા સિવવાનો ધંધો કરે છે. જૈન મારવાડી લોકો વેપાર કરે છે. પારસી પટેલ અને હરિજન લોકો ખેતી કરે છે. ખેતી સાથે, સરકારી કે અર્ધસરકારી નોકરીઓ પણ કરે છે. આદિવાસીઓ મોટાભાગે ખેત મજૂરી કરે છે. ૧૦ થી ૧૫ આદિવાસીઓ દસ્તાન નજીક આવેલ સરકારી પેપરમીલમાં કામ કરે છે. બીડી બનાવવાનું કામ ૪ વ્યકિતઓ કરે છે. જે હળપતિ આદિવાસીના છે. માછલાની જાળ ગુંથવાનું કામ ૧૦ વ્યકિત જાણે છે. તેમાંથી ૨ થી ૩ વ્યકિતઓને તો આ કામની ફાવટ સારી છે. માળીકામ એક આદિવાસી

કરે છે. ૩૦ યુવાનો હિરા ઘસવાનું કામ કરે છે. તેમાં ૧૫ આદિવાસી અને ૧૫ અન્ય જાતીના યુવાનો છે. આ ગામમાં ૧૯૮૧ની વસતી ગણતરી મુજબ ૯૩૯ કમાનાર સભ્યો છે. તેમા ૯૩(૯.૯૧) ખેડૂત ૫ ૫૫૧(૫૮.૬૮) ખેતમજૂરીનુંકામ ૧(૦.૧૦)ગૃહકાર્યમાં અને ૨૯૪ (૩૧.૩૧)વ્યકિતઓ અન્ય કામમાં રોકાયેલ છે.

ગામનું કુલ ક્ષેત્રફળ ૧૮૧૮ એકટ છે. તેમાં ૧૬૨૮ એકટ જમીન ખેડાણ નીચે છે. બાકીની જમીનમાં સાર્વજનિક તથા ખાસ કામ માટે જેવાંકે ગૌચરણ, તળાવ, ગામતળ, ગોદરૂ, કુવા, મસાણ, રેલ્વે, રસ્તા માટે કારખાનાના, રહેઠાણ શાળા-ધર્મશાળા છે.

ખેડાણ નીચેની જમીનમાં ૫૧૭.૦૮ એ. ગુ. જમીન નહેરથી પિયત થાય છે. ૫૪૬.૨૦ એ. ગુ. જમીન કુવા ધ્વારા પિયત થાય છે. પિયતની જમીનમાં ડાંગર, શેરડી, ઘઉં, અને શાકભાજી થાય છે. બીનપિયતની જમીનમાં ડાંગર, શણ-ઘાસ કઠોળ પાકે છે.

આ ગામમાં ખેડૂત સહકારી મંડળી છે. આ મંડળીનું કાર્યક્ષેત્ર દસ્તાન ગામછે. આ મંડળીના ૯૭૦ જેટલા સભાસદ છે. આ મંડળી પહેલા વ્યવસ્થિત ચાલતી હતી. મંડળીનું સંચાલન આદિવાસીઓ કરે છે. આ સંચાલનમાં રાજકીય વ્યકિતઓ છે. પોતાનો પ્રભાવ અને પોતા હસ્તક મંડળી રહે તે માટે બૂતિયા સભાસદ બનાવીને મંડળીની સભાસદ સંખ્યા વધારી દેવામાં આવી છે. આ બાબત ગામના શિક્ષિત આદિવાસીએ જણાવી હતી. આ ભાઇ ભૂતકાળમાં ગામના સરપંચ તરીકે પણ રહી ચૂકયા છે. અને સહકારી પેપર મીલમાં નોકરી કરે છે. ગામના બે જુદા જુદા ફળીયા વચ્ચે

મંડળીમાં સતા જમાવવા શાંત વિગ્રહ ચાલે છે. મંડળીની બેઠકમાં ગામના ભણેલા ગણેલા આદિવાસી કે જેઓ મંડળીના કાર્યકર્તાનો વિરોધ કરે છે. તેને બોલાવવામાં પણ આવતા નથી. મંડળી પાસે જમીન પણ છે. જમીનના ખેડાણ માટે ટ્રેકટર પણ છે. ટ્રેકટરનો દૂર ઉપયોગ મંડળીના સંચાલકો કરે છે. તેવું આદિવાસી લોકો અને આ ગામના તાલુકા પંચાયતના સભ્ય કહેતા હતાઅને સહકારી મંડળી ખેતમજૂરી માટે આદિવાસીઓને બોલાવે છે. તો તેને પણ સરકારી નિયમ મુજબનું વેતન ચૂકવવામાં આવતું નથી. તેમ ક્ષેત્રકાર્ય દરમ્યાન ખેતમજૂર આદિવાસીઓએ જણાવ્યું છે.

આ ગામમાં તા. ૧-૫-૧૯૦૨ થી પ્રાથમિક શાળા છે. ઓગસ્ટ ૧૯૮૫માં આ શાળામાં ૧૩૪ બાળકો અભ્યાસ કરે છે. તેમાં ૫૩ (૩૯.૫૫) બિન પછાત બાળકો છે. ૧૩(૯.૭૦), હરિજનના ૬૮(૫૦.૭૫) બાળકો આદિવાસીના છે. શાળામાં ૧ થી ૪ ધોરણ સુધીના અભ્યાસની સવલત છે. આ શાળામાં બે અનુસૂચિતજાતિના પુરૂષો શિક્ષણ આપવાનું કાર્ય કરે છે. ૧૯૮૧ની વસ્તી ગણતરી મુજબ આ ગામમાં ૬૧૨(૩૨.૭૫) વ્યકિતએ અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરેલ છે.

ગામમાં હળપતી સરપંચ પહેલા હતા. હાલમાં સરપંચ તરીકે પારસી ભાઇ છે. આ ભાઇના મોટાભાઇ નરીમાન પીઠાવાળ પણ આ ગામના સરપંચ રહી ચૂકયા છે. નરીમાનનું ખૂન થઇ ગયા પછી તેના નાનાભાઇ સરપંચ તરીકે ચૂંટાયા છે.

આદિવાસીના વિકાસ કામમાં બિનઆદિવાસીઓ નડતરરૂપ છે. તેમ ગામના હરિજન અને આદિવાસી આગેવાનોએ જણાવ્યું: દા.ત. ગામમાં પાણીની સગવડતા

માટે 'વારીગૃહ'ની કમીટી બનાવવામાં આવી છે. આ કમીટીની રચના થઇ ત્યારે પટેલ, બાહ્મણ, પારસી, અને એક બે હરિજન કુટુંબે ફાળો ભેગો કરીને 'વારીગૃહ' બાંધ્યું. સમાજકલ્યાણની યોજના મૂજબ આ 'વારીગૃહ'નો લાભ હળપતી અને હરિજનને આપવામાં આવેતો અમુક ટકા ગ્રાન્ટ સમાજકલ્યાણ ખાતુ આપે છે. આ ગ્રાન્ટ લેવાની આ કમીટીએ ના પાડી. તે સમયે ગામનાં સરપંચ શ્રી નરીમાન પીઠાવાળા હતા. તેમની પાસે ફાળો લેવા માટે વારીગૃહની કમીટી ગઇ ત્યારે તેમણે ફાળો આપતા પહેલા કમીટીને જણાવ્યું કે હળપતી વાસમાં પોતે (નરીમાનનું) કહે ત્યાં સ્ટેન્ડ મૂકવા તેઓ તૈયાર હોય તો પોતે ફાળો આપશે નહીતો નહીં. કમીટીને પૈસાની જરૂર હતી તેથી નરીમાનની શરત સાથે સહમત થયા અને તેઓ કહયા તેટલા સ્ટેન્ડ હળપતિ વાસમાં મૂકી આપ્યા. પ્રશ્ન એ છે કે વારીગૃહની કમીટીને પૈસાની જરૂર હતી તો શા માટે સરકારની ગ્રાન્ટ ન લીધી. આ પાછળનું કારણ એ છે કે ગ્રાન્ટ જેટલી મળે તે કરતા નરીમાનજી પાસેથી વધુ ફાળો મળે તેમ હતો. તે ઉપરાંત ગ્રાન્ટ લઇને ઘરે ઘર નળ આપવા કરતા સ્ટેન્ડ મૂકી દેવા વધુ સારા, ગ્રાન્ટ લીધા પછી સરકારની ડખલગીરી રહે તે કરતા ગ્રાન્ટ ન લેવી તે વધુ હિતાવહ છે. તેવું બિન આદિવાસી લોકો માને છે. આવુ બનવાથી આદિવાસી અને હરિજન લોકોને એમ લાગે છે કે બિન આદિવાસીઓ હરિજન અને આદિવાસીને આગળ આવવા દેતા નથી. વાસ્તવિકમાં ઘરે ઘર નળ આપવા જે તે વ્યકિત પાસેથી જેટલા પૈસા લેવામાં આવ્યા હતા તે કરતા ગ્રાન્ટની રકમ ઓછી હતી. જો હરિજન અને આદિવાસીને પાણીનો લાભ આપવોજ નહોત તો ઘરે નળ લેવા માટે બે વણ હરિજન કુટુંબે પૈસા આપ્યા તેમને

પણ ઘરે નળનો લાભ આપ્યો ન હતો. આર્થિક પરિસ્થિતીને લઇને કોઇ કામ ન થાય તો પણ આદિવાસીઓ બિનઆદિવાસીઓને વધુ દોષિત ગણે છે.

૧૯૬૯માં પૂ. રવિશંકર મહારાજ દ્વારા આ ગામના આદિવાસીઓને રહેવા માટે મકાન બનાવી આપવામાં આવ્યા છે.

જમીન વગરના કુટુંબને પણ આપવાથી ગામમાં ઝઘડા થાય છે. ઝઘડાનું નિવારણ ગામના આગેવાનો લાવે છે. તેમાં સરપંચ, તાલુકા પંચાયતના પ્રમુખ, પટેલ જ્ઞાતિના આગેવાનો ઝઘડાનું નિવારણ કરે છે.

<u>જતપુર</u> :

જતપુર ગામ સુરત શહેરથી ૨૦ કિ.મી. દૂર આવેલુ છે. આ ગામ સુરત-ધૂળીયા માર્ગ ઉપર આવેલું છે. આ ગામના લોકોને સુરત જિલ્લાનું બારડોલી શહેર નજીક પડે છે. આ ગામે પલસાણા તાલુકાની હદ પુરી થાય છે અને બારડોલી તાલુકાના ગામો શરૂ થાય છે. સુરત ભૂસાવર રેલ્વે લાઇન પણ આ ગામ નજીકથી પસાર થાય છે.

૧૯૮૧ની જનગણનાના અહેવાલ મુજબ આ ગામની કુલ વસ્તી ૪૨૬ છે. તેમાં ૩૧૫(૭૩.૯૪)ની વસ્તી આદિવાસીની છે. બિન આદિવાસીમાં કોળી પટેલ, કણબી પટેલની વસ્તી છે. અનુસૂચિત જાતિમાં વણકરના બે કુટુંબ છે. આદિવાસીમાં હળપતિ આદિવાસીની વસ્તી છે. ગામમાં પીવાના પાણી માટે કુવાની વ્યવસ્થા છે. કુવા ઉપર ઓઇલ એન્જીન અને વિજળીની મોટર પણ મૂકેલ છે. આદિવાસી વિસ્તારમાં સાદા કૂવા છે.

ગામની મોટા ભાગની જમીન પટેલ પાસે છે. પટેલ જાતિના લોકોનો મુખ્ય ધંધો ખેતી અને વેપાર છે. વેપારમાં અનાજ કરિયાણાની દુકાન બીડી બનાવીને વેચવાની દુકાન છે. પટેલના કુટુંબો ખેતી કરે છે. વણકરના કુટુંબો ખેતી અને ખેતમજૂરીનું કામ કરે છે. હળપતિ લોકો ખેતમજૂરી, બીડી બનાવવાનું કામ, અને સુગર ફેકટરીમાં કામ કરવા માટે જાય છે. ૧૯૮૧ની જનગણનાના અહેવાલ પમાણે આ ગામના ૨૪૫ વ્યકિતઓ કમાય છે. તેમાં ૨૬(૧૦.૬૧) ખેડૂત ૧૯૩(૭૮.૭૮)ખેતમજૂર, ૧૪(૫.૭૧) ગૃહઉદ્યોગ, ૧૨(૪.૯૦) અન્ય કામમાં રોકાયેલ છે. આ ગામમાં ગ્રામ્ય કારીગર કે વિજળીનું કામ જાણનાર એક પણ વ્યકિત નથી. ગામની કુલ જમીન ૩૯૫ એકર છે. તેમાં ૩૪૨ એકર જમીન ખેડાણ નીચે છે. બાકીની જમીનમાં રસ્તા, નહેર, ગૌચર, ફળઝાડ વગેરે છે. ૧૨૨.અ ગુઠા ૬૯ જમીન નહેરથી પિયત થાય છે. કૂવા દ્વારા ૨૭.એ. ૧૮ગુ. જમીન પિયત થાય છે. પિયતથી શેરડી કરે છે. ત્યારબાદ ડાંગર અને શાકભાજી પકવે છે. ફળઝાડમાં આંબા, ચીકુ, જાબુંડા, અને ફણસના ઝાડ છે. તે ઉપરાંત ઘઉં, કંદમુળ, તેલીબિયા, શણ, અને ઘાસ પણ થાય છે.

પલસાણા તાલુકામાં અને આ ગામમાં ભાગે પશુ રાખવાની પ્રથા છે. ગાય ભાગે રાખી હોય તો ગાય ને વાછરડો આવે તો જેની ગાય હોય તેનેવાછરડો આપવાનો ગાયને વાછરડી આવે તો તે વાછરડી ગાય ભાગે રાખનાર ને રાખવાની હોય છે. ભેંસ અને બકરી અડધા ભાગે રાખે છે. જો ભેંસને પાડી આવી હોય તો ખંડ કરી (કિંમત નક્કી કરી)ને પૈસા ભેંસ ભાગે રાખનાર અને મૂળ માલીક વહેંચી લે છે. બકરી ને બે બચ્ચા થયા હોય તો એક એક બચ્ચુ બન્ને જણ વહેંચી લે છે.

આ ગામને તા.૯-૧૧-૧૯૭૯ થી પ્રાથમિક શાળાની સગવડ પ્રાપ્ત થઇ છે. આ શાળામાં ૨ ધોરણ સુધી અભ્યાસની વ્યવસ્થા છે. ઓગસ્ટ ૧૯૮૫ના હાજરી પત્રક મુજબ આ શાળામાં ૪૯ બાળકો અભ્યાસ કરે છે. તેમાં ૨(૪.૦૮) બિનપછાત ૪૭(૯૫.૯૨) આદિવાસી બાળકો અભ્યાસ કરે છે. શાળા એક રૂમ અને ૨ શિક્ષક વાળી છે. શિક્ષકમાં ૧ શિક્ષક અને ૧ શિક્ષિકા છે. બન્ને આદિવાસી છે. ૧૯૮૧ની જનગણનાના અહેવાલ પ્રમાણે ૧૨૨(૨૮.૬૪) લોકોએ અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરેલું છે.

ગામની અલગ પંચાયત નથી. પરંતુ ગંગાદરા ગામ સાથે પંચાયત છે. આ પંચાયતના સરપંચ વિદેશ ગયા છે. આ ગામને સહકારી મંડળીનો લાભ મળે છે. સહકારી મંડળી ગંગાદરા ગામે છે.

સહકારી મંડળીમાંથી ખાતર-બિયારણ અનાજ-કાપડ, ખાંડ વગેરે મળે છે.

સરકારની જુદી જુદી યોજનામાં ૧૯૮૪માં ૯ કુટુંબને ભેંસ મળી છે. આ યોજનાનો લાભ લેનાર કુટુંબે સરકાર તરફથી મળેલ લોનના પૈસા પરત કર્યા નથી. ૪ કુટુંબ દૂધ મંડળીમાં દૂધ ભરે છે. બાકીના કુટુંબો મંડળીમાં દૂધ ભરતા નથી. દૂધ ગંગાદરા ગામે આપવા જવુ પડે છે. ભેંસ દિવસનું સરેરાશ ૪ લીટર દૂધ આપે છે.

ગામમાં જે પશુ મરી જાય છે તે પશુને સરભંગ ગામે લઇ જવામાં આવે છે. આ ગામે ચર્મ ઉદ્યોગ મંડળી છે મૃતપશુના ૧૫ રૂપિયા આપીને મંડળીવાળા લઇ જાય છે.

૧૯૬૩માં આદિવાસીને ૨૦ પાકા મકાન સરકાર તરફથી બનાવી આપવામાં આવ્યા છે.

બારસડી :

બારસડી ગામ સુરત થી ૨૨ કિ.મી.દૂર આવેલુ છે. આ ગામ નજીક સુરત-ધૂળીયા હાઇવે પસાર -થાય છે. આ ગામને પલસાણા કે સુરત કરતા બારડોલી નજીક પડે છે. આગામથી બારડોલી ૩ થી ૪ કિ.મી. દૂર આવેલુ છે. આ ગામે પલસાણા તાલુકાની હદ પુરી થઇને બારડોલી તાલુકાના ગામોની હદ શરૂ થાય છે. સુરત ભુસાવર રેલ્વે લાઇન પણ અહીંથી પસાર થાય છે.

૧૯૮૧ની જનગણનાના અહેવાલ મુજબ આ ગામની કુલ વસ્તી ૧૧૭૬ છે. તેમાં ૩૬૧(૩૦.૭૦)આદિવાસીની વસ્તી છે.

ગામમાં બિન આદિવાસીઓમાં પાટીદાર,દરજી, કુંભાર, વાણંદ,વાણીયા, જ્ઞાતિના લોકો રહે છે. અનુસૂચિત જાતિમાં વણકર અને ભંગી લોકો રહે છે. અનુસૂચિત જનજાતિમાં હળપતિ, નાયકા અને ચૌધરી જાતિના લોકો રહે છે. નાયકા અને ચૌધરી જાતિના ૫ થી ૬ કુટુંબો છે.

ગામમાં પીવાના પાણી માટે કૂવાની વ્યવસ્થા છે. જમીનધારકતા માં પાટીદારોનો ક્રમ પહેલો છે. ગામની મોટાભાગની જમીન પાટીદારો પાસે છે. પાટીદારો ખેતી અને નોકરી કરે છે.ખેતી આદિવાસી પાસે કરાવે છે. દરજી કુટુંબ કપડા સિવવાનું કામ, કુંભાર લોકો માટીના વાસણ બનાવવાનું કામ કરે છે. વાણંદ લોકો વાળ કાપવાનું કામ કરે છે. વાણીયા કુટુંબ ખેતી અને વેપારનું કામ કરે છે. હરિજન-ભંગી લોકો ખેતમજૂરી અને ગામ સફાઇનું કામ કરે છે. આદિવાસીઓ ખેતમજૂરીનું કામ કરે છે. ગામમાં ઘંટી

છે. જે બિન આદિવાસી ચલાવે છે. આદિવાસીઓ અને બિન આદિવાસી યુવાનો બારડોલી, હિરા ઘસવાના કામ માટે જાય છે. ૧૯૮૧ની જમીનગણનાના અહેવાલ મુજબ આ ગામમાં ૬૦૩ વ્યકિત કમાનાર છે. તેમાં ૬૭(૧૧.૧૧) ખેડૂત ૪૭૭(૭૯.૧૧) ખેતમજૂરો ૧૨ (૧.૯૯) ગૃહઉદ્યોગ અને ૪૭(૭.૭૯) વ્યકિતઓ અન્ય કામમાં રોકાયેલા છે. ૨ ગામ કારીગરો છે. અને ૨ વિજળીનું કામ જાણનાર વ્યકિત છે.ગામની નજીક પ્લાસ્ટીકના સાધનો બનાવવાની વસાહત છે.તે સિવાય લોખંડનો સામાન બનાવવાના, સાબુ બનાવવાના,નાના મોટા કારખાના આવેલા છે. જેમાં આદિવાસીઓ મજૂરી કરવા જાય છે.

ગામની કુલ જમીન ૭૪૧.૧૯ એ. ગુ. છે. તેમાં ૬૪૯.૦૪ એ. ગુ. જમીન ખેડાણ લાયક છે. જયારે ૯૨.૧૫ એ. ગુ. જમીનમાં પડતર, ગૌચર, ગામતળ અને ઝાડો છે. ૧૭૬.૬ એ. ગુ. જમીન નહેરથી ૫ અને ૩૩૮.૮ એ. ગુ. જમીન કુવાથી પિયત થાય છે. પિયતની જમીનમાં ડાંગર, ઘઉં, તુવેર, મગફળી,શાકભાજી કરે છે. બિનપિયત જમીનમાં ડાંગર, શણ અને ઘાસ થાય છે. તે ઉપરાંત કેરીના ઝાડ પણ છે.

ગામમાં દારૂ પણ બનાવવામાં આવે છે. દારૂ કાળાગોરની રસીનો બનાવવામાં આવે છે. દારૂ પીવા ગામનાજ લોકો આવે છે. દારૂ આદિવાસીઓ અને હરિજન લોકો બનાવે છે. આદિવાસી, હરિજન, પટેલ લોકો અને કોઇક કોઇક પટેલ લોકો દારૂ પીવે છે. પટેલ લોકો ઘરે દારૂ મંગાવીને પીવે, છે.આ ગામમાં તા.૧-૧૨-૧૯૩૦ થી પ્રાથમિક શાળા ની સગવડતા છે. ઓગસ્ટ ૧૯૮૫ના હાજરી પત્રકમાં ૧૨૯ વિદ્યાર્થી ધોરણ ૧ થી ૪માં અભ્યાસ કરે છે. આ શાળામાં ૪

ધોરણ સુધી અભ્યાસ કરવાની સવલત છે. જે બાળકો અભ્યાસ કરે છે તેમાં ૨૫(૧૯.૩૮) બિનપછાત,૭(૫.૪૩) હરિજન અને ૯૭(૭૫.૧૯) આદિવાસીના બાળકો અભ્યાસ કરે છે. આ શાળામાં ૩ શિક્ષક શિક્ષણ આપવાનું કામ કરે છે. તેમાં ૧ શિક્ષક અને ૨ શિક્ષિકા છે. ૧૯૮૧ની જનગણના પમાણે ૩૫૦(૨૯.૭૬) લોકોએ અક્ષરજ્ઞાન મેળવેલ છે.

આદિવાસીઓ ભજન મંડળી ચલાવે છે. આ ગામની મંડળી બીજા ગામે પણ ભજન ગાવા માટે જાય છે.બીજા ગામે ભજન ગાવા જતા જે પૈસા મળે છે તે મંડળીમાં જમા કરવામાં આવે છે. આ પૈસામાંથી સંગિતના સાધનો નવા લેવા કે જુના સાધનોનું રિપેરીંગ કામ કરાવે છે. અને સામાજિક તહેવારો જેવાકે ગણેશચોથ,દિવાસોની ઉજવણીમાં પૈસા વાપરે છે. પટેલ લોકોનું યુવક મંડળ અલગ છે. ગામમાં કૃષ્ણ ભગવાનના મંદિર નું ચણતર કામ ચાલે છે. ગામમાં ભાથીજીનું મંદિર પણ છે.

સરકાર તરફથી ભેંસ આપેલ તેમાં અમુક કુટુંબે ભેંસ પટેલ લોકોને આપી દીધેલ પરંતુ આ અંગે તપાસ થતા જે તે વ્યકિતને ભેંસ પરત કરેલ છે. સરકારના દફતરે આ ગામમાં અમુક આદિવાસી કુટુંબને પાકા મકાન બનાવી આપ્યાની નોંધ છે. વાસ્તવિકમાં પાકા મકાનને બદલે કાચા મકાન બનાવી આપ્યા છે. ગામના આદિવાસીઓ પોતાની જાતિનાજ રાજકીય આગેવાનો તરફનો પોતાનો અસંતોષ બતાવ્યો છે કે આદિવાસી આગેવાનો પણ ઉજળીયાત લોકો સાથે મળી જઇને અમારા કામમાં રસ ઓછો દાખવે છે. ઉજળીયાત લોકો આદિવાસી આગેવાનો પાસે પોતાનું કામ સારી રીતે કરાવી લે છે. અને આ આગેવાનો ને ઉજળીયાત લોકો પ્રતિષ્ઠા-ધન-આપે છે. આદિવાસીનો વિકાસ થાય તેવા કાર્યમાં રસ ઓછો દાખવે છે.

અંભેટી :

અંભેટી ગામ વલસાડ જિલ્લાના નવસારી તાલુકાના ગામની હદ નજીક આવેલુ છે. મીંઢોળા નદી પલસાણા તાલુકાના ગામો વચ્ચેથી પસાર થાય છે. આ નદી પલસાણા તાલુકાને બે ભાગમાં વહેંચે છે. બીજા ભાગમાં આ તાલુકાના ૭ ગામો આવેલા છે. તેમાંનું એક ગામ અંભેટી છે. આ ગામે આવવા માટે નવસારી અને પલસાણાથી બસ મળે છે.

૧૯૮૧ની જનગણનાના અહેવાલ મુજબ આ ગામની કુલ વસ્તી ૨૦૫૨ છે. તેમાં ૧૩૨૨(૬૪.૪૨)આદિવાસી -ની વસ્તી છે. આ ગામમાં બિન આદિવાસીમાં પાટીદાર,સુથાર, વાણીયા, ની વસ્તી વસે છે.તે ઉપરાંત વાણંદ, દરજી સોની, કોળીપટેલ,આહિર, ઘાચી રહે છે. અનુસૂચિત જાતિમાં વણકર, મોચી અને ભંગી લોકો રહે છે. અનુસૂચિત જનજાતિમાં હળપતિ, નાયકા, અને ચૌધરી લોકો રહે છે. તેમાં હળપતિની વસ્તી વધારે છે. અનુસૂચિત જનજાતિની વસ્તી મુખ્યત્વે ૪ ફળીઆમાં રહે છે. તળાવ ફળીયામાં નાયકા અને હળપતિ,મંદિર ફળિયામાં ચૌધરી, નાયકા અને હળપતિ, સોસાયટી ફળીયામાં ચૌધરી, નાયકા અને હળપતિ, માના ફળિયામાં ચૌધરી, નાયકા અને હળપતિ લોકો રહે છે. ગામ ફળિયામાં પાટીદાર, વાણીયા,સોની, દરજી લોકો રહે છે. આહિર અને હરિજન જાતિના લોકોનું અલગ ફળિયું છે. આ ગામમાં આદિવાસીના ઘર પણ જથ્થામાં છે.

ગામમાં પીવાના પાણીની વ્યવસ્થામાં કુવા અને બોરીંગ છે. પાટીદાર લોકોની માલીકીના કુવા અને બોર પણ છે. ગામના ફળીયામાં જયાં પટેલ, વાણીયા લોકો રહે છે ત્યાં ઘરે ઘર નળ વ્યવસ્થા છે.

૧૦ આદિવાસી કુટુંબને ઘર નજીક નળનો લાભ મળે છે. આદિવાસીની વસ્તીવાળા ફળીયામાં પાણીના સ્ટેન્ડ છે.

ગામમાં ગ્રામ્ય કારીગરો ઘણ છે. વિજળીનું કામ જાણનાર ૪ વ્યકિતઓ છે. ગામમાં દરજીકામ કરનાર ૬ બિન આદિવાસી કુટુંબ છે. અનાજ દળવાની ૩ ઘંટી છે. ઘાંચી, સુથાર, અને વાણિયાના એક એક કુટુંબ ઘંટી ચલાવે છે. પરચૂરણ માલસામાનની દુકાન અને કાપડની દુકાન વાણિયા લોકો ચલાવે છે. સાઇકલ રીપેરીંગનું કામ કરનાર બે યુવાનો છે. જે કોળી પટેલ જ્ઞાતિના છે. નાયકા આદિવાસી જાતિના લોકો શાકભાજીની લારી ફેરવે છે. કણબી લોકો ખેતી અને નોકરીનો વ્યવસાય કરે છે. ખેતીમાં કુટુંબના સભ્યો સાથે આદિવાસી લોકોને પણ મજૂર તરીકે રાખવામાં આવે છે. ૧૯૮૧ની જનગણનાના અહેવાલ પ્રમાણે ૧૦૫૧(૫૧.૨૨) વ્યકિતઓ કમાનાર છે. તેમાં ૧૦૧(૯.૬૨) ખેડૂત,૭૩૭(૭૦.૧૨)ખેતમજૂરો ૨૧૨(૨૦.૧૭) અન્યકામમાં રોકાયેલા અને ૧(૦.૦૯) ગૃહઉદ્યોગમાં રોકાયેલા છે. અન્ય ધંધામાં ૭૫ યુવાનો હિરાઘસવાનું કામ કરે છે. તેમાં ૨૦ નાયકા, ૨૦ ચૌધરી, ૧૦ હળપતી જાતીના યુવાનો છે.

૧૫૪૪.૦૪ એ. ગુ. જમીન છે. તેમાં ૧૩૪૮.૨૦ એ. ગુ. જમીન ખેડાણ નીચે છે. ૧૯૫.૨૪ એ. ગુ. જમીન બિનખેડાણની છે. ૬૧૧ એકર જમીનમાં પિયત થાય છે. તેમાં ૧૦૦ એકર જમીન કુવાથી અને ૫૧૧ એકર જમીન નહેર દ્વારા પિયત થાય છે.

પિયતની જમીનમાં ડાંગર, ઘઉં,જુવાર,તુવેર, ઉપરાંત કપાસ થાય છે. શાકભાજી ઉપરાંત કેરી,કેળા અને શેરડી પણ પકવે છે. બિનપિયતમાં ડાંગર,મગ,વાલ દિવેલા, ભિપશીંગ, શણ અને ઘાસ પકવે છે.

ગામમાં ત્રણથી ચાર હિન્દુ દેવ દેવીના મંદિર છે. તેમાં રામજીમંદિર, જલારામ, શંકરનું અને સાત માતનું મંદિર છે. આદિવાસી લોકો જલારામમાં શ્રધ્ધા રાખે છે.

દેસી દારૂ ગામમાં બને છે. ૧૨ રૂપિયાનો ૧૨ શેર દારૂ બને જે વેચાતા ૨૪ રૂપિયા મળે છે. દારૂ ગામમાને ગામમાંજ વેચવામાં આવે છે. દારૂ પિવામાં આદિવાસી, હરિજન, આહિર, ઘાચી, કોળીપટેલ લોકો અને કોઇક કોઇક પાટીદાર પણ દારૂ પીવે છે. પાટીદાર લોકો દારૂ કોઇ જાણે.નહીં તે રીતે પીવાનું પસંદ કરે છે. પાટીદાર ઘણીવાર પોતાના ખેતમજૂર પાસે દારૂ મંગાવીને પીવે છે.

ગામમાં તળાવ અને ખાડી છે. જેમાં માછલા થાય છે. પરંતુ પોષ માસમાં તળાવનું પાણી સુકાય જાય છે. તેથી બારેમાસ માછલા થતા નથી. પાણી તળાવમાં ઓછામાસ રહેતુ હોવાથી મોટા માછલા થતા નથી. નાની નાની માછલી થાય છે. જેનો આદિવાસી ખાવામાં ઉપયોગ કરે છે.

પાટીદાર યુવક મંડળ ચાલે છે. આદિવાસી યુવકો ભંજન મંડળ ચલાવે છે. તેમાં સમાજકલ્યાણ તરફથી નાણાકિય સહાય મળી છે. સરકારની જુદી જુદી યોજનામાં ભેંસ પણ મળે છે. ભેંસ સરેરાશ ૩ લીટર દૂધ આપે છે. જે આદિવાસીને ભેંસ મળી છે. તેને ભેંસમાંથી માસીક ૧૫૦ થી ૨૦૦ રૂપિયા આવક થાય છે.

આ ગામને તા. ૧૨-૮-૧૮૭૨થી પ્રાથમિક શાળાની સગવડતા પ્રાપ્ત થઇ છે. છતા આદિવાસી-ઓમાં શિક્ષણનું પ્રમાણ વધવું જોઇએ તેટલું વધ્યું નથી. આ ગામમાં ૧ થી ૭ ધોરણની શાળા છે. ઓગષ્ટ ૧૯૮૫ના હાજરી પત્રકમાં ૨૫૭ બાળકોની ૨૮૪ સંખ્યા છે. તેમાં ૮૪(૩૨.૬૮) બાળકો બિન પછાત જાતિના અભ્યાસ કરે છે. ૧૦(૩.૮૯) બાળકો અનુસૂચિતજાતિના છે. ૧૬૩(૬૩.૪૩) બાળકો અનુસૂચિતજન જાતિના છે. આ શાળામાં ૯ શિક્ષકો શિક્ષણ આપવાનું કાર્ય કરે છે. તેમાં ૪ શિક્ષકો અને ૫ શિક્ષીકા છે. ૪ શિક્ષકોમાં ૨ આદિવાસી શિક્ષક છે. ૫ શિક્ષીકામાં ૩ આદિવાસી શિક્ષીકા છે.

ગામના સરપંચ પદે આદિવાસી યુવાન છે. તાલુકા પંચાયતના સભ્ય તરીકે પણ એક આદિવાસી ચૂંટાયા છે ૧૬ વર્ષ પહેલા ગામની પંચાયતમાં આદિવાસીનું પ્રમાણ ઓછું હતું અને ત્યારે બિન આદિવાસી સરપંચ તરીકે કાર્ય કરતા હતા.

ગામમાં પશુ ચારવાની બાબતમાં આદિવાસી અને બિન આદિવાસી વચ્ચે કયારેક કયારેક ઝઘડા થાય છે. ઝઘડાનું નિરાકરણ બન્ને પક્ષના આગેવાન લોકો કરે છે. પોતાના વિકાસમાં બિનઆદિવાસીઓ અવરોધક છે. તેવું યુવાન આદિવાસીઓ માને છે. જયારે પુખ્ત વયના અને પ્રૌઢ ઉંમરના લોકો પોતાની જાતના યુવાનોનો દોષ પણ બતાવે છે. અને વિકાસ માટે વ્યકિતગત રીતે સરકાર દ્વારા જે પ્રયાસ થવા જોઇએ તે થતા નથી તેવું માને છે.

નદી :

સુરત જિલ્લામાં તાપી અને કિંમી બે નદીઓ મોટી છે. તે ઉપરાંત મીંઢોળા, પૂર્ણ અને અંબિકા નદી મહત્વની છે. પલસાણા તાલુકાના ગામોમાંથી મીંઢોળા નદી પૂર્વથી પશ્ચિમમાં પસાર થાય છે. મીંઢોળા નદી સુરત અને ખાનદેશ વચ્ચેની ટેકરીઓમાંથી નીકળીને પશ્ચિમ તરફ સુરત જિલ્લામાં ૪૦ માઇલના વિસ્તાર- માંથી પસારથાય છે. અને સુરતની દક્ષિણે અરબી સમુદ્રમાં મળે છે. તાપી નદીનાં પાણીને ઉપયોગમાં લેવા માટે કાકરાપાર અને ઉકાઇમાં બહુ હેતુક યોજના બનાવવામાં આવી છે.

કાકરાપાર :

સુરત નજીકના કાકરાપાર ગામ પાસે ૬૨૧ મીટર લાંબા અને ૧૪ મીટર ઉંચા આડબંધની આ યોજના ઇ.સ. ૧૯૫૩માં પુરી થઇ છે. આ યોજના દ્વારા સુરત જિલ્લાના ઓલપાડ, ચોર્યાસી, માંગરોળ, માંડવી, કામરેજ, પલસાણા, બારડોલી, મહુવા, નવસારી, તાલુકાના ગામોની જમીનને સિંચાઇનો નહેર દ્વારા લાભ મળયો છે.

ઉકાઇ યોજના :

તાપી નદી ૬૦.૪૧૫ ચોરસ કિ.મી.ના પ્રવાહ ક્ષેત્રનું આશરે ૩૦૦ સે.મી. વાર્ષિક વરસાદનું પાણી પ્રતિ વર્ષે સમુદ્રમાં ચાલ્યું જતુ અટકાવવા અને નદીમાં વારંવાર આવતું પૂર અટકાવવા માટે અને આ પાણીનો ઉપયોગ સિંચાઇમાં કરવા માટે ઇ.સ. ૧૯૪૮માં આ યોજના વિષે વિચારણા કરવામાં આવી હતી. અને ૧૯૫૯માં આ યોજનાને મંજૂરી મળી અને ૧૯૬૬માં આ યોજનાનું કામ શરૂ થયું.

ઉકાઇ ગામ નજીક આ બંધ બાંધવામાં આવ્યો છે. આ બંધમાં ૮,૫૧,૦૦૦ હેકટર મીટર જેટલું પાણી સંગ્રહી શકાય છે. બંધને ૨૨ જેટલા દરવાજા છે. આ બંધમાંથી જમણા અને ડાબા કાંઠેથી નહેરો કાઢવામાં આવી છે. ઉકાઇ બંધની મુખ્ય નહેરની લંબાઇ ૨૦૬ કિ.મી. છે. જ્યારે વિતરક નહેરોની લંબાઇ ૫૮૭ કિ.મી. જેટલી છે.

પલસાણા તાલુકાના ૪૯ ગામોમાંથી ૪૮ ગામોને નહેરનો લાભ મળે છે.

તળાવ :

આ તાલુકામાં કુદરતી અને કૃત્રિમ ૨૦ જેટલા તળાવ છે. જેમાં બાલેશ્વર, ગલુડા, પૂણી ગામમાં મોટા તળાવ છે. તળાવમાં વરસાદનું પાણી ભરાય છે. તળાવ પોષ અને મહા માસમાં સુકાવા લાગે છે. આ તળાવનો આર્થિક ઉપાર્જનના કાર્ય માટે ઓછો ઉપયોગ થાય છે. આ તળાવોને સરખા કરી આખુ વર્ષ પાણી ભરાઇ રહે તેવી વ્યવસ્થા કરવામાં આવે તો આ તળાવમાં મત્સ ઉદ્યોગનો સારો વિકાસ થઇ શકે તેમ છે. તે ઉપરાંત શીંગોડા, કમળ, આ તળાવમાં થાય છે.

આબોહવા :

હવામાન અને આબોહવા માનવ પ્રવૃત્તિઓને અસર કરનારું પરિબળ છે. જે તે વિસ્તારમાં વસ્તા લોકોની આર્થિક પ્રવૃત્તિ ઉપર હવામાન અને આબોહવા અસર કરે છે. જેમકે પાક પ્રથા, પશુપાલન અને જંગલ ઉદ્યોગ પર હવામાન અસર કરે છે. આર્થિક પાસા સાથે સાંસ્કૃતિક વિકાસ પર પણ આબોહવાની અસર પડે છે.

જે તે પ્રદેશની વિકાસ યોજનાઓના આયોજનમાં આબોહવાકીય અનુકૂળતાઓ પ્રતિકૂળતા સમજીને વિકાસ યોજના બનાવવી જોઇએ.

સુરત જિલ્લામાં અને પલસાણા તાલુકામાં મોટા ભાગે આબોહવા સમધાત છે. નવેમ્બરથી એપ્રિલ સુધી ઉષ્ણતામાનમાં વધઘટનું પ્રમાણ વધુ રહે છે. આ માસમાં ૨૩.૫ અંશથી ૨૫.૯ અંશ જેટલી વધઘટ થાય છે. મે, જૂન, ઓકટોબર માસમાં ઉષ્ણતામાનમાં વધઘટનું પ્રમાણ મધ્યમ છે. આ માસમાં ૧૪ અંશથી ૧૯ અંશ સુધી ઉષ્ણતામાનમાં વધઘટનું પ્રમાણ રહે છે. જુલાઇ, ઓગસ્ટ, સપ્ટેમ્બર માસમાં ઉષ્ણતામાનમાં વધઘટનું પ્રમાણ ઓછું છે. આ માસ દરમ્યાન ૮.૭ અંશ થી ૧૧ અંશ જેટલુ ઉષ્ણતામાનમાં વધઘટનું પ્રમાણ રહે છે.

ઋતુ ચક્રમાં નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી ઠંડી પડે છે. માર્ચથી જૂન સુધી ગરમી રહે છે. જૂનના બિજા સપ્તાહથી વારસાદ આવવાનો શરૂં થાય છે. દક્ષિણ ગુજરાતની આબોહવા ભેજયુકત, નરમ છે. આ વિસ્તારમાં મધ્ય ગુજરાત કરતા તાપમાન ઉનાળામાં ઓછુ હોય છે. સુરતમાં મે'માસમાં ગુરૂત્તમ તાપમાન ૩૬° સે. અને જાન્યુઆરીનું તાપમાન ૩૧° સે. જેટલું રહે છે.

સૌરાષ્ટ્ર અને મધ્યગુજરાત જેટલો શિયાળો ઠંડો નથી. સુરતનું જાન્યુઆરીનું લઘુતમ સરેરાશ તાપમાન ૧૫° સે. જેટલું રહે છે. આ પ્રદેશની આબોહવા નરમ ભેજવાળી અને સારા વરસાદ વાળી છે. આ પ્રદેશની આબોહવા કોકંણની આબોહવાને મળતી આવે છે.

ગુજરાતના વાર્ષિક અને ઋતુવાર તાપમાન,અને વરસાદમાં ફેરફાર ઓછો જોવા મળે છે. પરંતુ ગુજરાત -ના તાપમાન અને વરસાદમાં અનિશ્ચિતતાઓ જોવા મળે છે. જેની અસર સુરત જિલ્લામાં અને પોકેટના ગામોમાં પણ પડે છે. વરસાદની અનિશ્ચિતતાનેજ લઇને ગુજરાતમાં ભયંકર દુકાળો પડયા છે.
દા.ત. 'સાતમાસી દુકાળ'(૧૬૨૮.૨૯)'પંચોતરકાળ' (ઇ.સ. ૧૭૧૮.૧૯) ચાનકીઓ દુકાળ(૧૭૪૬.૪૭)માં અનાવૃષ્ટિને કારણે પડયો હતો. ગુજરાતના લોકોમાં એક માન્યતા છે કે દર પાંચ વર્ષે એક વર્ષ દુકાળનું અને દર ત્રણ વર્ષે એક વર્ષ સામાન્ય તંગીવાળું પસાર થાય છે. આ દુકાળ અને અતિવર્ષાથી સુરત જિલ્લાને ઘણું નુકશાન થયુ છે.

વરસાદ :

આ વિસ્તારમાં વાર્ષિક સરેરાશ ૪૭ દિવસ વરસાદ પડે છે. વાર્ષિક સરેરાશ ૯૩૯.૨૨ મિલિમિટર જેટલો વરસાદ પડે છે.

૧૯૮૦'૮૧માં પલસાણા તાલુકામાં ૫૭ દિવસમાં ૧૧૭૪ મિલિમિટર વરસાદ પડયો હતો. જયારે ૧૯૮૧-૮૨માં ૭૩ દિવસમાં ૧૯૨૩ મિલિમિટર વરસાદ પડયો હતો.

આબોહવામાં અસ્થિરતા અને વરસાદની અસર આ તાલુકામાં વસતા લોકો ઉપર પડે છે.પૂરથી અને ઓછા વરસાદથી ખેતીના પાકને નુકશાન થાય છે. પરિણામે લોકોને પોતાનું જીવન જીવવુંય મુશ્કેલ પડે છે. વધારે દિવસો વરસાદ પડતો હોય તે આ દિવસોમાં ખેતીના કામમાં મજૂરી મળવી મુશ્કેલ પડે છે. આ

દિવસોમાં તળાવ અને ખાડીમાં જે માછલા હોય તેને પકડવાની પ્રવૃત્તિ આદિવાસીઓ કરે છે.

પોકેટના આયોજનમાં આબોહવાનો વિસ્તૃત અભ્યાસ કરીને આયોજન ને અમલમાં મૂકવામાં આવશે તોજ વિકાસલક્ષી આયોજન વધુ સફળ થશે.

જમીન-વૃક્ષો-જંગલો :

માનવજીવનપર જે તે પ્રદેશના ભૌગોલિક પરિઆવરણની સ્પષ્ટ અસર જોઇ શકાય છે. જે તે વિસ્તારના ભૌગોલિક પરિ-આવરણના નિર્માણમાં એની ભૂસ્તરીય રચનાનો ફાળો હોય છે. એથી જ જે તે વિસ્તારના વિકાસલક્ષી કાર્યક્રમના આયોજનમાં ભૂસ્તર રચના અને પરિ-આવરણ ને ખ્યાલમાં રાખી વિકાસલક્ષી આયોજન કરવામાં આવે તો આયોજન વાસ્તવિક બનાવી શકાય અને આયોજનની ગતિ વધુ તેજ બનાવી શકાય.

ગુજરાતની તળ ભૂમિના મેદાનને ત્રણ વિભાગમાં વહેંચી શકાય. (૧) ઉત્તર ગુજરાતનું મેદાન(૨) મધ્ય ગુજરાતનું મેદાન (૩) દક્ષિણ ગુજરાતનું મેદાન.

પલસાણા પોકેટના ગામોને દક્ષિણ ગુજરાતના મેદાનમાં સમાવેશ થાય છે. આ મેદાનમાં આશરે ૮ થી ૧૦ મીટર જાડાઇના કાંપના થર છે. આ મેદાનને 'પૂરના મેદાનો' તરીકે ઓળખવામાં આવે છે. તાપી નદીની દક્ષિણે જતા આ મેદાન સાંકડું થતું જાય છે. મેદાનના ઉત્તર ભાગમાં જમીન વધુ ફળરૂપ છે.સુરત જિલ્લાની જમીન ઉંડી અને કાળી છે. આ જમીન દક્ષિણ ભારતની 'રેગુરા' જમીનને મળતી આવે છે.ટ્રેપના ખડકોમાંથી રચાયેલી આ જમીનમાં સેન્દ્રિય, દ્રવ્યનું

પ્રમાણ ઓછું છે. તાપીના ખીણ પ્રદેશની આ જમીનો સ્થળાંતરિત જમીનો છે. સાતપુડા અને પશ્ચિમ ઘાટના બેસાલ્ટ ખડકોના ધોવાણથી છૂટા પડેલા પદાર્થો તાપી અને અન્ય નદીઓ પોતાની સાથે ઢસડી લાવી તેમના ખીણ પ્રદેશોમાં નિક્ષેપ કરે છે. આ જમીનમાં રેગોલિથ, તળ ખડકોના સ્તરની ગેરહાજરી છે. આ જમીનનો રંગ કાળો છે. આ જમીનમાં ૪૦ થી ૬૦ ટકા જેટલું માટીનું પ્રમાણ છે. આ જમીનમાં કેલ્શિયમ કાર્બોનેટ, મેગ્નેશિયમ, એલ્યુમિનિયમ અને લોહતત્વો વધુ પ્રમાણમાં છે. નાઇટ્રોજન અને ફોસ્ફોરિક એસિડનું પ્રમાણ ઓછું છે. આ જમીનમાં ફોસ્ફરસનું પ્રમાણ સારું છે. જેથી જમીન એસિડિક બની છે. આ જમીન ભેજનો સંગ્રહ વધુ પ્રમાણમાં કરી શકે છે. જમીન વધુ ફળદ્રુપ છે. અને સિંચાઇ માટે અનુકૂળ છે. મર્યાદિત પ્રમાણમાં સિંચાઇ કરવામાં આવે તો આ જમીન ક્ષારીય બનતી નથી.

દરિયા કિનારાની જમીન દરિયાની ભરતીના પાણીથી બગડે છે. અને ખેત ઉત્પાદન માટે બિનઉપયોગી બને છે. સુરત જિલ્લાના અમુક વિસ્તારમાં આવી જમીન પણ છે. તેને નવસાધ્ય કરી ખેતી હેઠળ લાવવા પ્રયાસ થાય છે. પલસાણા પોકેટમાં ક્ષાર યુક્ત જમીન ઓછી છે. કોઠા.૨:૧ ઉપરથી ખ્યાલ આવે છે કે આદિવાસી વસ્તી ઓછી છે. તે ગામોમાં પિયતની સગવડ અને ખેડાણ નીચે વધુ જમીન છે. અને જ્યાં આદિવાસીની વસ્તી વધારે તે ગામમાં પિયતની જમીન અને ખેડાણ નીચેની જમીન ઓછી છે. દાખલા તરીકે સેઢવ ગામ આ ગામમાં આદિવાસીની વસ્તી વધારે છે. તો આ ગામમાં પિયતની જમીન અને ખેડાણ નીચેની જમીન અભ્યાસના અન્ય ગામો કરતા ઓછી છે.

બિન ખેડાણની જમીનની ટકાવારી સૌથી વધુ અંભેટી ગામમાં છે. આની પાછળનું મુખ્ય કારણ એ છે કે આ ગામમાં નહેર, ગૌચર, કોતર,તળાવ વગેરેની જમીન વધુ છે. તેથી આ જમીનને ખેડી શકાય તેમ નથી. આથી આ ગામમાં બિન ખેડાણ નિચેની જમીન અન્ય ગામો કરતા વધું છે.

## કોઠો ૨:૧

### ૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ કુલ જમીન અને પિયતની જમીનની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | ગામનું નામ | ગામનું કુલ ક્ષેત્રફળ એકર | પિયત નહેર | પિયત કૂવા | બિનપિયત | ખેડાણ લાયક પડતર ગૌચર અને ઝાડીનીચેની જમીન સહિત | ખેડાણના ઉપયોગમાં ન લઈ શકાય તેવી જમીન | ૧૯૭૧ની વસ્તી વસ્તી પ્રમાણે કુલ વસ્તીમાં આદિ.ની વસ્તીના ટકા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સેઢાવ | ૩૧૯ | – | – | ૨૭૭ | ૧૮ | ૨૪ | ૭૬.૮૮ |
| | | | – | – | ૮૬.૮૩ | ૫.૬૪ | ૭.૫૩ | |
| ૨. | દસ્તાન | ૧૮૧૮ | ૨૮૧ | ૧૩૯ | ૧૨૧૭ | ૮૨ | ૯૯ | ૫૪.૨૭ |
| | | | (૧૫.૪૬) | (૭.૬૫) | (૬૬.૯૪) | ૪.૫૧ | ૫.૪૪ | |
| ૩. | જતપોર | ૩૮૦ | ૩૨ | ૨૦ | ૨૯૨ | ૧૪ | ૨૨ | ૭૫.૦૭ |
| | | | (૮.૪૨) | (૫.૨૬) | (૭૬.૮૪) | (૩.૬૯) | (૫.૭૯) | |
| ૪. | બારાસડી | ૭૪૨ | ૧૨૨ (૧૬.૪૪) | ૭૦ (૯.૪૩) | ૪૭૦ (૬૩.૩૪) | ૩૧ (૪.૧૮) | ૪૯ (૬.૬૧) | ૫૩.૬૬ |
| ૫. | અંભેટી | ૧૫૪૪ | ૩૧૮ | ૨૯ | ૯૨૮ | ૧૨૨ | ૧૪૬ | ૬૦.૫૭ |
| | | | (૨૦.૬૦) | (૧.૮૯) | (૬૦.૧૨) | (૭.૯૨) | (૯.૪૭) | |
| | તાલુકાનું કુલ | ૪૯૬૨૮ | કુલ ૧૦.૬૭૪ ૨૧.૫૧ | | ~~૩૩.૪૨૦~~ ૩૩૭૮૦ | ૧૩૭૮ | ~~૪.૧૪૨~~ [illegible] | ૪૬.૪૩ |

<u>વૃક્ષો</u> :

જુદા જુદા પ્રકારના પલસાણા પોકેટના ગામોમાં જુદા જુદા પ્રકારના વૃક્ષો થાય છે. તેમાં(૧) જે વૃક્ષના ફળ ખાવામાં લઇ શકાય તેવા, (૨) ફકત લાકડું આપે તેવા,(૩) ફુલ થાય તેવા વૃક્ષો (૪) જે વૃક્ષોના પાન, ફૂલ દવાના ઉપયોગમાં લઇ શકાય તેવા પ્રકારના વૃક્ષો થાય છે.

જે વૃક્ષોના ફળ ખાવાના ઉપયોગમાં લઇ શકાય છે. તેમાં કેરી, ચીકુ, જામ-ફળ,સીતાફળ,કેળા,પપૈયા, આંબલી, કાજુ, દ્રાક્ષ,સફેદ અને કાળા જાંબુ પણ થાય છે.

ઇમારતી લાકડું અને બળતણ માટે લાકડું મળી રહે તેવા વૃક્ષોમાં બાવળ, કડવીવેલ,નીલગીરી,સાગ,ખેર, સાદડ, સુબાવળ, વગેરે વૃક્ષો થાય છે.જે વૃક્ષો ઉપર સુગંધી અને સુંગંધ વગરના ફૂલ થાય છે. આ ફૂલ ભગવાનને ચડાવવામાં અને સ્ત્રીઓ માથામાં નાખવાના ઉપયોગમાં લે છે.તેવા ફુલોમાં ગુલાબ, ચંપો, કરેણ, ગલગોટી,આમ્ડો,ધંતૂરો,ડોલર,સુગંધ વગરના ફુલ થાય છે.

જે વનસ્પતિના ફળ અથવા ફૂલ-પાન,દવાના ઉપયોગમાં લઇ શકાય છે તેવા ફુલ વનસ્પતિ પણ થાય છે. દા.ત. ભાંગડો જે લોહીને વહેતું બંધ કરે છે.

આદિવાસીનો મુખ્ય વ્યવસાય ખેત-મજૂરી અને ખેતી છે. તેથી વરસાદ-નદી-તળાવ-જમીન-જંગલની અસર તેની આર્થિક પરિસ્થિતિ ઉપર પડે છે. આ વિસ્તારમાં વરસાદ મધ્યગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ કરતા વધારે પડતો હોય તે જમીનનું ધોવાણ થાય છે.જમીનનું ધોવાણ અટકાવવા માટે જંગલ અગત્યનો ભાગ ભજવે છે. વરસાદ નદીઓના પૂર પર અંકુશ આવે છે. જંગલોની પેદાશ પર

અનેકવ ઉધોગો થઇ શકે તેમ છે. તેમાંથી ગ્રામ્ય પ્રજાને અને ખાસ કરીને આદિવાસીઓને રોજગારી મળી રહે છે.

ભારતમાં કુલ જમીન વિસ્તારના ૨૪ ટકા ભાગમાં જંગલો છે. જયારે ગુજરાતમાં ૯.૧ ટકા જેટલો વિસ્તાર જંગલ નીચે છે. જે રાષ્ટ્રીય સરેરાશ કરતા ઘણો ઓછો છે. ૧૯૭૧ની જનગણનાના અહેવાલ પ્રમાણે આ તાલુકામાં જંગલ નથી. પલસાણા પોકેટના ગામોમાં ઓછા વધતુ ઘાસ પણ થાય છે. ઘાસ નબળા પ્રકારનું હોય છે. ઘાસનું વાવેતર કરતા નથી પણ ચોમાસામાં વરસાદ પડવાથી બિનખેડાણ જમીનમાં ઘાસ થાય છે. ઘાસનો ઉપયોગ પશુના ચારા માટે કરવામાં આવે છે.

અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબો પાસે ખૂબજ ઓછા વૃક્ષો છે. કારણકે જમીનવગરના આદિવાસીઓ આ પોકેટમાં વધુ છે. તેથી વૃક્ષો પોતાની માલીકીના ઓછા છે. અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબ પાસે કયા, કેટલા વૃક્ષો છે તેની માહિતી કોઠા ૨.૨માં આપવામાં આવી છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે ૧૦૦ કુટુંબ પાસે ફકત ૪૯ વૃક્ષો છે. બે કુટુંબે એક વૃક્ષ અભ્યાસના કુટુંબ પાસે છે. અભ્યાસમાં સમાવેલ કુટુંબો પાસે જે જુદા જુદા વૃક્ષ છે તેમા ૪ આંબા, ૬ બોરડી, % ૧૦ જમરૂખ, ૧૫ આંબલી, ૨ પપ્યા, ૧૨ વાસ છે.

<u>કોઠા નં. ૨:૨</u>

<u>વૃક્ષોની માહિતી દર્શાવતો કોઠો</u>

| ક્રમ | | જાતી | કુટુંબ સંખ્યા | આંબા | બોરડી | જમરૂખ | આંબલી | વાસ | પપ્યા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | જમીનવાળા | હળપતિ | ૭ | – | – | – | – | – | – | – |
| ૨. | જમીન વગરના | હળપતિ | ૮૦ | ૪ | ૬ | ૧૦ | ૧૫ | ૧૧ | | ૪૬ |
| ૩. | ,, | ચૌધરી | ૯ | – | – | – | – | ૧ | – | ૧ |
| ૪. | ,, | નાયકા | ૪ | – | – | – | – | – | ૨ | ૨ |
| ૫. | ,, | કુલ | ૯૩ | ૪ | ૬ | ૧૦ | ૧૫ | ૧૨ | ૨ | ૪૯ |
| | | કુલ | ૧૦૦ | ૪ | ૬ | ૧૦ | ૧૫ | ૧૨ | ૨ | ૪૯ |
| | | | | ૮.૧૭ | ૧૨.૨૪ | ~~૩૦.૬૧~~ ૨૦.૪૧ | ~~૨૪.૪૯~~ ૩૦.૬૧ | ૨૪.૪૯ | ૪.૦૮ | ૧૦૦.૦ |

જંગલો :

સુરત જિલ્લાને મળેલી કુદરતી સંપતિ જેવીકે પાણી, જંગલ, (વનસ્પતિ) ખનીજ,પશુપાલન,મત્સ્યસંપતિનો આદિવાસીના વિકાસ માટે પૂરતા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે તો આદિવાસીનો વિકાસ થશે.પલસાણા પોકેટમાં એક એકર પણ જંગલ નથી. આમ છતા છુટાછવાયા વૃક્ષો ઘણા છે.તેથી વાતાવરણ રમણીય લાગે છે.

પશુ ખેતી :

પલસાણા તાલુકાના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને ખેતમજૂરી છે. ખેતીમાં યાંત્રીક ઓજારોનો ઉપયોગ ઓછા પ્રમાણમાં કરે છે. તેથી પશુથી ખેતી કરવી પડે છે. તેમાં બળદ અને પાડાનો ઉપયોગ પણ કરે છે. ગાય ના દૂધમાંથી આવક મેળવવા કરતા બળદ પ્રાપ્ત કરવા માટે ઉપયોગ કરે છે. ભેંસ પાળીને તેમાંથી મળતુ દૂધ વેચીને પોતાની આર્થિક પરિસ્થિતી સુધારવાના પ્રયાસ કરે છે. આ ઉપરાંત બકરી,ઘેટા-બકરા,ઘોડા,કુતરા, મરઘા,બતકા,વગેરે રાખે છે. પોકેટના ગામના લોકો આ પશુનો શું ઉપયોગ કરે છે તેની વિગત જોઇએ તે પહેલા પલસાણા તાલુકામાં અભ્યાસમાં પસંદ કરેલ પાચ ગામમાં કેટલા પશુ છે તેની માહિતી જોઇએ.

૧૯૮૨ની પશુધન ગણતરી મુજબ પલસાણા તાલુકામાં અને અભ્યાસમાં પસંદ થયેલ પાંચ ગામમાં મુખ્ય પશુ જેવા કે ગાય, ભેંસ,બકરી, મરઘા કેટલા છે તેની માહિતી કોઠા નં.૨.૩ માં આપવામાં આવી છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે પલસાણા તાલુકામાં ૨૨૩૫ ગાય, ૩૬૩૦ બળદ, ૬૨૫૮ ભેંસ,૪૧૭ પાડા, ૩૩૧૧ બકરી, ૯૫૨ બકરા, ૨૧૮૮ દેશી મરઘા, ૫૦૨૩ દેશી મરઘા અને ૪૨૫૦ દેશી મરઘાઓ જેની ઉંમર પાંચ વર્ષથી નીચેની છે.

અભ્યાસમાં પસંદ કરેલ ૧૦૦ કુટુંબમાં કયા કેટલા પશુ છે તેની માહિતી કોઠા ૨.૪માં આપવામાં આવી છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસમાં પસંદ કરેલ ૧૦૦ કુટુંબમાં ૨૦૦ પશુ છે. તેમાં ૭(૩.૫૦)ગાય ૨૩(૧૧.૫૦)ભેંસ, ૧૫(૭.૫૦)બકરી ૨(૧.૦૦)બળદ, ૭(૩.૫૦) વાછરડી, ૩(૧.૫૦) વાછરડા, ૧૩૨(૬૬. ) મરઘા અને ૧૧(૫.૫૦)પાડા છે.

ઉપરના કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસના ગામોમાં તાલુકાની સરાસરી પશુ સંખ્યા કરતા વધુ પશુ છે. આમ છતાં અભ્યાસમાં પસંદ કરેલ ૧૦૦ કુટુંબમાં પશુ ખૂબજ ઓછા પમાણમાં છે. આ બાબત વધુ પ્રકાશ કોઠા ૨:૫માં પડે છે. આ કોઠામાં પલસાણા તાલુકામાં મુખ્ય પશુ જેવા કે ગાય, બળદ, ભેંસ, બકરા-બકરી અને મરઘા ૧૦૦૦ વ્યકિતઓ જેટલા છે. તેના કરતા અભ્યાસમાં પસંદ કરેલ પાંચ ગામોમાં વધુ છે. પરંતુ અભ્યાસમાં પસંદ કરેલ આ પાંચ ગામોના ૧૦૦ કુટુંબમાં તાલુકામાં જેટલા સરાસરી પશુ છે. તેના કરતા ઘણા ઓછા પશુ અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબ પાસે છે. પરંતુ પાડા તાલુકા અને અભ્યાસના ગામોમાં છે. તે કરતા અભ્યાસના કુટુંબ પાસે વધુ છે. આની પાછળ નું કારણ એ છે કે આદિવાસીઓ ખેતી માટે બળદ રાખી શકતા નથી. તેથી પાડાથી ખેતી કરે છે. તે ઉપરાંત પાડાને ગાડામાં પણ જોડે છે. સરકારની જુદી જુદી યોજનામાં ભેંસ આપવામાં આવે છે. ભેંસ જયારે ખરીદીને લાવવામાં આવે ત્યારે તેની સાથે પાડા કે પાડી હોય છે. આને લઇને અભ્યાસના ૧૦૦ કુટુંબોમાં તાલુકા અને અભ્યાસના પાંચ ગામ કરતા પાડાની સંખ્યા વધુ છે. ૧૦૦૦ વ્યકિતઓ પશુવાર કેટલી સંખ્યામાં તે પશુ તાલુકામા, અભ્યાસના પાંચ ગામમાં અને અભ્યાસના કુટુંબમાં છે તેની માહિતી કોઠા ૨.૫માં આપવામાં આવી છે.

## કોઠા નં. ૨:૩

### ૧૯૮૨ની પશુધન ગણતરી મુજબ અભ્યાસમાં પસંદ થયેલ ગામોમાં પશુની સંખ્યા દર્શાવતો કોઠો

| ક્રમ | ગામનું નામ | ગાય માદા | ગાય નર | ભેંસ માદા | ભેંસ નર | ઘેટા માદા | ઘેટા નર | બકરા માદા | બકરા નર | મરઘા દેશી નર | મરઘા દેશી માદા | મરઘા દેશી પાંચ માસ થી નાના |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સેઢવ | ૭૧ | ૧૦૪ | ૧૧૬ | ૬ | ૩ | ૮ | ૮૫ | ૫૬ | ૬ | ૨૪ | ૫ |
| ૨. | જેતપોર | – | – | – | ૩૮ | ૫૪ | ૪ | ૨૧ | ૧૦ | ૩૦ | ૫૮ | ૧૪ |
| ૩. | અંબેટી | ૨૦ | ૪૧ | ૧૮૪ | ૩ | – | – | ૧૭૯ | ૭૧ | ૨૪૩ | ૧૦૦ | ૪૪૨ |
| ૪. | દસ્તાન | ૭૯ | ૧૧૨ | ૨૩૨ | ૧૩ | – | – | ૪૪ | ૨૨ | ૧૩૦ | ૧૬૧ | ૧૭૭ |
| ૫. | બારડોલી | ૧૫ | ૫૬ | ૧૩૪ | – | – | – | ૧૪ | – | ૪૯૦ | ૧૫૩ | ૫૦ |
| | કુલ | ૮૫ | ૩૧૩ | ૬૬૬ | ૬૦ | ૫૭ | ૧૨ | ૩૪૩ | ૧૫૯ | ૮૯૯ | ૫૩૦ | ૬૮૮ |
| | પલસાણા તાલુકામાં કુલ | ૨૨૩૫ | ૩૬૩૦ | ૬૨૫૯ | ૪૧૭ | ૨૦ | ૭૪ | ૩૩૧૧ | ૯૫૨ | ૨૧૮૮ | ૫૦૨૩ | ૪૨૫૦ |

## કોઠા નં.૨:૪

### અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબની પશુની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | જાતિ | કુટુંબ સંખ્યા | ગાય | ભેંસ | બકરી | બળદ | વાછરડી | વાછરડો | મરઘા | પાડા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | જમીનવાળા હળપતિ | ૭ | ૨ | – | ૨ | ૧ | – | – | ૧૦ | ૧ | ૧૬ |
| ૨. | જમીનવગરના ,, | ૮૦ | ૫ | ૧૮ | ૧૧ | ૧ | ૬ | ૧ | ૧૦૯ | ૯ | ૧૬૦ |
| ૩. | ,, ચૌધરી | ૯ | – | ૨ | ૨ | – | – | ૨ | ૭ | ૧ | ૧૪ |
| ૪. | ,, નાયકા | ૪ | – | ૩ | – | – | ૧ | – | ૬ | – | ૧૦ |
| ૫. | ,, કુલ | ૯૩ | ૫ | ૨૩ | ૧૩ | ૧ | ૭ | ૩ | ૧૨૨ | ૧૦ | ૧૮૪ |
| | કુલ | ૧૦૦ | ૭ | ૨૩ | ૧૫ | ૨ | ૭ | ૩ | ૧૩૨ | ૧૧ | ૨૦૦ |
| | | | ૩.૫૦ | ૧૧.૫૦ | ૭.૫૦ | ૧.૦૦ | ૩.૫૦ | ૧.૫૦ | ૬૬.૦૦ | ૫.૫૦ | ૧૦૦.૦ |

## કોઠા નં. ૨:૫

### ૧૦૦૦ વ્યકિતએ કેટલા પશુ છે તેની માહિતી દર્શાવતો કોઠો

| | ગાય | બળદ | ભેંસ | પાડા | બકરા | બકરી | મરઘા |
|---|---|---|---|---|---|---|---|
| પલસાણા તાલુકામાં | ૨૯ | ૪૮ | ૮૨ | ૫ | ૫૭ | – | ૧૫૧ |
| અભ્યાસના પાંચ ગામમાં | ૩૧ | ૫૩ | ૧૧૩ | ૧૦ | ૮૫ | – | ૩૫૯ |
| અભ્યાસમાં પસંદ થયેલ ૧૦૦ કુટુંબમાં | ૨૭ | ૧૦ | ૪૪ | ૨૧ | ૨૯ | – | ૨૪૫ |

આ પશુનો ઉપયોગ શું થાય છે તેની માહિતી ~~દર્શાવતો કોઠો.~~ [illegible]

<u>ગાય</u> :

ગાય દેશી અને સુધારેલી ઓલાદ બન્ને રાખવામાં આવે છે. સુધારેલી ઓલાદની ગાય આદિવાસીઓ ઓછા પ્રમાણમાં રાખે છે. ગાયના દૂધનું વેચાણ ઉપયોગમાં ઓછું લે છે. ગાયની પ્રજોત્પતિ કરી વાછરડા, વાછરડી મેળવવા વધુ ઉપયોગ કરે છે તેથી જ્યારે ગાય સગર્ભા ન હોય ત્યારે તેની કાળજી રાખતા નથી.

અનાવિલ, કણબી પટેલ અને અન્ય હિંદુઓ ગાયને માતા તરીકે માની પૂજા કરે છે. જે કુટુંબો માંસહારી હોય છે તેઓ ગાયનું માસ ખાતા નથી.

<u>બળદ</u> :

બળદનો ઉપયોગ ખેતીના કામમાં વધારે પ્રમાણમાં કરવામાં આવે છે. તે ઉપરાંત મજૂરીના કામ માટે ગાડા સાથે બળદને જોડવામાં આવે છે. બળદ પાસે વધુ મહેનતનું કામ લેવાનું હોવાથી ગાય કરતા બળદની માવજત વધારે લેવામાં આવે છે. બળદનો ઉપયોગ ખેતી અને મજૂરી કામમાં કરતા હોવાથી ખસી કરેલા બળદ વધારે હોય છે. ખસી કર્યા વગરના બળદની સંખ્યા ઓછી હોય છે. ખસ કર્યા વગરના સુધારેલી ઓલાદના બળદની સંખ્યાતો ઘણીજ ઓછી છે.

આદિવાસીઓ અને અન્ય લોકો બળદ ગાડા દ્વારા એક ગામથી બીજા ગામ પણ જાય છે. ખાસ કરીને લગ્ન પ્રસંગે ફળીયાની કોઇ વ્યકિત બિમાર પડી હોય તો બિમાર વ્યકિતને નજીકના દવાખાને લઇ જવા માટે પણ બળદ ગાડાનો ઉપયોગ કરવામાં આવે છે.

## ભેંસ અને પાડા :

અભ્યાસના ગામોમાં પહેલા અનાવિલ બાહમણ કણબી પટેલ ભેંસ વધુ રાખતા હતા. આદિવાસીઓ ભેંસ ઓછા પ્રમાણમાં રાખે છે. હજુ પણ કેટલાક આદિવાસીઓ માને છે કે ભેંસની આપણાથી સંભાળ ન થાય આ કારણે ભેંસ રાખવાની ઇચ્છા ઓછી રાખે છે. પરંતુ સરકારની જુદી જુદી યોજનાઓ દૂધ આપે તેવા પશુઓ લેવા માટે આર્થિક મદદ અને સબસીડી પણ આપવામાં આવે છે. આથી આદિવાસી હરિજન અને અન્ય પછાત લોકો ભેંસો રાખવાની ઇચ્છા કરતા થયા છે.

ભેંસો દેશી રાખવાની ઇચ્છા વધુ રાખે છે. તેમાં સુરત જિલ્લાની દેશી ભેંસ કે જેના શિંગડા અડધગોળાકાર હોય છે તે ભેંસ રાખવાની વધુ ઇચ્છા રાખે છે. ઘણા લોકો મહેસાણા અને ખેડાની ભેંસ પણ ખરીદે છે. એક ભેંસના દૂધમાંથી માસીક ૨૦૦ થી ૨૫૦ રૂપિયા આ વિસ્તારના લોકોને મળે છે.

## પાડા :

ભેંસની પ્રજોતપતિ માટે પાડા રાખવામાં આવે છે. પાડાઓ ગામની દૂધમંડળી હોયતો તે રાખે છે. અથવા તો ગામનો પાડો હોય છે. આદિવાસીઓ ખસી કરેલા પાડા પણ રાખે છે. જેનો ઉપયોગ ખેતીના કામમાં ગાડે જોડવામાં અને શેરડી પીલવાનું મશીન ફેરવવામાં પણ પાડાનો ઉપયોગ કરે છે.

## બકરી-બકરા-ઘેટા :

બકરીનો ઉપયોગ ઘરવપરાશ માટે દૂધ મેળવવામાં કરે છે. તે ઉપરાંત બકરી ની પ્રજોતપતિમાંથી બકરી

અને બકરા મેળવવામાં વધુ કરવામાં આવે છે. બકરો થોડોક મોટો થાય કે તુરતજ તેને વહેંચી નાખે છે. અભ્યાસના ગામોમાં મુસલમાન, અને આદિવાસીઓ માંસાહારી છે. મુસલમાન બકરીઇદને દિવસે બકરાનું માંસ ખાય છે. બકરાની કિંમત મુંબઇમાં વધારે હોય છે. તેથી બકરા પાળી મુંબઇ વેચી દે છે. ઘેટા મુખ્યત્વે આહિર લોકો રાખે છે. જે ઘેટામાંથી દૂધ અને ઉન મેળવે છે. ઘેટા ખૂબજ ઓછા પ્રમાણમાં આદિવાસીઓ રાખે છે.

મરઘા :

આદિવાસીઓ મરઘા રાખે છે. જયારે બિન આદિવાસીઓમાં મુસલમાન, કોળીપટેલ,લોકો પણ મરઘા રાખે છે. આદિવાસીઓ દેશી મરઘા વધુ પ્રમાણમાં રાખે છે. જયારે મુસ્લમાન દેશી અને સુધારેલા મરઘા પણ રાખે છે.આદિવાસીઓ મરઘાંમાંથી ગૌણ આવક મેળવે છે તે ઉપરાંત ખોરાકના ઉપયોગમાં પણ લે છે.ગૌણ આવક મેળવવા કરતા ખોરાકના ઉપયોગમાં વધુ લે છે. દેશી મરઘા રાખતા હોવાથી તેમાંથી આવક ઓછી થાય છે. કારણકે ઇંડા ઓછા આપે છે. અને જે આપે તેમાંથી નવા બચ્ચા થવા દે છે. તેથી ઇંડા ઓછા પ્રમાણમાં વેચે છે. અભ્યાસના ગામમાં ૧૫ થી ૪૦ રૂપિયા સુધી મરઘી-મરઘા વેચાય છે.

ઘોડા અને [illegible]:

પલસાણા તાલુકાના ગામમાં ઘોડા ખૂબજ ઓછા પ્રમાણમાં છે. આદિવાસીઓ ઘોડા [illegible] રાખતા નથી. બિન આદિવાસીમાં મુસ્લમાન, અનાવિલ,અને વાણિયા લોકો ઘોડાઓ રાખે છે.પરંતુ ધીરે ધીરે આ લોકો પણ આ પશુ રાખતા નથી. આ લોકો આ પશુનો ઉપયોગ પરિવહનના કામમાં કરતા હતા. આ પશુની જગ્યાએ

રીક્ષા, મોટરસાઇકલ,ટ્રેકટર,બસની સગવડતા વધી ગઇ તેથી આ પુશનું મહત્વ ઓછું થઇ ગયું છે.

કુતરા :

કુતરાઓ બે પ્રકારના જોવા મળે છે.(૧)પાળેલા અને બિન પાળેલા, પાળેલા કુતરાઓ, પારસી,અનાવિલ બ્રાહમણ, કણબી પટેલ રાખે છે. આ લોકો આ પશુને શોખ માટે પાળે છે. વાડીની દેખરેખ રાખવા માટે પણ આ પશુને પાળવામાં આવે છે. આદિવાસીઓ કુતરાને પાળતા નથી. પરંતુ આદિવાસી ફળિયામાં કુતરાઓ જોવા મળે છે. આ કુતરા ફળિયાના ઘરોની દેખભાળ રાખે છે અને અજાણ્યા વ્યકિત ઘર પાસે આવે કે તુરતજ ભસવા લાગે છે. આ કુતરાની દેખભાળ ફળીયાના લોકો રાખે છે તેને ખાવાનું પણ ફળીયાના લોકોજ આપે છે.

પંખી :

પોકેટના ગામમાં પંખી જુદી જુદી જાતના જોવા મળે છે. કારણકે વનસ્પતી આ વિસ્તારમાં વધુ છે. પંખીઓમાં ચકલી, કબુતર, કાગડા,કોયલ,ગીધ,ઘુવડ,સમળી, દેવચકલી, કાબર,મોર,ઢેલ,પોપટ,વગેરે જોવા મળે છે.

આદિવાસીઓ ચકલીને મારીને ખાવાનો ઉપયોગ પણ કરે છે. આનું પ્રમાણ ઓછું છે. કારણકે ધીરે ધીરે જુદા જુદા ધર્મના પ્રભાવને લઇને તેમણે માંસનો ખોરાક ખાવાનો બંધ કર્યો છે.

પોકેટના ગામમાં બીજા સંસાધનો :

પોકેટના ગામમાં બીજા સંસાધનો જોઇએ તો મીંઢોળા નદી જે ગામમાંથી પસાર થાય છે તેમાંથી અમુક ગામમાં રેતી મળે છે. અને ગામમાંથી જે માટી મળે છે તેનો ઉપયોગ દેશી નળીયા બનાવવામાં ઇંટ બનાવવામાં અને માટીના વાસણ બનાવવામાં ઉપયોગમાં આવે છે.આ

ઉપરાંત સુરત જિલ્લામાં ચૂનાનો પથ્થર, બાંધકામના ઉપયોગમાં લેવાતો પથ્થર, કેલસાઇટ, પ્લાસ્ટીકકલે વગેરે મળે છે.

પલસાણા તાલુકામાં ૧૫ થી ૨૦ જેટલા નાના મોટાં તળાવ આવેલા છે. તેમાં બલેશ્વર ગલુણ, પૂણી, મોટા તળાવો છે. આ તળાવમાં મત્સ્યકેન્દ્ર બનાવીને માછલી ઉત્પન્ન કરવામાં આવે તો આ વિસ્તારના લોકોને રોજીમળી રહે તે ઉપરાંત ખોરાકમાં તેનો ઉપયોગ કરી શકાય. આ તળાવોમાં શીંગોડા, કમળ, પણ થઇ શકે તેમ છે.

આ સંસાધનોનો ઉપયોગ વિકાસમા કાર્યમાં કરવો જોઇએ. જેથી આદિવાસી અને જુદા જુદા પ્રકારનો વ્યવસાય કરી પોતાની ગરીબાઇ દૂર કરી શકે તેમ છે.

## નજીકના મોટા શહેરો અને તેમાં આવેલા ઉદ્યોગો :

પલસાણા તાલુકાની નજીક સુરત, ઉધના, બારડોલી, નવસારી શહેરો આવેલા છે. આ શહેરોમાં સુરત અને ઉધનામાં કાપડનો ઉદ્યોગ તે ઉપરાંત ઔદ્યોગિક એકમ હોવાથી નાનામોટા ઉદ્યોગો છે. સુરત, બારડોલી અને નવસારીમાં હિરા ઘસવાના કારખાના પણ ઘણા છે. પલસાણા પોકેટમાં અને તેના મોટા ગામોમાં પણ હિરા ઘસવાના કારખાના આવેલા છે.

તાલુકાના અને અભ્યાસમાં પસંદ કરેલ ગામ દસ્તાન નજીક ચાર પેપર મીલ આવેલી છે.

(૧) સહકારી સરદાર પેપરમીલ
(૨) ધવલગીરી પેપરમીલ
(૩) હરિઓમ પેપરમીલ
(૪) પટેલ પેપરમીલ

આ ચાર પેપરમીલમાં પહેલી પેપરમીલ સહકારી મંડળી સંચાલીત છે. જયારે બાકીની ત્રણ પેપરમીલ પ્રાઇવેટ કંપનીની છે.

પલસાણા તાલુકાના ગામ ચલથાણ, કડોદરા પાસેથી અમદાવાદ મુંબઈનો હાઇવે નીકળે છે. તેથી મુંબઇ સાથે પણ સંપર્ક રહે છે.

પલસાણા તાલુકાના ગામોના યુવાનો નજીકના મોટા શહેરમાં ઔદ્યોગીક મજૂરી એ જાય છે. આ ગામોનો સિધો સંપર્ક મોટા શહેરસાથે હોવાથી આ ગામોમાં ગૃહ–ઉદ્યોગ શરૂ કરવામાં આવે તો આદિવાસીને પૂરક રોજી મળી શકે તેમ છે. રોજગારી માટે સ્થળાંતર કરવું પડે નહીં.

-----

## પ્રકરણ - ૩

## લઘુવિસ્તારની સામાજિક સંરચના.

પ્રકરણ - ૩

લઘુ વિસ્તારની

સામાજિક સંરચના

પલસાણા તાલુકાની ૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ ૫૩૧૭૦ વસ્તી છે. તેમાં ૩૧૧૯(૫.૮૭) વસ્તી અનુસૂચિતજાતિની અને ૨૪૬૯૦(૪૬.૪૪)વસ્તી અનુસૂચિત જનજાતિની છે. ૧૯૮૧નીઅ વસ્તી ગણતરી મુજબ આ તાલુકાની કુલ વસ્તી ૭૫૮૭૫ ની છે.તેમાં ૩૫૬૮(૪.૭૦) અનુસૂચિતજાતિની અને ૩૩૪૮૩(૪૪.૧૩)અનુસૂચિત જન-જાતિની છે.છેલ્લા દશકામાં આ તાલુકામાં કેટલી વસ્તીની વધઘટ થાય છે તેની માહિતી કોઠા ૩:૧માં આપવામાં આવી છે.

કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે છેલ્લા દશકામાં આ તાલુકામાં કુલ વસ્તીમાં ૪૨.૭૦ ટકાનો વધારો થયો છે. અનુસૂચિતજાતિમાં ૧૪.૪૦ ટકા, અનુસૂચિત જન જાતિમાં ૩૫.૬૧ ટકા, અને અનુસૂચિતજાતિ અને જનજાતિ સિવાયની વસ્તીમાં ૫૩.૦૯ ટકાનો વસ્તી વધારો થયો છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે આ તાલુકામાં અનુસૂચિત જાતિ અને જનજાતી સિવાયની વસ્તીમાં વસ્તી વધારાનો દર ઘણો ઉંચો છે. છેલ્લા દશકામાં પ્રતિવર્ષ અનુસૂચિત જાતિમાં ૧.૪, અનુસૂચિત જનજાતિમાં ૩.૫,અને અનુસૂચિત જાતિ અને જાનજાતિ સિવાયની જાતિમાં ૫.૩ ટકાનો વસ્તી વધારો થયો છે.

૧૯૮૧ની વસ્તી ગણતરીના આંકડા મુજબ આ તાલુકાની કુલ વસ્તીમાં એક હજાર પુરુષે ૯૪૮ સ્ત્રીઓ છે. તેમાં અનુસૂચિતજાતિમાં ૧૧૧૨ સ્ત્રીઓ,અનુ.જનજાતિમાં ૯૮૯,અનુસૂચિત જાતિ અને જનજાતિ સિવાયની વસ્તીમાં

૯૦૦ સ્ત્રીઓ એક હજાર પુરૂષે છે. ૧૯૭૧ કરતા ૧૯૮૧ માં અનુસૂચિત જનજાતિમાં સ્ત્રીઓનું પ્રમાણ વધુ થાય છે. તે સિવાયની વસ્તીમાં ૧૯૭૧ કરતા ૧૯૮૧માં એક હજાર પુરૂષે સ્ત્રીઓનું પ્રમાણ ઓછું થાય છે. આમ બનવા પાછળના મુખ્ય કારણોમાં અનુસૂચિત જનજાતિના પુરૂષો વ્યવસાય કરવા માટે એક સ્થળેથી બીજા સ્થળે જાય છે. અને ત્યાં લાંબોસમય રહે છે. તે ઉપરાંત અનુ-સૂચિત જનજાતિમાં પુરૂષ બાળકોનું જન્મપ્રમાણ ઓછું થતું હોય અથવા તો મરણ નું પ્રમાણ સ્ત્રીઓ કરતા પુરૂષોમાં વધુ હોય. આવા જુદા જુદા કારણોને લઇને એકહજાર પુરૂષેસ્ત્રીઓનું પ્રમાણ ૧૯૮૧માં ૧૯૭૧ કરતા વધુ થયું હોય આ તાલુકાના આદિવાસીઓની ગરીબી પાછળના જે કેટલાક મહત્વના કારણો છે તેમાં આ કારણને પણ અગત્યનું ગણી શકાય. ૧૯૮૧ની જનગણના પ્રમાણે કુલવસ્તી અને આદિવાસીની વસ્તી કેટલા ગામોમાં કેટલા ટકા સુધી વધે છે. તેની માહિતી કોઠા નં. ૩:૨માં આપવામાં આવી છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૪૯ ગામોમાં કુલ વસ્તીમાં વધારો થાય છે. આદિવાસીઓમાં ૪૬ ગામોમાં વધારો અને ૩ ગામોમાં ૧૯૭૧ની વસ્તી કરતા ૧૯૮૧માં વસ્તી ઓછી થાય છે. ૩૦ ગામોમાં કુલ વસ્તીમાં ૧ ટકાથી ૪૦ ટકાની અંદર છેલ્લા દશકામાં વસ્તી વધારો થયો છે. આદિવાસીઓમાં ૧ ટકાથી ૪૦ ટકાનો વસ્તી વધારો ૨૮ ગામોમાં થયો છે. કુલ વસ્તીમાં ૪૦ ટકાથી ૧૦૦ ટકાસુધી વસ્તી વધારો ૧૫ ગામોમાં થયો છે. આદિવાસીઓમાં પણ ૧૫ ગામોમાં આ ટકાવારીમાં વસ્તી વધારો થયો છે. કુલ વસ્તીમાં ૧૦૦ થી ૧૬૦ ટકાનો વધારો ૩ ગામમાં થયો છે. આ ત્રણ ગામમાં ૧૦૦ થી ૧૨૦ ટકા વચ્ચે કુલ વસ્તીમાં વધારો થયો છે. આ ટકાવારીમાં આદિવાસી-ઓમાં પણ ૩ ગામોમાં વધારો થયો છે. તેમાં ૧૦૦ થી

૧૨૦ ટકા, ૧૨૦ થી ૧૪૦ ટકા,અને ૧૪૦ થી ૧૬૦ ટકાનો વધારો એક એક ગામમાં થયો છે. ચલથાણ ગામે કુલવસ્તીમાં ૧૮૦ થી ૨૦૦ ટકાનો વસ્તી વધારો થયો છે.આ ગામ નજીકથી મુંબઇ-અમદાવાદ વચ્ચેનો રાષ્ટ્રિય ધોરીમાર્ગ અને સુરતથી બારડોલીનો રાજય ધોરી માર્ગ પસાર થાય છે. સુરતથી ભૂસાવળ તરફ જતી રેલ્વે લાઇન પણ ચલથાણમાંથી નીકળે છે. આ ગામે છેલ્લા વર્ષોમાં ઔદ્યોગીક એકમો થયા છે. આ ગામે સિમેન્ટનાં પતરાં, તેમજ ભૂંગળાં બનાવવાનું કારખાનું છે. કપાસ લોઢવાનું જિનથી વ્યવસ્થા પણ આ ગામે છે. આ ગામને રાજય અને રાષ્ટ્રિય ધોરી માર્ગની સગવડ મળે છે.તે ઉપરાંત રેલ્વેની પણ સગવડ મળે છે. તેથી વેપાર ઉદ્યોગ માટે અનુકૂળતા પ્રાપ્ત થાય છે. તેથી નાના નાના ઉદ્યોગો આ ગામે વિકસ્યા છે. તેને લીધે છેલ્લા દશકામાં આ ગામની વસ્તીમાં ૨૦૦ ટકા જેટલો વધારો થયો છે. આ દશકામાં આ ગામમાં આદિવાસીનો વસ્તી વધારો પણ અન્ય ગામો કરતા વધારે છે. આ ગામમાં આ દશકામાં ૧૫૧.૬૮ ટકાનો આદિવાસીની વસ્તીમાં વધારો થયો છે. આ તાલુકાના ગામવાર આદિવાસીની વસ્તી વધારામાં આ ગામમાં વસ્તી વધારાનો દર ઉંચો છે.છેલ્લા દશકામાં જાતિવાર સ્ત્રી અને પુરૂષમાં કેટલા ટકાનો વધારો થયો છે તેની વિગતે માહિતી કોઠામાં આપવામાં આવી છે. આ તાલુકામાં સ્ત્રીઓ કરતા પુરૂષોની વસ્તીમાં વધારો થાય છે. ૧૯૭૧ની જનગણના સમયે આ તાલુકામાં કુલ વસ્તીના ૫૦.૩૩ ટકા પુરૂષો છે. તેમાં ૪૪.૯૨ ટકા અનુસૂચિત જાતિના, ૫૧.૩૪ ટકા અનુ.જનજાતિના અને ૫૦.૦૨ ટકા અનુસૂચિત જાતિ અને જનજાતિ સિવાયના વસ્તીના પુરૂષો છે. ૧૯૮૧ ની જનગણનાના આંકડા મુજબ આ તાલુકામાં કુલ વસ્તીમાં

૫૧.૩૪ ટકા પુરૂષો છે. તેમાં ૪૭.૩૩ ટકા અનુ.જાતિના ૫૦.૨૬ ટકા અનુજનજાતિના અને ૫૨.૬૫ ટકા અનુસૂચિત જાતિ અને જનજાતિ સિવાયના સિવાયની વસ્તીમાં પુરૂષો છે. ૧૯૭૧ની જનગણના સમયે આ તાલુકાના અનુસૂચિત જનજાતિના પુરૂષોની ટકાવારી કરતા ૧૯૮૧ ની જનગણના ના અહેવાલના આંકડામાં પુરૂષોની ટકા-વારી ઓછી થાય છે. આ બાબત વધુ સારી રીતે સમજવા ૧૯૭૧ અને ૧૯૮૧માં એક હજાર પુરૂષે કેટલી સ્ત્રીઓ છે તે અંગેની જાણકારી પ્રાપ્ત કરવા આદિવાસી-ઓમાં પુરૂષોની સંખ્યા કેટલી ઓછી થાય છે તે જાણી શકાશે.

૧૯૭૧માં પલસાણા તાલુકામીં કુલ વસ્તીમાં એક હજાર પુરૂષે ૯૮૭ સ્ત્રી છે. તેમાં અનુસૂચિત જાતિમાં એક હજાર પુરૂષે ૧૨૨૬ સ્ત્રીઓ,અનુ.જનજાતિમાં ૯૪૮ સ્ત્રીઓ,અનુજાતિ અને જનજાતિ સિવાય વસ્તીમાં ૯૯૯ સ્ત્રીઓ છે. ૧૯૭૧માં સરેરાશ એકહજાર પુરૂષે સ્ત્રીનું જે પ્રમાણ છે તે કરતા અનુસૂચિતજાતિમાં સ્ત્રીઓનું પ્રમાણ ઘણું ઉંચુ છે. અનુસૂચિત જનજાતિમાં સરેરાશ સ્ત્રીના પ્રમાણ કરતા ઓછું છે.ગામવાર કેટલા ટકા કુલ વસ્તીમાં અને આદિવાસી વસ્તીમાં વધારો ઘટાડો થાય છે. તેની માહિતી પરિશિષ્ટ ૩:૧માં મૂકવામાં આવી છે.

## કોઠો નં. ૩:૧

૧૯૭૧ અને ૧૯૮૧ની જનગણના પ્રમાણે-પુરૂષ અને સ્ત્રીની સંખ્યા,
આ દશકામાં જાતિવાર કેટલા ટકા વસ્તી વધારો થાય છે
તેની માહિતી દર્શાવતો કોઠો


| ક્રમ | વિગત | ૧૯૭૧ પુ. | ૧૯૭૧ સ્ત્રી | ૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ ૧૦૦૦ પુરૂષે સ્ત્રીની સંખ્યા | ૧૯૮૧ પુ. | ૧૯૮૧ સ્ત્રી | ૧૯૮૧ની વસ્તી ગણતરી મુજબ ૧૦૦ પુરુષે સ્ત્રીની સંખ્યા | છેલ્લા દશકામાં વસ્તી વધારાના ટકા પુ. | છેલ્લા દશકામાં વસ્તી વધારાના ટકા સ્ત્રી | ૧૯૭૧ ની કુલ વસ્તી | ૧૯૮૧ ની કુલ વસ્તી | છેલ્લા દશકામાં વસ્તી વધારાના ટકા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અનુસૂચિત જાતિ | ૧૪૦૧<br>૪૪.૯૨ | ૧૭૧૮<br>૫૫.૦૮ | ૧૨૨૬ | ૧૬૮૯<br>૪૭.૩૩ | ૧૮૭૯<br>૫૨.૬૭ | ૧૧૧૨ | ૨૦.૫૬ | ૯.૩૭ | ૩૧૧૯ | ૩૫૬૮ | ૧૪.૪૦ |
| ૨. | અનુસૂચિત જનજાતિ | ૧૨૬૭૫<br>૫૧.૩૪ | ૧૨૦૧૫<br>૪૮.૬૬ | ૯૪૮ | ૧૬૮૩૦<br>૫૦.૨૬ | ૧૬૬૫૩<br>૪૯.૭૪ | ૯૮૯ | ૩૨.૭૮ | ૩૮.૬૦ | ૨૪૬૯૦ | ૩૩૪૮૩ | ૩૫.૬૧ |
| ૩. | અનુસૂચિત જાતિઅને જનજાતિ સિવાયની વસ્તી | ૧૨૬૮૬<br>૫૦.૦૨ | ૧૨૬૭૫<br>૪૯.૯૮ | ૯૯૯ | ૨૦૪૩૯<br>૫૨.૬૫ | ૧૮૩૮૫<br>૪૭.૩૫ | ૯૦૦ | ૬૧.૧૧ | ૪૫.૦૫ | ૨૫૩૬૧ | ૩૮૮૨૪ | ૫૩.૦૯ |
| ૪. | કુલવસ્તી | ૨૬૭૬૨<br>૫૦.૩૩ | ૨૬૪૦૮<br>૪૯.૬૭ | ૯૮૭ | ૩૮૯૫૮<br>૫૧.૩૭ | ૩૬૯૧૭<br>૪૮.૬૬ | ૯૪૮ | ૪૫.૫૭ | ૩૯.૭૯ | ૫૩૧૭૦ | ૭૫૮૭૫ | ૪૨.૭૦ |

કોઠા નં. ૩:૨

કેટલા ટકા વસ્તી કેટલા ગામમાં વધી છે તેની માહિતી દર્શાવતો કોઠો.

| છેલ્લા દશકામાં કેટલા ટકા વસ્તી વધી છે. | કુલ વસ્તીમાં વધારો | કુલ વસ્તીમાં ઘટાડો | આદિવાસી વસ્તીમાં વધારો | આદિવાસી વસ્તીમાં ઘટાડો |
|---|---|---|---|---|
| ૧ થી ૨૦ | ૧૫ | – | ૧૦ | ૩ |
| +૨૦ થી ૪૦ | ૧૫ | – | ૧૮ | – |
| +૪૦ થી ૬૦ | ૬ | – | ૭ | – |
| +૬૦ થી ૮૦ | ૪ | – | ૫ | – |
| +૮૦ થી ૧૦૦ | ૫ | – | ૩ | – |
| +૧૦૦ થી ૧૨૦ | ૩ | – | ૧ | – |
| +૧૨૦ થી ૧૪૦ | – | – | ૧ | – |
| +૧૪૦ થી ૧૬૦ | – | – | ૧ | – |
| +૧૬૦ થી ૧૮૦ | – | – | – | – |
| +૧૮૦ થી ૨૦૦ | ૧ | – | – | – |
| કુલ | ૪૯ | – | ૪૬ | ૩ |

૧૯૭૨ [illegible]
[illegible] નં. ૩૬૮.



x૧૯૧૧ની વસ્તી ગણતરી મુજબ પલસાણા મહાલની કુલ વસ્તી ૨૪૯૦૮ની છે. તેમાં ૫૦.૮૭ ટકા પુરૂષો અને ૪૯.૧૩ ટકા સ્ત્રીઓ છે.

૧૯૮૧ની જનગણના પ્રમાણે આ તાલુકાની કુલ વસ્તીમાં ૫૧.૩૪ ટકા પુરૂષો અને ૪૮.૬૬ ટકા સ્ત્રીઓની વસ્તી છે. છેલ્લા ૭૦ વર્ષમાં પુરૂષની વસ્તીમાં ૦.૪૭ ટકાનો વધારો થયો છે.

૧૯૧૧ની વસ્તી ગણતરી મુજબ આ તાલુકામાં ૪.૭૭ સભ્યનું કુટુંબ છે. ૧૯૮૧ની જનગણના પ્રમાણે પલસાણા તાલુકામાં વસતા આદિવાસીઓમાં ૪.૯૨ સભ્યનું કુટુંબ છે. અભ્યાસમાં પસંદ કરેલ ૧૦૦ કુટુંબમાં ૫.૧૯ સભ્ય છે. અભ્યાસમાં પસંદ કરેલ જુદી જુદી જાતિઓમાં કુટુંબનું કદમાં હળપતિ જાતિમાં ૫.૨૦ સભ્યનું તેમાં જમીનવાળા કુટુંબ ૬.૦૦ સભ્યનું અને જમીનવગરના હળપતિ કુટુંબમાં ૫.૧૩ સભ્યનું કુટુંબ છે. ચૌધરી જાતિમાં ૪.૭૭ સભ્યનું કુટુંબ છે. નાયકા જાતિના કુટુંબમાં ૬.૦૦ સભ્યનું કુટુંબ છે.

અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબોમાં ચૌધરીજાતિમાં સૌથી ઓછા સભ્યનું કુટુંબ છે. આ જાતિમાં શિક્ષણનું પ્રમાણ અભ્યાસની અન્ય બે જાતિ કરતા વધુ છે. તેથી કુટુંબ આયોજનના કાર્યમાં અભ્યાસની અન્ય બે જાતિ કરતા વધારે જાગૃત છે. આથી આજાતિના કુટુંબોમાં સભ્યોનું પ્રમાણ ઓછું છે.

---

x૧, તવારીખે નવસારી
સોરાબજી મનચેરજી દેસાઇ
પ્રકાશક ડો.ધનજીભાઇ હોરમનજી મહેતા પેજ.૫૭

પલસાણા પોકેટમાં આદિવાસી સિવાય અનાવિલ બ્રાહ્મણ, કણબીપટેલ, મુસ્લમાન લોકોની વસ્તી વધુ છે. ખેતીની જમીન આ ત્રણે જ્ઞાતિના લોકો પાસે છે. આ ત્રણે જાતિના લોકોમાં અનાવિલ બ્રાહ્મણ ઉંચા અને બીજા ક્રમે કણબી પટેલ આવે છે.

અનાવિલ બ્રાહ્મણ :
---

અનાવિલ લોકો મથુરા તરફના અનાવિલગામના રહેવાસી મનાય છે. અનાવિલ/બ્રાહ્મણમાં જે જુદી જુદી અટકો છે તેમાં દેસાઇ, વસી, નાયક વિશે એવી માન્યતા પ્રવર્તે છે, કે અંગ્રેજ અને તે પહેલાના સમયમાં ગામની જમીન મહેસુલ ઉઘરાવવાનો ઇજારો જેમને મળેલો તેઓ દેસાઇ તરીકે ઓળખાય છે. વસી એટલે જયાં પ્રથમ વસ્તા હતા ત્યાંજ રહયા તેને વસી તરીકે ઓળખે છે. નાયક એટલે અસલ ઠેકાણેથી ખસી બીજે ઠેકાણે જઇ વસ્યા તેમને નાયક તરીકે ઓળખે છે. આ જ્ઞાતિ વિશે એવી પણ એક માન્યતા પ્રવર્તે છે કે ડુંગરવાસીઓને રામે બ્રાહ્મણ કીધા તે અનાવિલ બ્રાહ્મણ, આ જ્ઞાતિ બ્રાહ્મણ તરીકે ઓળખાય છે. પરંતુ આ જ્ઞાતિમાં કોઇ યાચક બ્રાહ્મણ નથી. દરેક લોકો અયાચક ગૃહસ્થો છે આ લોકો બ્રાહ્મણોની જેમ નિત્ય કર્મ(પૂંજા-પાઠ-સંધ્યા)કરવાવાળા ઘણા ઓછા લોકો છે. પૂજા પાઠ કે લગ્ન,મરણની વિધી તેઓ પોતાના કુળ ગોર આગળ કરાવે છે. આ જ્ઞાતિમાં નિત્ય ઉદ્યમી-સંતોષી સમયે સાહસિક અને મોટાઇને ઇચ્છનારા છે. મહેમાનની ખૂબ સારસંભાળ રાખે છે. મહેમાનની સારી સરસંભાળ રાખીને આત્મ સંતોષ માને છે. કંઇક અંશે પોતાની મોટાઇ પણ પ્રદર્શિત કરે છે.

૭૦ થી ૭૫ વર્ષ પહેલા આ લોકો પાસે ઘણી જમીન હતી. તેમનો મુખ્ય વ્યવસાય ખેતીનો હતો. આ જ્ઞાતિમાં કેળવણીનું પ્રમાણ ઘણું જ છે. તેથી વર્ષ પહેલા આ જ્ઞાતિના લોકો નોકરી કરતા તેમાં તલાટી, મહેતાજી,વકીલ,સરકારી નોકરીમાં ખાસ કરીને ઉચ્ચા હોદાની અને જવાબદારીની નોકરી આ જ્ઞાતિના લોકો કરતા હતા.

આ લોકો પેશવાઇમાં ને અંગ્રેજ રાજ્યની શરૂઆતમાં મુલકની ઉપરજ ઉઘરાવવાનું કામ કરતા આમાંથી ધન- અને સત્તા મળવાથી ઘણા જમીનદારકે તાલુકાદાર તરીકે પોતાને ઓળખાવા લાગ્યા.સરકારની બેદરકારીમાં કેટલાક લોકોએ ખેડુતોને પોતાના તાબેદાર કરી મૂકયા અને પોતાની ખેતીમાં બસો-ત્રણસો હાળી પાસે ગુલામ જેવું કામ કરાવતા. સરકારે મહેસૂલ ઉઘરાવવાની પધ્ધતિમાં ફેરફાર કરવાથી ઘણા અનાવિલની આવક અને સતામાં કાપ આવ્યો હતો. અનાવિલમાં દેસાઇ લોકો સૌથી ઉંચા ગણાય છે. મૂળ દેસાઇના ત્રણ ઘરો ગણદેવી, પલસાણા મહુવામાં [illegible] છે. પહેલા દેસાઇ કુળની દીકરી દેસાઈ કુળમાંજ આપતા નાયક અને વસી લોકો પોતાની દીકરી દેસાઈ કુળમાં આપવાથી પોતાનો સામાજિક મોભો વધે છે. તેવું માનતા ૨૦મી સદીના અંતમાં આ ભેદ ઓછો થતો ગયો છે. દેસાઇ પોતાની દિકરી નાયક કે વસીને ત્યાં આપે છે તેજ રીતે તેઓની દિકરી લે પણ છે.

આ લોકોના રીતરિવાજ ને બરોબર પાળવા માટે વધુ અર્થ પ્રાપ્તિ એ એક જીવન મૂલ્ય ગણે છે.સામાજિક રીતરિવાજમાં દીકરીના લગ્નમાં, જે ને સીમંત આવે ત્યારે, બાળક અવતરે ત્યારે તે એને લઇ સાસરે જાય ત્યારે જુદી જુદી વિધીમાં ઘણો ખર્ચ થાય છે.

અનાવિલ લોકો પોતે જે કામ કરે છે તેમાં ઘણી કુશળતા પ્રાપ્ત કરેલી છે.

પલસાણા તાલુકામાં અને સુરત જિલ્લામાં રાજકીય આગેવાનો આ જાતિના વધુ જોવા મળે છે. સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓમાં પણ આ જાતિના લોકો આગળ પડતો ભાગ ભજવે છે. આ કારણે પણ ઘરની ખેતીમાં કામ કરવાનું શકય ન બને અને ખેતી કોઇક પાસે કરાવે છે.

સમાજ સેવા કરવાની ભાવના અન્ય જ્ઞાતિના લોકો કરતા આ જ્ઞાતિના લોકોમાં વધારે છે. તેથીજ ઘણા અનાવિલ કુટુંબે પોતાના ~~જ્ઞાતિના~~ ગરીબોના સંતાનોને અભ્યાસ કરવા માટે નાણાંકીય મદદ કરી છે. પોતાની જમીન-માંથી ખેતી માટેની જમીન હાળીને આપ્યાના દાખલા પણ ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યા છે.

<u>કણબી</u> :

કણબી પટેલમાં લેઉવા, કડવા તે ઉપરાંત નવસારી આજુબાજુના પ્રદેશમાં મતીઆ કણબી પણ વસે છે. મતીઆ કણબી મૂળ હિન્દુ કણબી હતા. તેઓએ મુસલમાનનો ધર્મ સ્વીકાર્યો ~~તેથી~~ ત્યારથી મુસલમાન ગણાય છે. પરંતુ આ કણબીઓમાં હિંદુઓના આચારવિચારની અસર વધુ છે. કણબી લોકો વિશે એક એવી માન્યતા પ્રવર્તે છે કે રામના પુત્ર લવ અને કુશ થી પોતાની ઉત્પતિ થઇ છે. તેઓ આશરે બે હજાર વરસ પહેલા અયોધ્યાથી ખસીને મથુરાના વિસ્તારમાં અને ત્યાંથી મારવાડ અને ગુજરાત -માં આવીને વસ્યા છે. ચરોતર બાજુથી સુરત અને નવસારી બાજુ આશરે ત્રણસો વર્ષ પહેલા આવીને વસ્યા છે. કણબી લોકોનો મૂળ વ્યવસાય ખેતી છે. ખેતીમાંથી આર્થિક સધ્ધરતા આવવાથી વેપાર તરફ પણ આ લોકો

વધયા છે. કણબી લોકો જીવ પ્રત્યે દયા વધુ રાખે છે. ખેતીમાં નુકશાન કરનાર પશુ પક્ષીને મારવાને બદલે બીક આપીને ભગાડી મૂકે છે. તેઓ મહેનતુ,કરકસરથી પોતાનું જીવન જીવનારા છે. આ જાતિના લોકોને જમીન સાથે ખૂબજ નિકટ સંબંધ છે. જમીનની ઓળખ જલ્દી કરી શકે છે. અને તેથી કયો પાક સારો થશે તેની માહિતી પણ તુરત મેળવી શકે છે. અને તે પ્રમાણે પોતાની ખેતી કરે છે. તેથી આર્થિક સધ્ધરતા વધુ પ્રાપ્ત કરે છે. તેમના રીતરિવાજમાં ખાસ કરીને કન્યાના લગ્ન સમયે આણામાં ખૂબજ ખર્ચ થાય છે. તેથી વધુ કમાવવું તે તેમના માટે આવશ્યક છે. કારણકે પોતાના સમાજમાં માન જાળવી રાખવા દીકરીને લગ્ન સમયે અને ત્યારબાદ જુદા જુદા પ્રસંગોમાં આર્થિક લેવડદેવડ કરવી પડે છે.

<u>મુસલમાન</u> :

નવસારી આજુબાજુ ના વિસ્તારમાં અને પલસાણા-માં મુસલમાન લોકોની વસ્તી સારી છે. અંહી ઘણેભાગે મુસલમાન વહોરા લોકો વસે છે. તેઓ મૂળમાં હિંદુ હતા. ૧૪મા ૧૫માં સૈકામાં તેઓ હિંદુ મટીને મુસલમાન થયેલ છે. તેઓ ગુજરાતી ભાષા બોલે છે. ખોરાકમાં પણ અનાજનો વધુ ઉપયોગ કરે છે. માછલી અને માંસનો ઉપયોગ પણ ખોરાકમાં કરે છે.

વહોરા સિવાય મીમના, મતીઆ અને શેખ જેવો પીરાણાપંથી મુસલમાન ગણાય છે. તેમની વસ્તી પણ નવસારી આજુબાજુના પ્રદેશમાં છે. મતીઆ લોકોના રીતરિવાજમાં હિન્દુ-મુસ્લમાનનું મિશ્રણ છે. મતીઆ લોકોનું વલણ દીનપ્રતિદિન હિંદુ ધર્મ તરફ આવવાનું થતુ જાય છે. સન ૧૮૮૦માં નિર્મળદાસ નામના એક રામાનંદી સાધુના બોધથી કેટલાક મતીઆ પીરાણા

પંથ છોડી દઇ પીરાણા મતીઆને બદલે વૈષ્ણવ મતીઆ તરીકે પોતાને ઓળખાવતા લાગ્યા છે. આ લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને વેપાર છે. પલસાણા તાલુકામાં રાજકીય ક્ષેત્રે આ લોકો અન્ય જ્ઞાતીના લોકો કરતા આગળ છે.

અનાવિલ, કણબી અને મુસલમાન સિવાય આ તાલુકામાં પારસી લોકો પણ રહે છે. તેઓ પહેલા દારૂના પીઠા ચલાવતા, ખેતી કરતા ખેતી પોતાની જાતે નહીં કરતા હાળી રાખી તેમની પાસે ખેતી કરાવતા.

કોળી પટેલની વસ્તી આ તાલુકામાં ઓછી છે. આ જ્ઞાતિમાં પહેલા શિક્ષણનું પ્રમાણ ઓછુ હતું. ધીરેધીરે શિક્ષણનું પ્રમાણ વધતું થયુ છે. પહેલા તેઓનો મુખ્ય વ્યવસાય ખેતી હતો. ખેતી જાતેજ કરતા. અભ્યાસ કરવાથી જુદા જુદા વ્યવસાયમાં તક મળવાથી પોતાનીખેતી મજૂરો રાખી કરાવવા લાગ્યા.

પલસાણા તાલુકામાં આદિવાસી જાતિ સિવાય હિન્દુ અને મુસલમાન લોકો વસે છે. જયાં અનાવિલ પારસી લોકોની વસ્તી છે. તેવા ગામોમાં આદિવાસી સાથે મારઝૂડ ના ઝઘડા ઘણાજ ઓછા પમાણમાં થાય છે. કારણકે આ બન્ને જાતિના લોકો સ્વભાવે ઝઘડાળુ નથી. આ જાતિના કોઇક કોઇક લોકો પોતાના ખેતમજૂરોને હેરાન કરે છે. પરંતુ વૃધ્ધ આગેવાનો બન્ને પક્ષને સમજાવિને ઝઘડાનું નિરાકરણ કરી લાવે છે. અનાવિલ લોકોની પ્રકૃતિ સ્વભાવ પ્રમાણે પોતાની મોટાઇ ટકી રહે તે માટે હરહંમેશ સજાગ રહે છે. જયારે પારસી લોકોની વસ્તી ગામમાં ખૂબજ થોડી હોય છે તેથી સિધી રીતે તેઓ સંઘર્ષ કરતા નથી. આ બન્ને જાતિઓ આદિવાસી પાસે ખૂબજ કામ કરાવીને પોતાની આર્થિક પરિસ્થિતિ સારી કરી છે.

કણબીપટેલ લોકો સ્વભાવે કરકરસરીયા અને જાત મહેનતથી આગળ આવ્યા છે. તેથી પોતાના પાકને કે પોતાને નુકશાન થાય તેવું કોઇ પણ વ્યકતી પગલું ભરે તો રોષે જલ્દી ભરાય જાય છે. તેથી જ પોકેટના ઘણા ગામોમાં જમીન વગરના આદિવાસી સાથે પશુ ચારવાની બાબતમાં ઝઘડો થાય છે. આ ઝઘડો ઘણીવાર મોટું સ્વરૂપ પણ લઇ લે છે.જમીન ધારકતાના જુદા જુદા કાયદામાં જે કણબીની જમીન ગઈ છે તેઓને મનમાં રંજ રહયા કરે છે કે અમારી મહનતનું ફળ અમને નહીં મળતા અન્ય લોકોને મળે છે. તેથી માનસીક અસંતોષ વધુ રહેવાથી ઝઘડાનું પ્રમાણ વધુ જોવા મળે છે.

મુસલમાન લોકોની જયા વધારે વસ્તી છે ત્યાં આદિવાસી સાથે કયારેક કયારેક ઝઘડો થાય છે.આ તાલુકામાં વ્હોરા મુસલમાનની સંખ્યા વધુ છે. આ જાતિના મુસલમાનો નો સ્વભાવ ઝઘડાળું નથી. ખેતી કરતા વેપાર તરફ વધુ વળયા છે. આ તાલુકાના રાજકીય નેતામાં આ જાતિના આગેવાનો મોખરે છે. તેથી રાજકીયરીતે અન્ય જાતિના લોકો સાથે સંબંધ સારા રાખે છે. અને આદિવાસી લોકોને સાથે પણ સંબધ સારા રાખવાનો પ્રયાસ કરે છે. તેથી તાલુકામાં ઝઘડા ઓછા થાય છે.

<u>હળપતિ :</u>

આદિવાસી લોકો સામાન્ય રીતે જંગલ અને ડુંગર વિસ્તારમાં રહેતા હોય છે. પરંતુ હળપતી આદિવાસી લોકો મેદાનમાં બિનઆદિવાસી લોકો સાથે રહે છે. ગુજરાતમાં સુરત-વલસાડ જિલ્લામાં હળપતિની વસ્તી વધારે છે. ભરૂચ અને વડોદરામાં પણ હળપતિઓની વસ્તી છે.

૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ પલસાણા તાલુકામાં ૨૪૬૯૦ આદિવાસીની વસ્તી છે. તેમાં ૨૦૯૮૪(૮૪.૯૯)ની હળપતિની વસ્તી છે. આ તાલુકામાં આદિવાસી જાતિમાં આ જાતિની વસ્તી સૌથી વધારે છે.

આઝાદી પહેલા હળપતિ લોકોને દૂબળા તરીકે ઓળખવામાં આવતા. દૂબળા લોકો શરીરે નબળા નથી. પરંતુ આ જાતિના લોકો પોતાનું જીવન જીવવા માટે પોતાના પગ પર ઉભાં રહેવા શકિતમાન હતા નહીં આથી ધણિયામાં ઉપર વધારે આશા રાખતા હોવાથી ઉજળિયાત લોકોએ આ જાતિને 'દૂબળા' નામ આપ્યું છે.હશે.ગુલામીમાં જીવનજીવતા તેમાં દૂબળા લોકોનો સમાવેશ કરવામાં આવે છે. આઝાદીબાદ હાળીપ્રથા નાબુદીનો કાયદો આવ્યાબાદ આ લોકો કાયદાકીય રીતે ગુલામીમાંથી મુકત થયા છે. પરંતુ હજુ ગુલામી પ્રથાના બદલાતા સ્વરૂપમાં તેઓ ગુલામ જેવું જીવન જીવી રહયા છે. દૂબળા લોકો વર્ષોથી બિનઆદિવાસીઓને ત્યાં કામકરતા હોવાથી આ લોકો ની તેમના ઉપર ભારે અસર છે. અને આ અસરમાંથી હજુ પણ મુકત થયા નથી. માનસીક રીતે આ લોકો હજુપણ ધણિયામાના પ્રભાવમાં છે. આ જાતિના લોકો મિશ્ર લોહી વધારે જોવા મળે છે.

ઘર–ઘરવખરી :

આ જાતિના લોકો પહેલા કોઇકની જમીનમાં ઝુપડું બાંધી રહેતા હતા. મોટાભાગે ધણિયામાની જમીનમાં ઝૂપડું બાંધીને રહેતા હતા. આઝાદીબાદ હાળી પ્રથા નાબુદીના કાયદા પછી આ જાતિના લોકોને રહેવા માટે સરકાર તરફથી મકાન બાંધી આપવામાં આવે છે. તે ઉપરાંત ઘરથાળના પ્લોટ પણ આપવામાં આવે છે. સરકારે જે ઘર બાંધી આપ્યા છે તેઓના ઘર ઈંટ–ચૂનાના બનાવેલા છે. જે લોકોના ઘર કાચા છે તેઓ માટી–વાંસના ઘરો બનાવે છે.છાપરું

ઘાસ દેશી નળીયા, મેંગલોરી નળીયાવાળા હોય છે. ઘરવખરીના સાધનો અલ્પ પ્રમાણમાં છે. ઘરવખરીના સાધનોમાં એલ્યુમિનયમના વાસણો, રાધુલુ અનાજ રાખવા લકડાની પેટી, અને પતરા ના એકાદ બે ડબ્બા હોય છે. ઘરની અન્ય ચીજવસ્તુમાં ઘંટી-મૂસળ કોઇક કોઇક ઘરે હોય છે. જે લોકોની આર્થિક પરિસ્થિતી સુધરી છે.તેવાં લોકો પાસે એલ્યુમિનયમના વાસણો ઉપરાંત સ્ટીલના વાસણો, લાકડાનો ખાટલો, ઘડીયાળ, સાઇકલ, લાકડાની ખુરશી, રેડીયો પણ હોય છે.

<u>આર્થિક પધ્ધતિ :</u>

૧૯મી સદીમાં બ્રિટીશ રાજ્ય થયા પછી ભારતમાં ગામડા તૂટી ગયા. ગામડાના ગૃહ અને ઉજાર ઉદ્યોગ પડી ભાંગ્યા તેથી કારીગર વર્ગને ખેતીની મજૂરી કરવા સિવાય બીજો કોઇ વિકલ્પ રહયો નહીં જે લોકો પાસે જમીન હતી તેમને પણ જમીન મહેસુલ રોકડ પૈસામાં આપવી પડતી તેથી ઓછી જમીન ધરાવતા લોકો પોતાની જમીન વેચવા લાગ્યા. અથવા તો તેને ખેડવા-ની બંધ કરી દીધી.ઓછી જમીનવાળા લોકો પણ મોટા ખેડૂતોને ત્યાં ખેતમજૂરીનું કામ કરવા લાગ્યા. ઘણા વિધ્વાનો આ મત સાથે સંમત થતા નથી.ઘણા વિધ્વાનો એમ માને છે કે જમીનમાલિકો અને ખેતમજૂરોની વ્યવસ્થા ઘણા વર્ષોથી છે. અને હાળી પ્રથા એ જજમાની પ્રથાનું એક સ્વરૂપ અથવા તો તેનીજ એક વિશેષ આવૃત્તિ તરીકે ઓળખાવે છે. ૧૯મી સદી કે તેથી જુના સમયથી હળપતિ લોકોનો મુખ્ય વ્યવસાય ખેતમજૂરીનો છે. જે આજે પણ જોવા મળે છે. શહેરીકરણ, ઔદ્યોગીકરણ,અને આઝાદીબાદ સરકારના પ્રયાસોથી આદિવાસી અને

હરિજન લોકોના જીવનધોરણમાં પરિવર્તન આવ્યું છે. તેમાં ઘણા કુટુંબે પોતાનો પરંપરાગત વ્યવસાય છોડીને સ્વરોજગારલક્ષી વ્યવસાય ~~કરવા~~ તરફ વળયા છે. આવા વ્યવસાયોમાં સુથારીકામ, દરજીકામ, કડીયાકામ, તે ઉપરાંત ગૃહ ઉદ્યોગમાં હિરાઘસવાનું, બીડી બનાવવાનું કામ, નાના વેપારમાં શાકભાજી વેચવા, ચાની લારી, પાન-બીડીની લારી, શીંગચણાની લારી પણ ચલાવે છે. જે જગ્યાએ ઔદ્યોગીક એકમ નજીક હોય ત્યાં ઔદ્યોગી મજૂરીનું કામ પણ તેઓ કરે છે.

## સામાજિક બાબતો :

આ જાતિમાં મુખ્ય ત્રણ પેટા જાતિ છે. (૧) તળાવિયા, (૨) વોહરિયા, (૩) ખારચા તેમની કેટલીક પેટા જાતિઓ જે સ્થળે વસતા હોય તે નાતે ઓળખાય છે. દા.ત. વલસાડિયા, ઓલપાડિયા, દમણિયા વગેરે. હળપતિની પેટાજાતિમાં તળાવિયા લોકો સૌથી નીચાં અને શુદ્ધ ગણાય છે. હળપતિઓમાં સૌથી નીચા ખારચા જાતિના લોકો છે. પેટાજાતી વચ્ચે લગ્ન સંબંધ બંધાતો નથી. ૧૯ની સદીના અંતમાં ભાગ્યેજ આ જાતિમાં પેટાજાતિઓ વચ્ચે લગ્ન સંબંધ બંધાયાના દાખલા જાણવા મળે છે. હળપતિઓ હિન્દુ જાતિમાં રાજપૂત, કણબી, કાછિયા, કોળી પટેલ, ને પોતાનાથી ઊંચા ગણે છે. આદિવાસી જાતિમાં ધોડિયા જાતિને પોતાનાથી ~~ઉંચા~~ ઉંચા ગણે છે. આદિવાસી-માં કુંકણા, નાયકા, ચૌધરી ને પોતાનાથી નીચા ગણે છે. ~~તેઓને~~ તેઓને ત્યાં કે તેમના હાથનું ખાતા નથી.

લગ્નમાં છોકરા તરફથી છોકરી વાળાને દહેજ આપવાનો રીવાજ છે. રોકડ પૈસાના અભાવને લઇને છોકરાના લગ્નમાં દેવું કરવું પડે છે. પણિયામા પાસે રોકડ રકમ લઇ તેને ત્યાં ખેતમજૂરી ના કામ માટે બંધાય છે. લગ્નની ઘણી વિધી હિંદુ જેવી હોય છે. જેમાં ગ્રહશાંતિ, ચોરી બાંધવી, લગ્નનો દિવસ અને મુહૂર્ત બ્રાહ્મણ પાસે નકકી કરાવે છે. લગ્નની વિધી બ્રાહ્મણ પાસે કરાવે છે. ઘરજમાઇ, નાતરાનો, પુનઃલગ્ન, તથા છૂટાછેડાનો રિવાજ છે. એકજ કુળમાં લગ્નનો નિષેધ ગણાય છે. કુંવારા રહેવું તે કંલક માનવામાં આવે છે.

મૃત્યુબાદ મૃતદેહને બાળવા અથવા તો દાટવામાં આવે છે. નદી કિનારે જે લોકો મૃતદેહને અગ્નીદાહ આપતા તેઓ તળાવિયા તરીકે ઓળખાયા, તેવી માન્યતા તળાવિયા હળપતિ માટે પ્રવર્તે છે.

<u>ધાર્મિક-દેવદેવી તહેવાર :</u>

દેવદેવીમાં મુખ્ય દેવતાઓમાં કાકા બળિયા, શિકોતરી, મેલડી અને જોગણ છે. શુભ પ્રસંગ કે દુઃખના પ્રસંગે હળપતિઓ દેવતાઓનો આશરો લે છે. અને તેમાં ભગત લોકો તેમને મદદરૂપ થાય છે. નવરાત્રિના તહેવારમાં દેવતાઓને બકરાનો તથા કૂકડાનો ભોગ ધરાવવામાં આવે છે. હનુમાન ને પણ તેઓ માને છે. હળપતિના મુખ્ય તહેવારોમાં હોળી, નવરાત્રિ, દિવાસો, દિવાળી અને રક્ષાબંધન છે. દિવાસાની ઉજવણી ખૂબધામધૂમથી કરે છે. આ તહેવારની ઉજવણીમાં કુવારી કન્યાઓ ભાગ લે છે. ઢીંગલી, ઢીંગલાના લગ્ન કરવામાં આવે છે. આ તહેવારની ઉજવણી દ્વારા કન્યાઓને સમાજની પરંપરાનું શિક્ષણ મળી રહે છે. નવરાત્રિમાં ઘેરૈયા બની નાચે છે. જુદા જુદા પોષાક પહેરી ગામેગામ નાચે છે. ''ઘેર'' નૃત્ય ઘણુ વખણાય છે.

## ખોરાક-પીણા :

હળપતિ લોકો માંસાહારી અને શાકાહારી ખોરાક લે.છે. શાકહારી ખોરાકમાં ઘઉં, જુવાર, ચોખા, કઠોળ, લીલા શાકભાજી લે છે.માંસહારી લોકો મરઘીના ઈંડા,મરઘી-બકરાનું માંસ ખાય છે.

દારૂ પીવાના શોખીન છે. દારૂનું વ્યસન સ્ત્રી-પુરૂષ બંનેમાં છે. સ્ત્રીઓમાં આ વ્યસન ધીરે ધીરે ઓછું થતું જાય છે. દારૂ સાંજે કામેથી આવીને પીએ છે.જે દિવસે કામે ન ગયા હોય તે દિવસે સવારથી દારૂ પીવે છે.

દારૂ ઉપરાંત તાડી,ચા, કોફી તમાકુ પીવાના અને ખાવાના પણ શોખીન છે. તમાકુ પીવા માટે પાનની બીડી જાતે બનાવીને પીવે છે. ઘણા લોકો સીગરેટ, સાદી બીડી,અને હોકલી પણ પીતેછે.

## શિક્ષણ :

આ જાતિમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. ૧૯૭૧ની જનગણનાના અહેવાલ પ્રમાણે આ જાતિમાં ૧૩.૭૪૮કા લોકો અક્ષરજ્ઞાન ધરાવે છે. તેમાં ૨૦.૯૬ ટકા પુરૂષો અને ૬.૩૨ ટકા સ્ત્રી અક્ષરજ્ઞાન ધરાવે છે. આ જાતિમાં સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે. આ જાતિમાં શિક્ષણ વધે તેવા પ્રયાસ કરવાની ખાસ જરૂર છે.

## નાયકા :

વલસાડ, સુરત જિલ્લામાં વસતા નાયકા લોકોને ''નાયકા''તરીકે ઓળખવામાં આવે છે. પંચમહાલ અને વડોદરા જિલ્લામાં ''નાયકડા''ના નામથી ઓળખાય છે. નાયકાનું સૌથી વધુ વસ્તી પંચમહાલ જિલ્લામાં છે. ૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ પલસાણા તાલુકામાં આદિવાસીની વસ્તી ૨૪૬૯૦ની છે. તેમાં નાયકા લોકો

ની વસ્તી ૯૦૧૯૩ની છે. પલસાણામાં જે આદિવાસી ની વસ્તી છે તેમાં ૩.૬૫ ટકા નાયકા છે.. આ તાલુકામાં વસ્તી આદિવાસીઓમાં વસ્તીની દ્રષ્ટિએ નાયકાનો ક્રમ ચૌધરી પછી ત્રીજા ક્રમે આવે છે.આ જાતિ વિશે જુદી જુદી માન્યતાઓ છે. તેમાંની એક માન્યતા એવી પણ છે કે આ જાતિ ભીલ આદિવાસી ની એક પેટા જાતિ હશે. બીજી એક માન્યતા પ્રમાણે ચાંપાનેરના હિંદુ રાજાના લશ્કરમાં નાયક તરીકેનું કામ આ જાતિના લોકો કરતા હતા. મુસલમાન રાજાઓએ ચાંપાનેરના હિંદુ રાજાનો નાશ કરતા આ લોકો પંચમહાલ, વડોદરા,સુરત-વલસાડ વગેરે સ્થળોએ જઇને વસ્યા. આ જાતિના લોકો હથિયાર રાખી લૂંટફાટ કરતા હતા તેવો ઇતિહાસમાં ઉલ્લેખ મળે છે.

## ઘર-ઘરવખરી :

આ જાતિના ઘરો કાચા અને મોટાભાગે કોઇકની જમીનમાં હોય છે. ઘરો એક રૂમ વાળા જ હોય છે. તેમાં સૂવાનું બેસવાનું, રાંધવાનું, ઘરવખરી રાખવાની. ઘરની દિવાલ વાંસ અને માટીની બનાવેલ છે. છાજ દેશી નળિયા વિલાયતી નળિયાનું હોય છે. ગરીબ કુટુંબો ડાંગરની પૂજાનું છાજ બનાવે છે. વાસણો એલ્યુમિનિયમન વધુ હોય છે. સૂવા બેસવા લાકડાના ખાટલા પણ કોઇક કોઇક કુટુંબ પાસે હોય છે.મોટા ભાગે સૂવા બેસવા ખજૂરીના પાનમાંથી સાદડી બનાવેલી વાપરે.છે.ઔદ્યોગિક મજૂરીએ જતા લોકો સાઇકલ પણ રાખે છે.

## ઘરેણા :

આ જાતિની સ્ત્રીઓને ઘરેણા પહેરવાનો ખૂબજ શોખ હોય છે. સ્ત્રીઓ નાકમાં ચૂક, કાનમાં એરીંગ, ગળામાં હાર, ચેન, મોતીની માળા, હાથમાં પ્લાસ્ટીકની બંગડી અને પગમાં ભોરિયુ પહેરે છે.ઘરેણા મોટાભાગે ચાંદી-કલાઇ અને ખોટી ધાતુની બનાવીને પહેરે છે.

## આર્થિક પ્રવૃતિ :

નાયકા લોકો પાસે ખેતીની જમીન ખૂબજ ઓછી હોય છે. મોટાભાગના લોકો ખેતમજૂરી અને ઔદ્યોગીક મજૂરીનું કામ કરે છે. પલસાણા તાલુકાના નાયકાઓ મોટા ભાગે ખેતમજૂરીનું કામ કરે છે. આ તાલુકાના નાયકાને સરકારની જુદી જુદી યોજનામાં ભેંસ પણ મળી છે. ભેંસ મળવાથી પશુપાલનનો વ્યવસાય તરફ તેમનું વલણ અનુકૂળ થતુ જાય છે. માળીનું કામ પણ આ જાતિના પુરૂષો કરે છે. અભ્યાસનું પ્રમાણ ઘણું ઓછું હોવાથી નોકરી ખૂબજ ઓછા લોકો કરતા હોય છે.

## સામાજિક રિવાજો :

છોકરાવાળા છોકરીવાળાને દહેજ આપે છે.દહેજ રોકડ રકમ અથવા વસ્તુના રૂપમાં આપવામાં આવે છે. વસ્તુમાં અનાજ, ચાંદીના સાંકળા, કપડા વગેરે આપે છે. છોકરીવાળા-છોકરાવાળા જયારે લગ્ન કરવા આવે ત્યારે દારૂ અને ભોજન આપે છે. છૂટાછેડા અને પુનઃલગ્ન થઇ શકે છે. એક પતિત્વ અને બહુપત્નીત્વની પ્રથાપણ અસ્તિત્વમાં છે.

## દેવદેવી :

આ જાતિના લોકો બે પ્રકારના દેવ-દેવીઓમાં શ્રધ્ધા રાખે છે. એક ઘરમાં પૂજાના દેવદેવીઓ અને ઘર બહાર પૂજાના દેવદેવીઓ જે દેવદેવી ઘરમાં રખ રાખવામાં આવે છે તેની પૂજા કુટુંબ પૂરતીજ હોય છે. જયારે બહારના દેવદેવીઓની સામૂહિક રીતે પૂજા થાય છે. જેની જવાબદારી સમગ્ર સમાજની છે. ઘરમાં પૂજાના મુખ્ય દેવ-દેવીઓ હીરવા દેવ,કનસરી,મેમાઇ, જળદેવી છે. સામૂહિક રીતે પૂજાઅતી હોય તેવા દેવ-દેવીઓ નિમાલીઓ દેવ, ભરમ દેવ,ગોપળિયો દેવ, બાળદેવ,દેવ પાસીયા, (કુવારો દેવ)ખારીદેવ,વગેરે છે.

## તહેવાર :

આ જાતિના મુખ્ય તહેવારો હોળી,દિવાળી, દશેરા,શીતળા-સાતમ, રક્ષાબંધન દિવાસો વગેરે છે.

## ખોરાક -પીણા :

નાયકા લોકોનો મુખ્ય ખોરાક ચોખા-જુવાર, નાગલી ઘઉં અને કઠોળ છે. ઘઉં રેશનીગની દુકાનમાં મળે ત્યારે લાવીને ખાય છે. પલસાણા તાલુકાના નાયકા અને નાગલીનો ઓછો ઉપયોગ કરે છે.સવારમાં ચોખા અથવા જુવારના રોટલા નાસ્તામાં ખાય છે. તેની સાથે દૂધ વગરની ચા પીવે છે. ઘણા લોકો દૂધવગરની ચા પણ પીવે છે.ચા ના હોયતો કઠોળનું શાક ખાય છે. બપોરના ભોજનમાં ચોખા-દાળ,લીલા શાકભાજી કયારેક કયારેક બનાવીને ખાય છે. પલસાણા તાલુકાના નાયકાઓ છાશનો ઉપયોગ પણ કરે છે. છાશ ગામમાંથી બિન આદિવાસીને ત્યાંથી મળી રહે છે.છાશ અને રોટલો પણ ખાઇ લે છે.જે લોકો માસહારી છે. તેઓ મરઘા

સસલા બકરાનું માસ ખાય છે. માંસ વેચાતુ લાવવું પોષાય નહીં તેથી ઘરમાં મરઘા હોય તેનું માસ અને ઈંડા ખાય છે.

પીણા :

પીણામાં ચા-કોફી તથા ઠંડા પીણા જેવા કે સોડા પીવે છે. મોટાભાગના નાયકા સ્ત્રી-પુરૂષ ને દારૂ પીવાની આદત હોય છે. ઘણા લોકો દારૂ સવારનાજ પીવે છે. દારૂ સવારથી પીધો હોય તે દિવસે કામ ઉપર રજા મળી રહે છે.

શિક્ષણ :

૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ ગુજરાત રાજયમાં વસતા નાયકાઓમાં ૯.૫૫ ટકા અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરેલ છે. તેમાં ૧૫.૦૭ ટકા પુરૂષ અને ૩.૮૫ ટકા સ્ત્રીઓએ અક્ષરજ્ઞાન પાપ્ત કર્યું છે.

ચૌધરી :

ચૌધરીની વસ્તી મુખ્યત્વે સુરત જિલ્લામાં છે. પલસાણા તાલુકામાં ૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ ૧૦૧૫ની વસ્તી છે. આ તાલુકામાં વસ્તી આદિવાસીની વસ્તીમાં આ જાતિનો વસ્તીમાં બીજો ક્રમ છે.

ચૌધરી મૂળ પાવાગઢથી આવ્યા હોય તેવું મનાય છે. તેઓ પોતાને રાજપૂત વંશના વંશજો તરીકે ઓળખાવે છે. રાજપૂત રાજાઓના સમયમાં પાલખી ઉચકનારા તરીકે ચૌધરીઓ કામ કરતા હતા. મુસલમાન રાજાઓએ પાવાગઢ કબજે કર્યા પછી તેઓ દક્ષિણ ગુજરાત બાજુ ભાગી આવ્યા હશે એમ મનાય છે. ચૌધરીના રિવાજોમાં અને રાજપૂતના રિવાજોમાં સામ્યતા દેખાતી નથી.

આ જાતિની મુખ્ય ત્રણ પેટા જાતિઓ છે. (૧) પાવાગઢિયા (૨) ટાકરિયા (૩) વલવાઇ, પાવાગઢિયા ટાકરિયા કે વલવાઇના હાથનું જમતા નથી. પાવાગઢિયા પોતાને ઉંચો ગણે છે. આદિવાસીઓમાં ભીલ, કોકણા, નાયકા, ગામીત તથા જે જાતિઓ ગાયનું માંસ ખાય છે તેનાથી પોતાની જાતને ઉંચી ગણે છે. ગાયનું માસ ખાનારનું હાથનું ખાતા નથી. હળપતિના હાથનું તે ખાય છે.

## ઘર અને ઘરવખરી :

ચૌધરી લોકોના ઘર મોટાભાગે કાચા હોય છે. મકાનની દિવાલ વાંસ માટીની બનાવે છે. ઘરનું છાજ વિલાયતિ નળિયા અથવા દેશી નળિયાનું હોય છે. ઘરને એકજ રૂમ હોય છે. તે રૂમમાંજ સૂવાનું બેસવાનું અને અનાજનો કોઠાર હોય છે. ઘર-વખરીના સાધનો ખૂબજ ઓછા હોય છે. ઘર-વખરીના સાધનમાં અનાજ ભરવાની માટીની કોઠી, રાંધવાના વાસણો એલ્યુમિનયમ, અને પિતળના હોય છે. પાણીપીવાનો ગલાસ અને જમવાની થાળી કોઇક કોઇક કુટુંબમાં સ્ટીલના પણ હોય છે. કોઇક કોઇક કુટુંબમાં લાકડાની ખુરશી, સ્ટીલની ખુરશી, ખાટલા, સાઇકલ, ઘંટી, રેડીયો, વગેરે હોય છે.

## ઘરેણા :

સ્ત્રીઓ ગળામાં સફેદ કાચના મણકાનો હાર તથા ચાંદીની હાંસડી, પગે કલ્લાં તથા હાથે કડાં પહેરે છે. યુવાન સ્ત્રીઓ માથામાં નીકલની હેરપીન, ગળામાં ખોટા મોતીની માળા હાથમાં કાચની અથવા તો પ્લાસ્ટીકની બંગડી પહેરે છે.

વ્યવસાય :

ચૌધરી લોકો મોટે ભાગે ખેતી કરે છે. જમીન વગરના ચૌધરી મુખ્યત્વે ખેતમજૂરી કરે છે. જે લોકોએ શિક્ષણ લીધુ છે. તેઓ શિક્ષક અને સરકારી બિન સરકારી ખાતામાં નોકરી કરે છે. પલસાણા તાલુકાના ચૌધરીઓનો મુખ્ય વ્યવસાય ખેતમજૂરી છે. અને શિક્ષણનું પ્રમાણ પણ ઓછું છે. તેથી નોકરીમાં ખૂબજ ઓછા લોકો કામ કરે છે.

સામાજિક બાબતો :

લગ્ન પુખ્ત ઉંમરે થાય છે. છોકરાના વાલીઓ છોકરીના વાલી પાસે છોકરીની માંગણી કરે છે. શનિ રવિ, મંગળ સિવાયના દિવસે લગ્ન રાખે છે. લગ્નની વિધી બ્રાહ્મણ પાસે કરાવવામાં આવતી નથી. પરંતુ વરની બહેન પાસે લગ્નની વિધી કરાવવામાં આવે છે. જાન જયારે લગ્નના સ્થળે જાય છે ત્યારે ખાવાનું અને દારૂ સાથે લઇ જવામાં આવે છે. કોઇક કોઇક યુવાનો ખંધાડ તરીકે પણ જાય છે. ખંધાડ પ્રથાનો રિવાજ પણ છે. છોકરીને પતિ સાથે ન બનતુ હોય તો છૂટાછેડા લઇ પોતાની પસંદના યુવાન સાથે લગ્ન કરી શકે છે. વિધવા સ્ત્રીએ જીદંગીભર વૈધવ્ય પાળવું પડતું નથી. પરંતુ વિધવા થયેલ સ્ત્રીને લગ્ન કરવાની ઇચ્છા હોય તો તે લગ્ન કરી શકે છે.

જયારે વ્યકિત મરી જાય ત્યારે તેના શરીરને બાળવામાં આવેછે મરનાર વ્યકિતના મોઢામાં દારૂના ટીપા નાખવામાં આવે છે. શબને ઢોલ વાસા સાથે સ્મશાને લઇ જવામાં આવે છે. શબને અગ્નિમૂકતા પહેલા શબના મોમાં ભાતનો કોળિયો મૂકવામાં આવે

છે. આ કોળિયો કાગડો ઉપાડી જાય તો તેને શુભ ગણે છે. મરનાર વ્યકતિની શાંતિ માટે ખતરો મૂકવામાં આવે છે. આ ખતરા ઉપર માટીના ઘુમ્મર મૂકવામાં આવે છે. ખતરાને અખાત્રીજ, દિવાસો અને દિવાળીને દિવસે ભોગ ધરાવવામાં આવે છે.

દેવદેવી :

ચૌપરીના મુખ્ય દેવદેવીમાં સૂરજદેવ, ધરતીમાતા, કાકા બળિયા, ભવાનીમાતા, પાળિયાદેવ અને શિમળિયા દેવ છે. તથા વૃક્ષોમાં આંબો, તાડ, ખજૂર વગેરેની પણ પૂજા કરે છે.

તહેવારો :

ચૌપરીના મુખ્ય તહેવારોમાં દિવાસો હોળી અને દિવાળી છે. તહેવારોમાં પરિવર્તન આવ્યું છે. પોતાના પરંપરાગત તહેવારો ઉપરાંત અન્ય તહેવારો જેવા કે ગોકુળ આઠમી, રક્ષાબંધન, તહેવાર પણ ઉજવે છે. તહેવારોની ઉજવણી નાચગાન થી કરે છે.

ખોરાક અને પીણા :

તેઓનો મુખ્ય ખોરાક જુવાર ચોખા અને કઠોળ છે. જુવારનું ઢાંચલું (ભડકુ) છાશ સાથે ખાય છે. છાશ સાથે જુવારનો રોટલો બનાવીને પણ ખાય છે. સપ્તાહમાં એકાદ બે દિવસ ચોખા અને કઠોળનો ઉપયોગ કરે છે. તેલ અને મરીમસાલાનો ઉપયોગ ખૂબજ ઓછા પ્રમાણમાં કરે છે. મસાલામાં મીઠું લીલા મરચાનો ઉપયોગ કરે છે. જે લોકો માંસ ખાય છે તેઓ મરેલા પશુનું અને ગાયનું માંસ ખાતા નથી.

પીણા :

પીણામાં દૂધ વગરની કાળી ચા પીવે છે.જે લોકો ના ઘરે ગાય-ભેંસ છે. તેઓ બે-ત્રણ દિવસે દૂધવાળી ચા પણ પીવે છે. દારૂનું વ્યસન ઘણા લોકોને છે. દારૂ ગામમાંથી મળી રહે છે.

શિક્ષણ :

ચૌધરી જાતિમાં શિક્ષણ વધુ જોવા મળે છે. ૧૯૬૧ માં આ જાતિમાં ૧૩.૪૩ ટકા લોકો અક્ષરજ્ઞાન મેળવેલ તેમાં ૧૮.૩૭ ટકા પુરૂષો અને ૮.૩૫ ટકા સ્ત્રીઓ અક્ષરજ્ઞાન મેળવેલ છે. ૧૯૭૧માં આ જાતિમાં ૨૨.૦૪ટકા લોકોએ અક્ષરજ્ઞાન પ્રાપ્ત કર્યું છે. તેમાં ૩૧.૭૭ ટકા પુરૂષો અને ૧૨.૧૦ ટકા સ્ત્રીઓએ અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરેલ. ૧૯૬૧ થી ૧૯૭૧ના દસકામાં આ જાતિમાં ૮.૬૧ ટકા અક્ષરજ્ઞાન મેળવેલ વ્યક્તિઓમાં વધારો થયો છે. તેમાં ૧૩.૪૦ ટકા પુરુષોમાં અને ૩.૭૫ ટકા સ્ત્રીઓમાં અક્ષરજ્ઞાનમાં વધારો થયો છે.

પોકેટના ગામોની અને આદિવાસી
ફળીયાની રચના :

આદિવાસી ગામોના ફળીયાની રચના કરતા પોકેટના ગામોમાના ફળીયાની રચનામાં થોડો ઘણો તફાવત હોય છે. આદિવાસીની વસ્તી વધારે હોય તે ફળીયાની રચનામાં જે તે આદિવાસી જાતિના અલગ અલગ ફળીયા હોય છે. ફળીયાના અને ફળીયાના ઘરો વચ્ચે અંતર હોય છે. જયારે પોકેટના ગામોમાં આદિવાસીઓના ફળીયા અલગ અલગ હોય છે. એ ઉપરાંત ફળીયાની રચના પણ પોતાના ગામની હદ શરૂ થવાની

હોય કે પુરી થવાની હોય તે સ્થળ ઉપર ગામના ફળીયા હોય છે. મોટાભાગે આદિવાસીઓમાં હળપતિ જાતિના લોકો વધારે છે. આ જાતિના લોકો પહેલા પણિયામાની જમીનમાં રહેતા હતા. તેથી છૂટા છૂટા રહેતા હતા. હાળી પથા નાબુદ થવાથી હળપતિ લોકોને રહેવાની મુશ્કેલી પડી. આવા કુટુંબને રહેવા માટે જુદા જુદા પ્રકારની આવાસ યોજના બનાવવામાં આવી જે સ્થળ ઉપર તેઓને વસાવવામાં આવ્યા તે સ્થળે ઘર ફળીયામાં હરોળબંધ જોવા મળે છે. મોટા ફળીયામાં એક હરોળમાં ૩૦ થી ૪૦ મકાન હોય છે. નાનું ફળીયું હોય તો ૧૫ થી ૨૦ મકાન હોય. એક ઘરની દિવાલ બીજા ઘર સાથે પણ હોય અને અલગ પણ હોય છે.

પાકેટના ગામોમાં આદિવાસીના ફળીયા અને અન્ય ફળીયાને જુદા પાડતી કોઇ રેખા કે નિશાની હોતી નથી. પરંતુ આદિવાસી ફળીયાની શરૂઆત થાય કે તુરતજ આપણને ખ્યાલ આવે છે કે આદિવાસી ફળીયા શરૂ થયા. કારણકે ફળીયાની આજુબાજુ પાણી ભરાયેલુ હોય ફળીયાને જોડતો ગામનો રસ્તો કાચો હોય, ફળીયામાં જે પાણીના સ્ટેન્ડ હોય તો તેની ઉપર પાણીની ચકલી ન હોય. સ્ટ્રીટ લાઇટના થાંભલા હોય પણ તે થાંભલા ઉપર લાઇટના ગોળા ન હોય. ફળીયાના મકાનો મહદઅંશે કાચા હોય કોઇક કોઇક ફળીયામાં મકાનની દિવાલ પણ ખજૂરીના પાનની સાદડીની હોય છે. ગામમાંના અન્ય ફળીયાને જેટલી ભૌતિક સગવડ પ્રાપ્ત થઇ હોય તેટલી સગવડ આદિવાસી વસ્તીવાળા ફળીયાને પણ પ્રાપ્ત થઇ હોય છે. પરંતુ આ સગવડનો લાભ એકાદ બે કુટુંબને અથવા ખૂબજ ઓછી વ્યકિતને લાભ મળે તે રીતે સગવડ આપવામાં આવી હોય છે.

પોકેટના ગામોમાં ફળીયાના નામો તે ફળિયામાં જે તે જાતિ રહેતી હોય તેના ઉપરથી અથવા તો ગામમાં ભગવાનનું મંદિર હોય તો તેના ઉપરથી ફળીયાનું નામ પડેલું હોય છે. તે જ રીતે સરકાર તરફ જે ગામમાં આદિવાસી માટે રહેવાના મકાન બનાવી આપ્યા હોય તો તેને સોસાયટી ફળીયુ, નવો હળપતી વાસ, વગેરે નામોથી ઓળખાય છે. ઘણીવાર તળાવ, વડ કે મંદિર નજીક આદિવાસીના ફળીયા હોય તો તેના નામ ઉપરથી ફળીયું ઓળખાય છે. દા.ત. તળાવફળીયુ વડ ફળીયુ, મંદિર ફળીયુ, મોટા ભાગે તો જે તે જાતિના લોકો જે ફળીયામાં રહેતા હોય તેના નામથી જ ફળીયું ઓળખાય છે. દા.ત. અનાવિલ બાહમણ રહેતા હોય તે ફળીયાને દેસાઇ ફળીયુ, પાટીદાર લોકો રહેતા હોય ત્યાં પટેલ ફળીયુ, હળપતી લોકો રહેતા હોય તેને હળપતિ વાસ નાયકા રહેતા હોય તેને નાયકા વાસ ના નામે ઓળખવામાં આવે છે.

## આદિવાસી કુટુંબનું માળખું :

સમાજમાં રહેતા માનવી પોતાની કેટલીક જરૂરિયાત પૂરી કરવા માટે અન્ય માનવી સાથે સંબંધ રાખે છે. આમાથી સામાજિક સંસ્થાઓ અને સામાજિક ઉપસંરચના મંનો રચાય છે. આવી એક સંસ્થાએ કુટુંબ છે. પુરૂષ એની પત્ની અને તેના બાળકોથી કુટુંબની રચના થાય છે. આને મૂળ કુટુંબ, કેન્દ્રીય કુટુંબ કહેવાય સમાજ વ્યવસ્થાનું આ એકમ સાર્વત્રિક છે. સ્થળ, સમય, સમાજ, સંસ્કૃતિ અનુસાર એમાં વધારો ઘટાડો થવાની શકયતા છે.

આદિવાસીઓમાં પિતૃવંશીય અને માતૃવંશીય કુટુંબ વ્યવસ્થા છે. ભારતમાં કેટલોક આદિવાસી જાતિઓમાં માતૃવંશીય કુટુંબ વ્યવસ્થા છે. ગુજરાતના અને પલસાણામાં વસતા આદિવાસીઓમાં પિતૃવંશીય સમાજ રચના છે. અમુક આદિવાસી જાતિઓમાં હજુ પણ સ્ત્રી પરણવા માટે પતિના ઘરે જાય છે. અને ખંપાડ પ્રથા હજુ પણ અસ્તિત્વમાં છે. આ બે બાબત ઉપરથી કહી શકાય છે કે ગુજરાતના આદિવાસીઓમાં પહેલા માતૃવંશીય કુટુંબ હશે. હાલમાં તો પિતૃવંશીય સમાજ રચના છે. સ્ત્રી લગ્નબાદ પતિના ઘરે રહે છે. લગ્ન બાદ સ્ત્રીની શાખ બદલાય છે. સંતાનોની પાછળ પિતાનું નામ લખાય છે.

## કુટુંબના પ્રકારો :

### વિસ્તૃત કુટુંબ :

વિસ્તૃત કુટુંબમાં લોહી પર આધારીત બે પેઢીના સભ્યો સાથે રહેતા હોય અથવા તો પરણિત વ્યકિત સાથે તેના પરણિત કે અપરણિત ભાઇ-બહેન યા વિધુર-મા-બાપ સાથે રહેતા હોય તેવા કુટુંબને વિસ્તૃત કુટુંબમાં ગણી શકાય. આવા કુટુંબને આપણે સંયુકત કુટુંબ કહીએ છીએ.

પલસાણા તાલુકામાં આ પ્રકારના કુટુંબો બિન આદિવાસી જ્ઞાતિઓમાં વધારે પ્રમાણમાં જોવા મળે છે. તેમાં કણબી પટેલ, અનાવિલ, અને મુસલમાનમાં પણ આ પ્રકારના કુટુંબો આદિવાસી કરતા વધારે હોય છે. આ તાલુકામાં હળપતિ આદિવાસી જાતિની વસ્તી વધારે છે. આ જાતિમાં આ પ્રકારના કુટુંબો ઓછા જોવા મળે છે.

## કેન્દ્રીય કુટુંબ :

લગ્ન સંબંધથી જોડાયેલા સ્ત્રી-પુરૂષનું કુટુંબ અથવા તો સ્ત્રી-પુરૂષના બાળકો કે જે અપરિણત હોય આવા કુટુંબને કેન્દ્રીય કુટુંબ અથવા તો મૂળ કુટુંબ તરીકે ઓળખવામાં આવે છે. પલસાણા તાલુકાના આદિવાસીઓમાં મૂળ કુટુંબ વિસ્તૃત કુટુંબ કરતા વધારે જોવા મળે છે. તેમાં હળપતિ જાતિમાં છોકરાના લગ્ન થાય કે તુરતજ તે અન્ય માતા-પિતાથી અલગ ઝુપડું બાંધીને રહેવા ચાલ્યો જાય છે. રહેવાની ભૌતિક અગવડતાને લઇને આદિવાસીઓમાં આમ વધુ પ્રમાણમાં બનતું હશે. વર્તમાન સમયમાં બિન આદિવાસી જાતિઓમાં પણ કેન્દ્રીય કુટુંબ વધતા જાય છે. પરંતુ આવી જ્ઞાતિ કે જાતિના લોકોને રહેવાની અપૂરતી સગવડ, ખેતી સાથે હોય આવા જુદા જુદા કારણે બિન આદિવાસીમાં આદિવાસી જાતિ કરતા કેન્દ્રીય કુટુંબ ઓછા હોય છે.

## અન્ય પ્રકારના કુટુંબ :

આ પ્રકારના કુટુંબમાં લગ્ન આધારિત સગા સંબંધી સાથે રહેતા હોય છે. જેમકે સાસુ-સસરા,સાથે જમાઇ રહેતા હોય અથવા વિધુર સસરાકે વિધવા સાસુ જમાઇ સાથે રહેતા હોય. દિકરીના બાળકો દિકરીના પિતા કે ભાઇ સાથે રહેતા હોય. આવા કુટુંબને અન્ય પ્રકારના કુટુંબમાં ગણવામાં આવે છે.

પલસાણા પોકેટના આદિવાસીઓમાં આ પ્રકારના કુટુંબો વધારે પ્રમાણમાં જોવા મળે છે. કારણકે અહીંના આદિવાસીમા ખંધાડ પ્રથા, છુટાછેડા લીધેલ દિકરા કે દિકરીના લગ્ન કરી થઇ શકે. આવા સામાજિક રીતરિવાજને લઇને હજુ પણ આદિવાસીઓમાં આ પ્રકારના કુટુંબો જોવા મળે છે.

કુટુંબના કેટલાક સામાજિક પ્રકાર્યો :

સભ્યોનું શારીરિક સંરક્ષણ :

કુટુંબના કેટલાક સામાજિક પ્રકાર્યો છે. તેમાં પતિ પત્નીની કામેચ્છાની તુષ્ટિ થાય છે. સંતાનો થવાથી વંશ ટકી શકે છે. માતા અને શિશુની સંભાળ રાખવામાં આવે છે. સંતાનો અને અન્ય સભ્યોને માંદગી અને ઇજામાં રક્ષણ અપાય છે. કુટુંબના સભ્યોને ખાવાનું, રહેઠાણ અને કપડાની જરૂરિયાત સંતોષાય છે. બાળકો ને મા-બાપ અને બીજા મોટાઓ તરફથી પોતાના સમાજની જીવન રીતિઓની માહિતી આપીને આ જીવન રીતિઓ લાંબાસમય સુધી ટકી રહે તેવી ગોઠવણ કરે છે.

આર્થિક પ્રકાર્ય :

કુટુંબના સ્ત્રી-પુરૂષ બાળકોની વચ્ચે શ્રમવિભાજન હોય છે. આર્થિક કાર્ય દ્વારા જે સંપતિ એકઠી થાય છે તેને ભોગવવાનો અને વારસામાં મેળવવાનો હકક પ્રાપ્ત થાય છે.

સામાજિક પ્રકાર્યો :

સભ્યોને સામાજિક સુરક્ષા, મોભો કુટુંબદ્વારા પ્રાપ્ત થાય છે.સામાજિક ટીકાઓ, નિંદા-અપમાન કે દેવામાં કુટુંબજ પોતાના સભ્યોને મદદરૂપ થાય છે. પોતાના સભ્યોનાં લગ્ન જોડવામાં કુટુંબજ વધારે રસ લે છે.

પોકેટના આદિવાસીઓમાં કુટુંબના મુખ્ય કાર્ય ઉપર બતાવ્યા છે. તે અગત્યના છે. કારણકે વંશને ટકાવી રાખવા માટે દત્તક પુત્ર લેવાનું પ્રથા હજુ આ

સમાજમાં વિકસની નથી. બિન આદિવાસી સમાજ આ વંશને ટકાવી રાખવા માટે દત્તક લેવાની પ્રથા ધીરે ધીરે પ્રચલિત બનતી જાય છે. કુટુંબના બાળકોનું ભરણ પોષણ કરવાનું કાર્ય પણ અગત્યનું છે. કારણ કે ગરીબ આદિવાસી પોતાના બાળકને પોતાનાથી જ દૂર થવા દેતા નથી. અન્ય સમાજમાં ગરીબ મા-બાપ પોતાના બાળકોને સામાજિક સંસ્થા કે આશ્રમમાં મૂકે છે જયારે પોકેટના આદિવાસીઓને પોતાના બાળકો ને અભ્યાસ માટે પણ દૂરની આશ્રમ શાળામાં મૂકવા ઓછા તૈયાર થાય છે. અલબત ધોડિયા, ચૌધરી જાતિ ના મા-બાપમાં આ વલણમાં પરિવર્તન આવેલું છે. આમ ઉપરોકત દર્શાવેલા કુટુંબના કાર્યો પોકેટના ગામમાં વસતા આદિવાસી સમાજને પણ લાગુ પડે છે.

<u>સગાઇ સંબંધ</u> :

વ્યકિત પોતાના જન્મ-લગ્ન, એક સ્થળના રહેઠાણના આધારે પોતાના સમાજની અને બીજી વ્યકિત સાથે સંબધ બાંધ્યા છે. આને સગાઇ સંબંધ કહેવાય. પલસાણા પોકેટના આદિવાસીમાં બિન આદિવાસીઓમાં બે પ્રકારના સગાઇ સંબંધ જોવા મળે છે.

(૧) લોહી આધારીત સંબધી

(૨) લગ્ન આધારીત સંબધી

<u>(૧) લોહી આધારીત સંબધી</u> :

આ પ્રકારના રકત સંબધીમાં એવી વ્યકિતઓનો સમાવેશ કરવામાં આવે છે કે જેઓ એક બીજા સાથે લોહી આધારીત સંબધી હોય. દા.ત. ભાઇ-ભાઇ, પિતા-પુત્ર, ભાઇ-બહેન વચ્ચેનો સંબધતે રકત સંબધી

કહી શકાય. આ પ્રકારના સંબંધમાં બીજી કોટી, ત્રીજી કોટી વગેરે પેટા વિભાગો પાડી શકાય.જેમકે પિતાના ભાઇ(કાકા)પિતાની બહેન(ફૂઇ) પોતાના છોકરા અને પોતાના ભાઇના છોકરા વચ્ચેનો સંબધ આમ જુદી જુદી કોટીમાં રકત આધારતી સંબધી હોય છે.

(૨) લગ્ન આધારીત સંબધી :

આ પ્રકારના સંબંધમાં એવી વ્યકિત ઓનો સમાવેશ કરવામાં આવે છે કે જેઓ લગ્ન થયા બાદ સંબધી થયા હોય દા.ત. પતિ અને પત્ની વચ્ચે લગ્ન પહેલા સંબધ સમાજ માન્ય નથી. લગ્ન જે બે વ્યકિતનું થયું હોય તે ઉપરાંત કુટુંબના અન્ય સભ્ય સાથે સંબંધ વધ્યા છે. દા.ત. પતિ ના મા અને પત્નીની સાસુ થાય. પતિનો ભાઇ એ પત્નીનો દિયર એજ રીતે પત્ની બાપ એ પિતાના સસરા, થાય આ બધાને લગ્ન કરવાથી થતા સંબધમાં મૂકવામાં આવે છે.આમાં પણ જુદી જુદી કોટી ક્રમ પાડવામાં આવેછે. દા.ત. પત્નીનો ભાઇ સાથે નો સંબંધ જે કોટીમાં આવે તે કરતા પત્નીના ભાઇની પત્ની સાથેનો સંબંધ બીજી કોટીમાં આવે છે. આમ લોહી આધારીત અને લગ્ન આધારીત સગાઇ સંબંધોનું સમાજમાં મહત્વનું સ્થાન છે. આદિવાસી સમાજમાં પણ આનું આગવું મહત્વ છે. દા.ત. પત્નીના કાકાના છોકરાના લગ્ન હોય તો પત્નીનો પતી ગમે ત્યાં મજૂરી કરવા ગયો હશે તો પણ લગ્ન સમયે જે તે ગામ ચૂક હાજર રહેશે તેથી જ રીતે વ્યકિતના દાદા કે દાદાના ભાઇ ગુજરી ગયા હોય તો તેની અંતિમ ક્રિયા અને ત્યારબાદની ક્રિયામાં હાજર રહેવાની ઇચ્છા રાખશે.

વિકાસલક્ષી આયોજનમાં આથીજ સગાઇ સંબંધ સમજવા જરૂરી છે. સગાઇ સંબંધ સમજવાથી વિકાસની પ્રક્રિયા કેવી રેહશે તેનો ખ્યાલ પણ આવશે. દા.ત. પત્નીના ભાઇની છોકરી ને ૧૦ પાસ પછી પી.ટી.સી માં અભ્યાસ કરાવ્યો હોય તો, પોતાની બાળકીને પણ અભ્યાસ કરાવશે અને ત્યારબાદ પી.ટી.સી. કરાવવાની ઇચ્છા વધુ રાખશે. આ રીતે સમાજનો વિકાસ કરવા જે તે સમાજના સગાઇ સંબંધો સમજવા જરૂરી છે.

આદિવાસીઓમાં મર્યાદાના સગાઇ સંબંધો અને મશ્કરીના સગાઇ સંબંધો પણ છે. મોટાની મર્યાદા રાખવામાં આવે છે. આ મર્યાદાઓ બોલવા, સામાજિક વ્યવહાર, જાતિયવ્યવહારમાં રાખવામાં આવે છે. મશ્કરીના સગાઇ સંબંધો પણછે. દા.ત. દિયર-ભાભી સાળી-બનેવી, મામા-ભાણેજ વચ્ચે મશ્કરીના સંબંધો હોય છે.

## આદિવાસી સ્ત્રીનો દરજ્જો :

આદિવાસી સમાજમાં સ્ત્રી અને પુરૂષ નો દરજ્જો આર્થિકક્ષેત્ર, સામાજિકક્ષેત્ર, અને વ્યકિતગત રીતે સમાન છે.

પોકેટના ગામના આદિવાસી સ્ત્રીનો સામાજિક દરજ્જો પુરૂષની જેટલો છે. છોકરીના લગ્ન કરતા પૈહેલા તેને પોતાના જીવનસાથી પસંદ કરવાની છૂટ હોય છે. જો પોતે પોતાનું જીવનસાથી પસંદ ન કરે તો મા-બાપ છોકરીની અનુમતિ લઇને જ તેનું જીવનસાથી પસંદ કરશે. સ્ત્રીએ લગ્ન પહેલા જાતિય સંબંધ બાંધ્યો હોય તો તેને તિરસ્કાર નહીં આપે પણ કોની સાથે જાતિય વ્યવહાર કર્યા છે તે જાણી સામેવાળી વ્યકિત

તે સ્ત્રી સાથે લગ્ન કરવા તૈયાર ન થાય તો જ્ઞાતિ પંચ તેની પાસેથી દંડ લઇ તે રકમ છોકરીને આપે છે. આવી સ્ત્રીઓ સાથે લગ્ન કરનાર યુવાનો મળી રહે છે. અલબત આજે દિનપ્રતિદિન આવા પ્રસંગ ખૂબજ ઓછા બને છે.

લગ્ન બાદ પુરૂષ કે સ્ત્રીને એક બીજા સાથે મન મેળ ન રહેતો જ્ઞાતિ પંચ દ્વારા છૂટાછેડા લઇને, પોતાની પસંદગીનું જીવનસાથી શોધીને લગ્ન કરી શકે છે. આ બાબતમાં જેટલા પુરૂષોને હકક છે તેટલોજ સ્ત્રીને પણ હકક છે. પુરૂષ સ્ત્રીને છોડવા માંગતો હોય તો તે પણ જાતિપંચના નિયમ અનુસાર છૂટો થઇ શકે છે. તેજ રીતે સ્ત્રી જો પોતાના જીવનસાથીથી છૂટી થવા ઇચ્છા રાખતો હોય તો તે પણ જાતિ પંચના નિયમ અનુસાર છૂટી થય શકે છે. સ્ત્રી વિધવા થાય તો વૈધવ્ય જીવન જીવવું પડતું નથી. પોતાના દિયર સાથે અથવા તો જેની સાથે તેને લગ્ન કરવા હોય તેની સાથે.લગ્ન કરી શકે છે.

અપરણિત યુવક અને છૂટાછેડા લીધેલ સ્ત્રીના લગ્ન પણ થઇ શકે છે. આવું હળપતિ આદિવાસીમાં બને છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન આ પ્રકારના લગ્ન જોવા મળ્યા છે. આ રીતે સામાજિક બાબતમાં સ્ત્રીઓ પોતાની ઇચ્છા મુજબ કાર્ય કરી શકે છે. અને જેટલા પુરૂષોને અધિકાર આપવામાં આવ્યા છે તેટલાજ સ્ત્રીઓને પણ અધિકાર આપવામાં આવ્યા છે.સ્ત્રીઓ પોતાની રીતે તહેવારો ઉજવી શકે છે. દા.ત. દિવાસાનો તહેવાર, આ તહેવાર કુંવારી છોકરી ખૂબજ ધામધૂમથી ઉજવે છે.આ તહેવારની ઉજવણીમાં ઢિંગલી અને ઢિંગલાને પરણાવે છે. અને સ્ત્રી-પુરૂષમાં લગ્નમાં જે વિધી કરવામાં આવે છે તેવીજ વિધી આ તહેવારની ઉજવણી સમયે કરવામાં આવે છે.

પોતાના દેવદેવીની પૂજામાં પણ સ્ત્રીઓને સાથે રાખી પૂજા કરવામાં આવે છે. સામાજિક દરજ્જા સાથે આર્થિક દરજ્જો પણ આપેલ છે. કુવારી કે લગ્ન કરેલ સ્ત્રી મજૂરી કરવા જાય અને જે પૈસા મળે તે પોતાની પાસે રાખી શકે છે. આ પૈસામાંથી પોતાની ઇચ્છા મુજબ ખર્ચ કરે છે. અલબત ઘરવપરાશમાં પૈસાની જરૂર હોય તો તેમાં પણ પૈસા વાપરે છે.

જે સમાજ જ્ઞાતિનું વિકાસ લક્ષી આયોજન બનાવવાનું હોય તે સમાજમાં સ્ત્રીઓનો દરજ્જો કેવો છે તે જાણી આયોજન બનાવવામાં આવે તો આ આયોજન વધુ અસરકારક બનાવી શકાય. દા.ત. સ્ત્રીઓને રોજગારીની તકો વધુ આપી તેની આર્થિક પરિસ્થિતી સુધારી તેના દ્વારા તે કુટુંબ અને સમાજનો વિકાસ કરી શકાય છે. સ્ત્રીઓને સામાજિક સુધારણા માટે નું જ્ઞાન આપી તે દ્વારા સમાજનું નવઘડતર કરી શકાય છે.

<u>પંચ</u>[1] :

ગુજરાતના આદિવાસી જાતિઓના સામાજિક સંગઠનને ટકાવનાર જે કેટલાક પરિબળો છે તેમાં જાતિપંચ પણ એક અગત્યનું પરિબળ છે. જાતિપંચ દ્વારા સમાજના નીતિનિયમોનું પાલન, અને આ નીતિનિયમોનું ઉલ્લંઘન કરેતો તેને દંડ આપવો સામાજિક બહિષ્કાર પણ કરવામાં આવે છે. આ રીતે સમાજના સભ્યો દ્વારા

---

૧. અહીં જે આદિવાસી પંચોની જે ચર્ચા કરવામાં આવી છે તેમાં ડો.ટી.બી.નાયકનો ''ગુજરાતની જનજાતિઓમાં જાતિપંચો એક વિકાસલક્ષી તુલનાત્મક અધ્યયન''અને ગૌરીશ પંડયાનો ગુજરાત ના આદિવાસીઓમાં જાતિપંચ આ લેખોનો મુખ્ય આધાર લેવામાં આવ્યો છે.

સમાજના નીતિનિયમો-સામાજિક પરંપરાઓ સાચવવાનું કામ જ્ઞાતિ પંચ દ્વારા થાય છે.

સમાજમાં જ્ઞાતિ પંચોનું મહત્વના છે. જાતિપંચોમાં ફળિયાથી માંડી ગામ કક્ષા અને એક ગામથી વધુ ગામોના જાતિપંચો અસ્તિત્વમાં હોય છે. પોકેટના ગામમાં હળપતિ આદિવાસીની વસ્તી વધારે છે. આ ગામોમાં ફળીયાપંચ, ગામપંચ, ૩ ગામનું પંચ, અને ૧૨ ગામના પંચો, આ રીતે નીચેથી ઉપર સુધી અને આખો સમુદાય એક રીતે ગોઠવાયેલો હોય છે. જાતિ પંચો દ્વારા લગ્ન, મરણ, છૂટાછેડા, અંદરો અંદરના ઝઘડા, અનૈતિક જાતિસંબંધો વગેરે પાસાઓમાં સમાજની એકસૂત્રતા જળવાય રહે અને સમાજની પરંપરા ટકી રહે તેટલુજ નહીં પણ સમાજની વિસંવાદિતતામાં દરેક વ્યક્તિને ઓછા ખર્ચે, ટુકા સમયમાં ન્યાય મળી રહે તે જોવાનું કામ જાતિપંચોનું છે.

પોકેટના ગામોમાં આદિવાસી જાતિપંચ હજુ પણ જોવા મળે છે. પરંતુ પંચાયતિ રાજ્ય આવ્યા પછી જાતિ પંચ થોડા નબળા પડયા છે. કારણકે જાતિપંચના અમુક કામો પંચાયત હસ્તક ગયા જેમકે ગામમાં બાળલગ્ન ન થાય તે માટે જાતિપંચો આ અંગેના ધારાધોરણ બનાવતા હોય છે. પંચાયતિ રાજયમાં કાયદા દ્વારા બાળલગ્ન ન થાય તેવી જોગવાય કરવામાં આવી છે. અને જો બાળ લગ્ન કરવામાં આવે તો સરપંચ કે અન્ય કોઇ વ્યકિત તે અંગે ફરિયાદ કરે તો આ અંગે તપાસ થાય છે. આમ પરંપરાગત જાતિપંચોનું સ્થાન ગ્રામ પંચાયત અને કોર્ટે લીધુ છે.

ગ્રામ પંચાયત :

બળવંતરાય મહેતાએ પંચાયતીરાજયની ભલામણકરી અને તેનો સ્વિકાર ભારત સરકારે અને ગુજરાત રાજયમાં પણ થયો. તેથી ગ્રામપંચાયત,તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતનું હાલનું માળખું અસ્તિત્વમાં આવ્યું છે.

પોકેટના હરેક ગામમાં ગામ પંચાયત નથી ૬ ગામોમાં જૂથ ગ્રામ પંચાયત છે. બાકીના ગામોમાં સ્વતંત્ર ગામપંચાયત છે. અભ્યાસમાં પસંદ કરેલ જતપોર ગામમાં જૂથગ્રામપંચાયત છે. આ ગામની પંચાયત અને બાજુના ગંગપોર ગામની પંચાયત એક સાથે છે.

પોકેટની દરેક ગ્રામ પંચાયતમાં જેટલી બેઠક હોય તેના પ્રમાણમાં આદિવાસી-હરિજન અને સ્ત્રી અનામતની બેઠકો હોય છે. પોકેટના અમુક ગામોમાં આદિવાસીની વસ્તી વધુ હોવા છતા તે ગામના સરપંચ તરીકે બિન આદિવાસી હોય છે. દા.ત. અભ્યાસમાં પસંદ કરેલ સેઢવ ગામમાં ૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૭૬.૩૩ ટકા આદિવાસી વસ્તી હતી છતા આ ગામના સરપંચ બિન આદિવાસી છે. ગામપંચાયતના સભ્યોની ચૂંટણી માટે જે ફળીયાવાર સભ્યો ચૂંટવાના હોય તેમા જે તે ફળીયામાં જે જાતિની વસ્તી વધુ હોય તે વ્યકત ચૂંટાય આવે છે.

ગામ પંચાયતના આદિવાસી સભ્યો ઘણે ભાગે યુવાન વ્યકિત જોવા મળે છે. આવા સભ્યો આર્થિક રીતે ~~દ્રષ્ટિએ~~ અન્ય લોકો કરતા સુખી હોય તેવી વ્યકિત પંચાયતના સભ્ય કે સરપંચ થાય છે. પોકેટના ગામમાં હળપતિ જાતિની વસ્તી વધુ છે. હળપતિનો મુખ્ય

વ્યવસાય ખેતમજૂરીનો છે. ખેતમજૂર પણ ગામપંચાયતના સભ્ય હોય છે. આ ખેતમજૂર જે ઘરે ખેતીનું કામ કરતો હોય તે કુટુંબની કોઇને કોઇ વ્યકિત ભૂતકાળમાં અથવા તો વર્તમાન સમયમાં ગામ કક્ષા કે તાલુકા કક્ષામાં રાજકીય આગેવાન હોય છે. અને તેની સલાહ સૂચના થી તે આદિવાસી પંચાયતનો સભ્ય થવા તૈયાર થાય છે. આમ ન હોય તો જાતિપંચના સભ્ય કે તેના કુટુંબની નજીકની વ્યકિત ગામપંચાયતમાં સભ્ય કે સરપંચ બને છે.

પંચાયતીરાજ્ય અમલમાં આવ્યું ત્યારબાદ થોડા સમય જાતિપંચના આગેવાનોજ પંચાયત કે તાલુકાપંચાયતના સભ્ય થતા પરંતુ ધીરે ધીરે રાજકીય જાગૃતી આવવા લાગી તેથી અભ્યાસુ યુવાન ચૂંટણીમાં ઉભા રહી ને પંચાયતના સભ્યો બનવા લાગ્યા છે.

અનુસૂચિત જાતિ અને જનજાતિમાં અનુસૂચિત જાતિના લોકોમાં રાજકીય જાગૃતી વધુ આવી છે. ગામમાં હરિજનની ઓછી વસ્તી હોય છતાં ગામની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે મોટાભાગે હરિજન વ્યકિત હોય છે. આમ પોકેટના ગામોમાં આદિવાસી રાજકીય આગેવાન કરતા હરિજન નેતાઓએ તાલુકાના અન્ય રાજકીય નેતા સાથે સંપર્ક વધુ હોય છે. તેથી આદિવાસી કરતા તેમના કામો જલ્દી થાય છે.

આમ પંચાયતના કાર્ય જે નકકી થયા છે તે પ્રમાણે ના હોય છે. આમ છતા સવલત આપવામાં આદિવાસીઓના ફાળીયાને ઓછા પ્રમાણમાં સવલતો મળે છે.

આદિવાસીઓના આગેવાનો :

દરેક જાતિમાં આગેવાનો હોય છે. રાજકીય,ધાર્મિક, સામાજિક આગેવાનો આદિવાસીઓમાં હોય છે. સામાજિક આગેવાનોમાંથી જ રાજકીય આગેવાન બને છે. સમાજના આગેવાનોમાં જાતિપંચના સભ્ય હોય તે વ્યકિત ગ્રામપંચાયત માં સરપંચ કે સભ્ય બનીને તાલુકા કક્ષામાં ચૂંટાયને જાયછે.

૧૯૮૪-૯૫માં લોકસભા અને વિધાનસભાની ચૂંટણી બાદ તો ભૂતકાળમાં ગ્રામપંચાયતના કે તાલુકા પંચાયતના સભ્ય પણ ન હોય અને રાજકીય રીતે ભૂતકાળમાં નોંધપાત્ર કામ ન કર્યું હોય તેવી વ્યકિત પણ ધારાસભા કે લોકસભાની ચૂંટણીમાં જીત પ્રાપ્ત કરી તાલુકાના અને જિલ્લાના રાજકીય આગેવાનો તરીકે પ્રચલિત થતા જાય છે.

ધાર્મિક નેતાઓમાં ભૂવા ભગતને અને હિન્દુ ધર્મ પાળાત હોય અને તે ધર્મમાં જે તે વ્યકિત ધર્મના પ્રચાર,ધર્મની ફિલોસોફીની સમજણ લોકોને આપતા હોય તેવી વ્યકિત ધાર્મિક નેતા ગણાય છે. અલબત મોટાભાગની વ્યકિત ભગવા લુગડા કે સાધુ ન બન્યા હોય.સંસારમાં રહી સામાન્ય માનવી જે રીતે કામકાજ કરે તે રીતે કામ કરતી વ્યક્ત પણ જો ધર્મના પ્રચારનું કામ ગામોમાં કરતી હોય તો તેને પણ ધાર્મિક નેતા તરીકે ઓળખવામાં આવે છે.

નેતાનું કાર્ય :

ધાર્મિક નેતાનું કાર્ય :

ધાર્મિક નેતામાં ભુવા ભગત અને ધર્મના નેતા હોય છે. તેમા ભુવા ભગત ગામના લોકોની માંદગી સમયે ઇલાજ કરવાનું કામ કરે છે. આ કાર્ય ભૂવા ભગત વધુ પ્રમાણમાં કરે છે. તેમાં આદિવાસી લોકોને પરંપરાગત વિધીમાં વધુ શ્રધ્ધા છે. તેથી ભૂવા'ભગત ધાર્મિક નેતામાં આગવું

સ્થાન ધરાવે છે. ભૂવા-ભગત બે પ્રકારના હોય છે. (૧) દારૂ-માસનો ઉપયોગ કરીને પરંપરાગત વિધી કરાવે છે અને (૨) દારૂ -માંસનો ઉપયોગ કર્યા વગર પરંપરાગત વિધી કરાવે. આ ભગતને ચોખ્ખા ભગત તરીકે ઓળખાવે છે. ધાર્મિક નેતામાં ભગવા કપડા પહેરી, ઘરનો ત્યાગ કરી ધર્મનો પચાર કરનાર અને ગૃહત્યાગ કર્યા વગર કુટુંબ સાથે રહીને પોતાના ધર્મનો પ્રચાર, ભજન,પ્રાર્થના સભા કે ધાર્મિક સ્થળની મુલાકાત લેવા માટે પ્રવાસ આયોજન કરે છે. પલસાણા ગામના એક હળપતિ ~~ભાભ~~ ભાઈ ૧૯૮૫માં અમદાવાદ ખાતે સ્વામિનારાયણ ધર્મના વડા ગુણાતિતાનંદ સ્વામીનાં દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી સમયે ૬૦ દિવસ સ્વામિનારાયણ નગરમાં આ મહોત્સવમાં કામગીરી કરવા રહયા છે. આવી વ્યકિતઓ પણ જે તે વિસ્તારના ધાર્મિક નેતા ગણાય છે.

રાજકીય આગેવાનો :

રાજકીય આગેવાનો નું મહત્વનું કામ સરકારની જુદી જુદી યોજનાઓનું અમલિકરણ કરવું અને તે યોજનામાં લોકો સહભાગી થાય તેવા પ્રયાસ કરવાનું કામ મુખ્ય હોય છે. જે તે યોજનાનો લાભ આદિવાસીને મળે તે માટેનો પ્રયાસ કરવાનું કામ પણ રાજકીય આગેવાનોનું છે.

વિકાસલક્ષી કામોના વિકાસ માટે તાલુકા પંચાયત અને જિલ્લાપંચાયત,ધારાસભાઓ વગેરેમાં પ્રશ્નો ઉઠાવવા અને ગામકક્ષાના પ્રશ્નોની જાણકારી ધારાસભ્ય કે લોક સભાના સભ્યને આપવી. પોતાના વિસ્તાર માટે વિકાસ લક્ષી યોજના તૈયાર કરવામાં અને તેનો જલ્દી અમલ થાય તેવા પ્રયાસ કરવાનું કામ રાજકીય આગેવાનોનું હોય છે.

રાજકીય અને ધાર્મિક નેતાઓમાં અન્ય જ્ઞાતિના નેતાનો પ્રભાવ આદિવાસી નેતાઓ ઉપર પડે છે. અલબત તાલુકા કક્ષા કે જિલ્લા કક્ષાના આદિવાસીના રાજકીય નેતા ઉપર અન્ય જ્ઞાતિના નેતાનો પ્રભાવ કેટલો પડે છે. તે એક અભ્યાસનો પ્રશ્ન છે. ગામ કક્ષાના નેતા અને તાલુકા કક્ષા સુધીના નેતા ઉપર અન્ય જ્ઞાતિના નેતાનો પ્રભાવ દેખાય છે. અભ્યાસમાં પસંદ થયેલ એક ગામમાં ગામ પંચાયતના આદિવાસી સભ્યનો એવો આગ્રહ રહ્યો છે કે અમો (ક્ષેત્રકાર્ય કરનાર ) ગામના બિન આદિવાસી સરપંચને મળીને ગામની માહિતી ચકાસીએ. આ ગામમાં ક્ષેત્રકાર્ય કરનાર વ્યક્ત માટે ચા-પાણી નાસ્તો પણ સરપંચના ઘરેથી આદિવાસી ફળીયામાં મોકલવામાં આવેલ, આ ઉપરથી લાગે છે કે આદિવાસીના આગેવાનો ઉપર અન્ય જ્ઞાતિના રાજકીય આગેવાનો ની અસર છે. તાલુકા પંચાયતના આદિવાસી સભ્યોને મળતા પણ ખ્યાલ આવ્યો કે તેમના ઉપર અન્ય જ્ઞાતિના સભ્યોનો પ્રભાવ જોવા મળે છે. અલબત આવા નેતામાં યુવાન આદિવાસી નેતા ઓછા છે. શકય છે કે તેમના ઉપર પણ અન્ય જ્ઞાતિના નેતાનો પ્રભાવ હોય પણ પ્રથમ નજરે તે પ્રભાવ દેખાતો નથી.

બિન આદિવાસી રાજકીય નેતાઓ આદિવાસી ફળીયામાં ઓછા આવે છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન તાલુકા કક્ષાના આગેવાનો સાથે જ પોકેટના ગામની મુલાકાતે ગયા ત્યારે તાલુકાના રાજકીય આગેવાનો હળપતિ વાસ નજીકજ પાંચ-દશ મિનિટ ફળીયાના લોકો સાથે ચર્ચા કરી અન્ય કામે ગામના બિજા ફળીયામાં ચાલ્યા ગયા હતા. આ સિવાયના પોકેટના ગામમાં બિનઆદિવાસી ફળીયામાં રહેતા ગામના આગેવાનો સાથે ચર્ચા અને માહિતી એકત્ર કર્યા પછી અમો (ક્ષેત્રકાર્ય કરનાર) જયારે હળપતિ વાસમાં જવાની ઇચ્છા બતાવતા ત્યારે તે આગેવાનો કુશળતાથી ત્યાં આવવાનું ટાળતા હતા. ગામના

બિન આદિવાસી લોકો પોતાને ત્યાં મજૂરીના કામે બોલાવવા આદિવાસી ફળિયામાં જાય છે.

બિન આદિવાસી ગ્રામ પંચાયતના રાજકીય આગેવાનો જે રીતે કામ કરે છે. તે જ રીતે આદિવાસી આગેવાનો કામ કરે છે. તેથુન આદિવાસી આગેવાનોની સિધી યા આડકતરી અસર આદિવાસી આગેવાનો ઉપર પડે છે.

સહકારી મંડળી :

પલસાણા તાલુકાના ગામમાં જુદી જુદી સહકારી મંડળી કાર્ય કરે છે. અભ્યાસમાં પસંદ કરેલ પાંચ ગામમાં ફકત એક ગામમાંજ આદિવાસીની ખેતી વિષયક મંડળી કાર્ય કરે છે. પલસાણા તાલુકામાં ૧૯૮૧ અને ૧૯૮૨માં કેટલી સહકારી મંડળી છે. અને મંડળીમાં કેટલા સભાસદ છે તેની માહિતી કોઠા નં. ૩:૩માં મૂકવામાં આવી છે.

<u>કોઠા નં.૩:૩</u>

<u>પલસાણા તાલુકામાં ૧૯૮૧ અને ૧૯૮૨ની મંડળીની માહિતી</u>
<u>દર્શાવતો કોઠો :</u>

| ક્રમ | મંડળીનું નામ | ૧૯૮૦-૮૧માં મંડળીનીસંખ્યા | ૧૯૮૦-૮૧માં સભાસદસંખ્યા | ૧૯૮૧-૮૨માં મંડળીસંખ્યા | ૧૯૮૧-૮૨માં સભાસદસંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧. | ખેતિ વિષયક ધીરાણ મંડળી અને ગ્રામ સ્વરાજ | ૧૩ | ૧૩૫૯૦ | ૧૨ | ૧૩૫૩૮ |
| ૨. | ખેતિ વિષયક બિન ધીરાણ મંડળી | – | – | – | – |
| ૩. | બીન ખેતિ વિષયક ધીરાણ મંડળી | ૪ | ૮૧૦ | ૫ | ૮૭૫ |
| ૪. | પા.બીન ખેતી વિષયક બીન ધી.મંડળી | ૨ | ૮૦૬ | ૨ | ૮૧૧ |
| ૫. | જીનીંગ એન્ડ પ્રેસીંગ રૂપાંતર મંડળી | ૧ | ૧૩૪૧ | ૧ | ૧૩૪૯ |
| ૬. | વેચાણ મંડળીઓ | ૪ | ૨૧૦૬ | ૬ | ૨૧૦૧ |
| ૭. | ખાંડના કારખાના | ૧ | ૭૨૮૯ | ૧ | અપ્રા. |
| ૮. | પ્રક્રિયા કરનાર અન્ય પ્રા.મંડળી | ૧ | ૩૮૩ | ૧ | ,, |
| ૯. | દૂધ પૂરુ પાડનાર મંડળીઓ | ૨ | ૧૦૦૮ | ૨ | ૧૦૦૮ |
| ૧૦. | વાપરનારાઓનો સ્ટોર્સ | – | – | – | – |
| ૧૧. | ઔદ્યોગિક મંડળીનો અને વણકર અને અન્ય | ૩ | ૨૫૬ | – | – |
| ૧૨. | ખેતી કામીગ મંડળીઓ | ૧ | ૯૮ | ૧ | ૯૫ |
| ૧૩. | સિંચાઈ મંડળીઓ | – | – | – | – |
| ૧૪. | ગૃહનિર્માણ | ૧૨ | ૪૪૯ | ૧૩ | ૪૪૯ |
| ૧૫. | મત્સ્ય ઉદ્યોગ | ~~૧૫~~ | ~~૨૬૯૪~~ | ~~૧૧~~ | ~~૨૨૪૫~~ |
| ૧૬. | અન્ય | ૧૫ | ૨૬૯૪ | ૧૧ | ૨૨૪૫ |
| | | ૫૯ | ૩૦૮૩૦ | ૫૫ | ૨૨૫૧૬ |

કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે આદિવાસી ના વિકાસ સાથે સીધી રીતે સંકળાયેલ મંડળી ઘણી ઓછી છે. દા.ત. આ તાલુકામાં ખેત-મજૂરો વધારે છે. તો મજૂરમંડળી એક પણ નથી. દૂધ મંડળી પણ ૪૯ ગામમાં બે છે. ૧૯૮૦-૮૧ ના વર્ષમાં સૌથી વધુ ખેતી વિષયક ધીરાણ મંડળી છે. આ વર્ષમાં આ પ્રકારની ૧૩ મંડળી છે. અને ૧૯૮૧-૮૨ માં તે ઘટીને ૧૨ થઇ છે. આ વિસ્તાર માં આદિવાસી ખેડૂત ખૂબજ ઓછા છે. તેથી આ મંડળીમાં આદિવાસી સભાસદનું પ્રમાણ ઓછું છે. ૧૯૮૦-૮૧માં ગૃહનિર્માણ મંડળી ૧૨ છે.આ પ્રકારની ૧૯૮૧-૮૨માં ૧૪ મંડળી છે. ગૃહનિર્માણ મંડળીમાં આદિવાસી સભાસદનું પ્રમાણ વધુ છે. કારણકે સહકારની જુદી જુદી યોજનામાં મકાન બાંધવા માટે આ પ્રકારની મંડળી બનાવવી જરૂરી છે.

પોકેટના ગામમાં સામૂહિક વિકાસ માટે આદિવાસી અને બિનઆદિવાસીની સંયુકત મંડળી બનાવવી જોઇએ. દા.ત. મત્સ્ય ઉદ્યોગ મંડળી, હિરા ઉદ્યોગ મંડળી, ગૃહઉદ્યોગ જેવા કે પાપડ, અગરબત્તી, મીણ બત્તી, બનાવવા માટેની મંડળી. આ મંડળીમાં આદિવાસી અને બિનઆદિવાસી સભ્યોનો સમાવેશ કરી મંડળીની રચના કરવી જોઇએ. આ વિસ્તારના આદિવાસીમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે. તેથી મંડળીનો વહિવટ કરવામાં મુશ્કેલી રહે છે. આદિવાસી અને બિન આદિવાસી સભ્યોનો સમાવેશ કરી મંડળીની રચના કરવામાં આવશે તો મંડળી સંચાલન કાર્યમાં અને બિન આદિવાસી લોકો પણ ઉત્સાહથી કાર્ય કરશે પરિણામે મંડળીનો વહિવટ સારી રીતે ચાલશે. અભ્યાસમાં પસંદ કરેલ પાંચ ગામમાં દસ્તાનમાં આદિવાસી ની ખેતી વિષયક મંડળી છે. આ મંડળીના સંચાલકો આદિવાસી છે. તેમ છતાં ગામના મોટા ભાગના આદિવાસીને આ સંચાલકો

સામે ફરિયાદ છે. ગામમાં ઘણીવાર નાની નાની બાબતમાં આદિવાસી અને બિન આદિવાસી વચ્ચે ઝઘડા થાય છે. આદિવાસીના વિકાસ માટે તેમની અલગ સહકારી મંડળી જ યોગ્ય કામ કરી શકે તેવી અવધારણા અહીં મહંદઅંશે ખોટી પડતી દેખાય છે.

તાલુકામાં એક એવી ધિરાણ મંડળી શરૂ કરવી જોઇએ કેતદરેક પ્રકારનું ધિરાણ કરે. આમા આદિવાસી અને બિનઆદિવાસી ને સભ્ય બનાવવા જોઇએ. આદિવાસી ને સભ્ય બનાવવા શેરની રકમમાં રાહત આપવી જોઇએ. આ મંડળીમાં ધિરાણ આપવા નાણા જે તે વિસ્તારની લીડ બેંક અથવા સરકાર આપે આવી મંડળી રચવામાં આવશે તો અમુક વ્યવસાયો સહકારી ધોરણે સારા ચાલશે. દા.ત. હિરા ઘસવાનો વ્યવસાય.

આર્થિક પરિસ્થિતિ સુધારવા માટે સહકારી મંડળી મદદરૂપ થાય છે. તેમા આદિવાસીની આર્થિક પરિસ્થિતી સુધારવા મદદરૂપ થાય તે પ્રકારની મંડળીઓ પલસાણા તાલુકામાં ઓછી છે. ઉપરોકત કોઠાના આંકડા ઉપરથી લાગે છે કે આ તાલુકાનું સહકારી માળખું અપૂરતું છે.

પોકેટના એક પણ ગામમાં સમાજસેવા સ્વૈચ્છિક સંસ્થા ગ્રામ્ય વિકાસ કે આદિવાસી વિકાસનું કાર્ય કરતી નથી.

મંડળી :

અભ્યાસના પાંચ ગામમાં જ્ઞાતિમંડળ, ભજનમંડળ યુવક મંડળ શુ કાર્ય કરે છે. મજૂર સંગઠન, ખેડૂત મંડળ કે મહિલા મંડળ અભ્યાસના એક પણ ગામમાં નથી. જ્ઞાતિના મંડળમાં જે તે જ્ઞાતિની વ્યકિત સભ્ય બની શકે છે. યુવક મંડળમાં ગામનો કોઇ પણ યુવક બની શકે છે. ફળીયાના મંડળમાં ફળીયામાં રહેતી વ્યકિત તેનો સભ્ય બની શકે છે.

આદિવાસી યુવક મંડળમાં ફકત આદિવાસી યુવકો જ કામ કરે છે. ગામમાં જુદી જુદી જાતીના આદિવાસી રહેતા હોય તો તેના અલગ અલગ મંડળ હોય છે. દા.ત. હળપતિ યુવક મંડળ, નાયકા જાતિ યુવક મંડળ અભ્યાસના પાંચ ગામમાં બિન આદિવાસી અને આદિવાસીઓનું સંયકુત મંડળ એક પણ ગામમાં જોવા મળ્યું નથી.

યુવક મંડળના કાર્યમાં નવરાત્રીમાં, ગરબા, સત્યનારાયણની કથા અને પૈસા એકત્ર કરવા માટે ઇનામી ટીકીટનું વેચાણ કરી ઇનામ વિતરણનો મેળાવડો યોજવો, ગામમાં ભજનના કાર્યક્રમો પણ રાખે છે.

ફળિયાના મંડળો મોટા ભાગે આદિવાસીઓની વસ્તી જે ગામમાં વધુ છે તેવા ગામોમાં ફળિયા મંડળ વધારે છે. ફળિયા મંડળ નાણા ધીરવાનું કામ પણ કરે છે. ધીરેલા નાણા ઉપર જે વ્યાજ આવે તેમાંથી વાસણો ખરીદવામાં આવે છે. આ વાસણનો ઉપયોગ ફળીયાના લોકોને ત્યાં લગ્ન કે મૃત્યુ પ્રસંગે ભોજન બનાવવા માટે કરવામાં આવે છે. ઘણા ફળીયા મંડળમાં નાણા ધીરવામાં આવતા નથી. પરંતુ જુદા જુદા ધાર્મિક ઉત્સવોની ક્રિયા સમયે ભેગા થયેલ પૈસામાં વાસણની ખરીદી કરવામાં આવે છે.

ભજન મંડળ :

સમાજ કલ્યાણની જુદી જુદી યોજનામાં જે તે સમાજ માં પ્રચલિત ભજનો-ગીત-વગેરે પારંપરાગત સંસ્કૃતિ ટકી રહે તે માટે ભજન મંડળીને આર્થિક સહાય આપવામાં આવે છે. ખાસ કરીને આદિવાસી અને હરિજન લોકોને સંગીતના સાધનો ખરીદવા માટે સહાય આપવામાં આવે છે. જે

ગામમાં હળપતિની વધારે વસ્તી છે. તે ગામોમાં શ્રાવણ માસમાં ભજનનાં કાર્યક્રમો ચાલે છે. ભજન રાત્રે કરવામાં આવેછે. ગોકુળ આઠમને દિવસે ખાસ ભજન રાખવામાં આવે છે. ગણેશ ચોથનો ઉત્સવમાં પણ રાત્રે ગણેશજી પાસે ભજન કરવામાં આવે છે. જે દિવસે વૃધ્ધ માણસ મરી જાય તે દિવસે પણ ભજનનો કાર્યક્રમ રાખવામાં આવે છે. આવા પ્રસંગે બે-ત્રણ દિવસ ભજનનો કાર્યક્રમ ચાલે છે. અભ્યાસના ગામોમાં આદિવાસીના ભજન મંડળ વધારે પ્રમાણમાં છે. તેની સરખામણીમાં યુવક મંડળ ઓછા છે.

સમાજના આ પ્રકારના સંગઠનને વિકાસના કામોમાં સાંકળવા જોઇએ તો સમાજનો વિકાસ જલ્દી થાય. દા.ત. ફળિયાનું મંડળ જે ધીરાણ કરે છે તે પરત થાય છે. તેથી નવું ધીરાણ કરવામાં મુશ્કેલી ઓછી રહે છે. ભજન મંડળનો ઉપયોગ સમાજ નવી દિશામાં આગળ વધે તે પ્રકારના કાર્યમાં પણ કરી શકાય દા.ત. દારૂ છોડાવવાનું કામ ભજન મંડળ દ્વારા સારી રીતે થઇ શકે તેમ છે. તે જ રીતે ભૂવા-ભગત કરતા દવાખાનામાં સારવાર લેવાની જાગૃતિ પણ આવા મંડળો આપી શકે તેમ છે. ગામમાં શોષખાડા, જાજરૂ, જમીન સરખી કરવી. ગામના રોડ સરખા કરવા વગેરે સામુહિક વિકાસના કાર્ય માટે યુવક મંડળના સભ્યોનો ઉપયોગ કરવો જોઇએ. આ માટે યુવક વિકાસ સંસ્થા દ્વારા આદિવાસી વિસ્તારમાં બિન આદિવાસી યુવકોની શિબિર કરવી જોઇએ. આ શિબિરમાં બૌધ્ધિક ચર્ચા સાથે. શારીરિક શ્રમને પણ મહત્વ આપવું જોઇએ. આમ થશે તો સામુહિક વિકાસનાં કામમાં ગતિ આવશે.

<u>શિક્ષણ</u> :

ભારત દેશના ઘડતરમાં અને વિકાસમાં શિક્ષણ એ અગત્યનું પરિબળ છે. ભારત દેશ જયારે ગુલામ હતો ત્યારે દેશના જુદા જુદા નેતાઓએ કેળવણી લઇને દેશને

અંગ્રેજ સરકારની પકડમાંથી મુકત કરવામાં પોતાનો ફાળો આપ્યો છે. આવા નેતાઓએ ઉચ્ચ પ્રકારની કેળવણી લઇને સાહિત્ય દ્વારા, વિવેચન કરીને દેશના પ્રશ્નો અન્ય દેશના લોકોને સમજાવવાનો પ્રયાસ કર્યો છે. અને આ પ્રયાસોથી આઝાદીની લડાઇમાં વિદેશી લોકોએ વિચારીક ભૂમિકાને વધુ મજબૂત કરવામાં પોતાનો ફાળો આપ્યો હતો.

બિનઆદિવાસી, આદિવાસી અને હરિજન સમાજમાં આજે જે પરિવર્તન થયેલુ છે અને થઇ રહયું છે તેમાં શિક્ષણે મહત્વનો ભાગ ભજવ્યો છે.

આદિવાસી વિસ્તારના ગામોમાં આઝાદી પહેલા શિક્ષણની સવલત ખૂબજ ઓછા પ્રમાણમાં હતી અને જયાં હતી ત્યાં આ સમાજના બાળકો અભ્યાસ કરવા ઓછા જતા. કારણ કે પોતાની આર્થિક પરિસ્થિતિ અને અન્ય સમાજના લોકો આદિવાસી લોકો શિક્ષણ લઇને આગળ આવે તેમ ઇચ્છતા ન હતા. તેથી ગામમાં શાળા હોવા છતા આદિવાસી લોકોને શિક્ષણ લેવાની પ્રેરણા મહદ અંશે થઇ શકી નહીં. આદિવાસી સમાજ ઉપર શાળા, સંચાલકો કે ગામના ભણેલા વર્ગની અસર થઇ નહીં. આ સમાજના બાળકો અને વાલીઓનું શિક્ષણ તરફનું વલણ પ્રતિકૂળ હતું. જેની અસર વર્તમાન સમયમાં પણ દેખાય છે. દા.ત. પોકેટના ગામમાં હળપતિ આદિવાસી લોકો ધોડિયા, ચૌધરી જાતિ કરતા શિક્ષણમાં પાછળ છે.

આઝાદીબાદ ગામડાના લોકોમાં શિક્ષણ વધે તે માટે સરકાર પ્રયાસ કરી રહી છે. વિકાસશીલ સમાજના લોકો ને શિક્ષણમાં વધુ સુવિધા આપીને તેઓને અન્ય સમાજની હરોળમાં લાવવા નો પ્રયાસ થઇ રહયો છે.

આ તાલુકામાં જેટલી વસ્તી વધે છે તેના પ્રમાણમાં અક્ષરજ્ઞાન ધરાવનાર વ્યકિતની સંખ્યા વધતી નથી. આ તાલુકામાં ૧૯૧૧માં સેંકડે ૭ લોકો કેળવણી લીધેલ હતા. ૧૯૮૧માં ૪૦.૩૮ ટકા લોકો અક્ષરજ્ઞાન પ્રાપ્ત કર્યું છે. છેલ્લા ૭૦ વર્ષમાં ૩૩.૩૮ ટકા અક્ષરજ્ઞાન ધરાવનાર સંખ્યામાં વધારો થયો છે. આ ૭૦ વર્ષમાં વસ્તીમાં ૨૦૪.૬૨ ટકાનો વધારો થયો છે. આ ઉપરથી કહી શકાય છે કે અક્ષરજ્ઞાન ધરાવનાર વસ્તીની સંખ્યા વસ્તી વધારાની સરખામણીમાં ઘણી ધીમી છે. આ તાલુકામાં છેલ્લા દશકામાં ૪૭.૯૬ટકા અક્ષરજ્ઞાન ધરાવનાર વસ્તીમાં વધારો થયો છે. હકીકતમાં જોવા જઇએ તો શિક્ષણમાં આટલો વધારો થયો નથી. ૧૯૭૧માં ૩૮.૯૫ ટકા લોકો કુલ વસ્તીમાં અક્ષરજ્ઞાન ~~પ્રાપ્ત~~ ધરાવનાર છે. ૧૯૮૧માં ૪૦.૩૮ ટકા કુલ વસ્તીમાં અક્ષરજ્ઞાન ધરાવનાર છે. આ દશકામાં કુલ આ તાલુકામાં કુલ વસ્તીમાં અક્ષરજ્ઞાન ધરાવનાર વસ્તીમાં ૧.૪૩ ટકાનો વધારો થયો છે. આ દશકામાં આ તાલુકાની વસ્તીમાં ૪૨.૭૦ ટકાનો વધારો થયો છે. આના ઉપરથી કહી શકાય છે કે આ તાલુકામાં અક્ષરજ્ઞાન ધરાવનાર સંખ્યામાં વધારો ખૂબજ ધીમી ગતીનો છે.

તાલુકામાં કેટલી શાળા કયા ધોરણની છે :

આ તાલુકામાં ઓગસ્ટ ૧૯૮૫ સુધીમાં ૪૭ શાળા ૪૫ ગામમાં છે. ચાર ગામમાં પ્રાથમિક શાળાની સવલત નથી. જે ૪૫ શાળા છે તેમાં કેટલા ધોરણમાં કેટલી શાળા છે તેની માહિતી કોઠા ૩:૪માં મૂકવામાં આવી છે.

### કોઠા નં. ૩:૪

### પલસાણા તાલુકામાં ઓગષ્ટ ૧૯૮૫ સુધીમાં

### ધોરણવાર શાળાની સંખ્યા

| ક્રમ | ધોરણ | શાળાની સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ૧ થી ૨ | ૩ | ૬.૩૮ |
| ૨. | ૧ થી ૩ | ૫ | ૧૦.૬૪ |
| ૩. | ૧ થી ૪ | ૨૨ | ૪૬.૮૧ |
| ૪. | ૧ થી ૫ | ૩ | ૬.૩૮ |
| ૫. | ૧ થી ૬ | ૧ | ૨.૧૩ |
| ૬. | ૧ થી ૭ | ૧૩ | ૨૭.૬૬ |
| | | ૪૭ | ૧૦૦.૦૦ |

ઉપરના કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૪૭ શાળામાંથી ૩૦(૬૨.૮૩)શાળાઓમાં ૧ થી ૪ ધોરણની છે. અભ્યાસમાં પસંદ કરેલ પાંચ ગામમાંથી સેઢવ,અને જતપોરમાં ૧ થી ૨ ધોરણની શાળા છે. ૧ થી ૪ ધોરણની શાળા દસ્તાન અને બારસડી ગામમાં છે. અંભેટી એક જ ગામમાં ૧ થી ૭ ધોરણની શાળા છે. ૪૫ ગામમાં પ્રાથમિક શાળા છે. છતા તેમાંથી ૬૦ ટકા ઉપરના ગામોમાંનો ૧ થી ૪ ધોરણનીજ શાળા છે. આગળ અભ્યાસ માટે આ તાલુકાના મોટા ભાગના લોકોને ખૂબજ મુશ્કેલી પડે છે.

**શાળામાં કેટલા શિક્ષકો છે તેની માહિતી :**

૪૫ શાળામાં ૮૯૮૨ વિદ્યાર્થી અભ્યાસ કરે છે. આ બાળકોને શિક્ષણ આપવાનું કામ ૨૩૫ શિક્ષક કરે છે. એક શિક્ષક પાસે ૩૮ વિદ્યાર્થી અભ્યાસ કરે છે. ~~વિદ્યાની~~ વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧૧ શિક્ષકો ઓછા છે. ૭ શાળામાં વિદ્યાર્થીના

પ્રમાણમાં શિક્ષકો વધારે છે. અ ળામાં જોઇતા
શિક્ષકો કરતા ઓછા શિક્ષકો છે ના પાંચ
ગામમાં દસ્તાન ગામમાં જોઇતા રતા એક
શિક્ષકની ઘટ છે. જતપોર ગામમાં જે શિક્ષકો
કરતા એક શિક્ષક વધુ છે. આ ઉપરથી આવે છે
કે આ તાલુકામાં ધોરણવાર શાળા કરતે ોઇતા
પ્રમાણમાં શિક્ષકો પણ ઓછા છે. અને જે છે. વિભાગી-
કરણ પણ બરોબર નથી. ૧૮ ગામની શાળામાં જોઇતા
શિક્ષક કરતા ઓછા શિક્ષક છે.

અમલસાડી ગામમાં એક આશ્રમ શાળા છે.ઉત્તર
બુનિયાદી આશ્રમ શાળા પણ કારેલી ગામે છે.માધ્યમિક
શાળા વડદલા, પાટડીયાતા, એના અને ચલથાણ ગામમાં
છે. આ ગામોમાં ૧૦ ધોરણ સુધી અભ્યાસ કરવાની
સવલત છે. માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળા
પલસાણા, ગંગાધરા, અને અમલસાડી ગામો છે.આ
ગામોમાં ૧૨ ધોરણ સુધી અભ્યાસ કરવાની સવલત છે.
આ તાલુકાના વિદ્યાર્થીને ૧૨ ધોરણથી આગળ અભ્યાસ
કરવા બારડોલી, નવસારી, સુરત જવું પડે છે.

અભ્યાસના પાંચ ગામમાં કેટલા બાળકો કઇ જાતિ
ના અભ્યાસ કરે છે તેની વિગત કોઠા નં. ૩:૫માં મૂકવામાં
આવી છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે પાંચ ગામમાં
૬૦૦ બાળકો અભ્યાસ કરે છે.તેમાં ૩૨૭(૫૪.૫૦)કુમારો
અને ૨૭૩(૪૫.૫૦)કન્યાઓ છે. જાતિવાર જોઇએ તો
૩૨૭ કુમારમાં ૮૩(૨૫.૩૮) બિનપછાત, ૧૩(૩.૯૮)
અનુસૂચિત જાતિના,૨૩૧(૭૦.૬૪) અનુસૂચિત જનજાતિના
કુમારો અભ્યાસ કરે છે. ૨૭૩ કન્યામાં ૮૩(૩૦.૪૦)
બિનપછાત, ૧૭(૬.૨૩) અનુસૂચિતજાતિ,૧૭૩(૬૩.૩૭)
અનુસૂચિત જનજાતિની કન્યાઓ અભ્યાસ કરે છે.

જે વિદ્યાર્થી અભ્યાસ કરે છે. તેમાં કયા ધોરણમાં કેટલા વિદ્યાર્થી અભ્યાસ કરે છે તેની વિગત નીચેના કોઠામાં મૂકવામાં આવી છે.

**કોઠા નં. ૩:૫**

**અભ્યાસમાં પસંદ કરેલ પાંચ ગામની શાળામાં ઓગષ્ટ-૧૯૮૫માં કયા ધોરણમાં કેટલા વિદ્યાર્થી અભ્યાસ કરે છે તેની વિગત દર્શાવતો કોઠો.**

| | કુમાર | ટકા | કન્યા | ટકા | કુલ | ટકા |
|---|---|---|---|---|---|---|
| ધો.૧ | ૧૦૯ | ૩૩.૩૩ | ૧૦૬ | ૩૮.૮૩ | ૨૧૫ | ૩૫.૮૩ |
| ધો.૨ | ૯૬ | ૨૯.૩૬ | ૫૩ | ૧૯.૪૨ | ૧૪૯ | ૨૪.૮૩ |
| ધો.૩ | ૫૩ | ૧૬.૨૧ | ૪૬ | ૧૬.૮૫ | ૯૯ | ૧૬.૫૦ |
| ધો.૪ | ૩૬ | ૧૧.૦૧ | ૪૩ | ૧૫.૭૫ | ૭૯ | ૧૩.૧૭ |
| ધો.૫ | ૮ | ૨.૪૫ | ૧૧ | ૪.૦૩ | ૧૯ | ૩.૧૭ |
| ધો.૬ | ૧૪ | ૪.૨૮ | ૭ | ૨.૫૬ | ૨૧ | ૩.૫૦ |
| ધો.૭ | ૧૧ | ૩.૩૬ | ૭ | ૨.૫૬ | ૧૮ | ૩.૦૦ |
| કુલ | ૩૨૭ | (૧૦૦.૦૦) | ૨૭૩ | (૧૦૦.૦) | ૬૦૦ | (૧૦૦.૦ |

ઉપરના કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે જે વિદ્યાર્થી અભ્યાસ કરે છે તેમાં મોટા ભાગના વિદ્યાર્થી ૧ થી ૪ ધોરણમાં અભ્યાસ કરે છે. ધોરણ પહેલામાં ૨૧૫(૩૫.૮૩) ધોરણ બીજામાં ૧૪૯(૨૪.૮૩) વિદ્યાર્થી અભ્યાસ કરે છે. કુલ અભ્યાસ કરતા વિદ્યાર્થીમાં ૩૬૪(૬૦.૬૬) વિદ્યાર્થીઓના પહેલા અને બીજામાં અભ્યાસ કરે છે. ૩ થી ૭ ધોરણમાં ૨૩૬(૩૯.૩૪) વિદ્યાર્થી અભ્યાસ કરે છે.

## કોઠા નં. ૩:૬

### અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબના સભ્યોનું શિક્ષણ દર્શાવતો કોઠો

| ક્રમ | | જાતિ | કુટુંબ સંખ્યા | અભણ પુ. | અભણ સ્ત્રી | પ્રાથમિક પુ. | પ્રાથમિક સ્ત્રી | માધ્યમિક પુ. | માધ્યમિક સ્ત્રી | ઉ. માધ્યમિક પુ. | ઉ. માધ્યમિક સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | જમીન વાળા | હળપતિ | ૭ | ૧૬<br>૬૯.૫૬ | ૧૬<br>૮૪.૨૧ | ૭<br>૩૦.૪૪ | ૩<br>૧૫.૭૯ | – | – | – | – |
| ૨. | જમીન વગરના | હળપતિ | ૮૦ | ૬૬૬<br>૭૬.૮૬ | ૧૫૯<br>૮૧.૬૬ | ૩૫<br>૧૬.૨૦ | ૩૧<br>૧૫.૯૮ | ૧૩<br>૬.૦૨ | ૪<br>૨.૦૬ | ૧<br>૦.૪૬ | – |
| ૩. | ,, | ચૌધરી | ૯ | ૧૦<br>૪૦.૦૦ | ૧૫<br>૮૩.૩૩ | ૧૩<br>૫૨.૦૦ | ૩<br>૧૬.૬૭ | ૨<br>૮.૦૦ | – | – | – |
| ૪. | ,, | નાયકા | ૪ | ૭<br>૬૩.૬૪ | ૧૧<br>૮૪.૬૨ | ૩<br>૨૭.૨૭ | – | ૧<br>૯.૦૯ | ૨<br>૧૫.૩૮ | – | – |
| ૫. | ,, | કુલ | ૯૩ | ૧૮૩<br>૭૨.૬૧ | ૧૮૫<br>૮૨.૨૨ | ૫૧<br>૨૦.૨૪ | ૩૪<br>૧૫.૧૧ | ૧૬<br>૬.૩૫ | ૬<br>૨.૬૭ | ૧<br>૦.૪૦ | – |
| | | કુલ | ૧૦૦ | ૧૯૯<br>૭૨.૩૭ | ૨૦૧<br>૮૨.૩૮ | ૫૮<br>૨૧.૦૯ | ૩૭<br>૧૫.૧૬ | ૧૬<br>૫.૮૨ | ૬<br>૨.૪૬ | ૧<br>૦.૩૬ | – |

પ્રમાણમાં શિક્ષકો વધારે છે. અને ૧૮ શાળામાં જોઇતા શિક્ષકો કરતા ઓછા શિક્ષકો છે. અભ્યાસના પાંચ ગામમાં દસ્તાન ગામમાં જોઇતા શિક્ષક કરતા એક શિક્ષકની ઘટ છે. જતપોર ગામમાં જોઇતા શિક્ષકો કરતા એક શિક્ષક વધુ છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે આ તાલુકામાં ધોરણવાર શાળા કરતા જોઇતા પ્રમાણમાં શિક્ષકો પણ ઓછા છે. અને જે છે તેનું વિભાગી-કરણ પણ બરોબર નથી. ૧૮ ગામની શાળામાંતો જોઇતા શિક્ષક કરતા ઓછા શિક્ષક છે.

અમલસાડી ગામમાં એક આશ્રમ શાળા છે. ઉત્તર બુનિયાદી આશ્રમ શાળા પણ કારેલી ગામે છે. માધ્યમિક શાળા વડદલા, પાટડીયાતા, એના અને ચલથાણ ગામમાં છે. આ ગામોમાં ૧૦ ધોરણ સુધી અભ્યાસ કરવાની સવલત છે. માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળા પલસાણા, ગંગાધરા, અને અમલસાડી ગામો છે. આ ગામોમાં ૧૨ ધોરણ સુધી અભ્યાસ કરવાની સવલત છે. આ તાલુકાના વિદ્યાર્થીને ૧૨ ધોરણથી આગળ અભ્યાસ કરવા બારડોલી, નવસારી, સુરત જવું પડે છે.

અભ્યાસના પાંચ ગામમાં કેટલા બાળકો કઇ જાતિના અભ્યાસ કરે છે તેની વિગત કોઠા નં. ૩:૫માં મૂકવામાં આવી છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે પાંચ ગામમાં ૬૦૦ બાળકો અભ્યાસ કરે છે. તેમાં ૩૨૭(૫૪.૫૦)કુમારો અને ૨૭૩(૪૫.૫૦)કન્યાઓ છે. જાતિવાર જોઇએ તો ૩૨૭ કુમારમાં ૮૩(૨૫.૩૮) બિનપછાત, ૧૩(૩.૯૮) અનુસૂચિત જાતિના, ૨૩૧(૭૦.૬૪) અનુસૂચિત જનજાતિના કુમારો અભ્યાસ કરે છે. ૨૭૩ કન્યામાં ૮૩(૩૦.૪૦) બિનપછાત, ૧૭(૬.૨૩) અનુસૂચિતજાતિ, ૧૭૩(૬૩.૩૭) અનુસૂચિત જનજાતિની કન્યાઓ અભ્યાસ કરે છે.

જે વિદ્યાર્થી અભ્યાસ કરે છે. તેમાં કયા ધોરણમાં કેટલા વિદ્યાર્થી અભ્યાસ કરે છે તેની વિગત નીચેના કોઠામાં મૂકવામાં આવી છે.

**કોઠા નં. ૩:૫**

**અભ્યાસમાં પસંદ કરેલ પાંચ ગામની શાળામાં ઓગષ્ટ-૧૯૮૫માં કયા ધોરણમાં કેટલા વિદ્યાર્થી અભ્યાસ કરે છે તેની વિગત દર્શાવતો કોઠો.**

| | કુમાર | ટકા | કન્યા | ટકા | કુલ | ટકા |
|---|---|---|---|---|---|---|
| ધો. ૧ | ૧૦૯ | ૩૩.૩૩ | ૧૦૬ | ૩૮.૮૩ | ૨૧૫ | ૩૫.૮૩ |
| ધો. ૨ | ૯૬ | ૨૯.૩૬ | ૫૩ | ૧૯.૪૨ | ૧૪૯ | ૨૪.૮૩ |
| ધો. ૩ | ૫૩ | ૧૬.૨૧ | ૪૬ | ૧૬.૮૫ | ૯૯ | ૧૬.૫૦ |
| ધો. ૪ | ૩૬ | ૧૧.૦૧ | ૪૩ | ૧૫.૭૫ | ૭૯ | ૧૩.૧૭ |
| ધો. ૫ | ૮ | ૨.૪૫ | ૧૧ | ૪.૦૩ | ૧૯ | ૩.૧૭ |
| ધો. ૬ | ૧૪ | ૪.૨૮ | ૭ | ૨.૫૬ | ૨૧ | ૩.૫૦ |
| ધો. ૭ | ૧૧ | ૩.૩૬ | ૭ | ૨.૫૬ | ૧૮ | ૩.૦૦ |
| કુલ | ૩૨૭ | (૧૦૦.૦૦) | ૨૭૩ | (૧૦૦.૦) | ૬૦૦ | (૧૦૦.૦) |

ઉપરના કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે જે વિદ્યાર્થી અભ્યાસ કરે છે તેમાં મોટા ભાગના વિદ્યાર્થી ૧ થી ૪ ધોરણમાં અભ્યાસ કરે છે. ધોરણ પહેલામાં ૨૧૫(૩૫.૮૩) ધોરણ બીજામાં ૧૪૯(૨૪.૮૩) વિદ્યાર્થી અભ્યાસ કરે છે. કુલ અભ્યાસ કરતા વિદ્યાર્થીમાં ૩૬૪(૬૦.૬૬) વિદ્યાર્થીઓનો પહેલા અને બીજામાં અભ્યાસ કરે છે. ૩ થી ૭ ધોરણમાં ૨૩૬(૩૯.૩૪) વિદ્યાર્થી અભ્યાસ કરે છે.

## કોઠા નં. ૩:૬

### અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબના સભ્યોનું શિક્ષણ દર્શાવતો કોઠો

| ક્રમ | | જાતિ | કુટુંબ સંખ્યા | અભણ | | પ્રાથમિક | | માધ્યમિક | | ઉ. માધ્યમિક | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૧. | જમીન વાળા | હળપતિ | ૭ | ૧૬<br>૬૯.૫૬ | ૧૬<br>૮૪.૨૧ | ૭<br>૩૦.૪૪ | ૩<br>૧૫.૭૯ | – | – | – | – |
| ૨. | જમીન વગરના | હળપતિ | ૮૦ | ૧૬૬<br>૭૬.૮૬ | ૧૫૯<br>૮૧.૯૬ | ૩૫<br>૧૬.૨૦ | ૩૧<br>૧૫.૯૮ | ૧૩<br>૬.૦૨ | ૪<br>૨.૦૬ | ૧<br>૦.૪૬ | – |
| ૩. | ,, | ચૌધરી | ૯ | ૧૦<br>૪૦.૦૦ | ૧૫<br>૮૩.૩૩ | ૧૩<br>૫૨.૦૦ | ૩<br>૧૬.૬૭ | ૨<br>૮.૦૦ | – | – | – |
| ૪. | ,, | નાયકા | ૪ | ૭<br>૬૩.૬૪ | ૧૧<br>૮૪.૬૨ | ૩<br>૨૭.૨૭ | – | ૧<br>૯.૦૯ | ૨<br>૧૫.૩૮ | – | – |
| ૫. | ,, | કુલ | ૯૩ | ૧૮૩<br>૭૨.૬૧ | ૧૮૫<br>૮૨.૨૨ | ૫૧<br>૨૦.૨૪ | ૩૪<br>૧૫.૧૧ | ૧૬<br>૬.૩૫ | ૬<br>૨.૬૭ | ૧<br>૦.૪૦ | – |
| | | કુલ | ૧૦૦ | ૧૯૯<br>૭૨.૩૭ | ૨૦૧<br>૮૨.૩૮ | ૫૮<br>૨૧.૦૯ | ૩૭<br>૧૫.૧૬ | ૧૬<br>૫.૮૨ | ૬<br>૨.૪૬ | ૧<br>૦.૩૬ | – |

(૧૧૮)



| ઉચ્ચ શિક્ષણ | | ટેકનીકલ શિક્ષણ | | કુલ | |
|---|---|---|---|---|---|
| પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| - | - | - | - | ૨૩<br>૧૦૦.૦૦ | ૧૯ |
| ૧<br>૦.૪૬ | - | - | - | ૨૧૬<br>૧૦૦.૦૦ | ૧૯૪<br>૧૦૦.૦૦ |
| - | - | - | - | ૨૫<br>૧૦૦.૦૦ | ૧૮<br>૧૦૦.૦૦ |
| - | - | - | - | ૧૧<br>૧૦૦૭૦૦ | ૧૩<br>૧૦૦.૦૦ |
| ૧<br>૦.૪૦ | - | - | - | ૨૫૨<br>૧૦૦.૦૦ | ૨૨૫<br>૧૦૦.૦૦ |
| ૧<br>૦.૩૬ | - | - | - | ૨૭૫<br>૧૦૦.૦૦ | ૨૪૪<br>૧૦૦.૦૦ |

અભ્યાસમાં પસંદ કરેલ ૧૦૦ કુટુંબના ૫૧૯ સભ્યમાં ૩૦૦(૭૭.૦૭) સભ્યો અભણ છે. તેમાં ૧૯૯(૭૨.૩૭) મ પુરૂષો અને ૨૦૧(૮૨.૩૮)સ્ત્રીઓ અભણ છે. જે પુરૂષો ભણેલા છે તેમાં ૫૮(૨૧.૦૯) પ્રાથમિક કક્ષા સુધી,૧૬ (૫.૮૨) માધ્યમિક કક્ષા સુધી ૧(૦.૩૬) માધ્યમિક અને ૧(૦.૬૬) ઉચ્ચ માધ્યમિક કક્ષા સુધી અભ્યાસ કર્યો છે.સ્ત્રીઓમાં ૩૭(૧૫.૧૬) પ્રાથમિક ૬(૨.૪૬) માધ્યમિક કક્ષા સુધી અભ્યાસ કર્યો છે. અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબોમાં મોટા ભાગના લોકો પ્રાથમિક કક્ષા સુધી જ અભ્યાસ કર્યો છે.

જાતિવાર શિક્ષણની માહિતી કોઠા ૩:૬માં મૂકવા માં આવી છે. હળપતિમાં શિક્ષણ ઘણું ઓછુ છે. તેનો ખ્યાલ ૧૯૭૧માં હળપતિમાં કેટલું શિક્ષણ છે તેના ઉપરથી અને અભ્યાસમાં પસંદ કરેલ હળપતિ કુટુંબમાં કેટલું શિક્ષણ છે તેના ઉપરથી ખ્યાલ આવે છે કે આ જાતિમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે. સ્ત્રી શિક્ષણ તો ઘણું ઓછું છે. અભ્યાસમાં પસંદ કરેલ ૧૦૦ કુટુંબમાં એક પણ સ્ત્રી માધ્યમિક કક્ષાથી વધુ અભ્યાસ કરેલી નથી.

૭મી પંચવર્ષીય યોજનામાં આદિવાસી અને ખાસ કરીને સ્ત્રી શિક્ષણમાં વધારો થાય તેવા પ્રયાસ કરવા જોઇએ. આદિવાસીમાં હળપતિઓમાં શિક્ષણ વધારવાના પ્રયાસ કરવા જોઇએ.

----

# પ્રકરણ - ૪

# લઘુ વિસ્તારની અર્થવ્યવસ્થા

## પ્રકરણ - ૪

### લઘુ વિસ્તારની અર્થવ્યવસ્થા.

પલસાણા તાલુકામાં વસતા આદિવાસીના વિકાસ માટે આદિવાસી પેટા યોજનામાં સમાવેશ ન કરતા આ વિસ્તારને લઘુ વિસ્તાર તરીકે ગણવામાં આવ્યો છે. આ તાલુકાના ૪૯ ગામો છે. આ ગામોમાંથી અભ્યાસમાં પાંચ ગામોનો સમાવેશ કર્યો છે.

આ તાલુકાના ગામોની સરહદે ચોર્યાસી તાલુકો, અને બારડોલી તાલુકાના ગામો આવેલા છે. અભ્યાસમાં પસંદ થયેલ સેઢવ ગામના યુવાનો રોજગારી માટે ઉધના-સુરત ઔદ્યોગીક એકમમાં જાય છે. બારડોલી શહેરની નજીકમાં અભ્યાસમાં પસંદ થયેલ ગામ જેવાકે દાસ્તાન, જતપોરના યુવાનો આ ગામની નજીક આવેલ પેપરમીલ,સુગરમીલમાં અને અન્ય ઔદ્યોગીક એકમમાં કામ માટે જાય છે. ઔદ્યોગીક એકમમાં આદિવાસીઓને ખૂબજ ઓછા પ્રમાણમાં રોજગારી મળે છે. જે રોજગારી મળે છે તેમાં બિન તાલીમી કામો વધુ પ્રમાણમાં આદિવાસીઓ કરે છે.

આ તાલુકામાં આદિવાસીઓમાં મુખ્યત્વે હળપતિ, ચૌધરી, નાયકા, જાતિના લોકો વસે છે. બિનઆદિવાસી-ઓમાં અનાવિલ બ્રાહ્મણ, કણબી પટેલ,મુસ્લમાન,લોકો વસે છે. બિન આદિવાસીને ત્યાં ખેતમજુરીનું કામ મુખ્યત્વે આદિવાસી લોકો કરે છે. ખેતીના કામમાં વર્ષો વર્ષ બંધાય છે. આદિવાસીઓને પૈસાની જરૂર પડે ત્યારે તે બિનઆદિવાસી ખેડૂત પાસેથી રોકડ પૈસા લઇને ખેતીના કામ માટે બંધાય છે. આ પૈસા જયા સુધી પરત ન કરે

ત્યાં સુધી પૈસા લેનાર આદિવાસી અન્ય ખેડૂતને ત્યાં મજૂરી કામ માટે જઇ શકતી નથી. જો તેને બિજી જગ્યાએ મજૂરી માટે જવું હોય તો જુના માલીકને પૈસા પરત કરીને છૂટો થઇ શકે છે. આદિવાસી લોકો અનાવિલ બ્રાહમણ, કણબી પટેલ,મુસ્લમાનને ત્યાં ખેતીના કામ માટે બંધાય છે. અભ્યાસના દાસ્તાન ગામના હરિજનના એક બે કુટુંબમાં બંધાયેલા મજૂર તરીકે હળપતિ આદિવાસીના યુવાનો કામ કરે છે.

ખેત મજૂરીના કામમાં મુખ્યત્વે આદિવાસીઓ રોકાયેલા હોવાથી આર્થિક પરિસ્થિતિ ઘણી નબળી છે. જેની અસર તેના જીવન ધોરણ સ્થાવર મિલકત, શિક્ષણના ક્ષેત્રો ઉપર પડે છે. જેની વિસ્તૃત ચર્ચા આ પ્રકરણમાં કરી છે. પલસાણા તાલુકાની જમીન મુખ્યત્વે સપાટ છે. આદિવાસીઓ પણ સપાટ જમીનમાં વસે છે. હળપતિ આદિવાસીઓના ઘર એક સાથે હોય છે. ઘરની દિવાલ અન્ય ઘર સાથે જોડાયેલી હોય તેવા ઘર અને સ્વતંત્ર દિવાલ વાળા ઘરો પણ હોય છે. નાયકા અને ચૌધરીના ઘરો છૂટા છવાયા હોય છે.

અભ્યાસમાં પસંદ થયેલ પાંચ ગામના ૧૦૦ કુટુંબના ઘરો કોની માલીકીની જમીનમાં છે તેની માહિતી કોઠા ૪:૧માં મૂકવામાં આવી છે. કોઠા ઉપરથી ફલિત થાય છે કે અભ્યાસમાં સમાવેલ ૮૭ હળપતિના કુટુંબમાં ૭ જમીનવાળા હળપતિના કુટુંબો છે. તેમાં ૪ કુટુંબોના ઘર પોતાની માલિકીની જમીનમાં છે. ૧ કુટુંબનું ઘર પંચાયત ની જમીનમાં અને ૨ કુટુંબના ઘર ગામતળની જમીનમાં છે.

૮૦ જમીનવગરના હળપતિ કુટુંબોમાં ૪૯ કુટુંબોના ઘરો પોતાની માલીકીના જમીનમાં છે. ૩૧ કુટુંબોના ઘરો અન્ય

માલીકીની જમીનમાં છે. તેમાં ૧૫ કુટુંબોના ઘર સરકારી જમીનમાં, ૧૦ કુટુંબના ઘરો પંચાયતની જમીનમાં અને ૬ કુટુંબના ઘરો ગામતળની જમીનમાં છે.

ચૌધરી જાતિના ૯ કુટુંબોમાં ૫ કુટુંબોના ઘર પોતાની માલીકીની જમીનમાં, સરકારી જમીન અને પંચાયતની જમીનમાં એક એક કુટુંબોનું ઘર છે. ૨ કુટુંબના ઘર ગામતળની જમીનમાં છે. નાયકા જાતિના ૪ કુટુંબમાં ૨ કુટુંબના ઘર પોતાની માલીકીની જમીનમાં, સરકારી અને પંચાયતની જમીનમાં એક એક કુટુંબનું ઘર છે.

અભ્યાસમાં સમાવેલ ૧૦૦ કુટુંબમાં ૬૦ કુટુંબના ઘરો પોતાની માલીકીની જમીનમાં છે. આ તાલુકાના ગામોમાં હળપતિ આદિવાસીની વસ્તી વધારે વસે છે. તેઓને હાળી -માંથી મુકત કરવામાં આવ્યા ત્યારે રહેઠાણ અંગે વિકટ સમસ્યા હતી. તે દૂર કરવા સરકારે જુદા જુદા નિયમો અને યોજનાઓ બનાવી તેનો અમલ કર્યો જેથી તેઓ જે જગ્યાએ રહેતા હતા તે જમીન અથવા તો સરકાસી જુદી જુદી યોજનામાં જમીન માલીકીનો હક આપીને ત્યાં તેઓને વસાવવામાં આવ્યા છે. આવી યોજનાનો લાભ અન્ય આદિવાસીઓને પણ આપવામં આવ્યો છે. તેથી તેઓના ઘર પણ પોતાની માલીકીની જમીનમાં છે. ત્યારબાદ અનુક્રમે સરકારી જમીન અને પંચાયતની જમીન અને ગામતળમાં આદિવાસીઓના મકાન છે. જે લોકોના ઘર પોતાની માલીકીની જમીનમાં નથી તેવા ૪૦ કુટુંબમાં ૮ કુટુંબોને મકાન ભાડુ આપવું પડે છે. આ કુટુંબો માં સરકાર દ્વારા જે ઘરથાળનો પ્લોટ આપ્યો છે તેમાં નિયમ મુજબ વાર્ષિક રૂ. ૨-૫૦ પૈ. ભાડુ આપવું પડે છે. આ રકમને ભાડા તરીકે ગણી શકાય નહીં.

અભ્યાસમાં પસંદ કરેલ ૧૦૦ કુટુંબ પાસે પોતાને રહેવા પુરતા જ ઘરો છે. ૧૦૦ કુટુંબ પાસે ૧૦૦ ઘરો છે. તેમાં ૯૯ ઘરો કાચા અને ૧ ઘર પાકુ છે.પાકુ મકાન જમીન વગરના હળપતિનું છે.

આદિવાસીઓના ઘરમાં જતા નિચાવળવું પડે છે. ઘરનું છાજ આગળથી નીચું હોય છે. ઘરની અંદર જેમ જતા જઇએ તેમ ઘરની ઉંચાઇવધતી જાય છે.વરસાદ વધારે પડતો હોય તે ઘરની દિવાલ તે વરસાદથી નુકશાન ન થાય તે માટે છાજ એકદમ ઢળતા રાખવામાં આવે છે. મકાનની ઉંચાઇ આગળના ભાગમાં ૪ થી ૫ ફૂટ અને મધ્યભાગમાં ૧૦ થી ૧૫ ફૂટની હોય છે.

ક્ષેત્રફળની દ્રષ્ટિએ જોઇએતો ૧૦×૧૦ ફૂટના ક્ષેત્રફળ વાળા ૧૨ ઘરો છે. તે ૧૨ ઘરો હળપતિના છે. તેમા એક જમીનવાળા અને ૧૧ જમીનવગરના હળપતિનું ઘર છે.

૧૨'×૧૨' ક્ષેત્રફળ વાળા ૪૪ ઘરો છે. તેમાં ૩૬ હળપતિના,૬ ચૌધરીના અને ૨ નાયકા જાતિના ઘરો છે. ૧૩'×૧૩' ક્ષેત્રફળવાળા ૧૨ ઘરો છે. જે હળપતિ જાતિના છે. ૧૫'×૧૫ ક્ષેત્રફળ વાળા ૨૮ ઘરો છે. તેમાં ૨૪ હળપતિના, ૨ ચૌધરીના અને ૨ નાયકા જાતિના ઘરો છે. ૨૦'×૨૦' ક્ષેત્રફળવાળા ૪ ઘરો છે. તેમાં ૩ હળપતિના, ૧ ચૌધરી જાતિનું ઘર છે. ઘરના ક્ષેત્રફળની માહિતી કોઠા ૪:૨ માં મૂકવામાં આવી છે.

આદિવાસીઓના ઘરો કાચા હોય છે.ઘરો બનાવવાના સાધનો ગામ અથવા આજુબાજુના વિસ્તારમાંથી લાવે છે. મકાન બનાવવા માટે માટી, વાસ અને લાકડાની વળીનો ઉપયોગ વધારે કરે છે.કોઇક કોઇક ઘરો અર્ધ કાચા અને પાકા પણ હોય છે. તેમાં છાજ મૂકવાની થાંભલી સિમેન્ટની હોય છે. અને ઘરની કિનારીનો ભાગ ઇંટ અને ચૂનાથી ચણેલી હોય છે. તેથી ઘર લાબા ગાળે જમીનમાં બેસી જતુ નથી. આવા ઘરની દિવાલ માટી

અને વાસની બનાવવામાં આવે છે.

૯૫ કુટુંબોના ઘરની દિવાલ વાસ માટીની છે. જેમાં ૮૪ હળપતિના ૮ ચૌધરીના, અને ૩ નાયકા જાતિના ઘરો છે. ૫ ઘરોની દિવાલ ઈંટની બનાવેલી છે. આમાં ૩ હળપતિના, ચૌધરી-અને નાયકા જાતિના એક એક કુટુંબનો સમાવેશ થાય છે. મકાનના છાજ ઘાસ, દેશી નળીયા, મેંગલોરી નળીયાના હોય છે. સરકારની જુદી જુદી યોજનામાં આદિવાસીઓને મેંગલોરી નળીયા આપવામાં આવે છે. જેથી ચોમાસા દરમ્યાન ઘરનું રક્ષણ સારી રીતે થઇ શકે. આર્થિક પરિસ્થિતિ જે લોકોની સારી છે તેઓના ઘરના છાજ મેંગલોરી નળીયાના હોય છે. મધ્યમ પ્રકારની આર્થિક પરિસ્થિતિવાળા કુટુંબોના ઘરના છાજમાં અડધા ભાગમાં દેશી નળીયા અને અડધા ભાગમાં મેંગલોરી નળીયા હોય છે. સરકારની યોજનામાં જેટલા મેંગલોરી નળીયા મળ્યા હોય તેટલા ભાગમાં મેંગલોરી નળીયા અને બાકીના ભાગમાં દેશી નળીયા મૂકે છે. ખૂબજ ગરીબ કુટુંબોના ઘરના છાજ ઘાસ-પાન ના હોય છે. કારણકે આવા કુટુંબને ભાગ્યેજ સરકારની યોજનાનો લાભ મળ્યો હોય છે. ઘાસ-પાન ગામમાંથી જ લાવે છે. તેમાં કેળ, શેરડીના પાન અને ડાંગર(?)પુજાનો ઉપયોગ કરે છે. ઘાસપાન નુ છાજ પ્રતિવર્ષ નવું બનાવવું પડે છે. છાજ બનાવવાની સામગ્રી પોતે જયાં મજૂરી કામે જતા હોય તે ધણીયામાને ત્યાંથી લાવે છે. તેથી આવા કુટુંબને છાજ બનાવવાની સામગ્રી વેચાતી લાવવી પડતી નથી.

અભ્યાસના ૧૦૦ કુટુંબના લોકોના ઘરનું છાજ કેવા પ્રકારનું છે તેની માહિતી કોઠા ૪:૩માં મૂકવામાં આવી છે. કોઠા ઉપરથી માલૂમ થાય છે કે અભ્યાસમાં પસંદ થયેલા ૧૦૦ કુટુંબોમાં સૌથી વધારે મેંગ્લોરી નળીયાવાળા(૮૫) ઘરો છે. તેમાં ૭૨ હળપતિના, ૯ ચૌધરીના અને ૪ નાયકા જાતિના કુટુંબો છે. ૧૫ ઘરના છાજ ઘાસ-પાનના છે. આ પંદરે કુટુંબં હળપતિ જાતિના છે.

આદિવાસીઓના ઘરો મોટે.ભાગે એક રૂમવાળાજ હોય છે. આ રૂમમાંજ રસોડુ, કોઠાર , ઘરનું રાચરચીલુ રાખવાનું અને સૂવા બેસવા માટે પણ આજ રૂમનો ઉપયોગ કરવામાં આવે છે. અમૂક કુટુંબો ઘરના રૂમના એક ખૂણામાં ચૂલો રાખી તેનાથી થોડે દૂર વાસ-માટીની અડપી દિવાલ કરી દે છે. અને આ ભાગમાં રસોઇ-વાસણ અને કાચુ અનાજ રાખે છે. અભ્યાસમાં પસંદ થયેલ ૧૦૦ કુટુંબોના ઘરોમાં એક રૂમવાળા ૯૫ ઘરો છે. તેમાં ૮૬ હળપતિના, ૭ ચૌધરીના  અને ૨ નાયકા જાતિના ઘરો છે. બે રૂમવાળા ૫ ઘરો છે. તેમાં ૧ હળપતિનું, ચૌધરી અને નાયકા જાતિના બે બે ઘરો બે રૂમવાળા છે. ઘરના રૂમની માહિતી કોઠા નં.૪:૪મા મૂકવામાં આવી છે.

ઘર અંગેની જુદા જુદા પકારની માહિતી ઉપરોકત કોઠાઓ દ્વારા જાણી. નવું ઘર બનાતવતા પહેલા ભૂવા ભગત કે બાહમણ પાસે કયા દિવસથી નવું ઘર બનાવવાનું સરૂ કરવુ તેની માહિતી મેળવે છે.ઘર બનાવવા માટેના કારીગરો ગામમાંથી મળી રહે છે. ઘર બનાવવામાં ખાસ કરીને સુથારની અને કયારેક કયારેક કડીયાની જરૂર પડે છે. આદિવાસી વસ્તીવાળા ગામોમાં આ કામ કરનાર જાતી રહે છે. તેને બોલાવી તેની પાસે ઘર બનાવરાવે છે.સુથાર અને કડીયાને મદદ કરવા માટે કુટુંબના સભ્યો મદદ કરે છે. ઘર બનાવવાના કામમાં સગાવહાલા પોતાના ફળિયામાં રહેતા લોકો પણ મદદ કરે છે.ઘર બનાવવામાં અંદાજે છથી સાત હજારનો ખર્ચ થાય છે.જો લાકડુ જંગલ ખાતા દ્વારા સસ્તાદરે મળે તો જ આટલી કિંમતમાં ઘર તૈયાર થાય છે. બજારભાવે લાકડું વેચાતુ લાવવાનું હોય તો ૧૦ થી ૧૫ હજારમાં નવું મકાન તૈયાર થાય છે.

જમીનવાળા આદિવાસીઓ પોતાની જમીનમાં સાદડ-ખેર-નીલગીરી આંબલી વગેરે ઝાડો ઉછેરે છે.આ ઝાડોનો ઉપયોગ નવા ઘર બનાવવામાટે જોઇતા લાકડામાં

કરે છે. જમીન વગરના આદિવાસીઓના ઘરો ઘાસ-પાન-વાસની સળી અને માટીના બનાવે છે. આવા લોકોના ઘરમાં લાકડાની વળી ખૂબજ ઓછી વાપરવામાં આવે છે. તેથી આવા ઘરો છ થી સાત હજાર રૂપિયામાં તૈયાર થઇ જાય છે.

જે લોકો મકાનમાં ઈંટ-ચૂનો અને રેતી વાપરે છે તે લોકોના નવા ઘરો ૨૦ થી ૨૫ હજાર રૂપિયાની આસપાસ તૈયાર થાય છે. ઈંટ-રેતી-ચૂનો ગામ નજીકથી મળી રહે છે. મેંગલોરી નળીયા પણ તાલુકાના મુખ્ય મથક કે નજીકના મોટા ગામમાંથી મળી રહે છે. અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબોના ઘરની કુલ કિંમત ૩૯૦૨૦૦ રૂપિયા છે. ઘર દીઠ ૩૯૦૨ રૂપિયાની કિંમત થાય છે. આ અંગેની વધુ વિગત અગિયારણી . કોઠામાં આપી છે.

આદિવાસીઓ પશુ પાળે છે. પશુ રાખવા માટે અલગ રૂમની વ્યવસ્થા હોતી નથી. પોતે જે ઘરમાં રહેતા હોય તેની નજીક કે ઘરમાંજ પશુને બાંધે છે.

અભ્યાસમાં પસંદ થયેલ ૧૦૦ કુટુંબોમાં ૧૨ કુટુંબ પાસે પશુ બાંધવા માટે છાપરું છે. જયારે ૮૮ કુટુંબોને પશુ બાંધવા માટે અલગ વ્યવસ્થા નથી. અભ્યાસમાં પસંદ કરેલ મોટાભાગના કુટુંબો જમીનવગરના અને ખેત મજૂરો છે. આ લોકો પશુ રાખતા નથી. જે લોકો ભેંસ કે બકરી રાખે છે તે દિવસે ઘરની બહાર અને રાત્રે ઘરની અંદર ભેંસ-બકરીને બાંધે છે. પશુ બાંધવા માટેની વ્યવસ્થાની માહિતી કોઠા ૪:૫માં મૂકવામાં આવી છે.

## કોઠા નં.૪:૧

### મકાન કોની જમીનમાં છે તેની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | જાતિ | કુટુંબ સંખ્યા | પોતાની માલિકીની જમીનમાં. | સરકારી જમીન | પંચાયત | ગામ તળ | બીજાની જમીનમાં હોય તો પૈસા આપવા પડે છે. હા | ના | કુલ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. જમીનવાળા. | હળપતિ | ૭ | ૪<br>૬.૬૬ | – | ૧<br>૭.૬૯ | ૨<br>૨૦.૦૦ | ૨<br>૨૫.૦૦ | ૧<br>૩.૧૨ | [illegible]<br>૭.૫ | ૭ |
| ૨. જમીન વગરના | હળપતિ | ૮૦ | ૪૯<br>૮૧.૬૭ | ૧૫<br>૮૮.૨૪ | ૧૦<br>૭૬.૯૩ | ૬<br>૬૦.૦૦ | ૬<br>૭૫.૦૦ | ૨૫<br>૭૮.૧૩ | ૩૧<br>૭૭.૫ | ૮૦ |
| ૩. ,, | ચૌધરી | ૯ | ૫<br>૮.૩૩ | ૧<br>૫.૮૮ | ૧<br>૭.૬૯ | ૨<br>૨૦.૦૦ | – | ૪<br>૧૨.૫ | ૪<br>૧૦.૦૦ | ૯ |
| ૪. ,, | નાયકા | ૪ | ૨<br>૩.૩૪ | ૧<br>૫.૮૮ | ૧<br>૭.૬૯ | – | – | ૨<br>૬.૨૫ | ૨<br>૫.૦૦ | ૪ |
| ૫. ,, | કુલ | ૯૩ | ૫૬ | ૧૭ | ૧૨ | ૮ | ૬ | ૩૧ | ૩૭ | ૯૩ |
| | કુલ | ૧૦૦ | ૬૦<br>૧૦૦.૦૦ | ૧૭<br>૧૦૦.૦૦ | ૧૩<br>૧૦૦.૦૦ | ૧૦<br>૧૦૦.૦૦ | ૮<br>૧૦૦.૦૦ | ૩૨<br>૧૦૦.૦૦ | ૪૦<br>૧૦૦.૦ | ૧૦૦.૦૦ |

## કોઠો નં.૪:૨

### મકાનની સંખ્યા અને મકાનનું ક્ષેત્રફળની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | જાતિ | કુટુંબ સંખ્યા | કાચું | પાકુ | કુલ | ૧૦X૧૦ | ૧૨X૧૨ | ૧૩X૧૩ | ૧૫X૧૫ | ૨૦X૨૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. જમીન વાળા | હળપતિ | ૭ | ૭<br>૭.૦૭ | – | ૭ | ૧<br>૮.૩૩ | ૪<br>૯.૦૯ | ૧<br>૮.૩૩ | ૧<br>૩.૫૭ | – | ૭ |
| ૨. જમીન વગરના | ,, | ૮૦ | ૭૯<br>૭૯.૭૯ | ૧<br>૧૦૦.૦૦ | ૮૦ | ૧૧<br>૯૧.૬૭ | ૩૨<br>૭૨.૭૨ | ૧૧<br>૯૧.૬૭ | ૨૩<br>૮૨.૧૫ | ૩<br>૭૫.૦૦ | ૮૦ |
| ૩. ,, | ચૌધરી | ૯ | ૯<br>૯.૦૯ | – | ૯ | – | ૬<br>૧૩.૬૪ | – | ૨<br>૭.૧૪ | ૧<br>૨૫.૦૦ | ૯ |
| ૪. ,, | નાયકા | ૪ | ૪<br>૪.૦૫ | – | ૪ | – | ૨<br>૪.૫૫ | – | ૨<br>૭.૧૪ | – | ૪ |
| ૫. ,, | કુલ | ૯૩ | ૯૨ | ૧ | ૯૩ | ૧૧ | ૪૮ | ૧૧ | ૨૭ | ૪ | ૯૩ |
| | કુલ | ૧૦૦ | ૯૯<br>૧૦૦.૦ | ૧<br>૧૦૦.૦ | ૧૦૦ | ૧૨<br>૧૦૦.૦૦ | ૪૪<br>૧૦૦.૦૦ | ૧૨<br>૧૦૦.૦૦ | ૨૮<br>૧૦૦.૦૦ | ૪<br>૧૦૦.૦૦ | ૧૦૦.૦ |

કોઠો નં.૪:૩

મકાનની દિવાલ અને છાપરાનો પ્રકાર દર્શાવતો કોઠો.

| ક્રમ | | | કુટુંબ સંખ્યા | વાસ માટીની દિવાલ | ઈટની દિવાલ | કુલ | મેંગલોરી નળીયા | ઘાસ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | જમીન વાળા | હળપતિ | ૭ | ૭<br>૭.૩૭ | - | ૭ | ૭<br>૮.૨૪ | - | ૭ |
| ૨. | જમીન વગરના | ,, | ૮૦ | ૭૭<br>૮૧.૦૫ | ૩<br>૬૦.૦૦ | ૮૦ | ૬૫<br>૭૬.૪૭ | ૧૫<br>૧૦૦.૦ | ૮૦ |
| ૩. | ,, | ચૌધરી | ૯ | ૮<br>૮.૪૨ | ૧<br>૨૦.૦૦ | ૯ | ૯<br>૧૦.૫૯ | - | ૯ |
| ૪. | ,, | નાયકા | ૪ | ૩<br>૩.૧૬ | ૧<br>૨૦.૦૦ | ૪ | ૪<br>૪.૭૦ | - | ૪ |
| ૫. | ,, | કુલ | ૯૩ | ૮૮ | ૫ | ૯૩ | ૭૮ | ૧૫ | ૯૩ |
| | | કુલ | ૧૦૦ | ૯૫<br>૧૦૦.૦૦ | ૫<br>૧૦૦.૦૦ | ૧૦૦ | [illegible]<br>૧૦૦.૦૦ | ૧૫<br>૧૦૦.૦૦ | ૧૦૦ |

## કોઠા નં.૪:૪

## મકાનના ઓરડાની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | જાતિ | કુટુંબ સંખ્યા | એક રૂમ | બે રૂમ | ત્રણ રૂમથી | ત્રણ રૂમથી વધુ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | જમીનવાળા હળપતિ | ૭ | ૭<br>૭.૩૭ | - | - | - | ૭ |
| ૨. | જમીનવગર ના. ,, | ૮૦ | ૭૯<br>૮૩.૧૬ | ૧<br>૨૦.૦૦ | - | - | ૮૦ |
| ૩. | ,, ચૌધરી | ૯ | ૭<br>૭.૩૭ | ૨<br>૪૦.૦૦ | - | - | ૯ |
| ૪. | ,, નાયકા | ૪ | ૨<br>૨.૧૦ | ૨<br>૪૦.૦૦ | - | - | ૪ |
| ૫. | ,, કુલ | ૯૩ | ૮૮ | ૫ | [illegible] | - | ૯૩ |
| | કુલ | ૧૦૦ | ૯૫<br>૧૦૦.૦૦ | ૫<br>૧૦૦.૦૦ | - | - | ૧૦૦ |

## કોઠા નં. ૪:૫

### મકાનમાં પશું બાંધવા માટેનું છાપરું છે તેની વિગત દર્શાવતો કોઠો

| જાતિ | | કુટુંબ સંખ્યા | હા | ના | કુલ |
|---|---|---|---|---|---|
| જમીનવાળા | હળપતિ | ૭ | ૧<br>૮.૩૩ | ૬<br>૬.૮૨ | ૭ |
| જમીનવગરના. | હળપતિ | ૮૦ | ૧૦<br>૮૩.૩૪ | ૭૦<br>૭૯.૫૫ | ૮૦ |
| ,, | ચૌપરી | ૯ | – | ૯<br>૧૦.૨૩ | ૯ |
| ,, | નાયકા | ૪ | ૧<br>૮.૦૩ | ૩<br>૩.૪૦ | ૪ |
| | કુલ | ૯૩ | ૧૧ | ૮૨ | ૯૩ |
| | કુલ | ૧૦૦ | ૧૨<br>૧૦૦.૦૦ | ૮૮<br>૧૦૦.૦૦ | ૧૦૦ |

ઘરવખરીનો સર સામાન :

આદિવાસીઓનો ઘરનો સર સામાન ખૂબજ ઓછો હોય છે. ઘરના સરસામાનમાં મુખ્યત્વે વાસણ, રાંધેલું અનાજ રાખવા માટે લાકડાની પેટી, અનાજ સાફ કરવા મુસળ, અનાજ ભળવા માટે ઘંટી અને અનાજ રાખવા માટે માટીની કોઠી રાખે છે. કપડા મોટાભાગે ઘરમાં દોરી ઉપર જ લટકાવી રાખે છે. કોઇક કોઇક કુટુંબ પાસે કપડા રાખવા માટે લોખંડની પેટી હોય છે. જે લોકોની આર્થિક પરિસ્થિતિ સારી છે. તેઓ બેસવા માટે લાકડાની ખુરશી, કબાટ, લોખંડનો કબાટ, ઘડિયાળ, સાઇકલ, રેડીયો વગેરે રાખે છે.

ઘરની જરૂરી સરસામાન ગામમાંથી અથવા તો નજીકના ગામમાંથી ખરીદી લાવે છે. પલસાણા પોકેટના ગામોમાં હાટવાડા ખૂબજ ઓછા ભરાય છે. તેથી લોકો પોતાની જીવન જરૂરી ચીજવસ્તુની ખરીદી પલસાણા સુરત-બારડોલી-નવસારી વગેરે શહેરની બજારમાંથી કરે છે. કાવડમાં વાસણ મૂકી ખભે ઉચકીને ગામે ગામ ફરતા ફેરિયાઓ આવે છે જે મોટાભાગે હિન્દી ભાષી અથવા તો મુસ્લમાન હોય છે. તેની પાસેથી વાસણની ખરીદી કરે છે. ગામના લોકોનું માનવું છે કે આ લોકો પાસેથી વાસણ સસ્તા ભાવે મળે છે. હકીકતમાં વાસણની જાત ખૂબજ હલકી હોય છે. ઘણા ફેરિયાઓ ઉધાર પણ વાસણ આપે છે. આથી પણ લોકો તેની પાસેથી વાસણની ખરીદી કરે છે.

પથ્થરની હાથની ઘંટીનો ઉપયોગ ખૂબજ ઓછા પ્રમાણમાં લોકો કરે છે. ગામડાના લોકો અને તેમાં પણ ખાસ કરીને આદિવાસી લોકો હજુ પણ પથ્થરની હાથની ઘંટીનો ઉપયોગ કરે છે. મારવાડી લોકો ઘંટી ગામેગામ

વેચવા આવે છે. તેની પાસેથી આદિવાસી ઘંટી ખરીદે છે.લાકડાની પેટી મુશળ, ટેબલ-ખુરશી વગેરે ગામના સુથાર પાસે અથવા તો નજીકના મોટા શહેરમાંથી ખરીદી લાવે છે.અભ્યાસના ૧૦૦ કુટુંબ પાસે વાસણ અને ઘરવખરીના કયા કયા સાધનો છે તે અંગેની માહિતી કોઠા નં.૪:૬ અને ૪:૭માં મૂકવામાં આવી છે.કોઠા ૪:૬માં વાસણોની માહિતી આપી છે. આ કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે કુટુંબ દીઠ ૨૦ વાસણો છે જેમાં ૧ કરતા ઓછું વાસણ તાંબાનું, ૬ વાસણ એલ્યુમિન્યમના ૨ વાસણ કાચના, પિતળ, સ્ટીલ અને માટીના વાસણો અનુક્રમે ચાર,ચાર છે.

અભ્યાસમાં સમાવેલ જુદી જુદી વણ જાતિમાં સૌથી વધારે વાસણો નાયકા જાતિ પાસે છે. આ જાતિના ૪ કુટુંબ પાસે ૧૨૯ વાસણો છે. આ જાતિ પાસે,કુટુંબ દીઠ ૩૨ વાસણો છે. હળપતિ અને ચૌધરી જાતિના લોકો પાસે કુટુંબદીઠ ૧૯ વાસણ છે.

કુટુંબદીઠ વાસણોની સંખ્યા ઉપરથી ખ્યાલ આવે છે કે આદિવાસીઓ પાસે એલ્યુમિનિયમના વાસણો વધારે હોય છે. એલ્યુમિનિયમના વાસણોમાં તપેલી,નાની બરણી, નાના ડબ્બા અને છાલીયા હોય છે. જયારે પિતળના વાસણમાં તપેલી, થાળી, વાટકા હોય છે. સ્ટીલના વાસણોમાં થાળી,પાણી પીવાનો ગ્લાસ,વાટકા વગેરે હોય છે. માટીના વાસણમાં પાણી ભરવાના વાસણો મુખ્ય હોય છે. કાચના વાસણોમાં ચા-પાણી પીવા માટે કપ અને રકાબી હોય છે.૧૦૦ કુટુંબમાં જુદા જુદા ૫૪૫ ઘર-વખરીના સાધનો છે. કુટુંબ દીઠ ૫ ઘરવખરીના સાધનો છે.તેમાં નાયકા જાતિમાં કુટુંબદીઠ ૮ ઘરવખરીના સાધનો છે. જમીનવાળા હળપતિ કુટુંબમાં કુટુંબદીઠ ૬ ઘરવખરીના સાધનો છે. જમીનવગરના હળપતિ અને ચૌધરી જાતિમાં કુટુંબદીઠ ૫ ઘરવખરીના સાધનો છે.

ઘરવખરીના મુખ્ય સાધનોમાં ખાટલા, ૬૩ લોખંડના પલંગ, ૫ લાકડાના ટેબલ, ખુરશી-૧૭, સાઇકલ ૧૬, રેડિયો ૧૬, ઘડિયાળ ૧૪, કપડા સિવવાનો સંચા ૪, પ્રાયમસ ૫૮ છે. જાતિવાર ઘર વખરીના સાધનોની માહિતી કોઠા ૪:૭માં મૂકવામાં આવી છે.

## કોઠા નં. ૪:૬

### વાસણોની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | જાતિ | કુટુંબ સંખ્યા | તાંબાના | એલ્યુમિન્યમ | પિતળ | સ્ટીલના | માટીના | કાચ | કુટુંબદીઠ કુલવાસણ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | જમીનવાળા હળપતિ | ૭ | ૩ | ૩૮ | ૧૮ | ૨૫ | ૨૮ | ૧૩ | ૧૮ | ૧૩૫ |
| ૨. | જમીનવગરના ,, | ૮૦ | ૫ | ૪૫૪ | ૩૩૩ | ૨૭૬ | ૩૨૧ | ૧૧૭ | ૧૯ | ૧૫૦૬ |
| ૩. ,, | ચૌધરી | ૯ | ૩ | ૫૦ | ૩૧ | ૩૬ | ૨૮ | ૨૫ | ૧૯ | ૧૭૩ |
| ૪. ,, | નાયકા | ૪ | ૪ | ૨૯ | ૩૦ | ૩૭ | ૧૬ | ૧૩ | ૩૨ | ૧૨૯ |
| ૫. ,, | કુલ | ૯૩ | ૧૨ | ૫૩૩ | ૩૯૪ | ૩૪૯ | ૩૬૫ | ૧૫૫ | ૧૯ | ૧૮૦૭ |
| | કુલ | ૧૦૦ | ૧૫ | ૫૭૧ | ૪૧૨ | ૩૭૦ | ૩૯૩ | ૧૫૮ | ૨૦ | ૧૯૩૩ |
| | | | ૦.૭૮ | ૨૯.૫૪ | ૨૧.૩૧ | ૧૯.૩૫ | ૨૦.૩૩ | ૮.૫૯ | | ૧૦૦.૦૦ |

કોઠા નં.૪:૭

ઘર વખરીના સાધનોની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | જાતિ | કુટુંબ | ખાટલા | પલંગ | ટેબલ ખુરશી | સાઇકલ | ઘડિયાલ | રેડિયો | સિવવાનો સંચો | ઢોલક | બાંકડો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. જમીનવાળા | હળપતિ | ૭ | ૭ | – | – | – | – | – | ૧ | – | – |
| ૨. જમીનવગરના | ,, | ૮૦ | ૪૪ | ૪ | ૧૨ | ૧૩ | ૧૨ | ૧૩ | ૩ | ૩ | – |
| ૩. ,, | ચૌધરી | ૯ | ૮ | – | ૨ | ૨ | ૧ | ૨ | – | – | – |
| ૪. ,, | નાયકા | ૪ | ૪ | ૧ | ૩ | ૧ | ૧ | ૧ | ૧ | – | – |
| ૫. ,, | કુલ | ૯૩ | ૫૬ | ૫ | ૧૭ | ૧૬ | ૧૪ | ૧૬ | ૪ | ૩ | – |
| | કુલ | ૧૦૦ | ૬૩ | ૫ | ૧૭ | ૧૬ | ૧૪ | ૧૬ | ૫ | ૩ | – |

| કાનસ | લાઇટ | ટોપલા ટોપલી | ઘંટી | પાયમસ | પેટી | બેટરી | માછલા પકડવાની જાળ | કુટુંબદીઠ ઘરવખરી નાસાધનો | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | - | ૧૫ | ૩ | ૫ | ૩ | ૨ | - | ૬ | ૪૩ |
| ૬૭ | ૧૪ | ૯૯ | ૩૯ | ૪૯ | ૨૩ | ૧૪ | ૧૩ | ૫ | ૪૨૨ |
| ૯ | - | ૧૨ | ૩ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૪૯ |
| ૩ | ૨ | ૭ | ૨ | ૩ | ૧ | - | ૧ | ૮ | ૩૧ |
| ૭૯ | ૧૬ | ૧૧૮ | ૪૪ | ૫૩ | ૨૬ | ૧૭ | ૧૮ | ૫ | ૫૦૨ |
| ૮૬ | ૧૬ | ૧૩૩ | ૪૭ | ૫૮ | ૨૯ | ૧૯ | ૧૮ | ૫ | ૫૪૫ |

પલસાણા પોકેટના આદિવાસીઓ પાસે શિકારના સાધન અલ્પ પ્રમાણમાં છે. અમુક કુટુંબ પાસે માછલી પકડવાની જાળ છે.ખોરાકમાં અનાજનો ઉપયોગ વધુ કરવાથી અને જંગલ દિનપ્રતિદિન ઓછું થતું જતુ હોવાથી શિકાર મળતો નથી. તેથી શિકારના સાધનો ખૂબજ ઓછા જોવા મળ્યા.

આ પોકેટના આદિવાસીઓની પાસે વાજીંત્રો ખૂબજ ઓછા પ્રમાણમાં છે. અભ્યાસમાં પસંદ કરેલ ૧૦૦ કુટુંબમાં ફકત ૩ કુટુંબ પાસે વાંજીત્રોમાં ઢોલક છે. આ વિસ્તારના આદિવાસીઓના મુખ્ય વાંજીત્રોમાં તુર-થાળી-ભજનિયાં તંબૂરો, ભૂંગળ અને ઝારીકાડી હોય છે. ગામના યુવક મંડળ કે ફળિયાના મંડળ પાસે હારમોનિયમ તબલા હોય છે. વાંજીત્રો સુરત અને નવસારીથી ખરીદે છે.

## પોશાક :

આ વિસ્તારના આદિવાસીઓના પહેરવેશ ઉપર બિન પછાત લોકોની અસર જોવા મળે છે. પુરૂષો ધોતિયુ, અથવા ચડ્ડી પહેરે છે. હળપતિ પુરૂષ મોટાભાગે ધોતિયુ પહેરે છે.શરીરના ઉપલા ભાગમાં ખમીશ પહેરે છે. અને માથા ઉપર ટોપી મૂકે છે.ચૌધરી અને નાયકા જાતિના પુરૂષો ચડ્ડી-બુશર્ટ અને માથા ઉપર ટોપી મૂકે છે. યુવાન પુરૂષો પેન્ટ પણ પહેરે છે.

પુરૂષ જયારે કામે ન ગયો હોય ત્યારે ઘરમાં પાતળા સુતરાવ કાપડની નાડીવાળી ચડ્ડી પહેરે છે. ઘરે કોઇ મહેમાન કે બહારની વ્યકિત આવે ત્યારે તેના ઉપર ટુવાલ વીંટી દે છે.

૪ થી ૬ વર્ષના પુરૂષ બાળકો નાની ચડ્ડી પહેરે છે. ચડ્ડી મોટા ભાગે પાછળથી કાટલી હોય છે.

સ્ત્રીઓ સાડીમાં હાથ વણાટના જાડા સાલ્લા વધારે પહેરે છે. મોટી ઉંમરની સ્ત્રીઓ કચ્છોટો વાળેલ સાલ્લો પહેરે છે.

યુવાન સ્ત્રીઓ ઘાઘરો,કબજો અને સાડી પહેરે છે. સાડી મીલના વણાટની પણ પહેરે છે.

યુવાન સ્ત્રીઓ કે જેના લગ્ન ન થયા હોય તેવી સ્ત્રીઓ ચણીયો અને શરીરના ઉપલા ભાગમાં બુશર્ટ પહેરે છે. નાની છોકરીઓ સ્કટ અને શરીરના ઉપલા ભાગમાં કબજો પણ પહેરે છે. આવી છોકરી મોટી ઉંમરની હોય તો ઘરની બહાર જાય ત્યારે દુવાલ કે કાપડનો કકડો શરીરના ઉપલા ભાગમાં નાખે છે.

નાની ઉંમરની છોકરીઓ નાની ગડ્ડી પહેરે છે.શરીર નો ઉપલો ભાગ ઉઘાડો હોય છે. ઉંમરમાં નાની છતા શરીરે ભરાવદાર હોય તો તે છોકરી ફ્રોક પહેરે છે.

કપડાની ખરીદી ગામમાં જો કાપડની દુકાન હોય તો ત્યાંથી અથવા તો ગામમાં સહકારી મંડળીની દુકાન -માં સસ્તા ભાવનું કાપડ આવ્યું હોય તો મંડળીની દુકાનમાંથી કાપડ ખરીદે છે. કાપડમાં મોટી ઉંમરના પુરૂષો ખાદીના કપડાનો ઉપયોગ કરે છે. યુવાન પુરૂષો સુતરાવ કાપડ અને ટેરેલીનના કાપડનો પણ ઉપયોગ કરે છે. સ્ત્રીઓ સુતરાવ કાપડનો વધારે ઉપયોગ કરે છે. યુવાન સ્ત્રીઓ ટેરેલીનના કાપડનો પણ ઉપયોગ કરે છે. કાપડની ખરીદી દુકાન ઉપરાંત દરજીને ત્યાંથી પણ કરે છે. ઘણા દરજીઓ પેન્ટ-બુશર્ટ કબજાનું કાપડ રાખતા હોય છે.લગ્ન કે અન્ય પ્રસંગે વધારે કાપડ ખરીદવાનું હોય

તો સુરત, નવસારી, પલસાણાની બજારમાંથી પણ કાપડ ખરીદે છે. કપડા ગામમાં જે દરજી હોય તેની પાસે સીવડાવે છે. સિવવાની તાલીમ આપવામાં આવે છે. તાલીમ બાદ ઘણા યુવાનો જાતે કપડા સીવવાનું કામ કરે છે. અભ્યાસમાં પસંદ કરેલ ૧૦૦ કુટુંબમાંથી ૫ કુટુંબ પાસે કપડા સીવવાનો સંચો છે.

ઘરેણા :

આદિવાસીઓ ઘરેણાના ઘણાજ શોખીન હોય છે. પરંતુ આર્થિક પરિસ્થિતી નબળી હોવાને લઇને ઘરેણા ખૂબજ ઓછા પ્રમાણમાં રાખે છે. ઘરેણા ખરીદવાનું નિકલ ચાદી અને સોનાના બનાવીને પહેરે છે. ખોટી ધાતુ અને નિકલના ઘરેણા સોનીની દુકાનમાંથી કે ગામમાં ઘરેણા વેચવા આવતા ફેરિયા પાસેથી ખરીદે છે.

પુરૂષના ઘરેણા :

હળપતિ પુરૂષ પહેલા કમરે સાંકળી પહેરતા હતા. હાલમાં પુરૂષો કમરે સાંકળી પહેરતા નથી. ઘણા પુરૂષો ગળામાં ચાંદી કે સોનાનો દોરો(હાર),હાથમાં વીંટી પહેરે છે. વીટી ચાદી-નીકલ કે સોનાની પહેરે છે.પગમાં આધુનિક બુટ કે ચંપલ પણ પહેરે છે.

સ્ત્રીઓના ઘરેણા :

સ્ત્રીઓ માથમાં પીન-બકલ નાંખવાની શોખીન હોય છે. આ પીન-બકલ ખોટી ધાતુના અથવા તો પ્લાસ્ટીકના હોય છે.નાકમાં ચૂક પણ ઘણી સ્ત્રીઓ પહેરે છે. ચૂક સોનાની કે ચાંદીની બનાવેલી હોય છે. કાનમાં બૂટી એરિંગ, કડી પહેરે છે. કાનના ઘરેણા સોનાન કે ચાંદીના હોય છે. ગરીબ સ્ત્રીઓ કાનના ઘરેણામાં ખોટા મોતી કે

ખોટી ધાતુના પણ પહેરે છે. ગળામાં ખોટા મોતીની માળા, નીકલનો હાર પણ પહેરે છે. જે કુટુંબની આર્થિક પરિસ્થિતી સારી હોય તેવી સ્ત્રીઓ ગળામાં સોનાનો કે ચાંદીનો હાર પહેરે છે.

હાથના કાંડામાં કાચના કે પ્લાસ્ટીકની બંગડી પહેરે છે. ઘણી સ્ત્રીઓ ખોટી ધાતુની બંગડી પણ પહેરે છે. હાથના આંગળામાં વીંટી પહેરે છે. પગમાં ચાંદીના કે કલાઇના છડા અને સાંકળા પણ પહેરે છે. મોટી ઉંમરની સ્ત્રીઓ પગમાં કલ્લા પહેરે છે.

અભ્યાસમાં સમાવેલ ૧૦૦ કુટુંબ પાસે કેટલી કિંમતના ઘરેણા અને રોકડ રકમ છે તેની માહિતી કોઠા નં.૪:૮ માં આપવામાં આવી છે.

કુટુંબ દીઠ સૌથી વધારે ચાંદીના ઘરેણા, બીજા ક્રમે કલાઇના ઘરેણા છે. કલાઇના ઘરેણામાં નિકલ અને અન્ય જાતના ઘરેણા જેવા કે કાચની બંગડી, પ્લાસ્ટીકની બંગડી વગેરેનો સમાવેશ કરી લેવામાં આવ્યો છે. કુટુંબ દીઠ સોનાના ઘરેણા ૨૩ રૂપિયાના છે. રોકડ રકમ, શેર અને બેંક બેલેન્સમાં સૌથી વધારે રૂપિયા રોકડ રકમના છે. કુટુંબ દીઠ રૂ. પૈ. ૬૬.૯૦ ની રોકડ રકમ છે. શેરની કિંમત રૂ. પૈ. ૨-૭૫ અને બેન્ક બેલેન્સ રૂ. પૈસા ૪૦-૩૨ છે. અભ્યાસમાં પસંદ થયેલ કુટુંબો પાસે ખૂબજ ઓછા પ્રમાણમાં શેર અને બેન્ક બેલેન્સની રકમ છે. આદિવાસીઓ રોકડ રકમ હાથ ઉપર રાખે છે. બેંકમાં પૈસા મૂકતા નથી. સહકારી મંડળીમાં સભ્યો પણ ઓછા હોય તેથી અને સરકારી યોજનામાં ખૂબજ ઓછો લાભ મળ્યો હોવાથી શેરની ખરીદી કરવી પડતી નથી. તેથી શેરમાં પૈસાનું રોકાણ ખૂબજ ઓછું કરે છે.

અભ્યાસમાં પસંદ થયેલ જુદી જુદી જાતિઓમાં નાયકા જાતિના કુટુંબ પાસે કુટુંબ દીઠ રોકડ રકમ અને ઘરેણાની કિંમતના પૈસા છે. આ જાતિમાં કુટુંબદીઠ રૂા.. પૈસા ૫૩૦-૫૦ ઘરેણા અને રોકડ રકમના છે. જે અભ્યાસમાં સમાવેલ અન્ય જાતિના લોકો કરતા વધારે છે.

કોઠા નં. ૪:૮

રોકડ રકમ અને ઘરેણાંની કિંમત દર્શાવતો કોઠો (રૂપિયામાં)

| ક્રમ | જાતિ | કુટુંબ સંખ્યા | રોકડ રકમ | ચાંદીના ઘરેણાની કીમત | સોનાના ઘરેણાની કિંમત | કલાઇના ઘરેણાની કિંમત | શેરની રકમ (રૂપિયામાં) | બેન્ક બેલેન્સ | કુટુંબદીઠ ઘરેણાની કિંમતઅને રોકડરકમ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. જમીન વાળા | હળપતિ | ૭ | ૨૦૦ | ૪૦૦ | ૧૦૦ | ૧૯૫ | ૩૨ | – | ૧૩૨.૪૨ | ૯૨૭ |
| ૨. જમીન વગરના | ,, | ૮૦ | ૪૦૦૦ | ૪૩૭૫ | ૨૦૦૦ | ૨૨૫૫ | ૧૮૦ | ૩૫૩૨ | ૨૦૪.૨૭ | ૧૬૩૪૨ |
| ૩. ,, | ચૌધરી | ૯ | ૫૪૦ | ૫૫૦ | ૧૦૦ | ૧૬૦ | ૨૧ | – | ૧૫૨.૩૩ | ૧૩૭૧ |
| ૪. ,, | નાયકા | ૪ | ૯૫૦ | ૪૫૦ | ૧૦૦ | ૮૦ | ૪૨ | ૫૦૦ | ૫૩૦.૫૦ | ૨૧૨૨ |
| ૫. ,, | કુલ | ૯૩ | ૫૪૯૦ | ૫૩૭૫ | ૨૨૦૦ | ૨૪૯૫ | ૨૪૩ | ૪૦૩૨ | ૨૧૩.૨૭ | ૧૯૮૩૫ |
| | કુલ | ૧૦૦ | ૫૬૯૦ | ૫૭૭૫ | ૨૩૦૦ | ૨૬૯૦ | ૨૭૫ | ૪૦૩૨ | ૨૦૭.૬૨ | ૨૦૭૬૨ |
| | અભ્યાસમાં સમાવેલ કુટુંબ દીઠ ઘરેણાની અને રોકડ રકમ | | ૫૬૯૦ | ૫૭.૭૫ | ૨૩.૦૦ | ૨૬.૯૦ | ૨.૭૫ | ૪૦.૩૨ | | ૨૦૭.૬૨ |

જમીન :

અભ્યાસમાં સમાવેલ ૧૦૦ કુટુંબમાં ફકત ૭ કુટુંબ પાસેજ જમીન છે. આ કુટુંબો હળપતિ આદિવાસી જાતિના છે. આ ૭ કુટુંબ પાસે ૯ એકર અને ૨૭ ગૂઠા જમીન છે. જમીનવાળા કુટુંબોની પાસે કુટુંબદીઠ ૧ એકર અને ૧૫ ગૂઠા જમીન છે. આ જમીન બિન પિયતની છે. કયારીની જમીન ૫ એકર અને ૩૭ ગૂઠાની અને જરાયત જમીન ૩ એકર અને ૩૦ ગૂઠાની છે.

પલાસણા પોકેટના ગામોમાં હળપતિ આદિવાસીની વસ્તી વધારે છે. આ જાતિના લોકોનો મુખ્ય વ્યવસાય ખેત-મજૂરી છે. તેમની પાસે ખૂબજ ઓછા પ્રમાણમાં જમીન છે.અભ્યાસમાં જે જમીનવાળા હળપતિ છે તેમને પણ જમીન ઇનામમાં કે ભરણ પોષણ કરવા માટે સરકાર તરફથી આપવામાં આવી છે. પહેલા પંચાયતનું કામ કરનાર કોટવાળના કુટુંબના ભરણ પોષણ માટે જમીન આપવામાં આવતી આ જમીનની ઉપજમાંથી કોટવાળના કુટુંબનું ભરણપોષણ થતું હતું. અભ્યાસમાં સમાવેલ જમીનવાળા કુટુંબોને પણ આ રીતે જમીન સરકાર તરફથી મળેલી છે. વર્ષ જતા ભાઇ-ભાઇ વચ્ચે જમીનના ભાગ પડતા ગયા તેથી આદિવાસી ખાતેદાર વધતા ગયા આદિવાસી પાસે કુટુંબ દીઠ જમીન ઘણી ઓછી છે. જે લોકો પાસે જમીન છે. તેમણે જમીન ગીરો મૂકી નથી.

સરકારના જમીન અંગેના જુદા જુદા કાયદાને લઇને જમીનદારો નાના ખેડૂતમાં ફેરવાય ગયા છે. પોતાના સગાવહાલા કે કુટુંબીની વ્યકિતનામ નામે જમીન ફેરબદલી કરી ટોચમર્યાદા કે અન્ય કાયદા દ્વારા જમીન ચાલી જતી અટકાવી છે. આવા પ્રયાસો આદિવાસી અને બિન આદિવાસી લોકોએ કર્યા છે. ~~નીચે~~ અભ્યાસના પાંચ ગામમાં જે ખાતેદારો છે તેઓની પાસે કેટલા એકર જમીન છે તેની માહિતી કોઠા ૪:૯માં આપવામાં આવી છે.

## કોઠા નં. ૪:૯

### અભ્યાસમાં પસંદ કરેલ ગામોમાં ખાતેદારોની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | ગામનું નામ | ૨ એકર સુધીના ખાતેદારો | +૨થી ૫ એકર સુધી | +૫ થી ૧૦ એકર સુધી | ૧૦થી વધુ એકર | ઘર માટે આપેલ જમીનના ખાતેદારો | કુલ ખાતેદાર |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | સેઢાવ | ૭ | ૯ | ૧૬ | ૨ | - | ૩૪ |
| ૨. | દસ્તાન | ૫૩ | ૭૯ | ૫૪ | ૫૧ | ૫૦ | ૨૮૭ |
| ૩. | જેતપોર | ૩૨ | ૨૨ | ૧૦ | ૪ | - | ૬૮ |
| ૪. | એરથાણ | ૪૬ | ૭૦ | ૬૧ | ૧૪ | ૬ | ૧૯૭ |
| ૫. | અંભેટી | ૯૨ | ૫ | ૫ | ૪૨ | - | ૧૪૪ |
| ૬. | બારસડી | ૪૮ | ૪૨ | ૪૫ | ૧૧ | - | ૧૪૬ |
| | તાલુકામાં | ૨૩૨૦ | ૨૮૦૭ | ૨૪૯૨ | ૯૦૩ | ૨૫૨ | ૮૭૭૪ |
| | | ૨૬.૪૪ | ૩૨.૦૦ | ૨૮.૪૦ | ૧૦.૨૯ | ૨.૮૭ | ૧૦૦.૦૦ |

કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે આ તાલુકામાં કુલ ૮૭૭૪ ખાતેદારો છે. તેમાં ૨૩૨૦(૨૬.[illegible]૪)ખાતેદારો ૨ એકર સુધીની જમીન ધરાવે છે. ૨૮૦૭(૩[illegible].૦૦)ખાતેદારો ૨ એકરથી વધુ પરંતુ ૫ એકર સુધીની જમીન ધરાવે છે. ૨૪૯૨(૨૮.૪૦) ખાતેદારો ૫ એકરથી વધુ અને ૧૦ એકર સુધીની જમીન ધરાવતા જમીનદારો છે.૯૦૬(૧૦.૨૯) ખાતેદારો ૧૦ એકરથી વધુ જમીન ધરાવનાર છે.૨૫૨ (૨.૮૭) ખાતેદારો એવા છે કે તેમના નામે જમીન છે. પરંતુ આ જમીન તેમને રહેવા માટે મકાન બનાવવા આપેલા છે.તેથી આ ખાતેદારો ખેતી કરતા નથી છતા તેમની ગણતરી જમીન ધરાવનાર ખાતેદારમાં કરવામાં આવી છે.

અભ્યાસના પાંચ ગામોમાં સૌથી વધારે આદિવાસીની વસ્તી સેઢવ ગામમાં છે. ૧૯૮૧ની જનગણનાના અહેવાલ મુજબ આ ગામની કુલ વસ્તી ૩૭૬ની છે. કુલ વસ્તીમાં ૭૬.૩૩ ટકા આદિવાસી લોકો છે. તેમા ફકત ૩૪ ખાતેદારો છે.તેમાં ૧૬(૪૭.૦૬) ખાતેદારો ૫ થી ૧૦ એકરની જમીન ધરાવે છે. ૭(૨૦.૫૯) ખાતેદારો ૨ એકર સુધીની જમીન ધરાવે છે. ૯(૨૬.૪૭) ખાતેદારો ૨ થી ૫ એકર સુધીની જમીન ધરાવે છે. ૨(૫.૮૮) ખાતેદારો ૧૦ એકરથી વધુ જમીન ધરાવનાર છે.

અભ્યાસના બારસડી ગામની ૧૯૮૧ની જનગણનાના અહેવાલ મુજબ ૧૧૭૬ની વસ્તી છે. તેમા ૩૦.૭૦ ટકા આદિવાસીની વસ્તી છે. અભ્યાસમાં પસંદ કરેલ પાંચ ગામોમા સૌથી ઓછી આદિવાસીની વસ્તી આ ગામમાં છે. આ ગામમાં ૧૪૬ ખાતેદારો છે. તેમા ૪૮(૩૨.૮૮) ૨ એકર સુધીની જમીન ધરાવનાર,૪૨(૨૮.૭[illegible]) ૫ એકરની જમીન ધરાવનાર ૪૫(૩૦.૮૨) ૫ થી ૧૦ એકરની જમીન ધરાવનાર અને ૧૧(૭.૫૩) ૧૦ એકર થી વધુ જમીન ધરાવનાર ખેડૂતો છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે જે

ગામોમાં આદિવાસીની વસ્તી વધારે છે તે ગામોના ખેડૂતો પાસે જમીન ઘણા મોટા જથ્થામાં છે. આદિવાસીની વસ્તી વધારે હોય તેવા ગામોમાં બિનઆદિવાસી ના કુટુંબો ઓછા હોય છે. તેથી તેઓ પાસે જમીનનો જથ્થો વધારે પ્રમાણમાં હોય છે. અલબત ઘણીવાર એવું પણ બનતુ હોય છે કે જમીન જે ગામની હદમાં આવેલ હોય તે ગામમાં જમીન ધરાવનાર કુટુંબ રહેતું ન હોય. આવું બિનઆદિવાસી માં વધારે બનવાની શકયતા છે. કારણકે પોકેટના ગામોમાં અનાવિલબ્રાહ્મણ અને કણબી પટેલ, મુસ્લમાનની વસ્તી વધારે છે. આ જ્ઞાતિના કુટુંબો પાસે જમીન વધારે પ્રમાણમાં છે. તેથી આલોકોને પોતાની જમીન પોતે રહેતા હોય તેનાથી અલગ ગામમાં હોવાની શકયતા વધારે છે. જયારે આદિવાસીઓ તો શકય હોય ત્યાં સુધી પોતાની જમીન જયાં હોય ત્યાંજ રહેવાનું વધારે પ્રમાણમાં પસંદ કરે છે.

જે ગામોમાં આદિવાસીનકી વસ્તી ઓછી છે ત્યાં જમીન જુદા જુદા જથ્થામાં વહેંચાયેલી છે. કારણકે આવા ગામોમાં બિનઆદિવાસી કુટુંબો વધારે પ્રમાણમાં રહેતા હોય છે. તેઓને પોતાની જમીન જુદી જુદી વ્યકિતના નામે કરવાનું વધારે સરળ રહે છે.

### ખેતીના સાધનો :

આદિવાસી પાસે જમીન ઓછી હોવાથી ખેતીના સાધનો પણ ખૂબજ ઓછા પ્રમાણમાં હોય છે. અભ્યાસમાં પસંદ કરેલ પાંચ ગામોમાં ખેતીના મુખ્ય સાધનો કેટલા છે તેની માહિતી કોઠા ૪:૧૯માં આપવામાં આવી છે. અભ્યાસમાં પસંદ કરેલ પાચ ગામોમાં નીચે પ્રમાણેના ખેતીના મુખ્ય સાધનો છે. ખેતીના મુખ્ય સાધનોમાં લાકડાનું હળ, લોખંડનું હળ( જમીન ચોરવા માટે, દાંતાવાળુ હળ, દવા છાંટવાનો પંપ અને દવા ઉડાડવાનો પંપ, લાકડાના પૈડાવાળા ગાડાનો સમાવેશ કર્યો છે. આ સાધનો પાંચ

ગામમાં ૫૩૧ છે. અભ્યાસમાં પસંદ કરેલ ૧૦૦ કુટુંબમાં ૪૩૪ ખેતીના સાધનો છે. તેમાં ૪:૧૦ના કોઠામાં જે સાધનો દર્શાવ્યા છે તેમાંથી ફકત લાકડાનું હળ જ ૨ કુટુંબ પાસે છે. જમીનવાળા અને જમીન વગરના એક એક કુટુંબ પાસે લાકડાનું હળ છે. જમીનવગરના કુટુંબ પાસે લાકડાનું હળ છે. તે પોતાની માલીકીનું નથી. આ કુટુંબ પોતાના ગામના અનાવિલ બ્રાહ્મણની જમીન ભાડેથી ખેડે છે. તેથી હળ અનાવિલ કુટુંબે આપ્યું છે. જમીનવાળા કુટુંબો પાસે કુટુંબદીઠ લાકડાનું હળ પણ નથી. ૪૩૨ જે નાના ઓજારો છે તેમાં પાવડા, બિકા, કોદાળી, તગારા નો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત બારસડી ગામમાં આદિવાસી કુટુંબો બીડી બનાવવાનું કામ કરે છે. તેમાં વપરાતા સાધનો જેવાકે કાતર, ચપ્પ, વગેરેનો સમાવેશ પ્રણ નાના ઓજારોમાં કરવામાં આવ્યો છે.

ખેતીના સાધનોમાં લાકડના સાધનો ગામનાજ સુથાર પાસે બનાવવામાં આવે છે. લાકડુ પણ ઘરનું જ વાપરવામાં આવે છે. લોખંડના સાધનો સુરત કે નવસારી, ના બજારમાંથી ખરીદી લાવે છે. આ સાધનોનું રિપેરીંગ કામ ગામમાં જો લુહાર હોય તો તેની પાસે અથવાતો નજીકના ગામના લુહાર પાસે કરાવે છે.

જમીનવગરના આદિવાસી કુટુંબો વધારે પ્રમાણમાં હોવાથી ખેતીના સાધનો પણ ઓછા છે. જે લોકો પાસે જમીન છે તે કુટુંબ પાસે પણ ખેતીના ખૂબજ ઓછા સાધનો છે. ખેતી માટે હળ એ આવશ્યક સાધન ગણાય આમ છતાં જમીનવાળા દરેક કુટુંબ પાસે એક એક પણ લાકડાનું હળ નથી. જમીન ખેડાવા માટે હળની સાથે બળદની જરૂર

પડે છે. અભ્યાસમાં પસંદ થયેલ કુટુંબોમાં ફક્ત ૨ બળદ અને ૩ વાછરડા છે. જમીનવાળા આદિવાસી ખેડૂતો પોતાની ખેતીમાં કોઇકના સાધનો ભાડે લાવીને ખેતી કરે છે. અથવા તો જમીનવાળા કુટુંબમાં પણ કોઇને કોઇ વ્યક્તિ ધણીયામાને ત્યાં ખેત મજૂરીનું કામ કરતા હોય છે. ધણીયામાં પાસેથી ખેતીના આવશ્યક સાધનો લાવીને પોતાની ખેતી કરે છે.

કોઠા નં.૪:૧૦

મહત્વના ખેતીના સાધનોની માહિતી દર્શાવતો કોઠો

| ખેતીના સાધનનું નામ | સેઢાવ | જેતપોર | એરપાણ | અંભેટી | દહતાન | બારસડી | તાલુકાનું કુલ |
|---|---|---|---|---|---|---|---|
| લાકડાનું હળ | ૨૫ | ૬ | ૨૫ | ૩૪ | ૬૯ | ૨૮ | ૧૫૫૫ |
| લોખંડનું હળ જમીન ચીરવાનું | ૨૪ | - | - | ૨૨ | - | - | ૩૩૧ |
| લોખંડનું હળ જમીન ફેરવવાનું | - | - | - | ૩૬ | - | - | ૧૬૨ |
| દાતાવાળું હળ | - | - | ૯ | ૪ | ૩૭ | ૨૨ | ૪૩૦ |
| ગાડા લાકડાના પૈડા વાળા | ૨૫ | ૯ | ૨૫ | ૪૫ | ૩૬ | ૨૫ | ૧૩૫૯ |
| દવા છાંટવાના પંપ | - | - | - | - | ૧૭ | - | ૨૬૭ |
| દવા ઉડાડવાના પંપ | - | - | - | - | ૮ | - | ૧૭ |
| કુલ | ૭૪ | ૧૫ | ૫૯ | ૧૪૧ | ૧૬૭ | ૭૫ | ૪૨૨૧ |

## કોઠા નં. ૪:૧૧

**અસ્કયામતની માહિતી દર્શાવતો કોઠો** (આંકડા રૂપિયામાં છે)

| ક્રમ | જાતિ | કુટુંબ | જમીનની કિંમત | મકાનની કિંમત | વૃક્ષોની કિંમત | પશુની કિંમત | યંત્ર ઓજારોની કિંમત | વાસણોની કિંમત | ઘરવખરી સાધનોની કિંમત | કુટુંબદીઠ અસ્કયામત | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | જમીન વાળા હળપતિ | ૭ | ૫૩૦૦૦ | ૨૭૮૦૦ | - | ૨૮૪૦ | ૭૯૦ | ૧૧૮૦ | ૧૮૨૨ | ૧૨૪૬૦ | ૮૭૪૩૨ |
| ૨. | જમીન વગરના ,, | ૮૦ | - | ૨૯૬૫૦૦ | ૬૭[illegible] | ૧૧૩૫૯૫ | ૫૦૧૫ | ૧૪૬૦૦ | ૩૦૫૧૭ | ૫૮૩૭-૦ | ૪૬૬૯૩૨ |
| ૩. | ,, ચૌધરી | ૯ | - | ૪૨૨૦૦ | ૫૦ | ૩૦૭૫ | ૩૪૦ | ૧૩૨૮ | ૨૭૬૮ | ૫૫૨૯-૦ | ૪૯૭૬૧ |
| ૪. | ,, નાયકા | ૪ | - | ૨૩૭૦૦ | ૬૫ | ૯૨૯૦ | ૨૫૫ | ૧૦૦૫ | ૨૩૧૩ | ૯૧૫૭-૦ | ૩૩૬૨૮ |
| ૫. | ,, કુલ | ૯૩ | - | ૩૬૨૪૦૦ | ૬૮૨૦ | ૧૨૫૯૬૦ | ૫૬૧૦ | ૧૬૯૩૩ | ૩[illegible]૫૯૮ | ૫૯૫૦-૦ | ૫૫૩૩૨૧ |
| | કુલ | ૧૦૦ | ૫૩૦૦૦ | ૩૯૦૨૦૦ | ૬૮૨૦ | ૧૨૮૮૦૦ | ૬૪૦૦ | ૧૮૧૧૩ | ૩૭૪૨૦ | ૬૪૦૮-૦ | ૬૪૦૭૫૩ |
| | કુટુંબદીઠ વિગતવાર અસ્કયામત | | ૫૩૦.૦ | ૩૯૦૨.૦ | ૬૮.૦ | ૧૨૮૮.૦૦ | ૬૪.૦ | ૧૮૧,૦ | ૩૭૪,૦ | | |

અસ્કયામત :

અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબોની કુટુંબદીઠ અસ્કયામત કેટલી છે તેની માહિતી કોઠા ૪:૧૧માં આપવામાં આવી છે.આ કોઠામાં જમીનની કિંમત, મકાનની કિંમત વૃક્ષોની કિંમત, પશુની કિંમત, યંત્ર ઓજારોની કિંમત, વાસણોની અને ઘરવપરાશના સાધનોની કિંમત ગણીને કુટુંબ દીઠ કેટલી અસ્કયામત થાય છે તેની માહિતી આપી છે.

અભ્યાસના ૧૦૦ કુટુંબની કુટુંબદીઠ અસ્કયામત ૬૪૦૮-૦૦ રૂપિયાની છે. તેમાં જમીન ૫૩૦ રૂા,મકાનની ૩૯૦૨ રૂા. વૃક્ષોની ૬૮ રૂા. પશુની ૧૨૮૮ રૂા.યંત્ર ઓજારો ૬૪ રૂા. વાસણો ૧૮૧ રૂા. અને ઘરવખરીના સાધનો ૩૭૩ રૂપિયાની કુટુંબ દીઠ અસ્કયામત છે. અભ્યાસમાં સમાવેલ જુદી જુદી જાતિઓમાં સૌથી વધારે અસ્કયામત નાયકા જાતિના કુટુંબોને પાસે છે. આ જાતિના કુટુંબ પાસે ૯૧૫૭-૦ રૂપિયાની અસ્કયામત છે.સૌથી ઓછી અસ્કયામત ચૌધરી જાતિના કુટુંબોમાં છે. આ જાતિના કુટુંબ પાસે ૫૫૨૯ રૂપિયાની અસ્કયામત છે.

આર્થિક પ્રવૃત્તિ :

દરેક સમાજના લોકોને પોતાનું જીવન ટકાવી રાખવા માટે કોઇને કોઇ આર્થિક પ્રવૃત્તિ કરવી પડે છે. આદિકાળમાં પુરૂષો ટોળીમાં શિકાર કરવા જતા અને તે દ્વારા પોતાનું જીવન જીવતા હતા. માનવના વિકાસ સાથે તેમની આર્થિક પ્રવૃત્તિ નો પણ વિકાસ થતો ગયો માનવી જયારે ભટકતું જીવન જીવતો હતો ત્યારે શિકાર અને ખેતીને તેમની મુખ્ય આર્થિક પ્રવૃત્તિ હતી. ધીરે ધીરે માનવી એક જગ્યાએ સ્થિર જીવન જીવવા લાગ્યો

તેમ ખેતીમાં વિકાસ કરતો ગયો. ખેતીમાં સુધરેલી જાતનું બિયારણ, પાણી, દવાની જાણકારી મેળવી તેનો ઉપયોગ કરતો ગયો તેમ તેમ ખેતીના કામમાં વધારે વ્યકિતની જરૂર પડવા લાગી આ માટે ખેતીના કામમાં મજૂરો રાખવા લાગ્યો. સમય જતા જમીન સમાજના અમુક વર્ગ પાસે જથ્થામાં આવી ગઇ અને બહુજન સમાજના લોકો જમીનદારને ત્યાં ખેતમજૂરીનું કામ કરવા લાગ્યા. આદિવાસીઓમાં પણ ખાસ કરીને હળપતિ આદિવાસીઓ ખેતમજૂરનું કામ વધારે પ્રમાણમાં કરે છે. વર્તમાન સમયમાં પણ હળપતિ લોકો નો મુખ્ય વ્યવસાય ખેતમજૂરીનો છે. જયારે અન્ય જાતિના આદિવાસીઓ ખેતમજૂરી સાથે સ્વરોજગારી મળી રહે તેવા વ્યવસાય અને શિક્ષણ લઇને જુદા જુદા સરકારી અને બિનસરકારી ખાતાઓમાં નોકરી પણ કરવા લાગ્યા છે. પલસાણા પોકેટના આદિવાસી જુદા જુદા પ્રકારનો વ્યવસાય કરે છે. તેમાં ખેતી, ખેતમજૂરી, છુટક મજૂરી, પશુપાલન, સુથારી કામ, કડીયાકામ, દરજીકામ, વાયરમેન, નાના પાયાનો વેપાર, હિરાનું કામ, બિડી બનાવીને વેચવાનું કામ અને સરકારી અને બિન સરકારી ખાતાઓમાં નોકરી પણ કરે છે.

અભ્યાસમાં પસંદ કરેલ ૧૦૦ કુટુંબમાં ૬૭ કુટુંબનો મુખ્ય વ્યવસાય ખેતમજૂરી છે. ૧૫ કુટુંબનો મુખ્ય વ્યવસાય બીડી બનાવવાનો, ૭ કુટુંબનો મુખ્ય વ્યવસાય નોકરી ૪ કુટુંબનો મુખ્ય વ્યવસાય હિરા ઘસવાનો, ૩ કુટુંબનો મુખ્ય વ્યવસાય ઔદ્યોગીક મજૂરીનો છે. ૨ કુટુંબનો મુખ્ય વ્યવસાય ખેતીનો છે. સાઇકલ રીપેરીંગ અને માળી કામનો મુખ્ય વ્યવસાય એક એક કુટુંબનો છે. અભ્યાસમાં પસંદ કરેલ જાતિઓના મુખ્ય વ્યવસાય કયા કયા છે તેની માહિતી કોઠા નં.૪:૧૨માં આપવામાં આવી છે.

અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબોનો મુખ્ય વ્યવસાય ની જાણકારી પ્રાપ્ત કર્યા બાદ આ કુટુંબોનો ગૌણ વ્યવસાય કયો કયો છે તેની માહિતી કોઠા ૪:૧૩માં આપવામાં આવી છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૧૦૦ કુટુંબમાંથી ૯૪ કુટુંબનો મુખ્ય વ્યવસાય મજૂરી કામનો છે. મજૂરીકામમાં ખેતીની મજૂરીનો વ્યવસાય ૬૫ કુટુંબનો છે. ૨૫ કુટુંબનો ગૌણ વ્યવસાય છૂટક મજૂરીનો છે. ૬ કુટુંબોનો ગૌણ વ્યવસાયમાં પશુપાલન,ખેતી,વેપાર,હિરા ઘસવાનું કામ અને ડ્રાઇવિંગનું કામનો છે.અભ્યાસમાં પસંદ કરેલ જુદા જુદા કુટુંબનો મુખ્ય અને ગૌણ વ્યવસાય જોયા બાદ આ વ્યવસાય વિષે વિગતે ચર્ચા કરીએ જેથી આ પોકેટના આદિવાસીઓની આર્થિક પરિસ્થિતનો ખ્યાલ આવે.

## કોઠા નં.૪:૧૨

### મુખ્ય ધંધા પ્રમાણે વર્ગીકરણ દર્શાવતો કોઠો

| ક્રમ | જાતિ | કુટુંબ સંખ્યા | બીડી બનાવવાનો | ખેતી | ખેતમજૂરી | નોકરી | ઔદ્યોગિક મજૂરી | હિરા ઘસવાનું કામ | સાઇકલ રીપેરીંગ | માળી કામ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. જમીન વાળા | હળપતિ | ૭<br>૭.૦૦ | – | ૧<br>૫૦.૦૦ | ૬<br>૮.૯૬ | – | – | – | – | – | ૭ |
| ૨. જમીન વગરના | હળપતિ | ૮૦<br>૮૦.૦૦ | ૧૫<br>૧૦૦.૦ | ૧<br>૫૦.૦૦ | ૪૮<br>૭૧.૬૪ | ૭<br>૧૦૦.૦૦ | ૩<br>૧૦૦.૦ | ૪<br>૧૦૦.૦ | ૧<br>૧૦૦.૦ | ૧<br>૧૦૦.૦ | ૮૦ |
| ૩. ,, | ચૌધરી | ૯<br>૯.૦૦ | – | – | ૯<br>૧૩.૪૩ | – | – | – | – | – | ૯ |
| ૪. ,, | નાયકા | ૪<br>૪.૦૦ | – | – | ૪<br>૫.૯૭ | – | – | – | – | – | ૪ |
| ૫. ,, | કુલ | ૯૩ | ૧૫ | ૧ | ૬૧ | ૭ | ૩ | ૪ | ૧ | ૧ | ૯૩ |
| | કુલ | ૧૦૦<br>૧૦૦.૦ | ૧૫<br>૧૦૦.૦ | ૨<br>૧૦૦.૦ | ૬૭<br>૧૦૦.૦ | ૭<br>૧૦૦.૦ | ૩<br>૧૦૦.૦ | ૪<br>૧૦૦.૦ | ૧<br>૧૦૦.૦ | ૧<br>૧૦૦.૦ | ૧૦૦ |

## કોઠા નં. ૪:૧૩

### ગૌણ ધંધા પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | જાતિ | | કુટુંબ સંખ્યા | ખેત-મજૂરી | ઔદ્યોગિક મજૂરી | મજૂરી | પશુ પાલન | ખેતી | વેપાર | હિરા ઘસવાનું | ડ્રાઇવર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | જમીનવાળા | હળપતિ | ૭ | – | ૩<br>૭૫.૦૦ | ૪<br>૧૬.૦૦ | – | – | – | – | – | ૭ |
| ૨. | જમીનવગરના. | હળપતિ | ૮૦ | ૬૫<br>૧૦૦.૦ | ૧<br>૨૫.૦૦ | ૯<br>૩૬.૦૦ | ૧<br>૧૦૦.૦ | ૧<br>૧૦૦.૦ | ૧<br>૧૦૦.૦ | ૧<br>૫૦.૦ | ૧<br>૧૦૦.૦ | ૮૦ |
| ૩. | ,, | ચૌધરી | ૯ | – | – | ૮<br>૩૨.૦૦ | – | – | – | ૧<br>૫૦.૦ | – | ૯ |
| ૪. | ,, | નાયકા | ૪ | – | – | ૪<br>૧૬.૦૦ | – | – | – | – | – | ૪ |
| ૫. | ,, | કુલ | ૯૩ | ૬૫ | ૧ | ૨૧ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૯૩ |
| | | કુલ | ૧૦૦ | ૬૫<br>૧૦૦.૦ | ૪<br>૧૦૦.૦ | ૨૫<br>૧૦૦.૦૦ | ૧<br>૧૦૦.૦ | ૧<br>૧૦૦.૦ | ૧<br>૧૦૦.૦ | ૨<br>૧૦૦.૦ | ૧<br>૧૦૦.૦ | ૧૦૦.૦ |

<u>ખેત-મજૂરી</u> :

પલસાણા પોકેટના હળપતિ અને અન્ય આદિવાસીઓ બે પ્રકારે ખેત-મજૂરી કરે છે. (૧) છૂટક ખેતમજૂરી અને (૨) બંધાયેલ ખેતમજૂરી

છૂટક મજૂરીમાં વ્યક્તિને જેના ઘરે કામ કરવાની ઇચ્છા થાય તેને ત્યાં કામ કરવા જાય છે. તેના બદલામાં ૫ થી ૭ રૂપિયાનું દૈનિક વેતન આપવામાં આવે છે. દૈનિક કામ કરવા આવતા લોકોને એક ભોજન આપવામાં આવતું નથી. અને જેટલા દિવસ કામ હોય તેટલા દિવસ જ તેને કામ મળે છે.

મજૂરીના બીજા પ્રકારમાં બંધાયેલ મજૂર તરીકે આદિવાસીઓ કામ કરે છે. આ પ્રકારમાં આદિવાસીને જ્યારે પૈસાની જરૂર પડે ત્યારે જે કુટુંબ તેને પૈસા આપે તેને ત્યાં મજૂરી કામ કરવા જાય છે. આવા લોકો કામ પહેલા પૈસા લઇને બંધાય જાય છે. બંધાયેલા મજૂરોને ૪ થી ૫ રૂપિયા દૈનિક મજૂરી ચૂકવવામાં આવે છે. તે ઉપરાંત એક ટાઇમ તેને ભોજન અને વર્ષમાં એકાદ જોડ કપડાની પણ આપવામાં આવે છે. બંધાયેલા મજૂરોને આખુ વર્ષ કામ આપવું પડે છે. અલબત જે દિવસ મજૂરી કામ માટે ત ન આવે તે દિવસ નું રોજ કાપી લેવામાં આવે છે. અમુક સમયે જે અગાવથી પૈસા લઇ ગયા હોય તે પેટે પૈસા કાપી લેવામાં આવે છે. જો મોટી ઉંમરનો પુરૂષ કામ માટે બંધાય તો તેને દૈનિક વેતન ૨ થી ૩ રૂપિયા આપે છે.

ઘણીવાર લીધેલ પૈસા આદિવાસીએ પાછા આપ્યા હોય તો પણ પૈસા ચોપડે જમા થયેલ ન હોય આમ થવા પાછળનું મુખ્ય કારણ આદિવાસી લોકો પોતે નિયમિત

હિસાબ નથી રાખતા તે છે. તે સિવાય પૈસા આપનાર કુટુંબ પૈસા લેનાર વ્યકિતને એક યા બીજી રીતે પોતાને ત્યાં ખેતમજૂરી ના કામ માટે તે આવે તેવાજ પ્રયાસ કરે છે. જયાં સુધી જે કુટુંબ પાસેથી પૈસા લીધા હોય તે પરત ન થાય ત્યાં સુધી પૈસા લેનાર વ્યકિતને બીજી કોઇ વ્યકિત કામે રાખતી નથી.

ઔદ્યોગીક મજૂરી :

સુરત, ઉધાન, બારડોલી, ની નજીકના ઔદ્યોગીક એકમમાં અને બારડોલીની નજીકની પેપરમીલમાં આદિવાસીઓ છુટક મજૂરીનું કામ કરે છે. પેપરમીલમાં સ્થાનિક લોકોને મજૂરીના કામે ખૂબજ ઓછા પ્રમાણમાં રાખે છે. પેપરમીલમાં ખાનદેશના મજૂરો વધારે પ્રમાણમાં કામ કરે છે. ઔદ્યોગીક એકમોમાં ૭ થી ૧૫ રૂપિયાનું દૈનિક રોજ મળે છે. ઔદ્યોગીક એકમોમાં છૂટક મજૂર અથવા તો કોંટ્રાકટ પધ્ધતિથી મજૂર રાખવામાં આવે છે. તેથી ઔદ્યોગીક મજૂરોને લગતા સરકારી નિયમો અને તેના લાભ આદિવાસીઓને ઓછા પ્રમાણમાં મળે છે.

પશુ પાલન :

પલસાણા પોકેટના આદિવાસીઓમાં પશુપાલનનો વ્યવસાય ખૂબજ ઓછા પ્રમાણમાં વિકસ્યો છે. કારણકે અહીંના આદિવાસીઓ પાસે જમીન ન હોવાથી પશુ ચારવાની મુશ્કેલી પડે છે. તેથી પશુપાલનનો વ્યવસાય અહીં જોઇએ તેટલા પ્રમાણમાં વિકસ્યો નથી. આમ છતા સરકારની જુદી જુદી યોજનામાં જે દૂધાળા પશુ મળે છે તેનાથી અમુક કુટુંબો પશુપાલનનો વ્યવસાય તરફ વળ્યા છે.

સ્વરોજગારી પ્રાપ્ત થતા વ્યવસાયો :

આ પ્રકારના વ્યવસાયમાં કડીયાકામ,સુથારીકામ, દરજીકામ, વાયરમેનનું કામ વગેરે વ્યવસાયઓ ચાલે છે. આ પ્રકારના વ્યવસાયોમાં પહેલાં આદિવાસી પોતાની જરૂર પૂરતાજ કામ કરતા હતા.ધીરે ધીરે આ પ્રકારના વ્યવસાયની તાલીમ અને વ્યવસાયની તકો વધવા લાગી તેમ તેમ આવા પ્રકારના વ્યવસાયમાં આદિવાસી યુવાનો જવા લાગ્યા.નજીકના મોટા શહેરમાં કડીયાકામ, સુથારીકામ, ના કારીગરોને કામ ની તકો વધી અને આ કામમાં ૨૦ થી ૪૦ રૂપિયા સુધીનું દૈનિક વેતન પણ મળે છે.

વેપાર :

પલસાણા પોકેટના આદિવાસીઓ નાના પાયાનો વ્યવસાય પણ કરે છે. તેમાં શાકભાજી વેચવાના,ગામમાં જીવન જરૂરિયાતની ચીજવસ્તુની દુકાન કરીને,રાજ્ય ધોરી માર્ગ નજીકનાં યુવાનો પાન-બીડી ચા-સોડા-લેમન વગેરેની લારી પણ રાખે છે. કડોદરા,બારડોલી, માર્ગ ઉપર દાસ્તાન ગામની નજીક એક ચૌધરી આદિવાસી બહેન ચા ની લારી ચલાવે છે. જેમાં ૪૦ થી ૫૦ રૂપિયાનો દૈનિક વેપાર થાય છે. માછલા સુરતથી લાવીને વેચવાનો ધંધો પણ ઘણા યુવાનો કરે છે.

હિરા-ઘસવાનો :

સુરત-બારડોલી-નવસારી-પલસાણામાં હિરા ઘસવાની ઘંટી છે. પલસાણા તાલુકાના મોટા ગામો જેવાકે બલેશ્વર,કડોદરા,વગેરે ગામોમાં પણ હિરા ઘસવાની નાની નાની ઘંટી છે. આ કામ યુવાન પુરૂષો કરે છે. જેમાં તેમને ૨૦ થી ૨૫ રૂપિયા દૈનિક રોજ મળી

રહે છે. અલબત હિરાનું કામ છૂટક મજૂરી ઉપર થાય છે. તેથી દૈનિક વેતન કેટલું મળશે તેનો ચોકકસ આંકડો આપી શકાય નહીં. કારણકે આદિવાસી યુવાનો પાસે રોકડ પૈસા આવે અને આ પૈસા જયાં સુધી ખર્ચાય ન જાય ત્યાં સુધી કામે જતો નથી. તે ઉપરાંત કુટુંબમાં આવતા સામાજિક પ્રસંગો જેવાકે વેવીશાળ, લગ્ન, સત્યનારાયણની કથા, મરણના પ્રસંગની ધાર્મિક વિધીમાં હાજરી આપવાનું અનિવાર્ય ગણે છે. તેથી વર્ષમાં ચોકકસ કેટલા દિવસ તેણે કામ કર્યું છે તેની ચોકકસ માહિતી મળી શકતી નથી. સરેરાશ માસીક ૨૦૦ થી ૩૦૦ રૂપિયા આ વ્યવસાયમાંથી એક યુવાન કમાઇ શકે છે.

સરકારી અને બિનસરકારી ખાતામાં

નોકરી :

જે આદિવાસીઓએ અભ્યાસ કર્યો છે તેઓ સરકારી ખાતામાં જુદી જુદી જગ્યા ઉપર નોકરી કરે છે. નોકરીઓમાં પ્રાથમિક શાળાના શિક્ષક, પોલીસ, બસના કંડકટર, જંગલખાતામાં અને જુદી જુદી સરકારી ઓફીસમાં કારકૂન અને પટાવાળાનું કામ આદિવાસીઓ કરે છે. આ પોકેટના આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. તેથી ઉચ્ચા હોદ્દાની નોકરી ઓછા પ્રમાણમાં કરે છે. પટાવાળા અને કારકૂનની નોકરી વધારે પ્રમાણમાં આદિવાસીઓ કરે છે.

ખેતી :

પલસાણા પોકેટના આદિવાસીઓમાં ખેતીનો વ્યવસાય ખૂબજ ઓછા પ્રમાણમાં આદિવાસીઓ કરે છે. અભ્યાસમાં લીધેલા ૧૦૦ કુટુંબમાં ફકત ૭ કુટુંબ પાસે જ જમીન છે. તે ઉપરથી ખ્યાલ આવે છે કે આદિવાસીઓ પાસે ખૂબજ ઓછા પ્રમાણમાં જમીન છે. ખેતીની જમીન હોવા છતાં ખેતીના સાધનો અને બિયારણની અપૂરતી સગવડતાને લઇને ખેતી નબળી થાય છે.

અભ્યાસના સેઢવ ગામના એક અનાવિલ કુટુંબે આદિવાસીને પોતાની જમીન ભાગે ખેડવા આપી છે. ખેતીના કામમાં મજૂરીનું કામ આદિવાસીએ કરવાનું અને દવા-ખાતર-પાણી વગેરેનો ખર્ચ બાદ કરી જે નફો થાય તે બંને કુટુંબે અડધો અડધો વેંચી લેવાનો. આમ આ પોકેટના અમુક ગામોમાં બીજાની જમીન આદિવાસી ખેડતા પણ થયા છે.

<u>બીડી બનાવવાનો :</u>

બારસડી ગામના આદિવાસીઓ દેશી બીડી બનાવવાનો ધંધો કરે છે. આ ગામમાં ૨૦ થી ૨૫ કુટુંબો બીડી બનાવે છે. બીડી બનાવવામાં કાતર અને વાંસના સુપડાની જરૂર પડે છે. બીડી બનાવવા માટે કાચા માલમાં દેશી તમાકુ-પાન અને સુતરના દોરાની જરૂર પડે છે. બીડી બનાવવાનો કાચો માલ બારડોલી થી ખરીદી લાવે છે. માલ વેપારી પાસેથી ઉધાર મળે છે. ઘણા વેપારી કાચો માલ આપીને તૈયાર બીડી લઇ લે છે. અને હિસાબના વધઘટ પૈસાની દેવડ દેવડ કરે છે. ૧૬ રૂપિયા એક હજાર બીડી બનાવવાનો ખર્ચ થાય છે. તેમાં ૮ રૂપિયા માલ સામાનના અને ૮ રૂપિયાની મજૂરીનો ખર્ચ થાય છે. વેપારીને ૧૦૦૦ બીડી ૧૮ રૂ.માં વેચે છે.

બારસડી ગામના બે ત્રણ હળપતિ કુટુંબો કાચો માલ વેચવાનું કામ પણ કરે છે. તેઓ પોતાની પાસે કાચા માલનો જથ્થો પણ રાખે છે.અને પોતાને ત્યાં પણ બીડી બનાવવાના કારીગરો રાખે છે. જેને એક હજાર બીડી બનાવવાના ૮ રૂપિયા રોજ આપે છે.

અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબના સભ્યોનું વય જૂથ પ્રમાણે વર્ગીકરણ કોઠા ૪:૧૪માં આપવામાં આવ્યું છે.

અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબોમાં ૨૭૫ પુરૂષો અને ૨૪૪ સ્ત્રીઓ છે. પુરૂષોમાં ૩૮.૧૮ ટકા પુરૂષો ૦થી ૧૪ વર્ષની વયના, ૧૮.૫૫ ટકા પુરૂષો ૧૫ થી ૨૪ વર્ષની વયના, ૧૮.૯૧ ટકા પુરૂષો ૨૧ થી ૩૫ વર્ષની વયના, ૧૯.૨૭ ટકા પુરૂષો ૩૬ થી ૬૦ વર્ષની વયના અને ૫.૦૯ ટકા પુરૂષો ૬૦ વર્ષથી ઉપરની વયના છે.

૨૪૪ સ્ત્રીઓમાં ૩૪.૮૩ સ્ત્રીઓ ૦ થી ૧૪ વર્ષની વયના,૨૦.૦૮ ટકા સ્ત્રીઓ ૧૫ થી ૨૪ વર્ષની વયના, ૧૭.૨૧ ટકા સ્ત્રીઓ ૨૫ થી ૩૫ વર્ષની વયના. ૨૨.૯૫ ટકા સ્ત્રીઓ ૩૬ થી ૬૦ વર્ષની વયના છે. ૪.૯૩ ટકા સ્ત્રીઓ ૬૦ વર્ષથી વધારે ઉંમરની છે.

અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબોમાં ૦ થી ૬ વર્ષના બાળકો ૧૭.૧૫ ટકા છે.૭ થી ૧૪ વર્ષના બાળકો ૧૯.૪૭ ટકા છે. ૦ થી ૧૪ વર્ષની વયના ૩૬.૬૨ ટકા બાળકો છે. બાળકની આ ઉંમર અભ્યાસ કરવાની છે. પરંતુ આદિવાસી અને ખાસ કરીને હળપતિ જાતિના બાળકો શાળાએ ખૂબજ ઓછા પ્રમાણમાં જાય છે.સરકારના નિયમ મુજબ આ ઉંમરના બાળકોને ફરજીયાત શિક્ષણ આપવાનું છે. તેથી જે તે ગામના આ ઉંમરના બાળકોના નામ શાળાના પત્રક ઉપર રાખવામાં આવે છે. પરંતુ આ બાળકોના નામ પહેલા યા બીજા ધોરણમાંજ હોય છે. હકીકતમાં આ બાળકો શાળાએ જતાજ નથી હોતા તેથી આગળ અભ્યાસ કરીને વિકાસ કરવાની શક્યતા ઘણી ઓછી છે.

આ ઉંમરના બાળકો આર્થિક કાર્યમાં સિધી રીતે મદદરૂપ થતા નથી. પરંતુ આડકતરી રીતે માતા-પિતાને આર્થિક ઉપાર્જનના કાર્યમાં મદદરૂપ થાય છે. આ કામોમાં પોતાનાથી નાની ઉંમરના ભાઇ-બહેનોને સાચવવાના,

બહેનો ઘરના કામમાં મદદરૂપ થાય. પુરૂષ બાળક પિતા જયારે મજૂરીએ જાય ત્યારે તેની સાથે જઇને ધણીયામાના પશુ સાચવે છે. ૮ થી ૧૨ વર્ષની છોકરીઓ ઘરકામ અને ધણીયામાના છોકરા-છોકરી સાચવવાનું કામ કરે છે. આ કામ માટે બાળકને વેતન અપાતુ નથી. પરંતુ ભોજન કયારેક કયારેક કપડા ધણીયામાં તરફથી મળે છે.

આ ઉંમરના બાળકો ગોવાળ તરીકે અને નાની ઉંમરના બાળકોને સાચવવા માટે ધણીયામાને ત્યાં રહે છે. ગોવાળ કે બાળક સાચવવા કાયમી ધોરણે રહેનાર બાળકોને વાર્ષિક ૨૦૦ થી ૩૦૦ રૂપિયાનું વેતન આપવામાં આવે છે. તે ઉપરાંત બન્ને ટાઇમનું ભોજન કપડા, ચંપલ, વગેરે પણ આપે છે. આ રીતે આ ઉંમરના બાળકો પોતાની જરૂરિયાત મહદંશે પોતે જ પૂરી કરે છે.

અભ્યાસમાં પસંદ થયેલ કુટુંબોની જરૂરિયાત પૂરી કરવાની જવાબદારી યુવાન લોકોની છે. ૩૭.૩૮ટકા યુવાન લોકો છે. ૨૧ ટકા લોકો ૩૬ થી ૬૦ વર્ષની વયના છે. જે આ યુવાન લોકોને આર્થિક ઉપાર્જનના કામમાં મદદરૂપ થાય છે.

અભ્યાસના કુટુંબમાં ૩૬.૬૨ ટકા ૦ થી ૧૪ વર્ષના અને ૫ ટકા લોકો ૬૦ વર્ષથી ઉપરના છે. ૪૧.૬૨ ટકા લોકોની જવાબદારી યુવાન લોકોએ ઉપાડવી પડે છે. અભ્યાસના કુટુંબમાં નાની વયના બાળકોની સંખ્યા વધારે છે. અભ્યાસમાં સમાવેલ ૧૦૦ કુટુંબો ઉપરથી કહી શકાય છે કે આદિવાસીઓમાં વસ્તી વધી રહી છે. જાણીતી વસ્તી શાસ્ત્રી સન્ડ બર્ગે આપેલ સૂત્ર પ્રમાણે ૦-૧૪ની ઉંમરના જૂથમાં કુલ વસતિના ૪૦ ટકા જેટલી વસતિ હોય તો તે પ્રજાની વસતિ વધી રહી છે. એમ કહેવાય ૩૦ટકા

જેટલી વસ્તી હોય તો તે પ્રજાની વસ્તી સ્થિર રહે છે. એમ કહેવાય અને ૨૦ ટકા જેટલી વસ્તી હોય તો તે પ્રજાની વસ્તી ઘટી રહી છે. એમ કહેવાય અભ્યાસમાં પસંદ કરેલ જુદા જુદા પાંચ ગામના ૧૦૦ કુટુંબોમાં ૦ થી ૧૪ વર્ષની વયના ૩૬.૬૨ ટકાની વસ્તી છે. સન્ડબર્ગના સૂત્ર પ્રમાણે અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબોમાં વસ્તી વધી રહી છે.

પલસાણા તાલુકાના ૪૯ ગામોમાં કુલ વસ્તીના ૪૬.૪૩ ટકા લોકો કમાનાર છે. અભ્યાસના પાંચ ગામના ૧૦૦ કુટુંબોમાં કુલ વસ્તીના ૬૦.૩૧ ટકા કુટુંબના સભ્યો કમાનાર છે. તાલુકાની કુલ વસ્તીમાં કમાનાર સભ્યોની ટકાવારી કરતા અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબોમાં કમાનાર સભ્યોનું પ્રમાણ વધારે છે. અભ્યાસમાં પસંદ કરેલ જુદીજુદી જાતિઓમાં ગરીબ કુટુંબોનું પ્રમાણ વધારે છે. તેથી આવા કુટુંબના મોટા ભાગના સભ્યોને આર્થિક ઉપાર્જનનું કામ કરવું પડે છે. તેથી અભ્યાસમાં સમાવેલ કુટુંબોમાં કમાનાર સભ્યોની ટકાવારી તાલુકાની કુલવસ્તીમાં કમાનાર સભ્યો કરતા વધારે છે.

અભ્યાસના કુટુંબોમાં ૩૧૩ સભ્યો કમાય છે. તેમાં ૧૬૫ (૫૨.૭૨) પુરૂષો અને ૧૪૮(૪૭.૨૮) સ્ત્રીઓ છે. ૧૬૫ પુરૂષ કમાનાર સભ્યમાં ૭(૪.૨૪) પુરૂષે ૧૪ વર્ષથી નીચેના છે. ૧૫૮(૯૫.૭૬)પુરૂષો ૧૪ વર્ષથી મોટી ઉંમરના છે. ૧૪૮ કમાનાર સ્ત્રીઓમાં ૬(૪.૦૫) ૧૪ વર્ષથી નીચેના અને ૧૪૨(૯૫.૯૫) સ્ત્રીઓ ૧૪ વર્ષથી મોટી ઉંમરની છે. કમાનાર સભ્યોમાં ૧૪ વર્ષ સુધીની સ્ત્રીઓ કરતા આ ઉંમરના પુરૂષો વધારે કમાય છે. અભ્યાસમાં લીધેલ જુદી જુદી જાતિવાર કમાનાર અને નહિં કમાનાર સભ્યની માહિતી કોઠા ૪:૧૫માં મૂકવામાં આવી છે.

આગળ આપણે અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબોમાં કેટલા સભ્યો કમાય છે અને કેટલા નથી કમાતા તેની વિગતની ચર્ચા કરી. કમાનાર સભ્યો કયા કયા વ્યવસાયમાં કામ કરે છે. તેની માહિતી જોઇએ. પલાસાણા તાલુકામાં કુલ વસ્તીમાં ૩૫૨૩૪ કમાનાર સભ્યો છે. તેમાં ૩૭૩૧(૧૦.૫૯) સભ્યો ખેડૂતો છે. ૨૨૫૫૩(૬૪.૦૦)ખેત મજૂરીનો વ્યવસાય કરે છે. ૪૬૧(૧.૩૨) ગૃહ ઉદ્યોગના વ્યવસાયમાં રોકાયેલા છે. ૮૪૮૯(૨૪.૦૯) લોકો અન્ય પ્રકારના કામોમાં રોકાયેલા છે. અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબના જે સભ્યો કમાય છે તેઓ કયા વ્યવસાયમાં રોકાયેલા છે તેની જાતિવાર માહિતી કોઠા ૪:૧૬માં આપવામાં આવી છે. એક વ્યક્તિ એક કરતા વધારે વ્યવસાય કરતી હોય તો તેને અલગ અલગ ગણવામાં આવ્યા છે. તેથી આ કોઠામાં કુલ કમાનાર વ્યક્તિ કરતા જુદા જુદા વ્યવસાયમાં કામ કરનારની સંખ્યા વધુ છે. કમાનાર ૧૦૦ પુરૂષોમાં ૬૧ પુરૂષો એક કરતા વધુ વ્યવસાય કરે છે. ૧૦૦ સ્ત્રીઓએ ૬૮ સ્ત્રીઓ એક કરતા વધુ વ્યવસાય કરે છે. પુરૂષો કરતા સ્ત્રીઓના વ્યવસાયમાં વિવિધતા ઓછી છે. પરંતુ એક કરતા વધુ વ્યવસાય પુરૂષો કરતા સ્ત્રીઓ વધુ કરે છે. કારણ કે પુરૂષો કોઇ એક વ્યવસાયમાં પૂરતી જાણકારી મેળવ્યા બાદ અન્ય વ્યવસાય કરતા નથી. દા.ત. એક પુરૂષ દરજીનું કામ કરતો હોય તો તે અન્ય વ્યવસાય કરવાની ઇચ્છા રાખે નહીં. જ્યારે સ્ત્રીઓ કોઇ પણ એક વ્યવસાયમાં કુશળતા ઓછી પ્રાપ્ત કરે છે. તેથી તેમને એક કરતા વધારે વ્યવસાય કરવા પડે છે. અભ્યાસમાં પસંદ થયેલ કુટુંબના સભ્યોમાં સૌથી વધુ ખેતમજૂરી ના વ્યવસાયમાં લોકો રોકાયેલા છે.

૨૭૦ પુરૂષોમાં ૧૨૬(૪૬.૬૭) પુરૂષોમાંખેત મજૂરીના કામમાં રોકાયેલા છે. ૧૨(૪.૪૪) પુરૂષો પશુપાલનના વ્યવસાયમાં રોકાયેલા છે.૭૬(૨૮.૧૫) પુરૂષોમજૂરીના કામમાં રોકાયેલા છે. ૨૮(૧૦.૩૭) પુરૂષો બીડી બનાવવાના વ્યવસાયમાં રોકાયેલા છે. બાકીના ૨૮ (૧૦.૩૭) પુરૂષો અન્ય પ્રકારના વ્યવસાયમાં જેવા કે નોકરી, ઔદ્યોગીક મજૂરી, ગોવાળ, હિરા ઘસવાનો વ્યવસાય આવા જુદા જુદા પ્રકારના વ્યવસાયમાં રોકાયેલા છે.

૨૧૭ સ્ત્રીઓમાં ૧૨૫(૫૭.૬૧) સ્ત્રીઓ ખેત મજૂરીના કામમાં રોકાયેલા છે. ૭૬(૩૫.૦૨)સ્ત્રીઓ મજૂરીના કામમાં રોકાયેલી છે.૧૬(૭.૩૭) સ્ત્રીઓ અન્ય પ્રકારના વ્યવસાય જેવા કે બીડી બનાવવી, દરજીનુંકામ, દાયણનું કામ આવા જુદા જુદા વ્યવસાયમાં રોકાયેલી છે. જુદા જુદા વ્યવસાયની જાતિવાર વિગતો કોઠામાં મૂકવામાં આવી છે.

## કોઠા નં.૪:૧૪

### વયજૂથ પ્રમાણે વર્ગીકરણ દર્શાવતો કોઠો

| ક્રમ | જાતિ | | કુટુંબ સંખ્યા | ૦ થી ૬ વર્ષ પુ. | ૦ થી ૬ વર્ષ સ્ત્રી | ૭ થી ૧૪ વર્ષ પુ. | ૭ થી ૧૪ વર્ષ સ્ત્રી | ૧૫ થી ૨૪ વર્ષ પુ. | ૧૫ થી ૨૪ વર્ષ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | જમીન વાળા | હળપતિ | ૭ | ૫<br>૧૧.૧૨ | ૪<br>૯.૦૯ | ૭<br>૧૧.૬૭ | ૪<br>૯.૭૬ | ૩<br>૫.૮૮ | ૩<br>૬.૧૨ |
| ૨. | જમીન વગરના | હળપતિ | ૮૦ | ૩૬<br>૮૦.૦૦ | ૩૬<br>૮૧.૮૨ | ૪૬<br>૭૬.૬૬ | ૩૩<br>૮૦.૫૦ | ૪૦<br>૭૮.૪૩ | ૩૯<br>૭૯.૫૯ |
| ૩. | ,, | ચૌધરી | ૯ | ૨<br>૪.૪૪ | ૧<br>૨.૨૭ | ૭<br>૧૧.૬૭ | ૨<br>૪.૮૭ | ૫<br>૯.૮૧ | ૪<br>૮.૧૭ |
| ૪. | ,, | નાયકા | ૪ | ૨<br>૪.૪૪ | ૩<br>૬.૮૨ | - | ૨<br>૪.૮૭ | ૩<br>૫.૮૮ | ૩<br>૬.૧૨ |
| | | કુલ | ૯૩ | ૪૦ | ૪૦ | ૫૩ | ૩૭ | ૪૮ | ૪૬ |
| | | કુલ | ૧૦૦ | ૪૫<br>૧૦૦.૦૦<br>૧૬.૩૬ | ૪૪<br>૧૦૦.૦૦<br>૧૮.૦૩ | ૬૦<br>૧૦૦.૦૦<br>૨૧.૮૨ | ૪૧<br>૧૦૦.૦૦<br>૧૬.૮૦ | ૫૧<br>૧૦૦.૦૦<br>૧૮.૫૫ | ૪૯<br>૧૦૦.૦૦<br>૨૦.૦૮ |

-૨-

| ૨૫ થી ૩૫ વર્ષ | | ૩૬ થી ૬૦ વર્ષ | | ૬૦ થી ઉપર | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૩ | ૩ | ૩ | ૩ | ૨ | ૨ | ૨૩ | . ૧૯ |
| ૫.૭૭ | ૭.૧૪ | ૫.૧૬ | ૫.૩૬ | ૧૪.૨૯ | ૧૬.૬૭ | ૮.૩૬ | ૭.૭૯ |
| ૪૪ | ૩૫ | ૩૮ | ૪૨ | ૧૨ | ૯ | ૨૧૬ | ૧૯૪ |
| ૮૪.૬૧ | ૮૩.૩૪ | ૭૧.૭૦ | ૭૫.૦૦ | ૮૫.૭૧ | ૭૫.૦૦ | ૭૮.૫૫ | ૭૯.૫૧ |
| ૩ | ૩ | ૭ | ૭ | – | ૧ | ૨૫ | ૧૮ |
| ૫.૭૭ | ૭.૧૪ | ૧૫.૦૯ | ૧૨.૫૦ | | ૮.૩૩ | ૯.૦૯ | ૭.૩૮ |
| ૨ | ૧ | ૪ | ૪ | – | – | ૧૧ | ૧૩ |
| ૩.૮૫ | ૨.૩૮ | ૭.૫૫ | ૭.૧૪ | | | ૪.૦૦ | ૫.૩૨ |
| ૪૯ | ૩૯ | ૫૦ | ૫૩ | ૧૨ | ૧૦ | ૨૫૨ | ૨૨૫ |
| ૫૨ | ૪૨ | ૫૩ | ૫૬ | ૧૪ | ૧૨ | ૨૭૫ | ૨૪૪ |
| ૧૦૦.૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૧૮.૯૧ | ૧૭.૨૧ | ૧૯.૨૭ | ૨૨.૯૫ | ૫.૦૯ | ૪.૯૩ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

## કોઠા નં. ૪:૧૫

### કમાનાર અને નહીં કમાનારની માહિતી દર્શાવતો કોઠો

| કમાનાર ક્રમ | જાતિ | કુટુંબ સંખ્યા | ૧૪ વર્ષથી નીચેના પુ. | ૧૪ વર્ષથી નીચેના સ્ત્રી | ૧૪ વર્ષથી ઉપર પુ. | ૧૪ વર્ષથી ઉપર સ્ત્રી | કુલ કમાનાર પુ. | કુલ કમાનાર સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. જમીનવાળા | હળપતિ | ૭ | ૨<br>૨૮.૫૭ | - | ૧૧<br>૬.૯૬ | ૧૦<br>૭.૦૪ | ૧૩<br>૫૬.૫૨ | ૧૦<br>૫૨.૬૩ |
| ૨. જમીનવગરના | હળપતિ | ૮૦ | ૫<br>૭૧.૪૩ | ૫<br>૮૩.૩૩ | ૧૨૭<br>૮૦.૩૯ | ૧૧૨<br>૭૮.૮૮ | ૧૩૨<br>૬૧.૧૧ | ૧૧૭<br>૬૦.૩૦ |
| ૩. ,, | ચૌધરી | ૯ | - | ૧<br>૧૬.૬૭ | ૧૨<br>૭.૫૯ | ૧૩<br>૯.૧૫ | ૧૨<br>૪૮.૦૦ | ૧૪<br>૭૭.૭૮ |
| ૪. ~~[illegible]~~ | નાયકા | ૪ | - | - | ૮<br>૫.૦૬ | ૭<br>૪.૯૩ | ૮<br>૭૨.૭૩ | ૭<br>૫૩.૮૫ |
| ૫. ,, | કુલ | ૯૩ | ૫ | ૬ | ૧૪૭ | ૧૩૨ | ૧૫૨ | ૧૩૮ |
| | કુલ | ૧૦૦<br>૧૦૦.૦ | ૭<br>૧૦૦.૦૦<br>૪.૨૪ | ૬<br>૧૦૦.૦૦<br>૪.૦૫ | ૧૫૮<br>૧૦૦.૦૦<br>૯૫.૭૬ | ૧૪૨<br>૧૦૦.૦<br>૯૫.૯૫ | ૧૬૫<br>૧૦૦.૦<br>૬૦.૦<br>૧૦૦.૦ | ૧૪૮<br>૧૦૦.૦૦<br>૬૦.૬૫<br>૧૦૦.૦૦ |

નહીં કમાનાર

| નહીં કમાનાર પુ. | નહીં કમાનાર સ્ત્રી | કુલ પુ. | કુલ સ્ત્રી |
|---|---|---|---|
| ૧૦ | ૯ | ૨૩ | ૧૯ |
| ૪૩.૪૮ | ૪૭.૩૭ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૮૪ | ૭૭ | ૨૧૬ | ૧૯૪ |
| ૩૮.૮૯ | ૩૯.૭૪ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૧૩ | ૪ | ૨૫ | ૧૮ |
| ૫૨.૦૦ | ૨૨.૨૨ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૩ | ૬ | ૧૧ | ૧૩ |
| ૨૭.૨૭ | ૪૬.૧૫ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૧૦૦ | ૮૭ | ૨૫૨ | ૨૨૫ |
| ૧૧૦ | ૯૬ | ૨૭૫ | ૨૪૪ |
| ૧૦[illegible].૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૪૦.૦૦ | ૩૯.૩૫ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

## કોઠા નં. ૪:૧૬

### કમાનાર સભ્યોનું જુદા જુદા ધંધા પ્રમાણે વર્ગીકરણ દર્શાવતો કોઠો

| ક્રમ | જાતિ | કુટુંબ સંખ્યા | ખેતમજૂરી પુ. | ખેતમજૂરી સ્ત્રી | પશુપાલન પુ. | પશુપાલન સ્ત્રી | મજૂરી પુ. | મજૂરી સ્ત્રી | બીડી પુ. | બીડી સ્ત્રી | નોકરી પુ. | નોકરી સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. જમીનવાળા | હળપતિ | ૭ | ૧૧ | ૯ | ૨ | ૨ | ૯ | ૮ | – | – | – | – |
| ૨. જમીનવગરના | હળપતિ | ૮૦ | ૯૭ | ૯૮ | ૧૦ | ૭ | ૫૧ | ૫૨ | ૨૮ | ૨ | ૮ | ૧ |
| ૩. ,, | ચૌધરી | ૯ | ૧૧ | ૧૨ | – | – | ૧૦ | ૧૧ | – | – | – | – |
| ૪. ,, | નાયકા | ૪ | ૭ | ૬ | – | – | ૬ | ૫ | – | – | – | – |
| ૫. ,, | કુલ | ૯૩ | ૧૫૫ | ૧૧૬ | ૧૦ | ૭ | ૬૭ | ૬૮ | ૨૮ | ૨ | ૮ | ૧ |
| | કુલ | ૧૦૦ | ૧૨૬ | ૧૨૫ | ૧૨ | ૯ | ૭૬ | ૭૬ | ૨૮ | ૨ | ૮ | ૧ |
| | | | ૪૬.૬૭ | ૫૭.૬૧ | ૪.૪૪ | ૪.૧૫ | ૨૮.૧૫ | ૩૫.૦૨ | ૧૦.૩૭ | ૦.૯૨ | ૨.૯૬ | ૦.૪૬ |

-૨-

| ઔદ્યોગીક મજૂરી પુ. | ઔદ્યોગીક મજૂરી સ્ત્રી | વેપાર પુ. | વેપાર સ્ત્રી | હિરા ઘસવાનું પુ. | ગોવાળ પુ. | ડ્રાઇવર પુ. | માળી પુ. | ઈંડા વેચવાનું પુ. | દરજી પુ. | દાયણ સ્ત્રી | કુલ પુ. | કુલ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| - | - | - | - | ૧ | - | - | - | - | ૧ | - | ૨૩ | ૨૦ |
| ૪ | - | ૧ | ૧ | ૭ | ૧ | ૧ | ૧ | ૧ | - | ૨ | ૨૧૦ | ૧૬૩ |
| - | - | - | - | ૨ | - | - | - | - | - | - | ૨૩ | ૨૩ |
| - | - | - | - | ૧ | - | - | - | - | - | - | ૧૪ | ૧૧ |
| ૪ | ૧ | ૧ | ૧ | ૧૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨ | ૨૪૭ | ૧૯૪૭ |
| ૪ | - | ૧ | ૧ | ૧૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨ | ૨૭૦ | ૨૧૭ |
| ૧.૪૯ | | ૦.૩૭ | ૦.૪૬ | ૪.૦૭ | ૦.૩૭ | ૦.૩૭ | ૦.૩૭ | ૦.૩૭ | ૦.૪૬ | ૦.૯૨ | ૧૦૦.૦ | ૧૦૦.૦ |

આગળ આપણે કમાનાર સભ્યો કયો કયો વ્યવસાય કરે છે તેની માહિતીની જાણકારી મેળવી. આ વ્યવસાય-માંથી કેટલી આવક પ્રાપ્ત થાય છે તેની માહિતી કોઠા ૪:૧૭માં આપવામાં આવી છે. જુદા જુદા આવકના સ્ત્રોની કુલ વાર્ષિક આવક ૪૪૫૫૦૦ રૂપિયા છે. કુટુંબ દીઠ વાર્ષિક આવક ૪૪૫૫ રૂપિયાની છે. કુલ આવકમાં ૧૦૮૦૦ (૨.૪૨) રૂપિયાની આવક ખેતીમાંથી થાય છે. ૨૧૭૦૦ (૪.૮૭) રૂપિયાની આવક પશુ પાલનના વ્યવસાયમાંથી થાય છે. ૨૭૩૪૦૦(૬૧.૩૭) રૂપિયાની આવક ખેતમજૂરી ઔદ્યોગીક મજૂરી માંથી થાય છે. ૨૭૯૦૦(૬.૨૬)રૂપિયાની આવક નોકરીમાંથી થાય છે. ૯૬૨૦૦(૨૧.૬૦) રૂપિયાની આવક અન્ય વ્યવસાયમાંથી થાય છે. અન્ય વ્યવસાયમાં બીડીકામ, દરજીકામ, કડીયાકામ, હિરાઘસવાનું કામ સ્ત્રીઓને દાયણના કામમાંથી જે વેતન મળે છે તેને અન્ય આવકમાં સમાવવામાં આવેલ છે.

અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબોની કુલ આવકમાં ૬૪.૮૫ ટકાની આવક મજૂરીમાંથી થાય છે. તેમાં ખેતમજૂરી માંથી સૌથી વધારે આવક પ્રાપ્ત થાય છે. બીજાક્રમે ૨૧.૬૦ ટકાની આવક અન્ય વ્યવસાયમાંથી થાય છે. ખેતી, પશુપાલન અને નોકરીના વ્યવસાયમાંથી ૧૩.૫૫ ટકા આવક પ્રાપ્ત થાય છે. કુટુંબ દીઠ વાર્ષિક આવક કયા કયા વ્યવસાયમાંથી કેટલી થાય છે તેની માહિતી કોઠામાં આપવામાં આવી છે.

૧૯૭૯-૮૦ના ભાવે ભારતમાં વાર્ષિક માથા દીઠ આવક ૧૩૭૯ રૂપિયાની છે. ગુજરાત રાજયની વાર્ષિક માથાદીઠ આવક ૧૬૫૮-૦૦ રૂપિયાની છે.[1] અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબોના સભ્યોની માથાદીઠ વાર્ષિક આવક ૮૫૮/- રૂપિયાની છે જે ગુજરાત રાજયની માથા દીઠ આવક કરતા અડધા કરતા થોડી વધું છે.

---

1. Socio Economic Review (1981-82) Gujarat State Budget Publication No 24 bureau of Economic & Statistics Government of Gujarat, Gandhinagar 1982

## કોઠા નં. ૪: ૧૭

## સ્રોતવાર આવક દર્શાવતો કોઠો

| ક્રમ | | જાતિ | કુટુંબ સંખ્યા | ખેતી આવક | ખેતી ખર્ચ | પશુપાલન આવક | પશુપાલન ખર્ચ | ખેતમજૂરી આવક | ખેતમજૂરી ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | જમીનવાળા | હળપતિ | ૭ | ૧૧૨૦૦ | ૩૬૦૦ | ૧૪૦૦ | ૬૦૦ | ૧૯૮૦૦ | - |
| ૨. | જમીનવગરના | હળપતિ | ૮૦ | ૩૫૦૦ | - | ૨૩૧૦૦ | ૬૫૦૦ | ૨૦૪૪૦૦ | - |
| ૩. | ,, | ચૌધરી | ૯ | - | - | ૫૦૦ | ૧૦૦ | ૩૨૩૦૦ | - |
| ૪. | ,, | નાયકા | ૪ | - | - | ૫૦૦૦ | ૧૫૦૦ | ૧૬૯૦૦ | - |
| ૫. | ,, | કુલ | ૯૩ | ૩૫૦૦ | - | ૨૮૬૦૦ | ૭૭૦૦ | ૨૫૩૬૦૦ | - |
| | | કુલ | ૧૦૦ | ૧૪૭૦૦ | ૩૬૦૦ | ૩૦૦૦૦ | ૮૩૦૦ | ૨૭૩૪૦૦ | - |
| | ચોખ્ખીઆવક | | | ૧૦૮૦૦ | | ૨૧૭૦૦ | | ૨૭૩૪૦૦ | |
| | | | | ૨.૭૨ | | ૪.૮૭ | | ૬૧.૩૭ | |
| | કુટુંબ દીઠ વાર્ષિક ચોખ્ખીઆવક રૂપિયામાં | | | ૧૦૮-૦૦ | | ૨૧૭-૦૦ | | ૨૭૩૪-૦૦ | |

-૨-

| ઔદ્યોગીક મજૂરી | | નોકરી | | અન્ય | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| આવક | ખર્ચ | આવક | ખર્ચ | આવક | ખર્ચ | આવક | ખર્ચ |
| - | - | - | - | ૩૦૦૦ | - | ૩૫૪૦૦ | ૪૫૦૦ |
| ૧૮૦૦૦ | ૨૫૦૦ | ૨૭૯૦૦ | | ૯૦૭૦૦ | ૩૫૦૦ | ૩૬૭૬૦૦ | ૧૨૫૦૦ |
| - | - | - | - | ૫૦૦૦ | ૧૦૦૦ | ૩૭૮૦૦ | ૧૧૦૦ |
| - | - | - | - | ૨૦૦૦ | | ૨૩૯૦૦ | ૧૧૦૦ |
| ૧૮૦૦૦ | ૨૫૦૦ | ૨૭૯૦૦ | - | ૯૭૭૦૦ | ૪૫૦૦ | ૪૨૯૩૦૦ | ૧૪૭૦૦ |
| ૧૮૦૦૦ | ૨૫૦૦ | ૨૭૯૦૦ | - | ૧૦૦૭૦૦ | ૪૫૦૦ | ૪૬૪૭૦૦ | ૧૯૨૦૮ |
| ૧૫૫૦૦ | | ૨૭૯૦૦ | | ૯૬૨૦૦ | | ૪૪૫૫૦૦ | |
| ૩.૪૮ | | ૬.૨૬ | | ૨૧.૬૦ | | ૧૦૦.૦ | |
| ૧૫૫-૦૦ | | ૨૯૭-૦૦ | | ૯૬૨-૦૦ | | ૪૪૫૫-૦૦ | |

## વાર્ષિક વપરાશી ખર્ચ :

અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબની ક્ષેત્રવાર વાર્ષિક આવકની માહિતી સાથે આ આવક કયા કયા ક્ષેત્રોમાં વાપરે છે તેની માહિતી પણ એકત્ર કરવામાં આવી છે. વાર્ષિક આવક કરતા ૧૧૭-૭૫ રૂપિયાનો વાર્ષિક ખર્ચ વધારે થાય છે. આ ખર્ચને પહોંચી વળવા માટે દેવું કરવું પડે છે. અથવા તો કોઇને ત્યાં ખેત મજૂરીના કામે બંધાય ને પોતાના ખર્ચમાં કાપ લાવવો પડે છે. ૩૧૯૮૦૦(૬૯.૯૪) રૂપિયાનો ખર્ચ ખાધા ખોરાકી પાછળ કરવામાં આવે છે. બીજા ક્રમે ૪૬૦૦૦(૧૦.૭૨) રૂપિયાનો ખર્ચ કપડા અને પગરખા પાછળ ખર્ચ કરવામાં આવે છે. ખર્ચના ૮૦.૬૬ટકા આ બે વિભાગોમાં ખર્ચ થાય છે. ૮૮૪૭૫(૧૯.૩૪) રૂપિયાના ખર્ચમાં બળતણ,સામાજિક -ધાર્મિક ખર્ચ, શૈક્ષણિકખર્ચ, મોજશોખ અને દારૂની પાછળ ખર્ચ કરવામાં આવે છે.

જાતિવાર કુટુંબો કયા કયા ક્ષેત્રમાં કેટલો ખર્ચ કરે છે તે માહિતી અને કયા ક્ષેત્રોમાં કુટુંબ દીઠ કેટલું ખર્ચ થાય છે તેની માહિતી કોઠા ૪.૧૮માં આપવામાં આવી છે.અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબમાં વ્યક્તિદીઠ વાર્ષિક ખર્ચ ૮૮૧-૦૦ રૂપિયા આવે છે જયારે વ્યકિતદીઠ માસિક ખર્ચ ૭૩ રૂપિયા થાય છે. અભ્યાસમાં સમાવેલ જુદી જુદી જાતિઓમાં ૭ જમીનવાળા હળપતિ જાતિના કુટુંબનો વ્યકિત દીઠ માસિક ખર્ચ ૬૭-૦૦ રૂપિયા થાય છે. ૮૦ જમીનવગરના હળપતિ જાતિના કુટુંબનો વ્યકિત દીઠ માસિક ખર્ચ ૭૪-૦૦ રૂપિયા થાય છે. ૯ ચૌધરી જાતિના કુટુંબનો વ્યકિત દીઠ માસિક ખર્ચ ૭૨ રૂપિયા થાય છે. ૪ નાયકા જાતિના કુટુંબનો વ્યકિત દીઠ માસિક ખર્ચ ૭૧ રૂપિયા થાય છે.

૧૯૭૯-૮૦ના ભાવે જોઇએતો ગ્રામ્ય વિસ્તારમાં ૭૬-૦૦ રૂપિયાનો માથાદીઠ માસિક ખર્ચ થતો હોય તેવા લોકોને ગરીબીની રેખા નીચે જીવે છે. તેમ માનવામાં આવે છે. આ ભાવની સપાટીએ અભ્યાસમાં પસંદ કરેલ દરેક કુટુંબ ગરીબી રેખા નીચે જીવન જીવે છે.

અનેક વિધ વ્યવસાય કરવા છતા આ વ્યવસાયમાંથી જે આવક પ્રાપ્ત થાય તેના કરતા ખર્ચ વધી જાય છે. જયારે મોંઘવારી દિનપ્રતીદિન વધતી જાય છે. તેથી આદિવાસીઓને આર્થિક પાસાના બે છેડા ભેગા કરવાનું મુશ્કેલ બને છે. કારણકે ખાવા-પિવાનું દરરોજનું દરરોજ લાવીને ખાય છે. પૈસા પાસે ન હોય ત્યારે ભૂખ્યા અથવા તો દારૂનો ગ્લાસ પ પીને સૂઇ જાય છે. કુટુંબમાં માંદગી કે આકસ્મીક ખર્ચ આવે ત્યારે ખર્ચને પહોંચી વળવું મુશ્કેલ બને છે. તેથી કાંતો માંદગીનો યોગ્ય ઇલાજ થતો નથી અથવા તો દેવું કરવું પડે છે.

## કોઠા નં. ૪:૧૮

### વાર્ષિક ખર્ચની માહિતી દર્શાવતો કોઠો

(રૂપિયામાં)

| ક્રમ | | જાતિ | કુટુંબ સંખ્યા | ખાધાખોરાકી | બળતણ | કપડાં અને પગરખાં | સામાજિક |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | જમીનવાળા | હળપતિ | ૭ | ૨૩૮૦૦ | ૧૩૫૦ | ૩૭૦૦ | ૮૫૦ |
| ૨. | જમીનવગરના. | હળપતિ | ૮૦ | ૨૫૭૫૦૦ | ૧૪૯૦૦ | ૩૮૮૦૦ | ૯૪૫૦ |
| ૩. | ,, | ચૌધરી | ૯ | ૨૪૫૦૦ | ૧૮૫૦ | ૪૩૦૦ | ૧૦૦૦ |
| ૪. | ,, | નાયકા | ૪ | ૧૪૦૦૦ | ૯૫૦ | ૨૨૦૦ | ૨૫૦ |
| ૫. | ,, | કુલ | ૯૩ | ૨૯૬૦૦૦ | ૧૭૭૦૦ | ૪૫૩૦૦ | ૧૦૩૦૦ |
| | | કુલ | ૧૦૦ | ૩૧૯૮૦૦ | ૧૯૦૫૦ | ૪૯૦૦૦ | ૧૧૫૫૦ |
| | | | | ૬૯.૯૪ | ૪.૧૭ | ૧૦.૭૨ | ૨.૫૨ |
| | | કુટુંબદીઠ વાર્ષિકખર્ચ | | ૩૧૯૮-૦૦ | ૧૯૦-૫૦ | ૪૯૦-૦૦ | ૧૧૫-૫૦ |

| ધાર્મિક | શૈક્ષણિક | મોજશોખ અને મનોરંજન | દારૂ,બીડી તાડી | અન્ય ખર્ચ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૭૫૦ | ૩૫૦ | ૧૧૦૦ | ૧૯૦૦ | - | ૩૩૮૦૦ |
| ૭૬૫૦ | ૫૫૭૫ | ૧૨૩૫૦ | ૧૮૨૫૦ | ૧૫૦૦ | ૩૬૫૯૭૫ |
| ૮૦૦ | ૭૦૦ | ૧૮૫૦ | ૨૦૦૦ | ૧૫૦ | ૩૭૧૫૦ |
| ૩૫૦ | ૪૦૦ | ૧૧૫૦ | ૯૫૦ | ૧૦૦ | ૨૦૩૫૦ |
| ૮૮૦૦ | ૬૬૭૫ | ૧૫૩૫૦ | ૨૧૨૦૦ | ૧૭૫૦ | ૪૨૩૪૭૫ |
| ૯૫૫૦ | ૭૦૨૫ | ૧૬૪૫૦ | ૨૩૧૦૦ | ૧૭૫૦ | ૪૫૭૨૭૫ |
| ૨.૦૯ | ૧.૫૩ | ૩.૬૦ | ૫.૦૫ | ૦.૩૮ | ૧૦૦.૦૦ |
| ૯૫.૫૦ | ૭૦.૨૫ | ૧૬૪.૫૦ | ૨૩૧.૦૦ | ૧૭.૫૦ | ૪૫૭૨.૭૫ |

<u>દેવુ</u> :

પલસાણા તાલુકાના આદિવાસીઓ પાસે ખૂબજ ઓછા પ્રમાણમાં જમીન હોવાથી જયારે ખર્ચ ને પહોંચી વળવા માટે પૈસાની જરૂર પડે ત્યારે મુશ્કેલી થાય છે. કારણકે સ્થાયી મિલકતના અભાવને લેઇને કોઇ વ્યકિતઓ પૈસા ધિરવા તૈયાર થતું નથી. સ્થાયી મિલકતના અભાવે શ્રમને અગાવથી વેચીને કામ માટે બંધાય છે. અભ્યાસના ૧૦૦ કુટુંબોમાં ૩૮ કુટુંબને દેવું છે. ગરીબી રેખા નીચે જીવન જીવતા હોવા છતાં દેવુ ઘણા ઓછા કુટુંબે બતાવ્યું છે. આની પાછળનું મુખ્ય કારણ એ છે કે જે લોકો બંધાયેલા મજૂર છે તેઓ તે રકમને દેવું ગણતા નથી. કોઇ વ્યકિત ઔદ્યોગિક એકમમાં કામ કરવા જશે અને કામમાં કુશળતા પ્રાપ્ત કરશે તો જે ઔદ્યોગિક એકમના માલીકો તેને કામ કર્યા અગાવ પૈસા આપસે અને ધીરે ધીરે કામમાંથી તે પૈસા પાછા લેતા જશે.આથી આ રકમને તેઓ દેવા તરીકે ઓછા સ્વિકારવા તૈયાર થાય છે.જયારે તેને અન્ય જગ્યાએ કામે જવાનું થાય ત્યારે કામે રાખનાર વ્યકિત આગલા વ્યકિતનું દેવુ જેટલું હોય તેટલું ભરપાઇ કરી આપે છે. આવું ઔદ્યોગીક એકમમાં કુશળ કારીગરો અને હિરાઘસવાનું જે લોકો કામ કરે છે તેઓ પાસેછે.

જે લોકો ખેત ગજુરીનું કામ કરે છે તેઓ પણ અગાવથી પણીયામાં પાસેથી પૈસા લે છે. પણીયામાં પાસેથી કેટલા પૈસા લીધા છે તેની જાણ કોઇને ન થાય તેવું પણીયામાં ઇચ્છે છે. અને આથી આ અંગે ખેત-મજૂરને ગોન રહેવા સમજાવે છે. આમ કરવા પાછળનું મંખ્ય કારણ બદલાતા જતા કાયદાઓ છે. આ કારણને લઇને ઓછા કુટુંબે દેવું બતાવ્યું છે.જે લોકોએ દેવું બતાવ્યું છે તેમાં સૌથી વધુ રકમનું દેવું ખાનગી વ્યકિતનું છે. આ બાબત ઉપરથી

ઉપરોકત હકીકત સમજાય છે. જે કુટુંબે દેવું બતાવ્યું છે તેઓએ પણ દેવું કોનું છે તે નહી બતાવતા ખાનગી દેવું છે તેમ બતાવ્યુ છે.

૩૮ દેવાદાર કુટુંબને કુલ ૩૯૮૭૫ રૂપિયાનું દેવું છે તેમાં ૩૫૦(૦.૮૮) રૂપિયાનું શાહુકારનું દેવું,૫૦૭૫ (૧૨.૭૩) રૂપિયાનું સરકારી દેવું ૪૭૦૦(૧૧.૭૯) રૂપિયાનું બેન્કનું દેવું, ૪૦૦૦(૧૦.૦૩) રૂપિયાનું સગા-વહાલાનું દેવું, અને ૨૫૭.૫૦(૬૪.૫૭) રૂપિયાનું ખાનગી દેવું છે. જાતિવાર અને કુટુંબ દીઠ કેટલું દેવું છે તેની માહિતી કોઠા ૪:૧૯માં મૂકવામાં આવી છે.

દેવાનો હેતુ :

ખર્ચની વિગતમાં આપણે જોયું કે અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબનો ૬૯.૯૪ ટકા ખર્ચ ખાધા ખોરાકી પાછળ થાય છે. આ ખર્ચને પહોંચીવળવા દેવું કરવું પડે છે.દેવાદાર ૩૮ કુટુંબોમાં ૧૦ કુટુંબને ઘરવપરાશ માટે દેવું કરવું પડે છે. ઘરવપરાશના ખર્ચમાં અનાજ-કપડા-વાસણ લાવવા પાછળ થતા ખર્ચનો સમાવેશ થાય છે. બીજા ક્રમે લગ્ન પ્રસંગ માટે થતુ દેવું છે. લગ્ન પ્રસંગ ઉજવવા માટે ૯ કુટુંબને દેવુ કરવું પડે છે. બિન ઉત્પાદકીય હેતુ પાછળ થતા ખર્ચમાં ૭૯.૧૭ ટકા ખર્ચ આ બે હેતુ માટે થાય છે. બિનઉત્પાદકીય બીજા હેતુઓમાં ૨ કુટુંબને માંદગીમાં દવા અને સારવાર લેવા માટે દેવુ કરવું પડયું છે. ૨ કુટુંબને મકાન રીપેર કરવા માટે દેવું કરવું પડયુ છે. ૧ કુટુંબને જુનું દેવુ ચૂકવવા માટે નવું દેવું કરવું પડયુ છે.

દેવું કરવાના જુદા જુદા હેતુઓમાં ઉત્પાદકીય હેતુ માટે ૧૪ કુટુંબો દેવુ કરે છે. તેમાં ૯ કુટુંબને ભેંસ લાવવા માટે, અને એક એક કુટુંબને ખેતી માટે અને શિક્ષણ માટે દેવુ કરવું પડે છે.જાતિવાર કયા હેતુ માટે દેવું કરવું પડે છે તેની માહિતી કોઠા ૪:૨૦માં આપવામાં આવી છે.

દેવાનો સમય :

દેવાવાળા કુટુંબને કેટલા સમય દેવું છે તેની વિગત કોઠા ૪:૨૧માં આપવામાં આવી છે. તે ઉપરથી ખ્યાલ આવે છે કે ૧ થી ૩ વર્ષ થી ૩૦ કુટુંબને દેવું છે. તેમાં ૧ વર્ષથી ૨૨ કુટુંબને દેવું છે. ૪ કુટુંબને ૨ વર્ષથી અને ૪ કુટુંબને ૩ વર્ષથી દેવું છે.૪ વર્ષથી ૧૦ વર્ષથી ૮ કુટુંબને દેવું છે. તેમાં ૪ વર્ષથી ૩ કુટુંબને, ૫ થી ૭ વર્ષથી ૪ કુટુંબને અને ૧૦ વર્ષથી વધારે સમયથી ૧ કુટુંબને દેવું છે.

કેટલા વર્ષથી દેવુ છે તે કોઠા ઉપરથી પણ ખ્યાલ આવે છે કે અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબને ટુંકાગાળાનું દેવુ છે. ખેત મજૂરી માટે બંધાય કે ન બંધાય તો પણ મોટા ભાગે વર્ષે વર્ષે પોતાનુ દેવું ચૂકતે કરી નવા વર્ષમાં ફરી પાછું દેવું કરે છે.

દેવાનું વ્યાજ :

જે કુટુંબો દેવું કરે છે તેમને કેટલું વ્યાજ ચૂકવવું પડે છે તે જાણવાનો પ્રયાસ કર્યો છે. જેની વિગતે માહિતી કોઠા ૪:૨૨ માં મૂકવામાં આવી છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૨૫(૬૫.૭૯)દેવાદાર કુટુંબને વ્યાજ આપવું પડતું નથી.૮(૨૧.૦૫) દેવાદાર કુટુંબને ૪ ટકા વ્યાજ આપવુ પડે છે. ૪(૧૦.૫૩) કુટુંબને ૨૪ ટકા અને ૧ (૨.૬૩) કુટુંબને ૩૬ ટકા વ્યાજ આપવું પડે છે.ઉપરના કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે હજુ પણ અમુક કુટુંબોને પૈસાનું ખૂબજ ઉંચુ વ્યાજ ચૂકવવુ પડે છે. જયારે વ્યાજ આપવાનું નથી તેમ જણાવનાર ઘણા કુટુંબો છે. આ કુટુંબોનો કોઇ ને કોઇ સભ્ય ખેત મજૂરી માટે બંધાયો હોય અથવા તો ઔદ્યોગિક એકમ, હિરાઘસવાના કામમાં કામ કરતા હોય તે વ્યકિતએ પોતાના શેઠ પાસેથી પૈસા લીધા હોય તો તે પૈસાનું વ્યાજ આપવાનું હોતું નથી.

દેવુ ભરપાઇ શા માટે થયુ નથી :

દેવું શા માટે ભરપાઇ થયું નથી તેની માહિતી જાણવાનો પ્રયાસ કર્યો છે. દેવું ભરપાઇ ન થવાનુંમુખ્ય કારણમાં ૨ કુટુંબની આવક કરતા ખર્ચ વધુ થતો હોવાનું ૩૨ દેવાદાર કુટુંબ જણાવ્યું છે. ૨ કુટુંબે ભેંસ લેવાથી જુનું દેવુંભરપાઇ નથી કરી શકાય તેમ જણાવ્યું.

હિરામાં મંદી આવવાથી, ખેતીમાં પાક ઓછો ઉતરવાથી, કુટુંબમાં ઉપરાઉપરી માંદગી આવવાથી દેવું ભરપાઇ ન થવાના કારણો ૩ કુટુંબે જણાવ્યા છે. એક કુટુંબે એમ જણાવ્યું કે દેવું ભરપાઇ કરવાની હજુ મુદત પૂરી નથી તેથી દેવું ભરપાઇ કર્યું નથી. દેવું ભરપાઇ ન થવાના મુખ્ય પરિબળોની જાતિવાર માહિતી કોઠા ૪:૨૩માં આપવામાં આવી છે.

દેવું ભરપાઇ શેમાંથી કરશે :

દેવાદાર કુટુંબ દેવું ભરપાઇ કઇ રીતે કરશે તેની માહિતી એકત્ર કરવામાં આવી છે. દેવું ભરપાઇ શેમાંથી કરશે તેની જાતિવાર માહિતી કોઠા ૪.૨૪માં મૂકવામાં આવી છે. આ કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૨૪ (૬૩.૧૬) દેવાદાર કુટુંબે દેવું મજૂરીની આવકમાંથી ભરપાઇ કરશે તેમ જણાવ્યું છે. ૬(૧૫.૭૯) દેવાદાર કુટુંબે દૂધ ની આવકમાંથી દેવું ભરપાઇ કરશે તેમ જણાવ્યું છે. ૩ (૭.૮૯) કુટુંબે હિરા ઘસવાની આવકમાંથી પોતાનું દેવું ભરપાઇ કરશે તેમ જણાવ્યું છે. ૨(૫.૨૬) કુટુંબે પોતાની ખેતીની આવકમાંથી દેવુ ભરપાઇ કરશે તેમ જણાવ્યું. ૧ (૨.૬૪) દેવાદાર કુટુંબે વેપારની આવકમાંથી દેવું ભરપાઇ કરશે તેમ જણાવ્યું. ૨(૫.૨૬) દેવાદાર કુટુંબે નોકરીની આવકમાંથી પોતાનું દેવું ભરપાઇ કરશે તેમ જણાવ્યું છે.

## કોઠા નં. ૪:૧૯

### કોનું દેવું છે તેની માહિતી દર્શાવતો કોઠો

(રૂપિયામાં)

| ક્રમ | જાતિ | કુટુંબ સંખ્યા | હા | ના | શાહુકાર | સરકારી મંડળી | બેન્ક | સગા વહાલાં | ખાનગી | દેવાદાર કુટુંબદીઠ દેવું | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | જમીન હળપતિ વાળા | ૭ | ૨<br>૫.૨૬ | ૫<br>૮.૦૬ | – | – | – | – | ૨૫૦૦ | ૧૨૫૦-૦૦ | ૨૫૦૦ |
| ૨. | જમીન ,, વગરના | ૮૦ | ૨૯<br>૭૬.૩૨ | ૫૧<br>૮૨.૨૬ | ૩૫૦ | ૫૦૭૫ | ૧૩૦૦ | ૪૦૦૦ | ૧૫૨૫૦ | ૮૯૫-૬૮ | ૨૫૯૭૫ |
| ૩. | ,, ચૌધરી | ૯ | ૫<br>૧૩.૧૬ | ૪<br>૬.૪૫ | – | – | – | – | ૬૪૦૦ | ૧૨૮૦-૦૦ | ૬૪૦૦ |
| ૪. | ,, નાયકા | ૪ | ૨<br>૫.૨૬ | ૨<br>૩.૨૩ | – | – | ૩૪૦૦ | – | ૧૬૦૦ | ૨૫૦૦-૦૦ | ૫૦૦૦ |
| ૫. | ,, કુલ | ૯૩ | ૩૬ | ૫૭ | ૩૫૦ | ૫૦૭૫ | ૪૭૦૦ | ૪૦૦૦ | ૨૩૨૫૦ | ૧૦૩૮-૧૯ | ૩૭૩૭૫ |
| | કુલ | ૧૦૦ | ૩૮<br>૧૦૦.૦<br>૩૮.૦૦ | ૬૨<br>૧૦૦.૦<br>૬૨.૦૦ | ૩૫૦<br>૦.૮૮ | ૫૦૭૫<br>૧૨.૭૩ | ૪૭૦૦<br>૧૧.૭૯ | ૪૦૦૦<br>૧૦.૦૩ | ૨૫૭૫૦<br>૬૪.૫૭ | ૧૦૪૯-૩૪ | ૩૯૮૭૫<br>૧૦૦.૦ |
| | દેવાદાર કુટુંબને કોનું કેટલું દેવું છે તેની માહિતી | | ૩૮ | | ૯.૨૧ | ૧૩૩.૫૫ | ૧૨૩.૬૮ | ૧૦૫૨૬ | ૬૭૭.૬૩ | | ૧૦૪૯.૩૪ |

કોઠા નં. ૪:૨૦

દેવાનો હેતુ દર્શાવતો કોઠો

| ક્રમ | જાતિ | કુટુંબ સંખ્યા | ઘર વપરાશ માટે | લગ્ન માટે | માંદગી માટે | મકાન રીપેરીંગ માટે | જુનું દેવું ચૂકવવા | ભેંસ લાવવા | ધંધા માટે | ખેતીના કામ માટે | શિક્ષણ માટે | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. જમીન વાળા | હળપતિ | ૭ | – | ૧ | – | – | – | – | – | ૧ | ૮ | ૨ |
| ૨. જમીન વગરના | ,, | ૮૦ | ૭ | ૭ | ૨ | ૨ | ૧ | ૮ | ૨ | – | – | ૨૯ |
| ૩. ,, | ચૌધરી | ૯ | ૨ | ૧ | – | – | – | – | ૧ | – | ૧ | ૫ |
| ૪. ,, | નાયકા | ૪ | ૧ | – | – | – | – | ૧ | – | – | – | ૨ |
| ૫. ,, | કુલ | ૯૩ | ૧૦ | ૮ | ૨ | ૨ | ૧ | ૯ | ૩ | – | ૧ | ૩૬ |
| | કુલ | ૧૦૦ | ૧૦ | ૯ | ૨ | ૨ | ૧ | ૯ | ૩ | ૧ | ૧ | ૩૮ |

કોઠા નં. ૪:૨૧

કેટલા વર્ષથી દેવું છે તેની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | જાતિ | કુટુંબ સંખ્યા | ૧ વર્ષ | ૨ વર્ષ | ૩ વર્ષ | ૪ વર્ષ | ૫ વર્ષ | ૬થી૭ વર્ષ | ૧૦થીવધુ વર્ષ | કેટલા કુટુંબને દેવું છે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. જમીનવાળા | હળપતિ | ૭ | ૨ | – | – | – | – | – | – | ૨ |
| ૨. જમીનવગરના | ,, | ૮૦ | ૧૬ | ૨ | ૪ | ૨ | ૨ | ૨ | ૧ | ૨૯ |
| ૩. ,, | ચૌધરી | ૯ | ૩ | ૧ | – | ૧ | – | – | – | ૫ |
| ૪. ,, | નાયકા | ૪ | ૧ | ૧ | – | – | – | – | – | ૨ |
| ૫. ,, | કુલ | ૯૩ | ૨૦ | ૪ | ૪ | ૩ | ૨ | ૨ | ૧ | ૩૬ |
| | કુલ | ૧૦૦ | ૨૨ | ૪ | ૪ | ૩ | ૨ | ૨ | ૧ | ૩૮ |

## કોઠા નં. ૪:૨૨

### વ્યાજનો દર દર્શાવતો કોઠો

| ક્રમ | જાતિ | કેટલા કુટુંબને દેવુ છે. | વ્યાજ આપવાનું નહી | ૪ ટકા | ૨૪ ટકા | ૩૬ ટકા | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | જમીનવાળા હળપતિ | ૨ | ૨ | – | – | – | ૨ |
| ૨. | જમીનવગરના હળપતિ | ૨૯ | ૧૮ | ૭ | ૩ | ૧ | ૨૯ |
| ૩. | જમીનવગરના ચૈયારી (ગોહેલ) | ૫ | ૪ | – | ૧ | – | ૫ |
| ૪. | જમીનવગરના નાયકા | ૨ | ૧ | ૧ | – | – | ૨ |
| | કુલ | ૩૮ | ૨૫<br>૬૫.૭૯ | ૮<br>૨૧.૦૫ | ૪<br>૧૦.૫૩ | ૧<br>૨.૬૩ | ૩૮<br>૧૦૦.૦૦ |

## કોઠા નં. ૪:૨૩

### દેવુ ભરપાઇ ન થવાના કારણો દર્શાવતો કોઠો

| ક્રમ | | | દેવાદાર કુટુંબ | ખર્ચ કરતા આવકઓછી | ભેંસ લાવવા | હિરામાં મંદી આવવાથી | ખેતીમાં પાક ઓછો | ઉપરાઉપરી કુટુંબમાં માંદગી આવવાથી | પૈસા આપવાની મુદતથઇ નથી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | જમીન વાળા | હળપતિ | ૨ | - | - | - | ૧ | - | ૧ | ૨ |
| ૨. | જમીન વગરના | હળપતિ | ૨૯ | ૨૬ | ૧ | ૧ | - | ૧ | - | ૨૯ |
| ૩. | ,, | ચૌધરી | ૫ | ૫ | - | - | - | - | - | ૫ |
| ૪. | ,, | નાયકા | ૨ | ૧ | ૧ | - | - | - | - | ૨ |
| | | | ૩૮ | ૩૨ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૩૮ |

## કોઠો નં. ૪:૨૪

### દેવુ ભરપાઇ શેમાંથી કરશે તે દર્શાવતો કોઠો

| ક્રમ | | | કુટુંબ સંખ્યા | દેવાદાર કુટુંબ | મજૂરીની આવકમાંથી | દુધની આવકમાંથી | ઢોરાઘસવાનીઆવકમાંથી. | ખેતીની આવક માંથી | વેપાર ની આવક માંથી | નોકર ની આવક માંથી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | હળપતિ | જમીન વાળા | ૭ | ૨ | – | – | – | ૨ | – | – | ૨ |
| | | જમીન વગરના | ૮૦ | ૨૯ | ૨૦ | ૫ | ૩ | – | ૧ | – | ૨૯ |
| ૨. | ચૌધરી | જમીન વગરના | ૭ | ૫ | ૩ | – | – | – | – | ૨ | ૫ |
| | નાયકા | જમીન વગરના | ૪ | ૨ | ૧ | ૧ | – | – | – | – | ૨ |
| | | કુલ | ૧૦૦ | ૩૮ | ૨૪ | ૬ | ૩ | ૨ | ૧ | ૨ | ૩૮ |
| | | | | | ૬૩.૧૬ | ૧૫.૭૯ | ૭.૮૯ | ૫.૨૬ | ૨.૬૪ | ૫.૨૬ | ૧૦૦.૦ |

આર્થિક પાસાની જુદી જુદી ચર્ચા કરતા ખ્યાલ આવે છે કે આદિવાસીઓ ખૂબજ મહેનત કરે છે. છતા જે, આર્થિક ઉપાર્જન થાય છે તે આવક જીવન જીવવા પુરતી નથી. ગરીબીનેજ લઇને તેઓ વર્ષમાં અમૂક દિવસ અડધા ભૂખ્યા રહે છે.

વાર્ષિક કાર્યચક્ર :

કારતક-માગશર-પોષ-મહા.

આ માસમાં પોકેટના ગામોમાં વાતાવરણ ઠંડું હોય છે. ખેતીના કામોમાં ભાત કાપવાનું, ઘાસ કાપવાનું, શેરડીની રોપણી, શેરડીમાં પાણી પાવાનું કામ અને શેરડીમાં થયેલ નિંદમણ આ માસ દરમ્યાન કરવાનું હોય છે. ઉનાળુ ભાત રોપવાનું કામ પણ હોય છે. શિયાળુ શાકભાજી જેવા કે રીંગણ,ટમેટા,કોબી,ફલાવર,જેવા શાક-ભાજી રોપવાના હોય છે. થયેલ શાકભાજીને વેચવાનું કામ, પણ આ માસ દરમ્યાન ચાલે છે.

ફળઝાડ જેવાકે કેળ,પેપ્યાને પાણી પાવાનું કામ,તેને દવા છાંટવાનું કામ આ માસમાં રહે છે. શેરડી અને કેળને આ સમય દરમ્યાન ત્રણથી ચાર વાર પાણી આપવાનું રહે છે. પાણી જયારે પાય ત્યારે જુદા જુદા કયારામાં પાણી ફરે તેની વ્યવસ્થા માટેનું કામ આ માસ દરમ્યાન રહે છે.

ફાગણ,ચૈત્ર,વૈશાખ જેઠ :

આ માસ દરમ્યાન ઉનાળુ ભાત તૈયાર થઇ હોય તો તેને કાપીને છુટું પાડવાનું કામ,ઘઉંની કાપણીનું કામ રહે છે. ખેતીના કામોમાં ખેતી માટે જમીન તૈયાર કરવાનું કામ પણ આ માસ દરમ્યાન શરૂ કરે છે. જમીનનું ખેડાણ,

પાળા બાંધવા, ધરૂવાડીયુ તૈયાર કરવાનું કામ. ધરુ નાંખવાનું કામ આ માસ દરમ્યાન કરવામાં આવે છે. ચોમાસા દરમ્યાન ઘર વપરાશના લાકડા ભેગા કરી અને તેના નાના નાના ટુકડા બનાવવાનું કામ પણ આ માસ દરમ્યાન ચાલે છે.

ફળમાં કેરી અને ચીકુ તૈયાર થયા હોય તો તેને વીણીને પાટી બાંધવાનું કામ પણ આ માસ દરમ્યાન રહે છે.

તે ઉપરાંત ફાગણ માસમાં હોળી, નો તહેવાર, ઉજવવાનો હોય છે. આ માસમાં આ તહેવારની ઉજવણી ૧૦ થી ૧૫ દિવસ ચાલે છે. સામાજિક પ્રસંગમાં ફાગણ માસ દરમ્યાન લગ્નો પણ કરવાના હોય છે.

<u>અષાડ, શ્રાવણ, ભાદરવો, આસો.</u>

આ માસ દરમ્યાન ભાતની રોપણી અને નિંદામણનું કામ ચાલે. છે. આસો માસની શરૂઆતમાં ભાત કાપણી અને જે ઘાસ થયુ હોય તેની કાપણીનું કામ આ માસ દરમ્યાન ચાલે છે.

શિયાળુ શાક-ભાજી કરવા માટે ટમેટા, રીંગણનું ધરુંની તૈયારી પણ આ માસ દરમ્યાન કરવાની હોય છે. શાકભાજી રોપવાનું તેમાં નિંદામણ કરવાનું કામ આ માસ દરમ્યાન કરવાનું હોય છે. શિયાળામાં કઠોળનો પાક લેવાતો હોય તેની તૈયારી પણ આસો માસમાં કરવામાં આવે છે. શ્રાવણ અને ભાદરવા માસમાં વરસાદ વધુ પડે છે. તેથી ખેત મજૂરીનું કામ ખૂબજ ઓછા દિવસ મળે છે. શ્રાવણ માસમાં દિવાસોના તહેવારની ઉજવણી અને ભજનનો કાર્યક્રમ પણ રાખવામાં આવે છે.

કામનું શ્રમ વિભાજન :

પલસાણા પોકેટના ગામોમાં પુરૂષ અને સ્ત્રીઓ ખેતીના કામમાં સરખા ભાગે કાર્ય કરે છે. ખેતીના કામમાં જમીન ખેડવાનું, ખેડેલ જમીન સરખી કરવાનું અને કાદવ પાડવાનું કામ પુરૂષો કરે છે. આ કામમાં વધારે પરિશ્રમ કરવો પડે છે. જ્યારે ક્યારીના પાળા બાંધવાનું કામ સ્ત્રીઓ અને પુરૂષો બન્ને કરે છે. તેમાં પાળા સરખા કરવાનું કામ પુરૂષો કરે છે. સ્ત્રીઓ માટી લાવવાનું કામ અને યુવાન સ્ત્રીઓ માટી ખોદવાનું કામ પણ કરે છે. ડાંગરની કે શાકભાજીની રોપણી નું કામ સ્ત્રી-પુરૂષો બન્ને કરે છે. ભેગા થયેલ આ ફળને એક જગ્યાથી બીજી જગ્યાએ લઇ જવાનું કામ સ્ત્રીઓ કરે છે.

ખેતીના કામ ઉપરાંત સ્ત્રીઓ પણિયામાને ત્યાં અથવા અન્ય કોઇ જગ્યાએ ઘરકામ કરવા જાય છે. ઘરકામમાં ઘરની સફાઇ, કપડા ધોવા, વાસણ સાફ કરવાનું વગેરે કામો સ્ત્રી પોતાના ઘર ઉપરાંત પણિયામાને ત્યાં પણ આ કામ કરવા જાય છે. પુરૂષો ખેતીના કામ બાદ ઔદ્યોગિક એકમમાં કામ કરવા જાય છે.

સ્વરોજગારીના વ્યવસાયમાં પુરૂષો કુશળતા પ્રાપ્ત કરીને કામ કરે છે. આ કામમાં સ્ત્રીઓ પણ મદદરૂપ થાય છે. દા.ત. સુથારિનું કામ પુરૂષો કરે છે. અને તેમાં લાકડા લાવવાનું મૂકવાનું કામ સ્ત્રીઓ કરે છે. કડીયાકામમાં ચણતરનું કામ પુરૂષો કરે છે. ઈંટ લાવવાનું રેતી ચૂનાનું મિશ્રણ કરીને લાવવાનું કામ સ્ત્રીઓ કરે છે.

નાના બાળકો ઘરની દેખભાળ રાખે છે. અને પોતાનાથી નાના ભાઇ બહેનને રમાડે છે. જે બાળકો શાળાએ જતા હોય તે શાળાએ જાય અને ઘરના કામમાં મદદરૂપ થાય છે.

તેમાં છોકરીઓ ઘરકામમાં મદદરૂપ થાય છે. પુરૂષ બાળકો બાપને ખેતીના કામમાં મદદરૂપ થાય છે. જે લોકો પાસે પશુ હોય તેઓ પશુ ચારવા પણ જાય છે. નાની ઉંમરના પુરૂષ બાળકો ગોવાળ તરીકે પણ કામ કરે છે.

શ્રમ સંગઠન :

પોકેટ વિસ્તારોમાં આદિવાસી સાથે બિન આદિવાસીઓ રહે છે. બિન આદિવસી ઓનો મુખ્ય વ્યવસાય ખેતી, નોકરી અને વેપાર છે. આ વિસ્તારની જમીન મોટાભાગે બિનઆદિવાસી પાસે છે. આદિવાસી ઓનો મુખ્ય વ્યવસાય ખેત મજૂરી છે. આદિવાસીઓ ખેત મજૂરીનું કામ છુટક અને બંધાયને પણ કરે છે. ઔદ્યોગીક એકમોમાં રોજગારી મળવાથી ખેતીનાકામમાં મજૂરો અપૂરતા પ્રમાણમાં મળે છે. ખેતમજૂરો અપૂરતા પ્રમાણમાં મળતા હોવા છતા આ પોકેટના ગામોમાં લઘુતમ વેતન ધારા મુજબ ખેતમજૂરોને વેતન ચૂકવાતું નથી. છૂટક મજૂરીનું કામ કરતા ખેતમજૂરોને દૈનિક ૫ રૂપિયા રોજ આપવામાં આવે છે. છૂટક મજૂરોને એક ટાઇમનું ભોજન આપવામાં આવતું નથી. જયારે બંધાયેલા મજૂરને ૫ રૂપિયા રોજ ચૂકવવામાં આવે છે. બંધાતા પહેલા પોતાની જરૂરિયાત મુજબના પૈસા આપવામાં આવે છે. બંધાયેલા મજૂરને ૫ રૂપિયા રોજ ઉપરાંત એક ટાઇમ ખાવાનું ચા-બીડી, અને કપડા આપવામાં આવે છે. છૂટક મજૂરોને ૫ રૂપિયા રોજ સિવાય કંઇ આપવામાં આવતુ નથી. છૂટક મજૂરો ને જે દિવસે કામ હોય તેજ દિવસે કામ માટે બોલાવવામાં આવે છે. જયારે બંધાયેલા મજૂરોને આખુ વર્ષ મજૂરીનું કામ આપવું પડે છે. બંધાયેલ મજૂર જે દિવસે કામ કરવા ન આવે તે દિવસનું રોજ આપવામાં આવતું નથી.

આ વિસ્તારમાં ખેતીનું કામ ૧૨૫ થી ૧૫૦ દિવસ મળે છે. જે ગામોમાં બગાયત ખેતી થાય છે. ત્યાં ૨૦૦ દિવસની આસપાસ કામ મળી રહે છે. ખેત મજૂરીના કામ સિવાય ઔદ્યોગિક મજૂરી,સ્વરોજગારીનો વ્યવસાય બીડી બનાવવાનું અને હિરાઘસવાનું કામ મળી રહે છે.

આ વિસ્તારમાં ખેત મજૂરોની સહકારી મંડળી નથી.

આર્થિક સ્તરીકરણ અને તનાવો

લડાઇ-ઝઘડા :

લઘુ વિસ્તારમાં આર્થિક સ્તરીકરણમાં વર્ણ પ્રધાની અસર જોવા મળે છે. અનાવિલ બ્રાહમણ,કણબીપટેલ, મુસ્લમાન લોકોની આર્થિક પરિસ્થિતી સારી છે. આ જાતિના લોકો ખેતીનો મુખ્ય વ્યવસાય સાથે બીજો કોઇને કોઇ વ્યવસાય પણ કરે છે. પોતાની ખેતી આદિવાસી પાસે કરાવે છે. આદિવાસીમાં પણ આર્થિક સ્તરીકરણ જોવા મળે છે. જે લોકોને સરકારની યોજનાનો લાભ મળ્યો છે અથવા જે આદિવાસીને રાજકીય વ્યકિતનો સાથ અને સહકાર મળ્યો છે તેવા કુટુંબો આગળ આવ્યા છે. આવા કુટુંબો પણ ખેતમજૂરોમાં પોતાની જાતિના લોકોને ઓછુ વેતન આપીને તેમનું શોષણ કરે છે. કયાંક કયાંક તો વર્ણના વર્ગીકરણ કરતા આર્થિક સ્તરીકરણ ની અસર સમાજમાં વધુ દેખાય છે. સમાજમાં તનાવા-લડાઇ,ઝઘડાઓ થયા છે. તેમાં આદિવાસી અને બિન આદિવાસી વચ્ચેના ઝઘડાઓ પણ થાય છે.

આ પોકેટનું ક્ષેત્રકાર્ય ઓગસ્ટ-સપ્ટેમ્બર ૧૯૮૫માં કરવામાં આવ્યું છે. આ માસમાંજ પોકેટના વણેસા ગામમાં પટેલ અને હળપતિ વચ્ચે ઝઘડો થયો હતો.તેમાં

ચાર થી પાંચ વ્યક્તિઓ ઘાયલ થઇ હતી અને દવાખાને પણ દાખલ કરવી પડી હતી. ઝઘડો થવા પાછળના મુખ્ય કારણોમાં ખેતીના કામાં પૂરતા મજૂરો ન મળવાથી ખેતીનું કામ અટકે તે ઉપરાંત સરકારની જુદી જુદી યોજનાઓથી આદિવાસીને જે લાભ મળે છે તેમાં પશુ આપવાની યોજનામાં ભેંસ આપવામાં આવે છે. આદિવાસી પાસે જમીન નહીં હોતા ભેંસને ચરાવવાની બાબતમાં ઝઘડો થાય છે. આદિવાસીઓ બિનઆદિવાસીના ખેતરોમાં રાત્રે પશુ ચારવા છોડી મૂકે છે. તેથી બિન આદિવાસીની ખેતીને નુકશાન થાય છે. આ કારણે ઝઘડાઓ થાય છે.

તે ઉપરાંત જાતિ વ્યવહારની બાબતમાં પણ ઝઘડા થાય છે. આદિવાસીઓ બંધાયેલા મજૂરો તરીકે કામ કરતા હોવાથી આખો દિવસ ધણિયામાને ત્યાં રહેવું પડે છે. કોઇક કોઇક કુટુંબમાં સ્ત્રીઓ પુરૂષ સાથે પ્રેમ સંબંધમાં બંધાય છે. આવું બન્ને જાતિમાં બન્ને છે. તેથી અંદરોઅંદર ઝઘડા થાય છે.

આદિવાસીઓને અંદરોઅંદર પણ ઝઘડા થાય છે. પરંતુ જાતિના પટેલો આ ઝઘડાનું મોટું સ્વરૂપ થવા દેતા નથી. આમ છતાં મોટાભાગના ગામોના બિનઆદિવાસી અને આદિવાસી લોકો એમ માને છે કે વ્યક્તિગત જીવન જીવવા માટે આદિવાસીને બિન આદિવાસીએ સહકાર આપવો પડશે અને બિન આદિવાસીએ આદિવાસીને સહકાર આપવો પડશે તોજ વ્યક્તિગત, ગામડાનો રાજ્યનો અને દેશનો વિકાસ થશે. આ વિચાર અભ્યાસના પાંચે ગામના આદિવાસી અને બિનઆદિવાસી આગેવાનો -નો છે.

-----

# પ્રકરણ - ૫

# આયોજના સિધ્ધાંતો અને હેતુઓ

પ્રકરણ - ૫

આયોજના સિધ્ધાંતો અને હેતુઓ.

## આયોજનના સિધ્ધાંતો :

પલસાણા લઘુવિસ્તારનું ક્ષેત્રકાર્ય કર્યા પછી આત્મસાત થયો છે કે આદિવાસી વિકાસ માટે આયોજના સિધ્ધાંતો સમજી અને તે મુજબનું આયોજન કરવામાં આવે તોજ પોકેટ વિસ્તારના ગામોનો વિકાસ કરી શકાશે. વિકાસલક્ષી આયોજન ઘડતા પહેલા ભૂતકાળમાં સરકારની જુદી જુદી યોજનાનો કેટલા પ્રમાણમાં પોકેટના લોકોએ લાભ લીધો છે તે બાબતની જાણકારી પ્રાપ્ત કરીયે તોજ ભવિષ્યનું વિકાસલક્ષી આયોજનમાં જુના વિકાસલક્ષી કાર્યક્રમો ને કેટલું મહત્વ આપવું અને નવા કયા કયા કાર્યક્રમો અમલમા મૂકવા જોઇએ, જુના વિકાસલક્ષી કાર્યક્રમો પ્રત્યે જે તે વિસ્તારના લોકોનું મંતવ્ય શું છે. તે પણ જાણવું જોઇએ કારણકે આખરે આદિવાસી વિકાસ એ માનવ વિકાસ ની પ્રક્રિયા છે. તેથી જ લોકો માટે વિકાસલક્ષી આયોજન બનાવવાનું છે. તે લોકો કેવા પ્રકારના કાર્યક્રમોની અપેક્ષા રાખે છે તે બાબતનો માનવિય વિકાસના આયોજકોએ ખ્યાલ રાખવો જોઇએ. આ પ્રકરણમાં પોકેટના પસંદ થયેલ પાંચ ગામના ૧૦૦ કુટુંબોને સરકારની ચાલુ યોજનાનો કેટલો લાભ મળ્યો છે તેની વિગત અને નવા આયોજન માટે તેઓ કયા નવા કાર્યક્રમોની આશા રાખે છે તે અંગેની ચર્ચા કરવામાં આવી છે.

પલસાણા લઘુ વિસ્તારના આયોજના મહત્વના સિધ્ધાંતો અને હેતુઓની ચર્ચા પણ કરી છે.

ક્ષેત્રકાર્યબાદ કહી શકાય છે કે પલસાણા પોકેટના ગામના આદિવાસીના વિકાસ પાછળ જે કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યા છે તેનાથી આ વિસ્તારના આદિવાસીઓનો જેટલા પ્રમાણમાં વિકાસ થવો જોઇએ તેટલો વિકાસ થયો નથી.

પલસાણા પોકેટના ૪૯ ગામોમાં ૧૯૮૧ની જનગણના ના અહેવાલ મુજબ ૦ થી ૨૦ ટકાની આદિવાસી વસ્તી ધરાવતું ૧ ગામ છે. ૨૦ ટકાથી વધારે અને ૪૦ ટકા જેટલી આદિવાસી વસ્તી ૨૦ ગામોમાં છે. ૪૦ ટકાથી ૬૦ ટકાની આદિવાસી વસ્તી ધરાવતા ૧૮ ગામો છે. ૬૦ થી ૮૦ ટકાની આદિવાસી વસ્તી ધરાવતા ૭ ગામો છે. ૮૦ થી ૧૦૦ ટકાની આદિવાસી વસ્તી ધરાવતા ૩ ગામો છે.

પોકેટના ૪૯ ગામોમાં ૩૮(૭૭.૫૫)ગામોમાં ૨૦ ટકાથી ૬૦ ટકાની આદિવાસી વસ્તી છે. પલસાણા પોકટેના ગામોમાં આદિવાસીની સાથે બિન પછાત જાતિની વસ્તી વધારે પ્રમાણમાં વસે છે. વર્તમાન સમયમાં આવા મિશ્ર વસ્તી ધરાવતા વિસ્તારના આદિવાસી -ઓના વિકાસમાં બિનઆદિવાસીઓનું વલણ પ્રતિકૂળ રહેવાથી સરકારના એકલા પ્રયાસોથી આવા વિસ્તારના આદિવાસીઓનો વિકાસ ધીમી ગતીએ થયો છે. બિન આદિવાસી લોકો પોતાનું વલણ અનુકૂળ બનાવશે તોજ સરકારના પ્રયાસો સફળ થશે.

અભ્યાસના પાંચ ગામમાં હળપતિ, ચૌધરી અને નાયકા આદિવાસીની વસ્તી વસે છે. અભ્યાસના પાંચ ગામોમાંથી ૧૦૦ કુટુંબો અભ્યાસના એકમ તરીકે પસંદ કર્યા છે. આ કુટુંબોને સરકારીની જુદી જુદી યોજનાઓ

ઘણો ઓછો લાભ મળ્યો છે. લાભ ઓછો મળવા પાછળનું મુખ્ય કારણ એ છે કે આપણી મોટાભાગની વિકાસ યોજનાઓ ખેતી વિષયક અને પશુપાલન અંગેની છે. યોજનાનો લાભ લેવામાં લાભાર્થી પાસે જમીન હોવી જરૂરી છે. જમીન વગરના કુટુંબને દુધાળા પશુ આપવાની યોજના છે. પરંતુ આ યોજનાનો લાભ ઘણા ઓછા કુટુંબને મળ્યો છે. કારણકે પશુ મળ્યા પછી ઘાસચારાની તેને પાળવાની અને રાખવાની વ્યવસ્થા આવા કુટુંબ પાસે ન હોવાથી તેવો પશુ લેવાની ઇચ્છા ઓછી રાખે છે. જે લોકો ઇચ્છા રાખે અને પશુ પાળેતો ગામના લોકો સાથે પશુચારવાની બાબતમાં ઝઘડાઓ થાય છે. તેથી ઘણા જમીન વગરના કુટુંબો દુધાળા પશુ લેવાની ઇચ્છા ઓછી રાખે છે.

પલસાણા પોકેટના અભ્યાસના ગામોમાં જમીન સુધારણાની યોજના નીચે આદિવાસી ખેડૂતોની જમીન સરખી કરવાનો લાભ આપવામાં આવ્યો છે. અભ્યાસના પાંચ ગામોના ૧૦૦ કુટુંબમાં ૭ કુટુંબમ પાસે જમીન છે. તેમાં ૨ કુટુંબને જમીનમાં પાળા બાંધવા માટે સરકાર તરફથી સહાય મળી છે. આ બન્ને કુટુંબ હળપતિના છે.

ખેતીની ઉપજ વધારવા માટે સરકારની ખેતી વિષય યોજનામાં આદિવાસી ખેડૂતોને બિયારણ અને ખાતર આપવામાં આવે છે. અભ્યાસમાં સમાવેલ જમીનવાળા ૭ કુટુંબમાં એક પણ કુટુંબને આંયોજનાનો લાભ મળ્યો નથી.

આદિવાસી ખેડૂતોની જમીન મોટાભાગે બિનપિયત હોય છે. તેઓને પિયતની સવલત સરકારની જુદી જુદી યોજના ધ્વારા આપવામાં આવે છે. જમીનવાળા ૭ કુટુંબમાં એક કુટુંબને પિયતની સવલત મળી છે. આ કુટુંબ

નહેર ધ્વારા પોતાની જમીન પિયત કરે છે. આ કદુંબ હળપતિ જાતિનું છે.

આદિવાસીઓનો મુખ્ય વ્યવસાય ખેતીનો અને ગૌણ વ્યવસાયમાં ખેતમજૂરી, પશુપાલન,ઔદ્યોગિક મજૂરી, નોકરી, અને સ્વરોજગારી પ્રાપ્ત થાય તેવા વ્યવસાયો જેવાકે સુથારી,કડીયાકામ છેં. પલસાણા પોકેટના ગામના આદિવાસીઓનો મુખ્ય વ્યવસાય ખેતમજૂરી છે.ખેતમજૂરોની આવક વધારવા માટે સરકાર ધ્વારા દૂ-ધાળા પશુ આપવામાં આવે છે. જમીનવાળા કુટુંબોને ગોણ આવક મળે તે માટે પણ દુધાળા પશુ આપવામાં આવે છે. અભ્યાસના ૧૦૦ કુટુંબમાં ૭ જમીનવાળા અને ૯૩ કુટુંબ જમીન વગરના છે. તેમાં ૭ જમીનવાળા કુટુંબમાં એક પણ કુટુંબને દૂધાળા પશુ સરકારની યોજનામાં મળ્યું નથી.૯૩ જમીન વગરના કુટુંબમાં ૧૪ કુટુંબને દૂધાળા પશુની યોજના નીચે લાભ મળ્યો છે. જેમાં ૮ હળપતિ,૨ ચોધરી અને ૪ નાયકા કુટુંબને, આ યોજનાનો લાભ મળ્યો છે. જે ૧૪ કુટુંબને દૂધાળા પશુ મળ્યા છે તેમાં ૧૧ કુટુંબને ભેંસ અને ૩ કુટુંબને બકરી મળી છે. હળપતિ, ચૌધરી,અને નાયકા જાતિના એક એક કુટુંબને બકરી મળી છે. જેની વિગતવાર માહિતી કોઠા ૫:૧માં મૂકવામાં આવી છે.

કોઠા નં.૫:૧

દૂધાળા ઢોર અને મરઘાયોજનાનો લાભ મળ્યો છે

| | જાતિ | કુટુંબ સંખ્યા | હા | ના | હા તો કયા ગાય | ભેંસ | બકરી | મરઘાનો લાભ મળ્યો છે હા | ના |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. જમીન વાળા | હળપતિ | ૭ | - | ૭ | - | - | - | - | ૭ |
| ૨. જમીન વગરના | હળપતિ | ૮૦<br>૧૦૦.૦ | ૮<br>૧૦૦.૦૦ | ૭૨<br>૯૦.૦૦ | - | ૭ | ૧ | - | ૮૦ |
| ૩. ,, | ચૌધરી | ૯<br>૧૦૦.૦ | ૨<br>૨૨.૨૨ | ૭<br>૭૭.૭૮ | - | ૧ | ૧ | - | ૯ |
| ૪. ,, | નાયકા | ૪<br>૧૦૦.૦ | ૪<br>૧૦૦.૦ | - | - | ૩ | ૧ | - | ૪ |
| ૫. ,, | કુલ | ૯૩ | ૧૪ | ૭૯ | ~~૧૧~~ | ૧૧ | ૩ | - | ૯૩ |
| | કુલ | ૧૦૦<br>૧૦૦.૦ | ૧૪<br>૧૪.૦૦<br>૧૦૦.૦ | ૮૬<br>૮૬.૦૦ | - | ૧૧<br>૭૮.૫૭ | ૩<br>૨૧.૪૩ | - | ૧૦૦ |

અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબ અને ગામના અન્ય કુટુંબો કે જેમને દુધાળા પશુની યોજનાનો લાભ મળયો નથી તેઓએ યોજના દ્વારા ભેંસ અને બકરી લેવાની ઇચ્છા પ્રગટ કરી છે. પરંતુ સાથોસાથ ઘાસચારનની વ્યવસ્થા થાય તો જ આ યોજનાનો લાભ લેવાની ઇચ્છા પ્રગટ કરી છે. ઘાસચારાની મુશ્કેલીને લઇને ગામના બિન પછાત લોકો સાથે સંઘર્ષની બિકને લઇને આ યોજનાનો લાભ લેતા અચકાય છે.

પાલસાણા તાલુકામાં જુદી જુદી યોજનામાં જે લોકોને પશુ આપવામાં આવે છે. તેમાંથી ઘણા કુટુંબો પશુની લોન ભરપાય થઇ જાય કે તુરત તે પશુને વેચી નાંખે છે. પશુ વેચવાનું મુખ્ય કારણ ઘાસચારાની મુશ્કેલી દર્શાવી હતી. પશુ વેચવાથી રોકડ પૈસા પણ મળે છે. અને ટુંકા ગાળાનો લાભ પણ પ્રાપ્ત થાય છે. દા.ત. એક કુટુંબને ભેંસ લેવા માટે ૩૦૦૦ રૂપિયાની લોન મળે છે. તેમાં ૧૫૦૦ રૂપિયા સબસીડી મળે છે. છ સાત માસ ભેંસનું દૂધ વેચે ભેંસના ખોરાકના દાણાનો ખર્ચ બાદ કરતા માસીક ૧૫૦ થી ૨૦૦ રૂપિયા મળે છે. તે પૈસામાંથી લોન ભરપાય કરીને ત્યારબાદ ૧૫૦૦ થી ૨૦૦૦માં ભેંસ વેચી નાંખે છે. આ રકમમાંથી ઘરવપરાશની વસ્તુ,વાસણ, કપડા, અનાજ અથવા તો જુનું દેવું હોય તો તે ભરપાય કરવામાં પૈસાનો ઉપયોગ કરે છે.

પશુ યોજનાથી જે લાંબા ગાળાનો લાભ થવો જોઇએ તે થતો નથી.

આદિવાસીઓ દેશી મરઘા પાળે છે અને તેમાંથી ગૌણ આવક અથવા તો પૂરક ખોરાક મેળવે છે. મરઘાપાલન વ્યવસાય નો વિકાસકરીને આદિવાસીઓ આ વ્યવસાય -માંથી આવક મેળવીને ગરીબી રેખાની ઉપર આવે તેવા

પ્રયાસ સરકાર કરી રહી છે. આ માટે સરકાર મરઘા ઉછેર માટે નાણાકીય અને સાધનોની સવલત આપે છે. અભ્યાસના પાંચ ગામના ૧૦૦ કુટુંબમાંથી એક પણ કુટુંબને મરઘા પાલન યોજનાનો લાભ મળ્યો નથી.

આદિવાસી બાળકો અભ્યાસમાં અન્ય જાતિના લોકો કરતા પાછળ ન રહે તે માટે સરકારે શિક્ષણના વિકાસ માટે આદિવાસી બાળકોને વધારાની સગવડતા આપે છે. આદિવાસીઓમાં પણ પછાત આદિવાસીઓ જેવાકે કોલધા,કોલચા,કોટવાલીયા જાતિના બાળકોને અનાજ સહાય પણ આપવામાં આવે છે.પહેલા હળપતિના બાળકોને પણ અનાજ સહાય આપવામાં આવતી હતી. હાલમાં હળપતિના બાળકોને અનાજ સહાય અપાતી નથી.

આદિવાસી બાળકો અભ્યાસમાં આગળ આવે તે માટે અનુદાન-પુસ્તકો ગણવેશ આપવાંમાં આવે છે. આ સહાય આપવાથી વાલીઓનું શિક્ષણ તરફનું વલણ હકારાત્મક બને અને પોતાના બાળકોને શિક્ષણ લેવા મોકલે અને અધવચ્ચેથી બાળકોને અભ્યાસ ન છોડાવે તે માટે સરકાર જુદી જુદી શિક્ષણની યોજના દ્વારા પછાત વર્ગના લોકોમાં શિક્ષણ સુધરે તે માટે પ્રયાસ કરી રહી છે.તેમાં છેલ્લા વર્ષથી પ્રાથમિક શાળામાં ભણતા બાળકો ને મધ્યાહાન ભોજન આપવાની યોજના પણ દાખલ કરવામાં આવી છે.

અભ્યાસના ૧૦૦ કુટુંબમાં ૨૭ કુટુંબને શિક્ષણની જુદી જુદી યોજનાનો લાભ મળ્યો છે. ૭૩ કુટુંબને શિક્ષણની યોજનાનો લાભ મળ્યો નથી. આ ૭૩ કુટુંબમાં ૬૩ હળપતિના કુટુંબ છે. જેમાં ૩ હળપતિના જમીનવાળા અને ૬૦ હળપતિના કુટુંબો જમીન વગરના છે.ચૌપરીના

૭ કુટુંબો અને નાયકાના ૩ કુટુંબોને શિક્ષણની યોજનાનો લાભ મળ્યો નથી. આ ૭૩ કુટુંબોમાં એવા કુટુંબનો સમાવેશ કરવામાં આવ્યો છે. કે જે કુટુંબમાંથી એક પણ બાળક અભ્યાસ કરવા ગયુ ન હોય. અથવા તો અભ્યાસ કરતા બાળકો કે જેને અનુદાન મળવા પાત્ર ન હોય તેવા ધોરણમાં અભ્યાસ કરતા હોય. જે બાળકોને ગણવેશ કે પુસ્તકનો લાભ મળ્યો ન હોય. આવા બાળકોના કુટુંબને શિક્ષણની યોજનાનો લાભ નથી મળ્યો તેમ ગણ્યું છે.

જે ૨૭ કુટુંબને શિક્ષણની યોજનાનો લાભ મળ્યો છે તેમાં ૨૪ હળપતિ કુટુંબ છે. જે તેમાં ૪ જમીનવાળા અને ૨૦ જમીન વગરના કુટુંબો છે. ૨ ચૌધરીના અને ૧ નાયકા જાતિનું કુટુંબ છે.

શિક્ષણમાં જે લાભ મળ્યો છે તેમાં ૧૩ કુટુંબને અનુદાન, નો, ૧૬ કુટુંબને ગણવેશનો, ૧૦ કુટુંબને પુસ્તકનો અને ૨૫ કુટુંબને મધ્યાહન ભોજનનો લાભ મળ્યો છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું છે કે અભ્યાસના પાંચે ગામમાં મધ્યાહન ભોજન આપવામાં આવે છે આમ છતાં જે ૨૭ કુટુંબને શિક્ષણની યોજનાનો લાભ મળ્યો છે તેમાં ૨૫ કુટુંબના બાળકો ને જ મધ્યાહન ભોજનનો લાભ મળ્યો છે. ૨ કુટુંબના બાળકો માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા હોય તેમને આ યોજનાનો લાભ મળ્યો નથી.

શિક્ષણમાં કેવા પ્રકારોનો લાભ મળ્યો છે તેની વિગતવાર માહિતી કોઠા ૫:૨ માં મૂકવામાં આવી છે.

કોઠા નં.૫:૨

શિક્ષણની યોજનાનો લાભ મળ્યો છે

| | જાતિ | કુટુંબ સંખ્યા | હા | ના | સ્કોલર શીપ | ગણવેશ | પુસ્તક | મધ્યાહન ભોજન |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. જમીનવાળા | હળપતિ | ૭ | ૪ | ૩ | – | ૨ | ૧ | ૪ |
| ૨. જમીન વગરના | ,, | ૮૦ | ૨૦ | ૬૦ | ૧૦ | ૧૨ | ૭ | ૧૯ |
| ૩. ,, | ચૌધરી | ૯ | ૨ | ૭ | ૨ | ૨ | ૨ | ૨ |
| ૪. ,, | નાયકા | ૪ | ૧ | ૩ | ૧ | – | – | – |
| ૫. ,, | કુલ | ૯૩ | ૨૩ | ૭૦ | ૧૩ | ૧૪ | ૯ | ૨૧ |
| | | ૧૦૦ | ૨૭ | ૭૩ | ૧૩ | ૧૬ | ૧૦ | ૨૫ |

સરકાર તરફથી આદિવાસીઓને માંદગીમાં નાંણાકિય સહાય આપવામાં આવે છે. અભ્યાસના ૧૦૦ ૨૧ કુટુંબમાં કોઇને કોઇ સભ્ય (રોગી) માંદગીથી પીડાય છે. આ ૨૧ કુટુંબમાં ૧૭ હળપતિના કુટુંબ છે. તેમાં ૨ જમીનવાળા અને ૧૫ જમીનવગરના કુટુંબો છે. ૨ કુટુંબ ચૌધરી અને ૨ નાયકા જાતિના કુટુંબ છે.

૨૧ કુટુંબના સભ્યોમાં જુદા જુદા પ્રકારની માંદગી છે. જેમાં ૬ કુટુંબના સભ્યોને વારંવાર મેલેરીયા થઇ જાય છે. ૬ કુટુંબના સભ્યોને પેટનો દુઃખાવો રહે છે. ૨ કુટુંબના સભ્યોને ચામડીના રોગોની બિમારી છે. ૨ કુટુંબના સભ્યો ટી.બી.ના રોગથી પીડાય છે. ૨ કુટુંબના સભ્યો રકતપિતના રોગથી પીડાય છે. જયારે મૂત્રપીડનું દર્દ, આકડીનું દર્દ અને સંધાનું દર્દ એક એક કુટુંબમાં છે. જાતિવાર કુટુંબમાં કયા પ્રકારની માંદગી છે તેની માહિતી કોઠા ૫:૩માં મૂકવામાં આવી છે. માંદગી ધરાવતા ૨૧ કુટુંબમાંથી એક પણ કુટુંબને સરકાર તરફથી મળતી માંદગી સહાય મળી નથી. રોગો જુદી જુદ જાતના હોય છે. માંદગીની સહાય અને દવા-દારૂની વ્યવસ્થા અંગે વિસ્તૃત રીતે વિચારણા કરીને માંદગીમાં જેમ બને તેમ વધારે સહાય આપવી જોઇએ. આ અંગે વધુ નાણાની ફાળવણી છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં કરવી જોઇએ.

## કોઠા નં.૫:૩

| | જાતિ | કુટુંબ | કુટુંબના કોઇ સભ્ય લાંબી માંદગીથી પીડાય છે. હા | ના | માંદગીનું નામ મેલેરીયા | પેટનો દુખાવો | ચામડી, નાદદ | ટી.બી. | રકત પિતનો | અંધ | મુંઢ પીડનું દદ | આંકડી આવે છે | માંદગીની સુહાયનો લાભ મેળવે છે. હા | ના |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. જમીન વાળા | હળપતિ | ૭ | ૨ | ૫ | ૨ | - | - | - | - | - | - | - | - | ૨ |
| ૨. જમીન વગરના | ,, | ૮૦ | ૧૫ | ૬૫ | ૩ | ૩ | ૨ | ૨ | ૨ | ૧ | ૧ | ૧ | - | ૧૫ |
| ૩. ,, | ચૌધરી | ૯ | ૨ | ૭ | - | ૨ | - | - | - | - | - | - | - | ૨ |
| ૪. ,, | નાયકા | ૪ | ૨ | ૨ | ૧ | ૧ | - | - | - | - | - | - | - | ૨ |
| ૫. ,, | કુલ | ૯૩ | ૧૯ | ૭૪ | ૪ | ૬ | ૨ | ૨ | ૨ | ૧ | ૧ | ૧ | - | ૧૯ |
| | કુલ | ૧૦૦ | ~~૨૧~~ ૨૨ | ૭૯ | ૬ | ૬ | ૨ | ૨ | ૨ | ૧ | ૧ | ૧ | | ૨૧ |

પલસાણા લઘુ વિસ્તારના ગામના આદિવાસી ઓનો મુખ્ય વ્યવસાય ખેતમજૂરી છે. ઔદ્યોગિક એકમોમાં મજૂરી કામ અને નાના પાયાનો વ્યવસાય જેવાકે બીડી બનાવવી, હિરા ઘસવાનું કામ પણ આદિવાસી યુવાનો કરે છે. સરકારની જુદી જુદી યોજનામાં સ્વરોજગારી મળે તે માટે જુદા જુદા ધંધાની તાલીમ અનતે તાલીમ લીધા બાદ ધંધો શરૂ કરવા માટે. નાણાકીય સાધનોની સહાય પણ આપવામાં આવે છે. આ યોજનાનો લાભ લેવાની કેટલા કુટુંબને ઇચ્છા છે તે જાણવા માટે અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબને આ અંગેના પશ્નો પૂછવામાં આવ્યા હતા. તેમાં ૪૨ કુટુંબમાંથી કોઇને કોઇ સભ્યને નવો ધંધો કરવાની ઇચ્છા છે. આ ૪૨ કુટુંબમાં ૩૮ કુટુંબ હળપતિના છે. તેમાં ૨ કુટુંબ જમીનવાળા અને ૩૬ કુટુંબ જમીનવગરના છે. ૩ કુટુંબ ચૌધરી જાતિના છે. અને ૧ કુટુંબ નાયકા જાતિનું છે. ૫૮ કુટુંબે નવો ધંધો કરવાની અનિચ્છા દર્શાવી છે. તેમાં ૪૯ કુટુંબ હળપતિ ના છે. તેમાં ૫ કુટુંબ જમીન વાળા અને ૪૪ કુટુંબ જમીન વગરના છે. ૬ કુટુંબ ચૌધરીના અને ૩ કુટુંબ નાયકા જાતિના છે.

અભ્યાસમાં પસંદ કરેલ જુદી જુદી ત્રણ આદિવાસી જાતિમાં ૫૦ ટકા કરતા વધારે લોકો નવો ધંધો કરવાની અનિચ્છા દર્શાવી છે. જે લોકોએ નવો ધંધો કરવાની ઇચ્છા દર્શાવી છે તેમાં ૧૫ કુટુંબે બીડી બનાવવાનો ધંધો, ૯ કુટુંબે શાકભાજી વેચવાનો ધંધો કરવાની ઇચ્છા દર્શાવી છે. નવો ધંધો કરવાની ઇચ્છા રાખના કુટુંબમાં ૫૦ ટકા કરતા વધારે કુટુંબો બીડી બનાવવાનો અને શાકભાજીનો ધંધો કરવાની ઇચ્છા રાખી છે. આ ૧૫ કુટુંબ જમીન વગરના હળપતિના છે.

૩ કુટુંબે વાયરમેનનું કામ કરીને રોજગારી પ્રાપ્ત કરવાની ઇચ્છા દર્શાવી છે. ૩ કુટુંબે દરજી કામ કરવાની ઇચ્છા રાખી છે. ૩ કુટુંબે સાયકલ રીપેરીંગ કરવાનો ધંધો શરૂ કરવાની ઇચ્છા બતાવી છે.બાકીના કુટુંબોએ માછલા વેચવાનો, વેલ્ડીંકામ કરવાનો, ઇંટ બનાવવાનો, હિરા ઘસવાનો, અને ચાની લારી શરૂ કરવાની ઇચ્છા રાખી છે.જાતિવાર કુટુંબો કયો નવો ધંધો કરવાની ઇચ્છા રાખે છે. તેની માહિતી કોઠા પ:૪માં મૂકવામાં આવી છે.જે કુટુંબોએ નવો ધંધો શરૂ કરવાની ઇચ્છા બતાવી છે તેમાં નાના પાયાનો વેપાર કરવાની ઇચ્છા વધારે રાખી છે. આ વેપારમાં શાક ભાજીની લારી, ચાની લારી, પરચૂરણ માલ સામાનની દુકાન મુખ્ય છે. જયારે જાત મહેનત કરી કામ કરી શકે તેવા કારીગરી( Artisan )ના ધંધાની પસંદગી પણ કરી છે. તેમાં ઇલેકટ્રીકટનું કામ શીખીને રોજગારી મેળવવાની તથા દરજીકામ હિરાઘસવાનું કામ મુખ્ય છે. જયારે નાના પાયાનો ઉદ્યોગ જેવા કે ઇંટ બનાવવાની ઇચ્છા પણ એક હળપતિ કુટુંબે દર્શાવી છે. મરઘા અને પશુ પાલનના વ્યવસાઇની પસંદગી એક પણ કુટુંબે બતાવી નથી.

જમીનવાળા ૭ કુટુંબમાં ફકત ૨ (૨૮.૫૭) કુટુંબેજ નવો ધંધો કરવાની ઇચ્છા દર્શાવી છે. જમીન વગરનાં ૯૩ કુટુંબમાંથી ૪૦(૪૩.૦૧) કુટુંબે નવો ધંધો કરવાની ઇચ્છા દર્શાવી છે.જમીન નથી તેઓ પોતાનો પરંપરાગત વ્યવસાય ખેતમજૂરી અને અન્ય પ્રકારની મજૂરીમાંથી સ્વરોજગારી અને વ્યકિતગત નાના પાયાનો વ્યવસાય કરીને પોતાના કુટુંબને આગળ લાવવાની ઇચ્છા વધુ પ્રમાણમાં રાખે છે.

પોતાની ઇચ્છા પ્રમાણેનો નવો ધંધો કરવામાં સરકાર તરફથી કેવા પ્રકારની સહાયની જરૂરીયાત છે તે જાણવાનો પણ પ્રયાસ થયેલ તેમાં મુખ્ય ત્રણ જરૂરીયાતની માગણી કરેલ આ માંગણીમાં નવા ધંધા માટે તાલીમની ઇચ્છા ૫ કુટુંબે રાખી છે. ૩૧ કુટુંબે સાધનોની માંગણી કરી છે. ૩૭ કુટુંબે નવો ધંધો શરું કરવા માટે નાંણાની જરૂરિયાત છે, તેમ દર્શાવ્યું છે. નવા ધંધાની તાલીમ ખૂબજ ઓછા લોકોએ લેવાની ઇચ્છા દર્શાવવા પાછળનું મુખ્ય કારણ એ છે કે મોટા ભાગના કુટુંબો નાના પાયાનો વેપાર કરવાની ઇચ્છા રાખે છે. વેપારમાં શાકભાજીની લારી, મચ્છી વેચવા, સાયકલની જરૂરિયાત અને પરચૂરણ માલ સામાનની દુકાન માટે સાધન અને નાણાની વધુ જરૂર પડે તેથી નવા ધંધા માટે જરૂરિયાતના પ્રશ્નમાં નાંણા અને સાધનોની માંગણી વધારે કુટુંબે કરી છે. જાતિવાર જમીનવાળા અને જમીન વગરના જે કુટુંબો નવો ધંધો કરવાની ઇચ્છા રાખે છે તેને શેની જરૂરિયાત છે તે માહિતી કોઠા ૫:૫માં મૂકવામાં આવી છે.

કોઠા નં.૫:૪

નવો ધંધો કરવાની ઇચ્છા છે

| | જાતિ | કુટુંબ સંખ્યા | હા | ના | હા તો કયો ધંધો કરવો છે | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | વાયરમેન | દરજી | માછલા વેચવાનું | વેલ્ડી કામ | શાક ભાજી | બીડી બનાવવાનો |
| ૧. જમીન વાળા | હળપતિ | ૭ | ૨ | ૫ | – | – | ૧ | ૧ | – | – |
| ૨. જમીનવગરના | ,, | ૮૦ | ૩૬ | ૪૪ | – | ૨ | ૧ | – | ૯ | ૧૫ |
| ૩. ,, | ચૌધરી | ૯ | ૩ | ૬ | ૨ | ૧ | – | – | – | – |
| ૪. ,, | નાયકા | ૪ | ૧ | ૩ | ૧ | – | – | – | – | – |
| ૫. ,, | કુલ | ૯૩ | ૪૦ | ૫૩ | ૩ | ૩ | ૧ | – | ૯ | ૧૫ |
| | કુલ | ૧૦૦ | ૪૨ | ૫૮ | ૩ | ૩ | ૨ | ૧ | ૯ | ૧૫ |

| સાયકલ રીપેરીંગ | ઈંટ બનાવવાનો | હિરા ઘસવાનો | પરચૂરણ માલ-સામાનની દુકાન | ચાની લારી | કુલ |
|---|---|---|---|---|---|
| - | - | - | - | - | ૨ |
| ૩ | ૧ | ૨ | ૨ | ૧ | ૩૬ |
| - | - | - | - | - | ૩ |
| - | - | - | - | - | ૧ |
| ૩ | ૧ | ૨ | ૨ | ૧ | ૪૦ |
| ૩ | ૧ | ૨ | ૨ | ૧ | ૪૨ |

## કોઠા નં.૫:૫

## નવા ધંધા માટે શેની જરૂર છે

| ક્રમ | જાતિ | કુટુંબ સંખ્યા | નવો ધંધો કરવા ઇચ્છનાર કુટુંબ સંખ્યા | તાલીમ | સાધનો | નાંણા |
|---|---|---|---|---|---|---|
| ૧. જમીન વાળા | ઉળપતિ | ૭ | ૨ | – | ૨ | ૨ |
| ૨. જમીન વગરના | ઉળપતિ | ૮૦ | ૩૬ | ૨ | ૨૬ | ૩૧ |
| ૩. ,, | ચૌધરી | ૯ | ૩ | ૨ | ૨ | ૩ |
| ૪. ,, | નાયકા | ૪ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૫. ,, | કુલ | ૯૩ | ૪૦ | ૫ | ૨૯ | ૩૫ |
| | કુલ | ૧૦૦ | ૪૨ | ૫ | ૩૧ | ૩૭ |

લઘુ વિસ્તારના આદિવાસી ગામોમાં સ્વરોજગારી ના ક્ષેત્રો વધારીને આ વ્યવસાયો માટે માર્ગદર્શન, તાલીમ અને સાધન પુરતા પ્રમાણમાં આપવા જોઇએ આમ થશે તો લઘુ વિસ્તારના આદિવાસીઓ પોતાનો પરંપરાગત વ્યવસાયમાંથી બહાર નીકળીને પોતાના પગભર થશે અને તેઓ અન્ય સમાજની સાથે કદમ મિલાવવામાં શકિતમાન થશે.

જે લોકો માટે આયોજન બનાવવાનું હોય તે લોકોની પરિસ્થિતિ કેવી છે તેને ખ્યાલમાં રાખી આયોજન બનાવવું જોઇએ. દા.ત. પલસાણા પોકેટના આદિવાસીઓનો મુખ્ય વ્યવસાય ખેતમજૂરી છે. આ લઘુ વિસ્તારના આદિવાસીઓના વિકાસ માટે ખેતીના આનુષંગિક વ્યવસાય નો વિકાસ કરવા કરતા જેટલા દિવસો ખેતમજૂરી ન મળે અથવા તો ખેત મજૂરી જેટલું વેતન મળે છે તેના કરતા વધારે વેતન મળે તેવા કાર્યક્રમોનું આયોજન કરવું જોઇએ તોજ આ વિસ્તારના આદિવાસીનો આયોજન દ્વારા આયોજિત વિકાસ થઇ શકશે. આયોજન બનાવતા પહેલા આદિવાસીઓની આવશ્યકતાઓ આકાંક્ષાઓ જાણી-સમજીને આયોજન બનાવવું જોઇએ જેથી આયોજનમાં જે યોજના મૂકી હોય તેમાં વધુને વધુ લોકો સહભાગી થઇને યોજનાનો સ્વીકાર કરે.

આયોજનમાં રાજય અને દેશને સ્થાન આપવાનું છે. જેમાં વ્યકિતના વિકાસની પાયાની જરૂરિયાતને ખ્યાલમાં રાખી કુટુંબના દરેક પાસાનો વિકાસ કરી શકાય તે બાબત નો ખ્યાલ રાખવાનો છે. લોકોના રહેઠાણ, વ્યવસાય, ખેતીમાં કઇ કઇ જરૂરિયાત છે તે જાણવું જોઇએ.

આ સર્વેક્ષણનો મુખ્ય ઉદ્દેશ લઘુ વિસ્તારનું વિકાસલક્ષી આયોજન કરવાનું હોવાથી વ્યકિત અને કુટુંબના પાયાના પ્રશ્ન સમજીને જે તે પ્રશ્નના નિવારણ માટે કંઇ કંઇ

જરૂરિયાત છે તે બાબતને ધ્યાનમાં લેવા માટે ઉત્તરદાતાને આ અંગેના પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. અભ્યાસમાં પસંદ કરેલ ૧૦૦ કુટુંબમાંથી ૧૨ કુટુંબે રહેણાકના મકાન માટે નવા પ્લોટની માંગણી કરી છે. તેમાં ૮ કુટુંબ જમીનવગરના હળપતિના અને બે બે કુટુંબ ચૌધરી અને નાયકા જાતિના છે. જમીનવાળા ૭ હળપતિ કુટુંબમાંથી એક પણ કુટુંબે નવા પ્લોટની માંગણી કરીનથી.

૫૧ કુટુંબે નવા મકાનની માંગણી કરી છે. તેમાં ૪૭ કુટુંબ હળપતિના છે. ૩ જમીનવાળા અને ૪૪ કુટુંબ જમીન વગરના હળપતિએ નવા મકાનની માંગણી કરી છે. ૩ ચૌધરીના કુટુંબે નવા મકાનની માંગણી કરી છે. અને ૨ નાયકાના કુટુંબે નવા મકાનની માંગણી કરી છે. અભ્યાસમાં સમાવેલ જુદી જુદી ત્રણ જાતિમાં સૌથી વધારે નવા મકાનની માંગણી હળપતિ લોકોએ કરી છે. આ જાતિના અભ્યાસમાં સમાવેલ ૮૭ કુટુંબમાં ૪૭ (૫૪.૦૨) કુટુંબે નવા મકાનની માંગણી કરી છે. કારણકે આ જાતિના લોકો હજુ પણ અન્ય જાતિના લોકોની જમીનમાં રહે છે. આ જાતિના સામાજિક રિવાજ મુજબ છોકરાના લગ્ન થાય કે તુરત તે જુદો રહેવા લાગે છે. તેથી આ જાતિના લોકોને રહેણાકના મકાનની અન્ય બે જાતિના લોકો કરતા વધારે જરૂર છે.

મકાન સમારકામ કરવા માટે ૬૧ કુટુંબે સહાયની માંગણી કરી છે. ૫૦ હળપતિના કુટુંબો છે. તેમાં ૫ જમીનવાળા હળપતિ અને ૪૫ જમીનવગરના હળપતિ છે. ૯ ચૌધરી જાતિના કુટુંબો અને ૨ નાયકા જાતિના કુટુંબો છે. અભ્યાસમાં સમાવેલ ચૌધરી જાતિના ૯ કુટુંબે પોતાના રહેણાંકના મકાનની સહાયની માંગણી કરી છે. ચૌધરી લોકો પાસે રહેવા માટે પોતાની માલીકીનું મકાન હોય છે. જે મોટાભાગે પોતાની જમીન અથવા તો ગામ તળની જમીનમાં મકાન હોય તેથી તેને રીપેર કરે તો લાંબા સમય સુધી તેઓ તે મકાનમાં રહી શકે. આ

કારણને લઇને ચૌધરી લોકોએ અન્ય બે જાતિ કરતા વધારે પ્રમાણ મકાન સહાયની માંગણી કરી છે. જે હળપતિ કુટુંબે મકાન રીપેરીંગની માંગણી કરી છે તેમાં જમીનવાળા કુટુંબે વધારે પ્રમાણમાં મકાન રીપેરીંગ માટે સહાયની માંગણી કરી છે. આ જાતિના ૭ જમીનવાળા કુટુંબોમાંથી ૫(૭૧.૪૩) કુટુંબે મકાન સહાયની માંગણી કરી છે. જયારે ૮૦ જમીન વગરના કુટુંબો-માંથી ૪૫(૫૬.૨૫) કુટુંબે મકાન સહાયની માંગણી કરી છે. કારણકે જમીનવાળા હળપતિઓના મકાન પોતાની જમીન-માંજ હોય છે. તેથી મકાન રીપેર કરાવ્યા પછી લાંબા સમય સુધી તેઓ તે મકાનમાં રહી શકે જયારે જમીનવગરના હળપતિઓમાં જે લોકોને રહેવા માટે મકાન બાંધવા માટે જમીન મળી છે તે લોકોજ મકાન સહાય માંગી છે. જે હળપતિ કુટુંબો બીજાની જમીનમાં રહે છે. તેઓએ મકાન રીપેરીંગની સહાય ઓછા પ્રમાણમાં માંગણી કરી છે.

ઘરથાળના પ્લોટ નવા મકાન અને જુના મકાનનું રીપેરીંગ અંગે સહાયની માંગણી કરતા કુટુંબોની જાતિવાર માહિતી કોઠા ૫:૬ માં મૂકવામાં આવી છે.

## કોઠા નં.૫:૬

### મકાન અંગેની જરૂરિયાતની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | | જાતિ | કુટુંબ સંખ્યા | નવો પ્લોટ જોઇએ છે | | નવા મકાનની જરૂરિયાત છે. | | મકાનનું સમારકામ કરવાનું છે. | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | હા | ના | હા | ના | હા | ના |
| ૧. | જમીન વાળા | હળપતિ | ૭ | - | ૭ | ૩ | ૪ | ૫ | ૨ |
| ૨. | જમીન વગરના | હળપતિ | ૮૦ | ૮ | ૭૨ | ૪૪ | ૩૬ | ૪૫ | ૩૫ |
| ૩. | ,, | ચૌધરી | ૯ | ૨ | ૭ | ૩ | ૬ | ૯ | - |
| ૪. | ,, | નાયકા | ૪ | ૨ | ૨ | ૧ | ૩ | ૨ | ૧ |
| ૫. | ,, | કુલ | ૯૩ | ૧૨ | ૮૧ | ૪૮ | ૪૫ | ૫૬ | ૩૭ |
| | | કુલ | ૧૦૦ | ૧૨ | ૮૮ | ૫૧ | ૪૯ | ૬૧ | ૩૯ |

અભ્યાસમાં પસંદ કરેલ ૧૦૦ કુટુંબમાં ૭ કુટુંબ જમીનવાળા અને ૯૩ કુટુંબ જમીન વગરના છે. જમીન ધરાવતા આદિવાસીઓના વિકાસ માટે તેઓની જમીન સુધારવા અને ખેતીમાં સુધારેલું બિયારણનો ઉપયોગ જેમ બને તેમ વધુ કરે તેવા પ્રયાસો કરવા જોઇએ. ખેતી અંગેના આયોજનમાં જમીન સમતલ કરવી. પાળા બાંધવા, નાળા, બાંધવા, જમીનમાં કયારી બનાવવી તે ઉપરાંત ખાતર, સુધરેલી જાતનું બિયારણ અને ખાતર આદિવાસી ખેડૂતોને પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે નું આયોજન કરવું જોઇએ.

અભ્યાસમાં પસંદ થયેલ ૭ જમીનવાળા હળપતિ જાતિના કુટુંબને ખેતીમાં સવલત મળી રહે તે માટે જુદા જુદા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. ૭ જમીનવાળા કુટુંબમાં એક કુટુંબેજ જમીન સમતલ કરાવવાની ઇચ્છા પ્રદર્શિત કરી છે. પોતાની જમીનમાં પાળા બાંધવાની ૩ કુટુંબે માંગણી કરી છે. જમીનમાં નાળા બાંધવાની માંગણી ૧ કુટુંબે કરી છે. કયારી બનાવવાની ૩ કુટુંબે માંગણી કરી છે.

ખેતી માટે જમીનની માંગણી ૫ કુટુંબે કરી છે. તેમાં ૪ જમીનવાળા હળપતિ અને ૧ જમીન વગરના નાયકા જાતિના કુટુંબે છે.

જમીનવાળા કુટુંબે જમીનની માંગણી કરી છે. કારણકે કુટુંબ દીઠ જમીન ઘણી ઓછી છે. જે જમીન મળે તો ખેતી નું કામ સારી રીતે કરી શકે તેમ છે.

ખેતીમાં વધુ ઉપજ થાય તે માટે આદિવાસી ખેડૂતોને બિયારણ, ખાતર, અને જંતુનાશક દવામાંથી કંઇ વસ્તુની જરૂર છે તે અંગેની જાણકારી મેળવવાનો પ્રયાસ પણ કર્યો છે. ૭ જમીનવાળા કુટુંબમાંથી ૩ કુટુંબે બિયારણની ૪ કુટુંબે ખાતરની અને ૩ કુટુંબે જતુંનાશક દવાની માંગણી કરી છે.

જમીન સુધારણા માટે અને ખેતીમાંથી વધુ ઉપજ મળે તે માટે કંઇ બાબતની સહાય માંગી છે તે અંગેની વીસ્તૃત માહિતી કોઠા ૫:૭માં મૂકવામાં આવી છે.

જમીન સુધારણાના કાર્યક્રમો સાથોસાથ ખેતીમાં વધુ ઉપજ લેવા માટે ખાતર, બિયારણ અને દવાની જેટલી જરૂર છે તેની સાથોસાથ ખેતીમાં અદ્યતન સાધનો જે આદિવાસી ખેડૂત પાસે પૂરતા પ્રમાણમાં ન હોય તો ખેતીમાંથી જેટલું વળતર મળવુ જોઇએ તેટલુ મળતું નથી. જમીનવાળા ૭ કુટુંબને કયા ખેતીના સાધનોની જરૂરિયાત છે તેની માહિતી કોઠા ૫:૮માં મૂકવામાં આવી છે. તેમાં ૬ કુટુંબે લાકડાનું હળ, ૨ કુટુંબે રોપડી અને સમાર, ૧ કુટુંબે વાવણિયો, લોખંડનું હળ, અને દવા છાંટવાનો પંપની માંગણી કરી છે. અને ૬ કુટુંબે ગાડાની માંગણી કરી છે. ખેતીના સાધનોવાર માંગણી કરનાર ખેડૂતની વિગત કોઠામાં મૂકવામાં આવી છે.

ખેતીના સાધનોમાં સૌથી વધારે લાકડાના હળ, ગાડાની અને પંખાની માંગણી વધારે પ્રમાણમાં ખેડૂતે કરી છે. કારણકે આ પોકેટના આદિવાસી ખેડૂતોને ખેતી માટે જમીન જુદી જુદી યોજનામાં મળી છે. પરંતુ ખેતીના સાધનો પૂરતા પ્રમાણમાં ન હોવાથી મુશ્કેલી પડે છે. ગાડાની માંગણી એટલા માટે ખેડૂતે કરી છે કે ગાડુ મળે તો ખેતીના કામ સાથે મજૂરીનું કામ પણ કરી શકે તેથી ગાડાની વધારે પ્રમાણમાં માંગણી કરી છે. પંખા માટેની માગણી પણ કરી છે. કારણકે પોકેટના વિસ્તારમાં ડાંગરનો પાક સારો થાય છે. ડાંગર પાકયા પછી તેમાંથી કચરો પરંપરાગત પધ્ધતિથી છૂટો પાડવામાં આવે છે. પરંપરાગત પધ્ધતિમાં વાંસના ટોપલામાં ડાંગર ભરી અને ઉચી જગ્યાએથી ડાંગરને નીચે નાંખવામાં આવે જેથી ડાંગર અને કચરો અલગ પડી જાય. આ સમયે હવા કંઇ બાજુની અને કેટલી છે. તે અંગે જે ખ્યાલ રાખવો પડે તેથી આ કામ સરળતાથી થાય.

જો હવા ઓછી કે વધારે હોય તો આ કામ કરવામાં મુશ્કેલી પડે. પરંપરાગત રીતે ડાંગર અને કચરો જુદો પાડવાની મુશ્કેલી દૂર કરવા આ વિસ્તારના આદિવાસી ખેડૂતોને પંખા આપવાની જરૂર છે.

ખેતીની ઉપજ વધે તે માટે બિયારણ, દવા અને ખેતીના સાધનની જેટલી જરૂર છે. તે કરતા વધારે ખેતી માટે પાણીની જરૂર રહે છે. આદિવાસી ખેડૂતોની જમીન ઓછા પ્રમાણમાં પિયતની હોય છે. જમીન પિયત થાય તે માટે શેની જરૂર છે તે અંગે જાણવાનો પ્રયાસ કર્યો પરંતુ એક પણ કુટુંબે પિયત માટે કોઇપણ સાધનની માંગણી કરી નથી.

## કોઠા નં.૫૪૭

### જમીન સુધારણ અંગે સહાયની જરૂરીયાતની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | જાતિ | કુટુંબ | જમીન સમતલ કરાવવી છે. | | પાળા બાંધવા છે | | નાળા બાંધવા છે. | | ક્યારી બનાવવી છે | | જમીન જોઇએછે | | બિયારણ જોઇએ છે | | ખાતર જોઇએછે | | જંતુનાશક દવાજોઇએ છે | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | હા | ના | હા | ના | હા | ના | હા | ના | હા | ના | હા | ના | હા | ના | હા | ના |
| ૧. જમીન વાળા | ઉળપતિ | ૭ | ૧ | ૬ | ૩ | ૪ | ૧ | ૬ | ૩ | ૪ | ૪ | ૩ | ૩ | ૪ | ૪ | ૩ | ૩ | ૪ |
| ૨. જમીન વગરના | ,, | ૮૦ | - | ૮૦ | - | ૮૦ | - | ૮૦ | - | ૮૦ | - | ૮૦ | - | ૮૦ | - | ૮૦ | - | ૮૦ |
| ૩. ,, | ચૌધરી | ૯ | - | ૯ | - | ૯ | - | ૯ | - | ૯ | - | ૯ | - | ૯ | - | ૯ | - | ૯ |
| ૪. ,, | નાયકા | ૪ | - | ૪ | - | ૪ | - | ૪ | - | ૪ | ૧ | ૩ | - | ૪ | - | ૪ | - | ૪ |
| ૫. ,, | કુલ | ૯૩ | - | ૯૩ | - | ૯૩ | - | ૯૩ | - | ૯૩ | ૧ | ૯૨ | - | ૯૩ | - | ૯૩ | - | ૯૩ |
| | કુલ | ૧૦૦ | ૧ | ૯૯ | ૩ | ૯૭ | ૧ | ૯૭ | ૩ | ૯૭ | ૫ | ૯૫ | ૩ | ૯૭ | ૪ | ૯૬ | ૩ | ૯૭ |

કોઠા નં.૫:૮

ખેતી માટેના સાધનોની જરૂરિયાત દર્શાવતો કોઠો

| ક્રમ | જાતિ | કુટુંબ સંખ્યા | લાકડાનું હળ | રાંપ | રાંપડી | સમાર | વાવણિયો | લોખંડનું હળ | પંખો | મોય | ગાડુ | દવા છાટવાનો પંપ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | જમીન હળપતિ વાળા | ૭ | ૬ | – | ૨ | ૨ | ૧ | ૧ | ૫ | – | ૬ | ૧ |
| ૨. | જમીન હળપતિ વગરના | ૮૦ | – | – | – | – | – | – | – | – | – | – |
| ૩. | ,, ચૌધરી | ૯ | – | – | – | – | – | – | – | – | – | – |
| ૪. | ,, નાયકા | ૪ | – | – | – | – | – | – | – | – | – | – |
| ૫. | ,, કુલ | ૯૩ | – | – | – | – | – | – | – | – | – | – |
| | કુલ | ૧૦૦ | ૬ | – | ૨ | ૨ | ૧ | ૧ | ૫ | – | ૬ | ૧ |

ખેતીમાં અનાજ સાથો સાથ શાકભાજી અને ફળઝાડ ઉગાડવામાં આદિવાસી ખેડૂતને સહાય કરવામાં આવે તો રોકડ પૈસા ખેડૂતને ટૂંકાગાળામાં મળે તેમાં ૨૫ કુટુંબે ફળઝાડના છોડની માંગણી કરી છે. તેમાં ૨૩ હળપતિના કુટુંબમાં ૨ જમીનવાળા અને ૨૧ જમીનવગરના કુટુંબે ફળ ઝાડના છોડની માંગણી કરી છે. ૨ ચૌધરી કુટુંબે ફળઝાડ ના છોડની માંગણી કરી છે. જમીન વગરના કુટુંબે પણ ફળઝાડ ના છોડની માંગણી કરી છે. પોતાના ઘરની નજીક ખુલ્લી જમીનમાં ઝાડ રોપે તો ઘરવપરાશનું પાણી ભરાતુ બંધ થાય અથવા તો એક જગ્યાએ નજીક નજીક બે ત્રણ ઝાડ રોપવામાં આવે તો સ્ત્રીઓને નાહવામાં આરામ મળે અને ઝાડમાંથી જે ફળ મળે તેનો ઉપયોગ ઘર-વપરાશમાં થઇ શકે આ કારણથી જમીનવગરના કુટુંબે પણ એકાદ બે -ફળઝાડના રોપાની માંગણી કરી છે. તેમાં કેરી, ચીકુ, પપ્યા,ના ફળના રોપાની વધારે પ્રમાણમાં માંગણી કરી છે. ઘણા કુટુંબે વિલાયતી અને ખાટી આંબલી ના ઝાડની માંગણી કરી છે. જમીનવાળા એક હળપતિ ના કુટુંબે ઘાસચારા માટે બિયારણની અને ઘાસચારો ઉગાડવા માટે સહાયની માંગણી કરી છે. ૬ કુટુંબે વનીકરણના ઝાડની માંગણી કરી છે. તેમાં ૧ જમીનવાળુ અને ૫ જમીન વગરના હળપતિનું કુટુંબ છે. જમીન વગરના કુટુંબે જે વનીકરણના ઝાડના છોડની માંગણી કરી છે તેના ઉપરથી આદિવાસી-ઓનો વનસ્પતિ સાથેનો પ્રેમ દેખાય આવે છે. ઘરની નજીક એકાદ નીલગીરીને સુબાવળ,સરુ, નું ઝાડ હોય તો ભવિષ્યમાં મકાન બાંધકામ કે ઘર માટે લાકડા મળી રહે તે માટે ઘરની નજીક ચાર-પાંચ જુદા જુદા ઝાડની ઇચ્છા આદિવાસીઓ રાખે છે. ફળઝાડ શાક ભાજી અને અન્ય ઝાડની વિગતવાર કોઠા ૫:૯માં મૂકવામાં આવી છે.

કોઠા નં.૫:૯

**ફળઝાડ, શાકભાજી ઉગાડવાની ઇચ્છા દર્શાવતો કોઠો**

| ક્રમ | જાતિ | કુટુંબ સંખ્યા | શાકભાજીનું વાવેતર કરવું છે | | ફળઝાડનું વાવેતર કરવું છે. | | ઘાસચારો | | વનીકરણ અંગેની જરૂરીયાત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | હા | ના | હા | ના | હા | ના | હા | ના |
| ૧. જમીન વાળા | હળપતિ | ૭ | – | ૭ | ૨ | ૫ | ૧ | ૬ | ૧ | ૬ |
| ૨. જમીન વગરના | હળપતિ | ૮૦ | – | ૮૦ | ૨૧ | ૫૯ | – | ૮૦ | ૫ | ૭૫ |
| ૩. ,, | ચૌધરી | ૯ | – | ૯ | ૨ | ૭ | – | ૯ | – | ૯ |
| ૪. ,, | નાયકા | ૪ | – | ૪ | – | ૪ | – | ૪ | – | ૪ |
| ૫. ,, | કુલ | ૯૩ | – | ૯૩ | ૨૩ | ૭૦ | – | ૯૩ | ૫ | ૮૮ |
| | કુલ | ૧૦૦ | – | ૧૦૦ | ૨૫ | ૭૫ | ૧ | ૯૯ | ૬ | ૯૪ |

આદિવાસીના વિકાસ માટે કુદરતી સંપત્તિનો જેટલો ઉપયોગ કરવાનું અગત્યનું છે. તેટલુંજ અગત્યનું પશુપાલનના વ્યવસાયને વિકસાવવાનું છે. પશુ આદિવાસી રાખે છે. પરંતુ તેના ઉપયોગથી આર્થિક વળતર જે પૂરું ન મળવા પાછળનું એક કારણ એ પણ હોય શકે કે પશુઓ નબળી જાતના હોવાથી તે દૂધ ખૂબજ ઓછું આપે છે. સરકારની જુદી જુદી યોજના દ્વારા આદિવાસીઓ પશુ રાખતા થયા છે અને તેમાંથી ગૌણ આવક પણ મેળવે છે.

૧૦૦ કુટુંબમાંથી ૭૬ કુટુંબે પશુની માંગણી કરી છે. જેમાં ૬૯ કુટુંબ હળપતિના છે. ૫ જમીનવાળા અને ૬૪ જમીન વગરના હળપતિના કુટુંબ છે. ૫ કુટુંબ ચૌધરી અને ૨ કુટુંબ નાયકા જાતિના છે. જે કુટુંબે પશુની માંગણી કરી છે તેમાં ૬૩ કુટુંબે ભેંસની, ૧૦ કુટુંબે બકરી અને ૩ કુટુંબે ગાયની માંગણી કરી છે. ૨ કુટુંબે બળદની અને ૧ કુટુંબે સુધરેલી જાતના મરઘાની માંગણી કરી છે. ૧૧ કુટુંબે પોતાના વ્યવસાયના વિકાસ માટે સાઇકલની માંગણી કરી છે. આ કુટુંબોનો કોઇ સભ્ય ઔદ્યોગીક એકમમાં મજૂરી કરવા જતા હોય કે પછી સાઇકલ ઉપર માછલા કે શાકભાજી વેચતો હોય તેવા કુટુંબોએ સાઇકલની માંગણી કરી છે.

જાતિવાર પશુની માંગણી કરનાર કુટુંબોની માહિતી કોઠા ૫:૧૦માં મૂકવામાં આવી છે. આ પોકેટના આદિવાસીઓએ દૂધાળા પશુ રાખવાની ઇચ્છા દર્શાવી છે. જે પશુપાલનના વ્યવસાય તરફનું બદલાતું વલણ છે. કારણ કે આ પોકેટમાં બિન આદિવાસીઓમાં કણબી પટેલ, અનાવિલ બ્રાહમણ અને મુસ્લમાન લોકો રહે છે. આ જાતિ ના લોકો ખેતીના વ્યવસાય સાથે પશુપાલનનો વ્યવસાય કરે છે. અને આ કામ તેઓ પોતાના ઘરે ચાકર કે હાળી

કે ચાકર રાખીને કરાવે છે. ચાકર કે હાળીનું કામ આદિવાસીજ કરે છે. આ લોકો પાસે પશુ પાલનનું જ્ઞાન અને અનુભવતો છે જ. તેમની પાસે પુરતા સાધનોના અભાવને લઇને પશુ પાલનનો વ્યવસાય જેટલો વિકસાવો જોઇએ તેટલો વિકસ્યો નથી. આ વ્યવસાયને પ્રોત્સાહન આપવામાં આવશે તો તેઓમાંથી અમુક કુટુંબો ગરીબીની રેખા ઉપર આવી શકે તેમ છે.

## કોઠા નં. ૫:૧૦

### પશુપાલનની જરૂરિયાત અને ચીજવસ્તુની જરૂરીયાત દર્શાવતો કોઠો

| ક્રમ | જાતિ | કુટુંબ સંખ્યા | હા | ના | ગાય | ભેંસ | બકરી | બળદ | મરઘી | સાઇકલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. જમીનવાળા | હળપતિ | ૭ | ૫ | ૨ | – | ૫ | – | ૨ | – | – |
| ૨. જમીનવગરના | ,, | ૮૦ | ૬૪ | ૧૬ | ૨ | ૫૧ | ૬ | – | ૧ | ૧૧ |
| ૩. ,, | ચૌધરી | ૯ | ૦ ૫ | ૪ | – | ૪ | ૪ | – | – | – |
| ૪. ,, | નાયકા | ૪ | ૨ | ૨ | ૧ | ૩ | – | – | – | – |
| ૫. ,, | કુલ | ૯૩ | ૭૧ | ૨૪ | ૩ | ૬૩ | ૧૦ | ૨ | ૧ | ૧૧ |
| | કુલ | ૧૦૦ | ૭૬ | ૨૪ | ૩ | ૬૩ | ૧૦ | ૨ | ૧ | ૧૧ |

લઘુ વિસ્તારનન આદિવાસીઓની સામાજિક, આર્થિક પરિસ્થિતી જાણી તેઓ નવા કયા વ્યવસાયો કરવાની ઇચ્છા રાખે છે અને કયા વ્યવસાયમાં કુશળતાઓ પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખે છે તેને ખ્યાલમાં રાખીને તેમની આર્થિક સ્થિતિ, શિક્ષણ,તેમના વલણોમાં પરિવર્તન આવે તે પ્રકારનું વિકાસલક્ષી આયોજન બનાવવું જોઇએ. આ માટે નબળા અથવા તો નકામા થયેલા પરિવેશને પણ નવ સાધ્ય કરવા જોઇએ અને તેને ઉત્પાદક લક્ષી બનાવવા જોઇએ.

આયોજનમાં પોકેટ વિસ્તારના લોકોની લઘુતમ જરૂરિયાતને ખ્યાલમાં રાખી આ જરૂરિયાતની પૂર્તિ થાય તે માટે લોકોને રોજી,ખાવા માટે પૂરતા પ્રમાણમાં અનાજ, પીવાનું પાણી, તંદુરસ્તી અને શિક્ષણમાં સ્ત્રીઓનું શિક્ષણ વધે તે પકારનું આયોજન ઘડવું જોઇએ. આ આયોજન ધ્વારા તેઓની સામાજિક આર્થિક સંસ્થાઓની રચના અને પુનઃ રચના થાય તે અંગેના પ્રયાસો આયોજનમાં કરવા જોઇએ.પલસાણા પોકેટમાં હળપતિ, ચૌધરી, નાયકા, ની વસ્તી મુખ્ય છે. તેમાં હળપતિઓ ગરીબી વધારે છે. તેથી આ આયોજનમાં હળપતિની ગરીબી ઓછી થાય અને તેઓનું શોષણ ઓછું થાય તે માટેના પ્રયાસો હાથ ધરવા જોઇએ.

લઘુવિસ્તારના આદિવાસીઓને આત્મસાત થવો જોઇએ કે આ આયોજન ધ્વારા અમારો અવશ્ય વિકાસ થશે તો જ તેઓ વિકાસલક્ષી આયોજનમાં સહભાગી થશે. આયોજનમાં સહભાગી કરવા માટે તેઓને સંગઠિત કરવાની ખાસ જરૂર છે. આ માટે યુવક મંડળ, ભજન મંડળ,અને ફળીયામાં ચાલતા જુદા જુદા મંડળને મહત્વ આપીને તે મંડળના કાર્યમાં પડતી મુશ્કેલીનું નિવારણ થશે તો જ તેઓ વધુ સંગઠિત થઇ શકશે.

પલસાણા પોકેટના આદિવાસીઓને ગામ-તાલુકામાં કે જિલ્લામાં જે સ્થળે રોજગારી મળી શકે તેમ હોય ત્યાં આદિવાસીઓને અગ્રિમતા આપી ને રોજગારી આપવી જોઇએ.

આદિવાસીઓના વિકાસ માટે જે આયોજન ઘડવામાં આવે તે લાંબાગાળા નું આયોજન હોવું જોઇએ જેથી તેઓની હંમેશ માટે ગરીબી દૂર થાય. વર્તમાન યોજનમાં તેઓને ટુંકા ગાળાના લાભો મળે છે. પરંતુ યોજનાનો લાભ બંધ થાય તે પછી એકાદ બે માસમાં ફરી પાછા તે ગરીબ બની જાય છે. આમ ન બને તે માટે તેઓને લાંબા ગાળાની યોજના દ્વારા લાભ આપીને હંમેશ માટે ગરીબી રેખા ઉપર લાવવા માટે કોશિશ કરવી જોઇએ.

આયોજનમાં એવી યોજના બનાવવી જોઇએ કે તેઓ સ્વાયત્તથઇને આપેલ નાંણા પાછા આપી શકે તેવી સ્થિતિમાં આવે. આયોજનમાં તેમની ઉત્પાદક શક્યતાઓ વધુ ઉભી થાય તેવા પ્રયાસો કરવા જોઇએ.

લઘુ વિસ્તારનું આયોજન દેશ રાજ્ય અને પ્રાયોજના વિસ્તારના આયોજનનો એક અભિગમ ભાગ હોવો જોઇએ.

પંચ વર્ષીય યોજનમાં કેટલા નાંણા ફાળવવામાં આવનાર છે તે બાબતને ખ્યાલમાં રાખી આયોજન ઘડવું જોઇએ. યોજના અમલ સાથેજ તે અંગેનું મૂલ્યાંકન અને આયોજનના અવરોધક પરિબળોની જાણકારી મેળવવી જોઇએ જેથી યોજનામાં રહી ગયેલી ક્ષતિ દૂર કરી યોજનાને વધારે વાસ્તવિક બનાવી શકાય.

હેતુઓ :

ઉપરોકત જુદા જુદા સિધ્ધાંતોથી લઘુ વિસ્તારના આયોજનના હેતુઓ વધુ સ્પષ્ટ થાય છે. જેમ કે આ આયોજન લોકોના જીવનમાં પ્રગતિ કરીને જીવનની ગુણવત્તા સુધારવા માટેનું હોવું જોઇએ. અને આયોજિત વિકાસલક્ષી આદિવાસીઓનો આર્થિક પ્રગતિ જ નહીં પણ સાંસ્કૃતિ અને સામાજિક પાસાઓનો પણ વિકાસ કરીને પ્રત્યેક વ્યકિતનું અંતરવિકસિત કરે અને નિરલસ અને કાર્ય માટે ઉદ્દત બને તે પ્રકારનું હોવું જોઇએ.

આ આયોજનમાં લઘુ વિસ્તારના આદિવાસીઓમાં ૫૦ ટકા કુટુંબો ગરીબી રેખા ઉપર લાવવાના પ્રયાસની પૂર્તિ રૂપે કાર્યક્રમો સૂચવવા જોઇએ. કુટુંબોની ગરીબી સાથે પાયાની જરૂરિયાતો જેવી કે રહેઠાણ,પાણી, શિક્ષણની સગવડતા વધુ મળે તેવા પ્રયાસો કરવા જોઇએ.

આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે તેમાં પણ હળપતિ,નાયકા જાતિના આદિવાસીઓમાં શિક્ષણ ઘણું ઓછું છે. સ્ત્રી શિક્ષણતો ઘણું ઓછું છે. સામાન્ય પ્રજામાં શિક્ષણ અને તેમાં પણ સ્ત્રી શિક્ષણ વધશે તો જ સમાજનો વિકાસ થશે. આ માટે બાળવાડી,પ્રૌઢશિક્ષણ, શરૂ કરી બાળકો અને પ્રૌઢોને લખતા વાંચતાં કરી અને પરિવર્તનના પાસાઓ વિષેની સમજ આપવાની ખાસ જરૂર છે.

------

# પ્રકરણ - ૬

## લઘુ વિસ્તારનું આયોજન

પ્રકરણ - ૬

## લઘુ વિસ્તારનું આયોજન

લઘુ વિસ્તારના અભ્યાસનો મુખ્ય હેતુ લઘુ વિસ્તાર માં કયા કયા કાર્યક્રમ કરવાથી આ વિસ્તારના આદિવાસીઓનો આર્થિક વિકાસ થાશે. વિકાસના કાર્યક્રમો બનાવતા પહેલા એ બાબતનો ખ્યાલ રાખવાનો છે કે આ કાર્યક્રમ દ્વારા જે કુટુંબને લાભ મળે તે કુટુંબ હંમેશને માટે ગરીબીની રેખા ઉપર આવી જાય તો જ આદિવાસીઓની ગરીબી તબકકાવાર દૂર કરી શક શું.

આર્થિક વિકાસ માટે માનવ શકિત અને નાંણા એ અગત્યનો ભાગ ભજવે છે. પરંતુ આદિવાસીના આર્થિક વિકાસ માટે માનવશકિતતો છે જ. ફકત યોગ્ય કાર્યક્રમના અમલ માટે નાણાની અને નિષ્ઠાવાન કાર્યકરોની જરૂર છે. આદિવાસીના વિકાસ માટે કુદરત પણ અગત્યનો ભાગ ભજવે છે. કારણકે આ પોકેટની મોટાભાગની આદિવાસી વસ્તીતો ખેત-મજૂરી અને ખેતી મુખ્ય વ્યવસાય છે. પોકેટમાં નહેર દ્વારા પિયતની વ્યવસ્થા છે. પણ આદિવાસી ખેડૂતની જમીન ખૂબજ ઓછા પ્રમાણમાં પિયત થાય છે. તેથી ખેતીનો મુખ્ય આધાર કુદરત ઉપર છે. આ વિસ્તારની ભૂભૌગોલિક પરિસ્થિતી અને કુદરતી મર્યાદાઓનો સ્વીકાર કરવોજ રહયો. તે ઉપરાંત જે લોકોને ખેતમજૂરીનું કામ મળે છે. તેને સરકારના નિયમ પ્રમાણે રોજી ચૂકવાતી નથી. તે મર્યાદાનો સ્વીકાર કરવોજ રહયો. તેથી જ આ વિસ્તારના આદિવાસી માટે વિકાસ યોજના ફકત અમલમાંજ મૂકવાની નથી. પણ યોજના મૂકયા પછી તેનો લાભ આદિવાસીને કેટલા પ્રમાણમાં મળયો છે તેનું મૂલ્યાંકન પણ કરતાજ રહેવું પડશે. તોજ

સાચો ખ્યાલ આવશે કે વિકાસલક્ષી યોજનાથી આદિ-વાસીનો કેટલો વિકાસ થયો છે. અને કંઇ ક્ષતિને લઇને યોજનામાં ધારેલું લક્ષયાંક પુરું થયું નથી.

પોકેટ આયોજનના કાર્યક્રમની વિગતે ચર્ચા કરીયે તે પહેલા વિકાસલક્ષી કાર્યક્રમનાં અવરોધક પરિબળ જાણવા જરૂરી છે. પરિબળો નીચે મુજબના છે.

(૧) પલસાણા પોકેટના આદિવાસીઓ હજુ પણ તેના પરંપરાગત વ્યવસાયને બદલે નવો વ્યવસાય સ્વીકારવા ખૂબજ ઓછા તૈયાર થાય છે.

(૨) ધણિયામાં વગર પોતાનું જીવન શકય છે તે બાબતનો જોઇએ તેટલો ખ્યાલ હળપતિઓમાં આવ્યો નથી. હજુ માનસીક રીતે તેઓ ધણિયામાથી જુદા પડવા તૈયાર નથી.

(૩) શિક્ષણ ઘણું ઓછું છે તેમાં પણ હળપતિxxxજાતિમાં અને કન્યામાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે. તેથી ખેતમજૂરી સિવાય અન્ય વ્યવસાયમાં અને ટેકનીકલ વ્યવસાયમાં કામ કરવાનું પ્રમાણ ઓછું છે.

(૪) દારૂનું વ્યસન.

(૫) વિકાસલક્ષી કાર્યક્રમોનો મોટાભાગના કુટુંબને લાભ મળતો નથી.

(૬) વિકાસલક્ષી કાર્યક્રમોનો આદિવાસી કુટુંબને લાભ આપવામાં રાજકીય વ્યકિતનો હસ્તક્ષેપ.

(૭) આદિવાસીના વિકાસ માટે નિષ્ઠાવાન કાર્યકરોનો અભાવ.

વર્તમાન સમયમાં આદિવાસી વિકાસ માટે યોજના બનાવી તેનો તાકીદે અમલ થાય તેવા પ્રયાસો કરવા જોઇએ. વિકાસ આયોજન આપવા પાછળના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબના છે.

(૧) ક્ષેત્રકાર્ય ઉપરથી એવું લાગે છે કે પોકેટ વિસ્તારમાં વસ્તા આદિવાસીના વિકાસ માટે વધુ લક્ષ અપાયું નથી.

(૨) યોજનાનો લાભ આદિવાસીને મળવો જોઇએ તે કરતા ઓછા લાભ મળ્યો છે. દા.ત. ભેંસ આપવાની યોજનામાં ભેંસ મળી પણ ચારાની તકલીફને લઇને આ યોજનાનો જે લાભ થવો જોઇએ તે થયો નથી.

(૩) આદિવાસી સમાજની અર્થ રચનામાં બુનિયાદી માળખું બનાવવાની ખાસ જરૂર છે. તેમાં આદિવાસી બિન આદિવાસી, સરકારી કર્મચારી, સમાજના રચનાનું કામ કરે છે તેવા મહાનુભાવો, સંશોધકો, રાજકીય આગેવાનોએ પોતપોતાનો ફાળો આપી આ માળખુ કેવા પ્રકારનું હોવું જોઇએ તે અંગે વિગતે ચર્ચા વિચારણા કરવી પડશે. ~~આદિવાસી તેના આગેવાનો~~, ક્ષેત્રકાર્ય દરમ્યાન આદિવાસી-તેના આગેવાનો, વહીવટીક્ષેત્રેના કર્મચારી, તાલુકાના રાજકીય આગેવાનોની મુલાકાત લઇ તેમણે સૂચવેલા મુદ્દાઓ અને અમારા ક્ષેત્રકાર્યના અનુભવોનું સંકલન કરી આ વિકાસ યોજનાના મુદ્દા સૂચવ્યા છે.

(૧) લઘુત્તમ આવશ્યકતાઓની પૂર્તિ માટેના કાર્યક્રમો:
પીવાના પાણીની સવલતો :

પાણીએ માનવીની કેટલીક પ્રાથમિક જરૂરિયાતમાંની એક છે. પોકેટના વિસ્તારના ઘણા ગામોમાં પીવાના પાણીની મુશ્કેલી છે. આંકડા ઉપરથી લાગે છે કે દરેક ગામમાં પીવાના પાણીની સવલત છે. પરંતુ વાસ્તવિક

પરિસ્થિતિ કાંઇક જુદી છે. જે સવલત મળે છે તે અપૂરતી છે. આ તાલુકાના ૪૦ ગામોમાં પીવાના પાણી માટે સાદા કૂવાની વ્યવસ્થા છે. ૧૧ ગામોમાં તળાવ માંથી પીવાનું પાણી લાવે છે. ૩૭ ગામોમાં વોટરવકર્સ, ૪ ગામમાં હેન્ડ પંપ છે. એક ગામમાં એક સવલત કરતા વધારે સવલત હોવાથી ગામ સંખ્યા કરતા પીવાના પાણીની સવલતની સંખ્યા વધુ છે. પોકેટના ગામોમાં મુખ્ય પીવાના સાધનોમાં સાદાકુવા અને વોટરવકર્સ છે. કુવામાં ઉનાળામાં પાણી ઓછું થઇ જાય છે. તેથી કૂવાને ઉંડા કરવાની ખાસ જરૂર છે. તે ઉપરાંત કુવાની આજુબાજુ બાંધકામ કરવાની ખાસ જરૂર છે. વોટર વકર્સવાળા ગામમાં આદિવાસી વસ્તીવાળા ફળીયામાં વોટરવકર્સ અપૂરતા છે. અને જે છે તેની ઉપર ચકલી હોતી નથી. તેથી પાઇપને કાંતો બૂચ મારવું પડે અથવા તો પાણી નકામું ચાલ્યું જાય છે. વોટરવકર્સ પૂરતા મૂકવા જોઇએ તે મૂકયા પછી ચકલી છે કે નહીં તેની જાણકારી રાખ્યા કરવી જોઇએ.

રસ્તા :

કોઇપણ ભૌગોલીક વિસ્તારકે તે વિસ્તારમાં વસતા માનવીના વિકાસમાં સારા રસ્તા એ પાયાની જરૂરીયાત છે. સારા રસ્તા હંમેશાં જગ્રામ્ય અને તેમાં વસતા લોકોમાં ખાસકરીને આદિવાસી હરિજનોનો વિકાસ થઇ શકશે. પલસાણા પોકેટના ૪૯ ગામોમાં ૧૪(૨૮.૫૭) કાચા રસ્તા, ૧૬(૩૨.૬૫) મેટલના રસ્તા, ૧૯(૩૮.૭૮)ગામમાં ડામરના રસ્તા છે. ૩૦(૬૧.૨૨) ગામોમાં કાચા અને મેટલના રસ્તા છે. ૭મી પંચવર્ષીય યોજનામાં મેટલના રસ્તાવાળા ગામો ડામરના થાય અને કાચા રસ્તાવાળા ગામો મેટલના થાય. અને ડામરના રસ્તા દુરસ્ત કરવાની ખાસ જરૂર છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું છે કે ગામનો

મુખ્ય રસ્તો એટલે કે ડામરનો હોય પણઆદિવાસી ફળિયામાં જવાનો રસ્તો કાચો હોય. સરકારી દફતરે ગામનો મુખ્ય રસ્તો ડામર કે મેટલનો હોય પરંતુ તેનો લાભ આદિવાસી ફળીયામાં મળતો નથી. તેથી આદિવાસી ફળીયાને જોડતો મુખ્ય રસ્તો મેટલ કે પાકો બનાવ્યા પછી જ તે રસ્તો આગળ બંનાવવો જોઇએ તેથી રસ્તાનો લાભ આદિવાસીનેને પૂરતા પમાણમાં મળી રહે.

વીજળી :

પલસાણા પોકેટના ૪૪ ગામોમાં વીજળીની સવલત છે. ૫ ગામમાં વીજળીની સવલત નથી. અભ્યાસમાં પસંદ કરેલ જસપોર ગામમાં વીજળીની વ્યવસ્થા નથી. જે ગામોમાં વીજળીની સવલત છે તેમાં પણ આદિવાસી ફળીયામાં અને ઘરોમાં વીજળીની સવલત નથી. અભ્યાસમાં પસંદ કરેલ ૧૦૦ કુટુંબમાં કેટલા કુટુંબના ઘરમાં વીજળી છે તેની માહિતી આગળ આપણે જોઇ છે તે ઉપરથી ખ્યાલ આવે છે કે આ વિસ્તારના ગામમાં વીજળી હોવા છતા ઘરોમાં વીજળી નથી.

આદિવાસી ફળીયામાં અને આદિવાસી લોકોને પાથમિક સુવિધા વધે તેમાટે રાહત દરે વીજળીનું જોડાણ આપવું જોઇએ.

રહેઠાણ :

આદિવાસીના ઘરો મોટાભાગે કાચા હોય છે.ઘરોની ભીંત વાસ અને માટીની બનાવવામાં આવે છે. સરકારી મદદ મળી હોય તો ઘરનું છાજ દેશી કે મંગલોરી નળીયાનું હોય છે. નહીં તો ઘાસ-પાનનું છાજ હોય છે. છળપતિ લોકોના મકાન કાચા હોય છે. ઘણા ઘરોની દિવાલ

ખજૂરીના પાનમાંથી સાદડી બનાવીને તેને વાસ સાથે વીટીં દેવામાં આવે છે. આ વિસ્તારના લોકોને મકાન બાંધવામાં મકાન સમારકામ કરવામાં સહાય આપવી જોઇએ. છાજમાં મેંગ્લોરી નળીયા મૂકવા, રાહત દરે નળીયા મળી રહે તેવી જોગવાઇ કરવી જોઇએ. જે ગામમાં જમીન ફાજલ હોય તેવા ગામમાં ઘરથાળનો પ્લોટ અથવા માળા પધ્ધતિના મકાન બાંધીને રાહતદરે અથવા તો ભાડાના દરે સરકાર તરફથી આપવા જોઇએ. જેથી તેમની રહેઠાણની સમસ્યા કંઇક અંશે હલ કરી શકાય.

આરોગ્ય :

ગામડામાં આરોગ્યની જાણકારી અને તે માટેની જાગૃતિ થશે પણ એ જરૂરિ છે. પલસાણા તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને પેટાકેન્દ્ર કુલ મળી ૪ ગામ છે. એ.એન. એમ.નર્સ ધરાવતા પ્રસુતિગૃહ ૩ છે. તે ઉપરાંત ૧૦ ગામમાં ૧૪ એલોપેથિક દવાખાના છે. ૫ ગામમાં ૮ આયુર્વેદિક ડોકટર છે. માંદગીના સમયે ડોકટરની સારવાર નહીં મળવાથી આ વિસ્તારના આદિવાસી પરંપરાગત રીતે ભૂવા-ભગત પાસે માંદગી માંથી મૂકત થવા માટે સારવાર કરાવે છે. સામાન્ય બિમારીમાં ભૂવા-ભગત પાસે સારવાર લેવાથી માંદગી ઉપર કાબુ મેળવી શકાય છે. પરંતુ ગંભીર માંદગીમાં ભૂવા-ભગતની સારવાર કામ નથી આવતી પરિણામે દર્દ વધુ જોર પકડે છે તેથી ઘણીવાર માણસનું મૃત્યુ પણ થાય છે. આ વિસ્તારમાં ચેપી અને પરજીવી જીવાણુઓ જાતિના રોગો, લોહી અને લોહી ઉત્પાદક લગતા રોગો, રૂધિરાભિષરણની ક્રિયાના રોગો, પાચન ક્રિયાના રોગો, શ્વસનતંત્રને લગતા રોગોથી મરણનું પ્રમાણ વધે છે જેને પહોંચી વળવા માટે ૧૦ થી ૧૫ ગામ નજીક સરકારી દવાખાનું અથવા તો ૧૦ ગામ વચ્ચે એક ફરતું દવાખાનું શરૂ કરવું જોઇએ અને સપ્તાહમાં બે વાર દરેક

ગામની મુલાકાત લે અને ગામના લોકોને માંદગીની સારવાર તેમજ દવા આપે. આ સમય દરમ્યાન જે લોકો ને ગંભીર માંદગી હોય તેમને નજીકના દવાખાનામાં દાખલ કરાવી આપે. આ કામમાં સ્વૈચ્છિક સંસ્થાઓનો સહકાર લેવો જોઇએ તો વધુ સારી રીતે આ કામ પુરૂ પાડી શકાશે. સમાજ કલ્યાણ ખાતા તરફથી માંદગી સહાય માટે નાણા આપવામાં આવે છે. ક્ષેત્રકાર્ય ઉપરથી અને અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબની માહિતીના આધારે કહી શકાય છે કે માંદગી સહાયનો લાભ ખૂબજ ઓછા કુટુંબને મળે છે. આ સહાય અંદરના અને આદિવાસીને મળે તે માટેના પ્રયાસને મહત્વ આપવું જોઇએ અને વધુ નાંણાકીય સગવડ આપવી જોઇએ જેથી મોટાભાગના કુટુંબને માંદગી સહાયના પૈસા મળી શકે.

<u>સફાઇના કામો :</u>

સંપૂર્ણ આદિવાસી વિસ્તારવાળા ગામોમાં સફાઇના કામોની ઓછી જરૂર પડે છે. કારણકે આવાગામોમાં મોટાભાગે છુટાછવાયા ઘરો હોય છે. તેથી ઘરવપરાશનું પાણી કે અન્ય પકારની ગંદકી ઓછી થાય છે. પોકેટના ગામોમાં મોટાભાગના ગામોમાં આદિવાસીઓ સાથે રહે છે. ઘણા ફળીયામાં તો આજબાજુમાં પાણી પણ ભરાય છે. તે ઉપરાંત ફળીયામાં ગટર યોજના ન હોવાથી તેનું પાણી પણ ફળીયાની નજીકજ છોડવામાં આવે છે. તેથી ગંદકી થાય છે. પાણી ભરાતું હોવાથી મચ્છરનો ઉપદ્રવ વધુ થાય છે. આદિવાસીના ઘરો તો સ્વચ્છ હોય છે. મચ્છરના ઉપદ્રવથી મેલેરીયા અને અન્ય રોગો પણ થાય છે. જાહેર જગ્યાએ ગંદકી ઓછી થાય તે માટે દવાનો છંટકાવ તે ઉપરાંત પાણી ન ભરાય રહે તે માટે શોષખાડા, સંડાસ

અથવા જાહેર સંડાસ, બનાવવા જોઇએ. સંડાસ બનાવતા પહેલા ફળીયાના લોકોનો અભિપ્રાય જાણીને સંડાસ બનાવવા જોઇએ અને સંડાસનો ઉપયોગ બરોબર કરે તે માટે માર્ગદર્શન અને સમજૂતી આપવી જોઇએ જેથી ગંદકી ઓછી થાય. જાહેર સંડાસનો ઉપયોગ કરે તો એક જગ્યાએ ખાતર પણ ભેગુ થાય અને તે ખાતર ખેતીના ઉપયોગમાં લેવામાં આવે તો પાક પણ સારો થાય. અથવા ખાતર વેચી નાંખવામાં આવે તો તેમાંથી જે આવક થાય તે ફળીયાના લોકોની પ્રાથમિક સુવિધા વધારવામાં વાપરી શકાય. આવી સમજૂતી ફળીયાના લોકોને આપી તેઓને બાવલા ટાઇપ જાહેર સંડાસ બનાવી આપી અને આ સંડાસનો ઉપયોગ કરવા માટે સમજૂતી આપવી જોઇએ.

આ કામ માટે જે તે વિસ્તારના કોલેજના અને એન.સીસી.ના વિદ્યાર્થીઓની શિબીર પાંચ દસ ગામમાં દર વર્ષે કરવા જોઇએ જેથી ઓછા ખર્ચે સંડાસ બનાવી શકાશે અને વિદ્યાર્થીમાં શ્રમની ભાવના સાથે આદિવાસી લોકો કેવી રીતે પોતાનું જીવન જીવે છે તેનો ખ્યાલ પણ તેમને આવશે.

<u>સામાજિક સાંસ્કૃતિક આયોજન :</u>

આદિવાસીઓમાં અને ખાસ કરીને હળપતિઓમાં દારૂનું વ્યસન વધુ પ્રમાણમાં છે. આવક નો ૨૫ ટકાથી વધુ ખર્ચ દારૂ પાછળ કરે છે. સેવકાર્ય દરમ્યાન જાણવા મળ્યું કે એક કુટુંબ એક દિવસમાં સરેરાશ ઓછામાં ઓછો એક રૂપિયાનો દારૂ પીવે છે.આ ઉપરથી ખ્યાલ આવે છે કે આદિવાસીઓમાં દારૂનું વ્યસન કેટલું છે.

દારૂના વ્યસનમાંથી મૂકત કરવા માટે દારૂ અંગેની નાની નાની ફિલ્મ તેમની રહેણીકરણીમાં અને તેમની ભાષામાં તૈયાર કરીને બતાવવી જોઇએ જેથી આ ફિલ્મ

જોતા ખ્યાલ આવે છે કે દારૂ પીવાથી કેટલું નુકશાન થાય છે. આ સાથે તેઓ શા માટે દારૂ પીવે છે. તેનો એક અભ્યાસ કરી ખ્યાલ રાખીને દારૂ બંધ કરવા માટે સહાયક કાર્યક્રમોનું આયોજન કરવું જોઇએ.

દારૂબંધીના કામમાં ધાર્મિક પંથો અને તેના સંમેલનો અસરકારક કામગીરી કરી શકે તેમ છે. તેથી જે તે વિસ્તારમાં જે ધર્મનો પ્રભાવ વધુ હોય તે ધર્મના અને અન્ય ધર્મના વડાઓને સાથે રાખી દારૂ બંધી માટે કાર્ય કરવું જોઇએ.

તે ઉપરાંત આદિવાસી ગીત, તેમની વંશાવળી, ઘરેણા, પહેરવેશ, દંતકથાઓ વગેરેનો અભ્યાસ કરી અને આને લગતી વિગતો એકત્ર કરવી જોઇએ આ માટે જુદા જુદા સાધનોનો ઉપયોગ કરવો જોઇએ જેમકે ફિલ્મ, ટેપરેકોડ અહેવાલ લેખન કરીને, આમ થશે તો ૨૧મી સદીમાંના યુવાનોને સંસ્કૃતિમાં આવેલ પરિવર્તનના અભ્યાસમાં અને રાજય-દેશ અને તેમાં વસતા પછાત લોકોનો કેટલો વિકાસ થયો છે તેનો ખ્યાલ આવશેઅને આવા સંશોધનમાં આ સામગ્રી મદદરૂપ થશે.

<u>શૈક્ષણિક સવલતો :</u>

પલસાણા પોકેટના ગામોમાં વસતા આદિવાસીઓમાં અને ખાસ કરીને કન્યા કેળવણીમાં આદિવાસી લોકો પછાત છે. આ પોકેટમાંના ગામોમાં મુખ્ય ત્રણ આદિવાસી જાતિ વસે છે. તેમાં હળપતિ અને નાયકા જાતિમાં શિક્ષણ ઘણું ઓછું છે. ચૌધરી લોકોમાં શિક્ષણ આ બે જાતિ કરતાં વધારે છે.

વિકાસના પરિબળોમાં શિક્ષણ મહત્વનો ભાગ ભજવે છે. તેથી વિકાસશીલ સમૂહ માટે શિક્ષણની સુવિધાઓ જેટલી અપાય તેટલી આપવી જોઇએ. ૧૯૮૫ના અંતમાં આપણા

દેશમાં નવી શિક્ષણનીતિની જોરદાર ચર્ચા ચાલે છે. આદિવાસી અને હરિજન લોકોમાં શિક્ષણ વધે તે માટે નવી નીતિમાં શું ફેરફાર કરવા જોઇએ તે અંગે શિક્ષણકારો પાસેથી મંતવ્યો મંગાવી તે મંતવ્ય મુજબ આદિવાસીઓને નવી શિક્ષણ નીતિનો લાભ મળે તેવા પયાસ કરવા જોઇએ.

આદિવાસી વસ્તીવાળા ફળીયામાં બાળવાડી શરૂ કરવી જોઇએ. જેથી બાળકોનો શિક્ષણ તરફનો અભિગમ અનુકૂળ થાય. પાથમિક કક્ષા આદિવાસી બાળકોને અનુદાન, ગણવેશ, કપડા, પુસ્તક, પુરતા પ્રમાણમાં મળી રહે તે માટે ની વ્યવસ્થા કરવી જોઇએ. માધ્યમિક ~~[illegible]~~ કક્ષામાં જે અનુદાન આપવામાં આવે છે તેની રકમ વધારવી જોઇએ. માધ્યમિક કક્ષાના શિક્ષણ માટે છાત્રાલયની સગવડતા વધારવી જોઇએ. તે ઉપરાંત અંગ્રેજી, વિજ્ઞાન, અને ગણિત જેવા અઘરા લાગતા વિષયોમાં વધારાનું માર્ગદર્શન મળી રહે તે માટે ની વ્યવસ્થા કરવી જોઇએ.

પ્રાથમિક શાળામાં મકાન, મૂતરડી, સંડાસ અને આદિવાસી વસ્તીવાળા ગામોમાં શિક્ષકોને રહેવા માટેના મકાનની સવલત આપવી જોઇએ જેથી બાળકોને અને શિક્ષકો ને ભૌતિક સગવડ મળી રહે.

આદિવાસીમાં શિક્ષણ ઓછું છે. તેમાં પણ હળપતિ જાતિમાં શિક્ષણ ઘણું ઓછું છે. શિક્ષણ શા માટે ઓછું હો છે તે માટેના સંશોધન કરી શિક્ષણમાં જે અવરોધક પરિબળ હોય તેને દૂર કરવા જોઇએ.

બાળશિક્ષણ સાથે યુવાન અને પ્રૌઢોને પણ શિક્ષણ મળી રહે તે માટેની વ્યવસ્થા કરવી જોઇએ. યુવાનોને શિક્ષણ મળી રહે તે માટે તેમને કામ સાથે શિક્ષણ મળે તેવા પયાસ કરવા જોઇએ. આ માટે નમૂનાની શાળા શરૂ કરવી જોઇએ. આ શાળામાં ૧૫ થી ૨૫ વર્ષના યુવાનોને દાખલ કરવા જોઇએ કે જે યુવાનને અભ્યાસ કરવાની તમના છે. આવા યુવાનોને એક સ્થળે રાખી તેમની પાસે શારીરિક શ્રમ,

જુદા જુદા પ્રકારની વ્યવસાયીક તાલીમ સાથે અક્ષરજ્ઞાન સામાન્યજ્ઞાન,ભાષાનુંજ્ઞાન આપવું જોઇએ. આવી શાળા શરૂ કરવા માટે પરંપરાગત વ્યવસાયને બદલે બીજા વ્યવસાય તરફ યુવાનો વળશે. નમૂનાની શાળાનો ખર્ચ ઓછા લાવવા તે શાળામાં ઉત્પાદકીય શ્રમને મહત્વ આપવું જોઇએ. જેથી આવક પણ પ્રાપ્ત થશે અને યુવાનોને શિક્ષણ પણ મળશે આમ થશેતોજ આદિવાસીમાં શિક્ષણ વધશે.

શિક્ષણ વધારવાના પ્રયાસમાં, આશ્રમશાળા મહત્વનો ભાગ ભજવે છે. પલસાણા પોકેટમાં ફકત એક જ આશ્રમ શાળા છે. હળપતિ બહેનો માટે અલગ આશ્રમશાળા ઉભી કરવી જોઇએ.જેથી કન્યા કેળવણી વધશે. હળપતિના બાળકોને અનાજ સહાય પણ આપવી જોઇએ.

શિક્ષણના જુદા જુદા સંશોધન અને સેમિનારોનું આયોજન કરી શિક્ષણના કયા કયા અવરોધક પરિબળ છે તેની જાણકારી સતત મેળવતા રહેવી જોઇએ. જેથી આ અવરોધોને દૂર કરી ને આદિવાસીમાં શિક્ષણ વધારી શકાય, શિક્ષણ વધશે તો તેમનો આર્થિક વિકાસ પણ જલ્દી થશે.

<u>સાંસ્કૃતિ વારસાની જાળવણી :</u>

આદિવાસી સમાજની પરંપરાગત સંસ્કૃતિ ધીરે ધીરે નાશ પામતી જાય છે. પોકેટના વિસ્તારમાં બિન આદિવાસી સાથે રહેવાથી આદિવાસીઓને સતત એમ લાગ્યા કરે છે કે અમારી સંસ્કૃતિ ઉજળીયાત લોકોની સંસ્કૃતિ કરતા ભિન્ન છે. તેથી પોતાની પરંપરાગત સંસ્કૃતિ છોડીને ઉજળીયાત લોકોના રાસ-ગરબા-તહેવારોની ઉજવણી પોશાક, ભાષા વગેરે અપનાવવા લાગ્યા છે. અલબત જેમ જેમ આર્થિક વિકાસ થતો જાય તેમ તેમ સંસ્કૃતિ જાળવવામાં મુશ્કેલી આવે. નવી પરિસ્થિતિમાં આદિવાસીની સંસ્કૃતિ ટકી રહે તે માટે યુવક મંડળો, ભજન મંડળ,

સાંસ્કૃતિ કલા કેન્દ્ર શરૂ કરવા જોઇએ. આવા કલા કેન્દ્ર દ્વારા પ્રોકેટના ગામો વચ્ચે સાંસ્કૃતિક હરીફાઇ યોજવી જોઇએ. અને વિજેતા ટીમ કે વ્યકિતને ઇનામ આપવું જોઇએ. રેડીયો, ટી.વી.માં આદિવાસીઓના પોગ્રામને મહત્વ આપવું જોઇએ જેથી આદિવાસીકલા અન્ય લોકો સુધી પહોંચી શકે. જુદી જુદી મંડળીના કાર્યક્રમો જુદા જુદા શહેરમાં યોજવા જોઇએ આવા કાર્યક્રમો યોજવાથી નાણા પણ મળશે અંને આદિવાસી કલા પણ જીવંત રહેશે.

આ માટે રાજય સરકારે યુવક અને સાંસ્કૃતિક વિભાગમા આદિવાસી સાંસ્કૃતિક વિભાગ શરૂ કરવો જોઇએ અને તે દ્વારા જુદા જુદા કાર્યક્રમો નું આયોજન કરી રાજય અને રાજય બહાર તે કાર્યક્રમો યોજવા જોઇએ. તે ઉપરાંત ગુજરાત પ્રવાસ નિગમની કાર્યાલયમાં પણ આ અંગેની માહિતી મોકલવી જોઇએ જેથી ગુજરાતના પ્રવાસે આવનાર લોકો આદિવાસી કલા અને સંસ્કૃતિની નો રસાસ્વાદ માણી શકે.

આર્થિક કાર્યક્રમો :
------------

પલસાણા પોકેટમાં આદિવાસીઓમાં ૭૫ ટકા કરતા વધુ આદિવાસીઓ ગરીબી રેખા નીચે અથવા તો ગરીબી રેખા નજીક જીવન જીવે છે. તેમને માટે રોજગારી તેમજ પૂરક રોજગારીની તકો મળી રહે તે માટે ખેતી, અને બિન ખેતીના ક્ષેત્રોનો વિકાસ કાર્યક્રમો હાથ ધરવા જોઇએ. જેમાં જમીન સુધારણા, સિંચિત ક્ષેત્રનો વિકાસ, બિયારણ સહાય, રાસાયણિક ખાતર, જતુંનાશક દવાની સહાય, ખેતીના ઓજારો અને બળદ સહાય, ખેડૂતોને શૈક્ષણિક પ્રવાસ કાર્યક્રમ અને ખેડૂત શિબીર વગેરે કાર્યક્રમ દ્વારા ખેતીના ક્ષેત્રમાં થી વધુ આવક પ્રાપ્ત કરીશકાશે. આ અંગે સરકાર દ્વારા જુદા જુદા પ્રયાસો થાય છે. પરંતુ આ પ્રયાસો જોઇએ તેટલા પ્રમાણમાં પૂરતા નથી તેમાં ખાસ કરીને લઘુ વિસ્તારમાં વસતા આદિવાસીઓના વિકાસ માટે ખેતી અને તેને આનુ-સંગીક કાર્યક્રમો સાથે અન્ય કાર્યક્રમોને પણ શરૂ કરવા

પડશે તો જ આદિવાસીનો વિકાસ થશે.

પલસાણા પોકેટના ૭૫ ટકા આદિવાસી ખેતમજૂરો છે. તેથી ખેતીની જુદી જુદી વિકાસ યોજના ને જેટલું મહત્વ આપવામાં આવે તે કરતા ખેતમજૂરો ને લગતી જુદી જુદી યોજનાને વધુ મહત્વ આપવું જોઇએ તોજ તેમનો વિકાસ કરી શકાશે. આ વિસ્તારમાં ૧૮૦ થી ૨૦૦ દિવસ ખેતમજૂરીનું કામ મળી રહે છે. પરંતુ ખેતમજૂરીમાં દૈનિક વેતન ઘણું ઓછું મળે છે. આ અંગે સરકારે મોટા ખેડૂત અને ખેતમજૂરોને સાથે રાખી ખેત-મજૂરોને યોગ્ય વેતન મળે તે માટેના પ્રયાસો કરવા જોઇએ. આમ થશે તો પૂરકરોજી આપવાથી તેઓ ગરીબી રેખા ઉપર આવી શકશે.

ખેતીની જમીન-સિંચાઇ-જમીન સરખી કરવી :

આદિવાસી લોકો પાસે જમીન ખૂબજ ઓછી છે. તેથી ગૌચર જમીન કે પડતરની જમીન આદિવાસીને આપીને ખેતીની સવલત મળે તે માટેના પ્રયાસો કરવા જોઇએ.

આદિવાસી પાસે જમીન ઓછી છે. તેથી પિયતની સવલત વધારે મળે તો તેઓ એક કરતા વધારે પાક લઇ શકશે જે ગામમાં આદિવાસી ખેતમજૂરોની સંખ્યા વધારે છે તેવા ગામમાં પણ પિયતની સવલત વધારે આપવી જોઇએ. જેથી આદિવાસીને ખેતમજૂરી વધારે પ્રમાણમાં મળી રહે.

જમીનમાં ખારનું પમાણ અને રસકસ વગરની થતી જાય છે. આ માટે જમીન સંશોધન ખાતા દ્વારા આ વિસ્તારની જમીનનું વિશ્લેષણ કરાવીને તેને સરખી કરવા માટેના પયાસો કરવા જોઇએ આ અંગે આદિવાસી ખેડૂત અને બિન આદિવાસી ખેડૂત બન્ને ને લાભ આપવો જોઇએ. કારણકે આદિવાસી પાસે જમીન નથી. તેઓનો ખેતમજૂરી કરે છે. જે ને ત્યાં ખેતમજૂરી કરે છે તે પોતાની જમીન સરખી નહીં કરાવે તો ખેત-મજૂરોને કામ નહીં મળે ગામ ન થાય

તે માટે દરેક વ્યકિતની જમીન સરખી કરવા સાધનો ઉભા કરવા જોઇએ અલબત આદિવાસી લોકોને વધુ નાંણાકીય સહાય આપવી જોઇએ.

જે કુટુંબ પાસે જમીન છે પણ બિયારણ અને ખેતીના સાધનો નથી તેવા આદિવાસીને. બિયારણ ખેતીના સાધનો આપવા જોઇએ. જેથી વધુ પાક લઇ શકે.

તાલુકાના સ્થાનિક આગેવાનોને મળી તેની સાથે ચર્ચા વિચારણા કરીને તાલુકામાંથી અમુક એકર જમીન સરકારને ભાડે ખેડવા આપે તો આવી જમીન આદિવાસી લોકોની મંડળી બનાવી તેમાં પિયત, બિયારણ, અને ખેતીના સાધનો આપી આદિવાસી પાસે ખેતી કરાવવી જોઇએ અને તેમાંથી જે ઉપજ થાય તે મૂળ જમીન માલીક, સરકાર અને જમીન ખેડનાર આદિવાસીને ભાગે વહેંચી આપવા જોઇએ. આ યોજના અમલમાં મૂકતા પહેલા મુશ્કેલી આવશે કોઇ પોતાની જમીન સરકારને ભાડે ખેડવા આપશે નહીં આમ થાય તો ખાસ કાયદો લાવીને ગામની ગૅાચરની જમીનમાં ખેત-મજૂરોની મંડળી બનાવીને તેમને ખેતીની દરેક પ્રકારની સવલત આપી ખેતી કરાવવી જોઇએ જે આ કાર્યક્રમ બરોબર ચાલશે તો બિન આદિવાસી પણ પોતાની જમીન ભાડે ખેડવા સરકારને આપવા તૈયાર થશે.

<u>દૂધાળા પશુ આપવા જોઇએ :</u>

ખેતીના પૂરક વ્યવસાયમાં દૂધાળા પશુ આપવા જોઇએ. દૂધાળા પશુમાં ગાય, ભેંસ, બકરા આપવા જોઇએ. આ વિસ્તારમાં પશુને ચરાવવા નું મોટી મુશ્કેલી છે. તેથી ભેંસને દાણ અને ઘાસ મળી રહે તેની વ્યવસ્થા પણ ઉભી કરવી જોઇએ. પાંચ-સાત ગામ વચ્ચે ઘાસ વેચાતુ મળી રહે તે માટેની વ્યવસ્થા ઉભી કરવી જોઇએ. આ ઘાસના વેપારીને

પૂરતા પ્રમાણમાં ઘાસ મળે તે માટે સરકારે ખ્યાલ રાખવો જોઇએ. જો શક્ય હોય તો ઘાસ વેચાણ મંડળી બનાવવી જોઇએ. જે આવી મંડળી તાલુકાના મથકે અને અન્ય મોટા ગામે પોતાના ડેપો બનાવીને દૂધાળા પશુ મળ્યા હોય તેને જોઇતા પ્રમાણમાં ઘાસ પહોંચાડે. ભેંસ કે ગાય આપ્યા પછી તેનું દૂધ તે સભાસદ મંડળીમાં ભરે તેનો ખ્યાલ રાખવો જોઇએ. જે સભાસદ યોગ્ય કારણ સિવાય ન ભરે તો સરકારી નિયમ મુજબ તેમને દંડ કરવો જોઇએ. જેથી પશુ મળ્યા પછી જે ગેરરીતી થાય છે તે ઓછી થાય. આ માટે સહકારી ધોરણે મંડળી બનાવવી જોઇએ. અને દર મહિને મારુ મંડળી તપાસવા માટે તાલુકા કે જિલ્લા કક્ષાથી કાર્યકરો મોકલવા જોઇએ. અને કોઇ સભાસદ દૂધ ન ભરતો હોય તો તેમને રૂબરૂ મળી ને તે શા માટે દૂધ નથી ભરતો તેના કારણો જાણીને યોગ્ય સલાહ સૂચના આપવી જોઇએ.

આ અંગેના અન્ય વિકલ્પ તરીકે ગામમાં જેટલા લાભાર્થી ને ભેંસ આપવામાં આવી હોય તે દરેક ભેંસ એક સાથે રાખી ને તેની માવજત સહકારી મંડળી કરે અને જે આવક થાય તેમાંથી ખર્ચ બાદ કરીને માસીક નાણા સભાસદને આપવા જોઇએ. ભેંસ ચરાવવા માટે જે પગારદાર માણસ રાખવા પડે તે સભાસદના કુટુંબમાંથીજ રાખવા જોઇએ. જેથી પશુની માવજત કરવાની તાલીમ પણ મળે અને દૂધાળા પશુમાંથી ગૌણ આવક પણ મળે. જે થોડા વર્ષ આમ ચાલશે અને યોગ્ય પૈસા મળ્યા કરશે તો વ્યક્તિગત રીતે ભેંસ રાખીને તેનું દૂધ મંડળીમાં ભરશે તેથી નિયમિત આવક વધશે.

મરઘાં પાલન :

આદિવાસીઓ દેશી મરઘા પાળે છે. વલસાડ પોકેટ ના આદિવાસીઓમાં જમીનવાળા અને જમીનવગરના કુટુંબો દેશી મરઘા પાળે છે. દેશી મરઘા ઘરમાં ઉછેરે છે. સાંજે

મરઘાને વાંસની ટોપલીમાં મૂકી દે અને સવારે ફળીયામાં છૂટા મૂકે છે. ફળીયાની આજુબાજુનો કચરો અને છૂટા છવાયા અનાજના દાણા ખવરાવીને મરઘા પાલન કરે છે. આ મરઘાનાં ઇંડા ખાવાના ઉપયોગમાં ઓછા લે છે. તેમાંથી બચ્ચા મેળવે છે. બચ્ચા મોટા થાય એટલે તેનું માંસ ખાવાના ઉપયોગમાં લે છે.

મરઘા ઉછેર વૈજ્ઞાનિક પધ્ધતિથી કરવામાં આવે તો આદિવાસીને પૂરક રોજી મળી શકે તેમ છે. વૈજ્ઞાનિક પધ્ધતિથી મરઘા ઉછેર કરવા દાકતરી અને તાંત્રીકસેવાનું માળખું ઉભું કરવું જોઇએ. મરઘાઉછેર વ્યક્તિગત ધોરણે અને સહકારી ધોરણે થઇ શકે તેમ છે.

<u>મત્સ્ય ઉદ્યોગ :</u>

પલસાણા તાલુકાના ૧૧ ગામોમાં તળાવ છે. તે ઉપરાંત ૮ થી ૯ ગામોમાં નાના-નાના તળાવ છે. આ તળાવ નું સમારકામ કરાવી ત્યાં મત્સ્ય ઉદ્યોગ શરૂ થઇ શકે તેમ છે.

ગામમાં નાના તળાવ ઉભા કરીને આ ઉદ્યોગને પ્રોત્સાહન આપી શકાય તે માટે લોખંડની મોટી મોટી ટાંકીમાં નાના પાયે પણ મત્સ્ય ઉછેર કરી શકાય તેમ છે.

અભ્યાસમાં પસંદ કરેલ પાંચ ગામમાં દાસ્તાન ગામમાં માછલી પકડવાની જાળ બનાવવાના પાંચ છ કારીગરો છે. આવા કારીગરોને એકત્ર કરી તેમને જાળ બનાવવાનું કામ સહકારી ધોરણે શરૂ કરાવવું જોઇએ. આ ઉદ્યોગોમાંથી ઘણા કુટુંબને પૂરક રોજગારી આપી શકાય તેમ છે.

સ્વરોજગારી મળે તેવા વ્યવસાયની તાલીમ :

સુથારીકામ :

આદિવાસી લોકો પોતાને જરૂરીયાત પૂરતું સુથારીકામ જાતે કરતા હોય છે. આથી આ કામમાં જે તે રસ હોય તેવા કારીગરોને પધ્ધતિસરની તાલીમ આપવી જોઇએ જેથી આ કામ તેઓ સારી રીતે કરી શકે. તાલીમ લીધેલ વ્યકિતને સરકાર તરફથી પ્રમાણપત્ર ઉપરાંત આ કામ અંગેના પરવાના આપવા જોઇએ અને જિલ્લા રોજગાર કચેરી અથવા તો આવા વ્યવસાયની જયાં જયાં તાલીમ અપાય છે ત્યાં તેની નોંધ રાખવી જોઇએ.સરકારી બાંધકામમાં સુથારીકામ કરનાર વ્યકિતની જરૂર પડે તો જે તે કચેરીમાંથી આ કારીગરોને પહેલી તક આપવી જોઇએ.તે ઉપરાંત સુથારીકામની સહકારી મંડળી શરૂ કરી ત્યાં ટેબલ-ખુરશી કબાટ વગેરે લાકડાનું ફરનીચર બનાવી ને સહકારી ધોરણે તેનું વેચાણ કરવું જોઇએ. જેથી તાલીમ લીધેલા કારીગરોની રોજગારી પૂરતી મળી રહે.

કડિયા કામ :

આદિવાસીઓ પોતાના મકાન બનાવવા માટે કડિયા કામ જાતેકરે અથવા ગામમાંથી જ ઘણા આદિવાસીઓને, કડિયાકામ આવડતું હોય છે. તેમની પાસે કડિયાકામ કરાવે છે.

ઘણા આદિવાસીઓ બાંધકામના કામની મજૂરી કરે છે. તેમાં તેઓ મોટેભાગે અકુશળ કારીગરો હોય છે. આ લોકોને વ્યવસ્થિત તાલીમ આપી અને સરકારની યોજનાના જયાં જયાં બાંધકામ થતા હોય અથવા તો સરકારની મદદ થી જયાં જયાં બાંધકામ થતું હોય ત્યાં આ કારીગરોને

રોજગારી આપવા માટે વ્યવસ્થિત આયોજન કરીને તેમને કામ મળી શકે તેવા પ્રયાસો કરવા જોઇએ. આ ઉપરાંત ભારત બહાર આરબદેશ અને અન્ય દેશોમાં કડીયા-કામ-સુથારીકામ વગેરે કામ કરવા આદિવાસીઓ જાય છે. આ માટે ખાનગી કંપની આદિવાસી પાસેથી ખૂબજ વધારે પૈસા લઇને તેમને ભારત બહાર મોકલે છે. જે દેશમાં મોકલ્યા હોય તે દેશના કરાર મુજબ તેમને રોકડ પૈસા પણ કંપની આપતી નથી.

આમ થતું અટકાવવા ભારત દેશના મજૂર ખાતાની કચેરી દ્વારા જે દેશમાં જેટલા કારીગરોની જરૂર હોય તેટલા કારીગરો મોકલવાની વ્યવસ્થા કરવી જોઇએ જેથી ગરીબ અને આદિવાસી લોકોનું શોષણ પણ અટકશે અને તેમને નિયમિત રોજગારી પણ મળશે.

<u>વાયરમેન :</u>

નવા નવા ઔદ્યોગીક એકમ શરૂ થતા ઇલેકટ્રીકનું કામ જાણનાર વ્યકિતની વધારે જરૂર પડવા લાગી છે. તે ઉપરાંત ગામડાઓમાં પણ વીજળી પહોંચવાથી તેના લગતા કામકાજ માટે વીજળી કામના જાણકાર કારીગરોની જરૂર પડે છે. આ બાબતને ખ્યાલમાં રાખી આદિવાસી ભાઇઓને વાયરમેન, ઇલેકટ્રીકની અન્ય પ્રકારની તાલીમ આપવી જોઇએ. ગામમાં પંચાયત દ્વારા વીજળી કામનો જાણકાર કારીગર રાખવાનો હોય ત્યારે પહેલા આદિવાસીને પસંદગી આપવી જોઇએ. તો આ કામ શીખ્યા પછી તેને રોજગારી મળી રહેશે.

<u>દરજીકામ :</u>

દરજીકામની તાલીમ આપી સહકારી મંડળી શરૂ કરવી જોઇએ અને આ મંડળીમાં દરજીકામના જાણકાર કારીગરોને રોજી આપવી જોઇએ. મંડળને સરકાર તરફથી કામ મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઇએ. જુદા જુદા

વિભાગના ગણવેશ તૈયાર કરવાનું કામ. તે ઉપરાંત ખાદી ભંડારમાં જે તૈયાર કપડાનું વેચાણ થાય છે. તે કપડા સિવવાનું કામ આવી મંડળીને સોંપવું જોઇએ. ખાનગી વેપારીના કામો પણ આવી મંડળીને મળે તે માટે મંડળીને આર્થિક સહાય આપવી જોઇએ જેથી મંડળી ઓછા ખર્ચે ખાનગી વેપારીને કામ કરી આપે અને દરજીકામના કારીગરોને કામ મળી રહે.

આ ઉપરાંત દરેક તાલુકામાં કે જિલ્લામાં સિવણ મંડળની દુકાન બનાવવી જોઇએ તેના બનેલો માલ ત્યાં વેચવાની વ્યવસ્થા કરવી જોઇએ. આવી દુકાન ચલાવવા સરકાર તરફથી કાપડ,દોરા સિવવાના સંચા, બટન, વગેરે મળી રહે તે માટે નાના નાના ઉદ્યોગો ગામડામાં શરૂ કરાવવા જોઇએ. દા.ત. બટન બનાવવાનું કારખાનું હુક, બનાવવાનું કારખાનું, તેથી દરજીકામ સાથે નાના નાના પાયાના ગૃહઉદ્યોગ પણ શરૂ કરી શકાશે. અને રોજગારી વધુ મળશે.

ઈટકામ અને મેંગલોરી નળીયા :

આ તાલુકાની માટીમાંથી ઈટ બનાવી શકાય તેમ છે. આ માટે જે ગામમાં માટી મળી શકે તેમ હોય તેવા ગામોમાં ૧૦ આદિવાસી કુટુંબને ઈટ બનાવવાની તાલીમ આપીને ઈટ બનાવવાનું કામ તેમની પાસે કરાવવું જોઇએ. તે ઉપરાંત આ માટીમાંથી મેંગલોરી નળીયા પણ બની શકે તેમ છે. નળીયા બનાવવાની ફેકટરી પણ એક શરૂ કરી શકાય તેમ છે.

બીડી બનાવવાનું કામ :

અભ્યાસમાં પસંદ કરેલ પાંચ ગામમાં જતપોર ગામના આદિવાસી બીડી બનાવવાનું કામ કરે છે. ૧૦૦૦ બીડી બનાવવાના ૧૦ રૂપિયા મળે છે. સરકારે ૧૦૦૦ બીડી

ની મજૂરી ૧૬ રૂપિયા અને ૭૫ પૈસા નકકી કર્યા છે. સરકારના નિયમ પ્રમાણે બીડી કામદારને વેતન મળતું નથી. તે ઉપરાંત બીડી કામદારને જે માંદગી સહાય, બોનસ, પ્રોવિડંડ ફંડના હક મળવા જોઇએ તે મળતા નથી.

આ વ્યવસાયનો વિકાસ કરવા માટે આદિવાસી લોકોની બીડી અંગેની મંડળી બનાવીને તેમાં તૈયાર થતો માલ વેપારીને વેચવો જોઇએ. અથવા તો ખાનગી રીતે આદિવાસીઓને બીડી બનાવવાની સહાય માટે નાંણાકીય સવલત ઉભી કરી આપવી જોઇએ. તે ઉપરાંત તમાકુ,પાન દોરા વગેરે મળી રહે તે માટેની વ્યવસ્થા પણ ઉભી કરવી જોઇએ.

નાના નાના વેપાર :

અભ્યાસમાં પસંદ કરેલ ૧૦૦ કુટુંબને નવા ધંધા અંગે પૂછતા તેઓએ નાના પાયાના ઉદ્યોગ શરૂ કરવાની ઇચ્છા પ્રદર્શિત કરી છે. નાના નાના પાયાના વેપરામાં શાક ની લારી, મચ્છી વેચવા સાઇકલ,સોડાલેમનની લારી, શીંગ ચણાની લારી આવા નાના નાના વેપાર શરૂ કરવા માટે સરકારે કુટુંબને લારી અને ધંધો શરૂ કરી શકે તે માટે રોકડ નાંણાની જોગવાઇ કરવી જોઇએ.

સોડા-લેમનની લારી ની સાથે તાલુકામાં ચારથી પાંચ સ્થળે સોડા-લેમન બનાવવાની તાલીમ આદિવાસીને આપવી જોઇએ જેથી ગામ નજીક જ સોડાનું ઉત્પાદન થાય અને તેનું વેચાણ પણ નજીકમાં થાય તેથી રોજગારી મળી રહે.

અંબર ચરખો :

આ યોજના દ્વારા સ્ત્રી એને ઘરે બેઠા રોજગારી આપી શકાય તેમ છે. આજે આપણને અમુક વ્યવસાય તરફ સૂગ થતી જાય છે. તેથી આવા વ્યવસાયનો વિકાસ કરવો

જોઇએ તેટલો કરી શકતા નથી. આપણા દેશમાં માનવનો પૂરતો ઉપયોગ થતો નથી. ત્યાં યંત્ર દ્વારા ઉત્પાદન વધારવાનું કામ આપણે કરીએ છીએ. અલબત જયાં જરૂર લાગે ત્યાં યંત્ર દ્વારા પણ ઉત્પાદન વધારવું જોઇએ, સાથો સાથ માનવને પુરતા પ્રમાણમાં કામ મળી રહે તે પણ જોવું જોઇએ. અલબત અંબર ચરખા દ્વારા એક વ્યકિત ૫ થી ૭ રૂપિયા રોજ કમાઇ શકે છે. જયાં સુધી કામ કરવાની ઇચ્છા રાખનાર દરેક વ્યકિત ને કામ ન આપી શકાય ત્યાં સુધી ઓછા વળતર વાળી યોજનાઓનો વિકાસ કરવો જોઇએ અને આનો વધુને વધુ કુટુંબ લાભ લે તે માટેની વ્યવસ્થા ઉભી કરવી જોઇએ. અંબર ચરખા દ્વારા કામ કરનાર વ્યકિતને રૂ અને કાંતેલુ લઇ જવાની વ્યવસ્થા, અંબર ચરખો બગડયો હોય તો તેને રીપેર કરવાની વ્યવસ્થા પણ તાત્કાલીક મળી રહે તે માટે વૈજ્ઞાનિક પધ્ધતિથી આયોજન કરવું જોઇએ.

પાપડ-ખાખરા બનાવવા :

સુરત જિલ્લાના વાલોડ તાલુકામાં જે રીતે લિજજત પાપડનો ઉદ્યોગ ચાલે છે તે રીતે આ તાલુકામાં પણ આ ઉદ્યોગ શરૂ કરાવવો જોઇએ તેમાં પાપડ-ખાખરા,બનાવવાની તાલીમ આદિવાસી બહેનોને આપીને તેમને રોજગારી મળી રહે તે માટેના પ્રયાસો કરવા જોઇએ.

ગૃહ ઉદ્યોગ શરૂ કરવા :

પાપડ ખાખરા સાથે સાથ સાબુ,અગરબત્તી, દિવાસળી, પાવડર, દાંત ઘસવાનો અને મોઢા ઉપર લગાડવાનો, આ પ્રકારના ગૃહઉદ્યોગ પણ અહીં શરૂ થઇ શકે તેમ છે.સાદી તમાકુમાંથી સુગંધી તમાકુ કિમામ,તૂટીફૂટી, આવા નાના ગૃહઉદ્યોગ પણ અંહી શરૂ કરી શકાય તેમ છે.

પેન્શન યોજના :

આદિવાસીઓ મોટા ભાગે ખેતમજૂરો છે. તેમાં હળપતિ આદિવાસીઓ મોટાભાગે ખેતમજૂર કરે છે. મોટી ઉંમર થયા પછી ખેતમજૂરીનું કામ થઇ શકે નહીં તેથી બેકાર થાય છે. અન્ય સમાજમાં મા-બાપની જવાબદારી પુત્રો ઉપાડે છે. પરંતુ આદિવાસીમાં પુત્ર પણ ગરીબીમાં પોતાનું જીવન જીવતા હોય છે. તેથી માતા-પિતાની જવાબદારી ઉપાડવામાં મુશ્કેલી પડે છે. તેથી ૬૦ વર્ષથી વધુ વયના આદિવાસીઓને માસીક ૩૦ રૂપિયાનું પેન્શન આપવું જોઇએ. અથવા તો એક વ્યકિતને ૧૦ કિલો અનાજ મફત આપવું જોઇએ જેથી આ ઉંમરની વ્યકિતને ભોજનની મુશ્કેલી ન પડે.

૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ ૬૦ વર્ષથી મોટી ઉંમરના એક હજારથી પણ વધુ આદિવાસી પલસાણા તાલુકામાં છે. અભ્યાસમાં પસંદ કરેલ ૧૦૦ કુટુંબની સભ્ય સંખ્યા ૫૧૯ છે. તેમાં ૬૦ વર્ષથી મોટી ઉંમરના ૨૬ (૫.૦૦)વ્યકિત છે.

ફળના ઝાડ ઉગાડવા સહાય અંગે :

ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું છે કે જમીન વગરના આદિવાસીઓ પણ ફળના ઝાડ ઉગાડવા માટે ઉત્સુકછે. જમીન વગરના કુટુંબો પોતાના ઘરની નજીક ઝાડ ઉગાડવાની ઇચ્છા બતાવિ છે. જમીન વગરના કુટુંબને કેરી, ચીકુ, પપ્યા, કેળ, નાળીયેરી, વગેરે ફળ આપતા ઝાડના બે બે રોપા રાહત ભાવે આપવા જોઇએ જેથી આ ઝાડ પોતાના આંગણામાં ઉગાડી શકે. મોઘા ભાવના ફળ આદિવાસી વેચાતા લાવીને ખાઇ શકે તેમ નથી. તે આ રીતે પોતાની જાતે ઉગાડેલા ફળ ના ઝાડમાંથી ફળ ખાઇ શકે. ઝાડ એવી જગ્યાએ એ રોપશે કે જયાં પાણી ભરાતું હોય ઝાડ ઉગાડવાથી આ પાણી ભરાતું બંધ થશે,

અને તેનો સદ ઉપયોગ થાશે. ઘણા કુટુંબે નીલગીરી, સૂબાવળ, વગેરે વૃક્ષની પણ આ રીતે માંગણી કરી છે. આમ કરવાથી ઘરની આસપાસનું વાતાવરણ પણ ચોખ્ખું રહેશે અને ઘર નજીકની જમીનનું ધોવાણ થતું પણ અટકશે.

હિરા ઘસવા :

પલસાણા તાલુકાના આદિવાસી અને બિનઆદિવાસી યુવાનો હિરા ઘસવાનું કામ કરે છે. આ કામ માટે સુરત, પલસાણા, બારડોલી, વગેરે સ્થળે જાય છે. આદિવાસી યુવાનને આ અંગેની તાલીમ આપી અને હિરાઘસવાની ઘંટી પોતાની જાતે ચલાવે તે માટે નાંણાકીય સહાય આપવી જોઇએ. અથવા તો આવા કારખાનામાં આદિવાસી યુવાનને કામ કરવાની મુશ્કેલી ન પડે તે માટે મોટા શહેરમાં આદિવાસી અને હરિજન લોકોને રહેવા માટેના છાત્રાલય શરૂ કરવાજોઇએ. તેથી આ કામ માટે ગામડામાંથી શહેરમાં આવનાર યુવાનને રહેવા માટેની સારી જગ્યા, સારું ભોજન મળી રહે તો યુવાન આ કામ અને અન્ય કામ કરવા માટે શહેરમાં આવશે. હિરા ઘસવાની ઘંટી નવી શરૂકરનાર વ્યકિતને ગામડામાં કે તેનાથી નજીકના શહેરમાં આ ગૃહઉદ્યોગ શરૂ કરે તેવી ભલામણ કરવી જોઇએ. અને ગામડામાં મકાન-લાઇટ-પાણીની વ્યવસ્થા આપવી જોઇએ. જેથી આદિવાસી યુવાન ને આ કામ કરવા શહેરમાં જવું ન પડે.

સંસ્થાઓની નવરચના :

પોકેટના આદિવાસીઓની પરંપરાગત સંખ્યાઓ જેવી કે કુટુંબ સંખ્યા, જાતિપંચ, ફળીયાનું મંડળ, ને મજબુત કરવા જોઇએ. આ સંસ્થાઓનો વિકાસ થશે તો આદિવાસીઓનો પણ ચોકકસ વિકાસ થશે.

આદિવાસી વિસ્તારમાં સહકારી મંડળીનું માળખું ઘણુંજ નબળું છે. મોટા ભાગે આદિવાસીઓની મંડળી અલગ બનાવવામાં આવે છે. આથી આદિવાસી અને બિન આદિવાસી વચ્ચે અલગતાનો ભાવ ઉત્પન્ન થાય છે. આમ ન થાય તે માટે સહકારી મંડળી બિન આદિવાસી અને આદિવાસીની સંયુકત બનાવવામાં આવે તો બિનઆદિવાસી નો જે તે કામનો અનુભવ આદિવાસીને પણ મળશે. દા.ત. હિરાઘસવા નો વ્યવસાય વિકસાવવામાં આ તાલુકાના પટેલ લોકોનો ફાળો બહુ મોટો છે. તો તેમને પણ નવી યોજનામાં સામેલ કરી અને પોતાના વિકાસ સાથે આદિવાસીનો વિકાસ થાય તેમાટેની પ્રેરણા આપવી જોઇએ. મત્સઉદ્દોગમાં પણ આદિવાસી સાથે બિનઆદિવાસી ને પણ સભ્ય બનાવી સંયુકત મંડળી ખોલવાથી જે તે કામો વધુ વ્યવસ્થીત ચાલશે. અલબત સરકાર તરફથી જે વધારાના લાભ આપવામાં આવે છે તે આદિવાસીને વધુ પમાણમાં મળે તે હેતુ ભૂલવો જોઇએ નહીં.

વહીવટી માળખા માટે સુઝાવો :

આદિવાસીઓની એક એવી અવધારણા છે કે સરકાર ની યોજનાનો પુરેપુરો લાભ અમને નથી મળતો. તેમાટે સરકારી અધિકારી જવાબદાર છે. આમ ન થાય તે માટે વહીવટી ક્ષેત્રે સુધારા વધારા કરી શકાય તેમ છે.

૧. આદિવાસી વિસ્તારમાં કામ કરનાર અધિકારી વર્ગે એ સ્વિકારવું પડશે કે જે યોજનાનો લાભ આપવામાં આવે છે તે કોઇ ઉપકારનું કામ નથી પરંતુ વર્ષોથી જે સમૂહ પાછળ છે તેને આગળ લાવવાનો જ એક પ્રયાસ છે. તેથી વહીવટી અધિકારીઓએ પોતાના કાર્યનો અભિગમ માનવતાવાદી બનાવવો પડશે.

૨. લઘુ વિસ્તારના કાર્યને વધુ વ્યવસ્થીત બનાવવા માટે લઘુ વિસ્તાર દીઠ એક અલગ લઘુ વિસ્તાર અધિકારીની નિમણુંક કરવી જોઇએ. જે અધિકારી આદિવાસી વિકાસની ચાલુ યોજનાનો લાભ કઇ રીતે લઇ શકાય અને યોજનાથી શું ફાયદો થઇ શકે તેમ છે. તેની વિગતે માહિતી આપી શકે અને યોજનામાં આદિવાસી વધુ સહભાગી થાય તેવા પ્રયાસ કરે આવા કાર્ય માટે અલગ લઘુ વિસ્તારનો અધિકારી હોવો જરૂરી છે.

તાલુકામાં જેટલા ગામોને લઘુ વિસ્તારમાં સમાવવામાં આવ્યા હોય તેના વિકાસ માટેનું આખરીકામ તેનું સંપૂર્ણ સંચાલન અને આવા વિસ્તારોનું એકત્રિકરણ નું કાર્ય તાલુકા વિકાસ અધિકારીને સોપવું જોઇએ.

વિકાસલક્ષી યોજના જે અમલમાં મૂકવામાં આવે ત યોજનાનું સંશોધન અને મૂલ્યાંકન કામ પણ કરવું જોઇએ જેથી ખેચલા નાંણાનો ઉપયોગ કેટલો થયો છે અને યોજનાના અમલ સમયે જે લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું હોય તે કેટલા ટકા સિધ્ધ થાય છે તેની જાણકારી મેળવ્યા કરવી જોઇએ.

પલસાણા તાલુકા બ્વારા તા.૧-૪-૮૦ થી તા. ૩૧-૩-૮૫ દરમ્યાન જુદા જુદા વિભાગમાં જે ખર્ચ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું તે મુજબનો ખર્ચ તાલુકા કક્ષાએ થયો છે. જેની માહિતી કોઠા ૬:૧ માં મૂકવામાં આવી છે. આ ઉપરથી ફલિત થાય છે કે પલસાણા તાલુકાનું વહિવટી માળખું આદિવાસીના વિકાસમાં પોતાનું કાર્ય બરોબર બજાવે છે. હવે તો ફકત તાલુકાને વધારે નાણા ફાળવવામાં આવે અને યોજનામાં કુટુંબલક્ષી યોજનાને વધુ મહત્વ આપવામાં આવે અને આ અંગે જરૂરી વહિવટી અનુમતિ અધિકારીને આપવામાં આવે તો સ્થાનિક

અધિકારી વધુ સારી રીતે પોતાનું કામ કરી શકે તેમ છે.

તા. ૧-૪-૧૯૮૦ થી તા. ૩૧-૩-૮૫ સુધી તાલુકા દ્વારા જે ખર્ચ થયો છે તેમાં ૨૧.૫૪ ટકા શિક્ષણ અને સંસ્કૃતિ, ૧૪.૩૧ ટકા જાહેર આરોગ્ય, ૧૦.૮૮ ટકા ખેતી, ૧૧.૫૪ ટકા પશુપાલન, ૧૮.૭૯ ટકા ગૃહ અને નાના ઉદ્યોગ પાછળ ખર્ચ કરવામાં આવેલ. આ ક્ષેત્ર પાછળ કુલ ખર્ચના ૭૭.૧૦ ટકા ખર્ચ કરવામાં આવેલ બાકીના ૨૦.૯૦ ટકા ખર્ચમાં સામાજિક સુરક્ષા, વીજળી વિકાસ, વન, શ્રમ અને રોજગારી ડેરી વિકાસ અને સામુહિક વિકાસમાં ખર્ચ કરવામાં આવ્યો છે.

તાલુકા પંચાયતની કચેરી દ્વારા ૧૯૮૫-૯૦ (સાતમી પંચવર્ષીય) પંચવર્ષીય આયોજન માટે આયોજન બનાવ્યું છે. તેમાં શિક્ષણ, કલા અને સંસ્કૃતિ, ખેતી, માં છઠ્ઠી પંચવર્ષીય યોજના કરતા ઓછા ખર્ચની જોગવાય છે. શિક્ષણના ક્ષેત્રે ઓછો ખર્ચ દર્શાવવા પાછળનું મુખ્ય કારણ એ હોય શકે કે છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં શાળા, શાળા મકાન, અને અન્ય ખર્ચમાં જોઇતા પ્રમાણમાં નાણા ખર્ચવામાં આવ્યા હોય તેથી સાતમી પંચવર્ષીય યોજનામાં શિક્ષણ પાછળ ઓછો ખર્ચ અંદાજવામાં આવ્યા હોય.

છઠ્ઠી પંચવર્ષિય યોજના કરતા સાતમી પંચવાર્ષિય યોજનામાં જાહેર આરોગ્ય, સમાજસુરક્ષા, ગૃહ અને નાના ઉદ્યોગો માં વધારે નાણા ફાળવવામાં જોગવાઇ છે. છઠ્ઠી પંચવર્ષિય યોજનાના અનુભવે આત્મસાત થયો હોય કે ગ્રામ્ય વિકાસ અને આદિવાસીના વિકાસ માટે ગૃહ અને નાના ઉદ્યોગને મહત્વ આપવાની જરૂર છે. આ બાબત તાલુકાનું આયોજન બનાવનારે ધ્યાનમાં લીધી છે. અલબત અહીં એ પ્રશ્ન થાય છે કે ગૃહ અને નાના ઉદ્યોગમાં કયા ઉદ્યોગને વધુ નાણા ફાળવવામાં આવ્યા છે. આ ઉદ્યોગમાં ઉત્પન્ન થતિ ચીજ વસ્તુ ગ્રામ્ય સમાજને કે શહેરી સમાજને

ઉપયોગી છે. નાના ઉદ્યોગમાં કોને વધુ રોજગારી મળે છે. કુશળ અને બિનકુશળ કારીગરો માટે સ્થાનિક વ્યક્તિને રોજી આપવામાં આવે છે કે બહારથી કારીગરોને લાવીને વસાવવામાં આવે છે. આ બધા મુદ્દા વિગતે અભ્યાસ માંગી લે તેમ છે.

સાતમી પંચવર્ષિય યોજનામાં વીજળી, વન અને સર્વ સામુહિક વિકાસના ક્ષેત્રોમાં કામોમાં નાણા ફાળવ્યા નથી. આ એક વિચારવાનો પ્રશ્ન છે. આદિવાસી અને હરિજન લોકોના ફળીયામાં અને ઘરોમાં હજુ વીજળીની સગવડ ઘણી અપૂરતી છે. આથી આ ક્ષેત્રમાં નાણા ફાળવવા જોઇએ. વનના ક્ષેત્રોમાં નાણા સાતમી પંચવર્ષીય યોજનામાં ફાળવ્યા નથી તે પાછળનું મુખ્ય કારણ એ હોય શકે કે આદિવાસીઓ અનાજ પકવે છે. ગામમાં ગૌચરની જમીન પણ ઘણી ઓછી છે. તેથી વન પાછળ નાંણા ફાળવ્યા નહીં હોય. તાલુકામાંથી છઠ્ઠી પંચવર્ષિય યોજના અને સાતમી પંચવર્ષીય યોજનામાં કયા ક્ષેત્રે કેટલા નાણા ફાળવ્યા છે. તેની વિગત કોઠા ક્ર:૧માં મૂકવામાં આવી છે. તાલુકાના આયોજનના અને ક્ષેત્રકાર્યના આધારે આયોજનની મહત્વની યોજનામાં કેટલા આદિવાસી કુટુંબને પાંચ વર્ષમાં લાભ આપવો અને તેની પાછળ અંદાજીત ખર્ચ કેટલો થશે તેની યોજનાવાર માહિતી કોઠા ક્ર:૨માં મૂકવામાં આવી છે.

----

## કોઠા નં. ૬:૨

**પલસાણા લઘુ વિસ્તાર માટે ૭મી પંચવર્ષિય યોજનામાં સમાવવા માટેની સૂચિત યોજનામાં અંદાજિત ફાળવેલ ખર્ચ.**

| ક્રમ | યોજનાનું નામ | ૧૯૮૫થી ૧૯૯૦ પાંચ વર્ષમાં કેટલા કુટુંબ/ વ્યક્તિને યોજનાનો લાભઆપવામાં આવશે. | પાંચ વર્ષમાં અંદાજીતખર્ચ | વિ. નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | પેન્શન યોજના | ૧૦૦૦- વ્યકિત | ૧૮૦૦૦૦૦ | આ યોજનામાં એક હજાર વ્યકિતને ધ્યાનમાં રાખી પાંચ વર્ષનો ખર્ચ બતાવ્યો છે. |
| ૨. | દુધાળાં પશુ-ભેંસ | ૧૦૦- કુટુંબ | ૩૦૦૦૦૦ | એક કુટુંબને એક ભેંસ |
|  | ગાય | ૫૦- કુટુંબ | ૯૫૦૦૦ | એક કુટુંબને એક ગાય |
| ૪. | બકરી | ૧૦૦-કુટુંબ | ૪૧૦૦૦૦૦ | એક યુનિટમાં ૧ મોટી બકરી, ૧ બકરો અને બે બચ્ચા, ૧૦૦ યુનિટનો ખર્ચ |
| ૩. | મરઘા ઉછેર | ૫૦- કુટુંબ | ૬૫૦૦૦૦ | એક યુનિટમાં ૬૦૦ પક્ષી, ૧યુનિટનો ખર્ચ ૬૫૦૦૦ રૂપિયા, આ ખર્ચમાં મરઘાઘર બાંધવા પક્ષીની કિંમત તથા ૨૪ સપ્તાહ સુધીના ખોરાકના ખર્ચનો સમાવેશ કર્યો છે. |
| ૪. | મત્સ્ય ઉદ્યોગ | ૨૦૦- કુટુંબ | ૫૦૦૦૦૦ | મત્સ્ય ઉદ્યોગના ખર્ચમાં મંડળી શેર ફાળો, જાળ, અને મૂડી રોકાણના ખર્ચ છે. |
| ૫. | બીડી બનાવવાનો | ૨૫૦- કુટુંબ | ૭૫૦૦૦ | એક કુટુંબને એક માસ ચાલે તેટલો કાચો માલ અને સાધનસામગ્રીનો ખર્ચ છે. |
| ૬. | નાના પાયાનો વેપાર | ૧૦૦- કુટુંબ | ૨૦૦૦૦૦ | લારી, અને એક કુટુંબ દીઠ એક હજાર રૂપિયા મૂડી રોકાણના |
| ૭. | સોડા(લીંબુ) | ૫- ૦૦ | ૧૦૦૦૦૦ | સોડા બનાવવાનું મશીન, કાચની શીશી અને મૂડી રોકાણનો ખર્ચ |
| ૮. | ખેતીના ઓજારો | ૨૦૦- ૦૦ | ૧૦૦૦૦૦ |  |
| ૯. | અનાજની કીટસ | ૧૫૦- ૦૦ | ૩૦૦૦૦ | ~~એક કુટુંબને એક એકર જમીન સરખી કરવા, જેમાં, પાળા, નાંળા બાંધવા~~ |
| ૧૦. | જમીન સરખી કરવા | ૫૦- ૦૦ | ૨૫૦૦૦ | એક કુટુંબને એક એકર જમીન સરખી કરવા, જેમાં, પાળા, નાંળા બાંધવા |
| ૧૧. | બળદ | ૫૦- ૦૦ | ૧૫૦૦૦૦ | એક કુટુંબને બે બળદ |
| ૧૨. | ફૂલ ઝાડ | ૧૦૦૦- કુટુંબ | ૩૦૦૦૦ | એક કુટુંબને બે જાતના ફૂલ ઝાડના છોડ જમીન વગરના આદિવાસીને |
| ૧૩. | શાકભાજીનું બિયારણ | ૫૦૦- કુટુંબ | ૨૦૦૦૦ | એક કુટુંબને બે જાતના શાકભાજીના કિટસ આપવાના. |
| ૧૪. | પાણી | ૫૦૦- કુટુંબ | ૧૦૦૦૦૦ | જે ગામમાં સ્ટેન્ડ પોસ્ટ હોય તે ગામમાં ઘર સુધી નળ આપવા અંગેનો ખર્ચ |
| ૧૫. | વીજળી | ૫૦૦- કુટુંબ | ૨૫૦૦૦૦ | ઘરમાં વીજળીનું જોડાણ આપવા મીટર, લાઇટના બે પોઇન્ટ અને માલસામાનનો ખર્ચ |
| ૧૬. | સુથારી | ૧૦૦- વ્યકિત | ૧૫૦૦૦૦ | તાલીમ અને સાધન વસાવવાનો ખર્ચ |
| ૧૭. | દરજી | ૧૦૦- વ્યકિત | ૨૦૦૦૦૦ | તાલીમ અને સાધન વસાવવાનો ખર્ચ |
| ૧૮. | કડીયાકામ | ૧૦૦- વ્યકિત | ૧૨૦૦૦૦ | તાલીમ અને સાધન વસાવવાનો ખર્ચ |
|  |  |  | ૫૨૭૫૦૦૦ |  |

પંચવર્ષીય યોજના(૧૯૮૦-[illegible]રવાર થયેલ ખર્ચ તથા સાતમી પંચવર્ષીય

(૧૯૮૫-૯૦)ની સદરવાર [illegible] ૫. કચેરી પલસાણા.

| ક્રમ | કચેરી હસ્તક અમલમાં રહેલ યોજનાનું નામ | ૧૯૮૦થી૮૧થી ૧૯૮૪-૮૫પાંચ વર્ષની કુલ જોગવાઈ. | કુલખર્ચમાં કેટલા ટકા ખર્ચની જોગવાઈ | ૧૯૮૦-૮૧થી ૧૯૮૪-૮૫ના પંચવર્ષીયની અંતમળેલરકમ-૮[illegible] | [illegible] | ૧-૪-૮૦થી ૩૧-૩-૮૫સુધી થયેલ ખર્ચ | કુલખર્ચમાં કેટલા ટકા ખર્ચ થયો | સાતમી પંચ વર્ષીયયોજના ૮૫થી૯૦ની કુલ જોગવાઈ | સાતમી પંચ વર્ષીય યોજના માં કેટલા ટકા ખર્ચનો અંદાજ | | ૧૯૮૦થી૮૫ની પંચવર્ષીયયોજના કરતાં ૧૯૮૫થી૯૦ની યોજનામાં ફાળવેલ રકમની વધ-ઘટ ટકામાં |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | [illegible] | ૭ | ૮ | ૯ | ૧૦ | | ૧૧ |
| ૧. | ૨૭૭, શિક્ષણ | ૨૪૫૦૩૩-૬૬ | ૧૯.૮૮ | ૨૪૫૦૩૩-૬૬ | [illegible] | ૨૪૫૦૩૩-૬૬ | ૧૯.૮૮ | ૨૬૩૦૦૦-૦૦ | ૧૦.૭૯ | - | ૧૭.૧૫ |
| ૨. | ૨૭૮ કલા અને સંસ્કૃતિ | ૨૦૬૫૫-૦૦ | ૧.૭૦ | ૨૦૬૫૫-૦૦ | [illegible] | ૨૦૬૫૫-૦૦ | ૧.૭૦ | ૬૦૦૦-૦૦ | ૦.૪૮ | - | ૫૭.૦૫ |
| ૩. | ૨૮૨ જાહેર આરોગ્ય-અ | ૧૪૮૬૩૪-૦૦ | ૧૨.૦૮ | ૧૪૮૬૩૪-૦૦ | [illegible] | ૧૪૮૬૩૪-૦૦ | ૧૨.૦૮ | ૩૭૩૦૦૦-૦૦ | ૨૦.૦૫ | + | ૧૧૩.૭૦ |
| | બ | ૨૭૪૮૦-૦૦ | ૨.૨૩ | ૨૭૪૮૦-૦૦ | [illegible] | ૨૭૪૮૦-૦૦ | ૨.૨૩ | - | - | | |
| ૪. | ૨૮૮ સામાજિક સુરક્ષા | ૫૨૮૭૪-૫૦ | ૪.૨૬ | ૫૨૮૭૪-૫૦ | [illegible] | ૫૨૮૭૪-૫૦ | ૪.૨૬ | ૧૭૯૦૦૦-૦૦ | ૯.૪૧ | + | ૨૩૪.૭૫ |
| ૫. | ૩૦૫ ખેતી | ૧૧૭૬૦૨-૩૮ | ૯.૫૪ | ૧૧૭૬૦૨-૩૮ | [illegible] | ૧૧૭૬૦૨-૩૮ | ૯.૫૪ | ૧૦૧૦૦૦-૦૦ | ૫.૩૭ | + | ૧૪.૧૨ |
| ૬. | ૩૦૭ જમીનસંરક્ષણ | ૧૬૪૮૬-૦૦ | ૧.૩૪ | ૧૬૪૮૬-૦૦ | [illegible] | ૧૬૪૮૬-૦૦ | ૧.૩૪ | ૧૦૦૦૦૦-૦૦ | ૫.૩૨ | + | ૫૦૬.૪૬ |
| ૭. | ૩૧૦ પશુપાલન | ૧૪૨૨૦૨-૦૦ | ૧૧.૫૪ | ૧૪૨૨૦૨-૦૦ | [illegible] | ૧૪૨૨૦૨-૦૦ | ૧૧.૫૪ | ૧૦૨૦૦૦-૦૦ | ૧૦.૭૪ | + | ૪૨.૦૫ |
| ૮. | ૩૨૧ ગ્રુહઅને નાના ઉદ્યોગ | ૨૩૧૬૧૦-૯૮ | ૧૮.૭૯ | ૨૩૧૬૧૦-૯૮ | [illegible] | ૨૩૧૬૧૦-૯૮ | ૧૮.૭૯ | ૮૧૬૨૫-૦૦ | ૩૦.૯૩ | + | ૧૫૧.૧૨ |
| ૯. | ૩૨૪ વિજળી વિકાસ | ૧૧૮૧૫૯-૦૦ | ૯.૫૯ | ૧૧૮૧૫૯-૦૦ | [illegible] | ૧૧૮૧૫૯-૦૦ | ૯.૫૯ | - | - | | - |
| ૧૦. | ૩૧૩ વન | ૪૩૮૮૦-૦૦ | ૩.૫૬ | ૪૩૮૮૦-૦૦ | [illegible] | ૪૩૮૮૦-૦૦ | ૩.૫૬ | - | - | | - |
| ૧૧. | ૨૮૭ શ્રમ અને રોજગાર | ૧૬૧૬૬-૧૦ | ૧.૩૧ | ૧૬૧૬૬-૧૦ | [illegible] | ૧૬૧૬૬-૧૦ | ૧.૩૧ | ૭૭૦૦૦-૦૦ | ૪.૦૬ | + | ૩૭૫.૪૩ |
| ૧૨. | ૩૧૧ ડેરી વિકાસ | ૧૩૭૫૦-૦૦ | ૧.૧૧ | ૧૩૭૫૦-૦૦ | [illegible] | ૧૩૭૫૦-૦૦ | ૧.૧૧ | ૩૫૫૦૦-૦૦ | ૧.૯ | + | ૧૫૮.૧૮ |
| ૧૩. | ૨૯૮ સહકાર | - | - | - | | - | | ૧૭૫૦૦-૦૦ | ૦.૯ | + | ૧૦૦ |
| ૧૪. | ૩૧૪ સામુહિક વિકાસ | ૩૭૫૦૦-૦૦ | ૩.૦૪ | ૩૭૫૦૦-૦૦ | ૩.૦૪ | ૩૭૫૦૦-૦૦ | ૩.૦૪ | - | | | |
| | | ૧૨૩૨૬૬૬-૬૫ | ૧૦૦.૦૦ | ૧૨૩૨૬૬૬-૬૫ | ૧૦૦.૦૦ | ૧૨૩૨૬૬૬-૬૫ | ૧૦૦.૦૦ | ૧૮૮૦૬૨૫-૦૦ | ૧૦૦.૦૦ | + | ૫૨.૫૭ |

પ્રાપ્તિ સ્થાન :- તાલુકા પંચાયત કચેરી, [illegible] - પલસાણા.

## પ્રકરણ - ૭

## તારણો

પ્રકરણ - ૭

## તારણો

સુરત જિલ્લાના પલસાણા તાલુકામાં વસતા આદિવાસીના વિકાસ માટે પોકેટ બનાવવામાં આવ્યા છે.આદિવાસી પેટા યોજનાના કાર્યક્ષેત્રમાં સમાવેલ વિસ્તારના આદિવાસી કરતા પોકેટના આદિવાસીના વિકાસનું કામ જટિલ છે. આથી આવા વિસ્તારના આદિવાસી માટે અલગ વિકાસલક્ષી આયોજન બનાવવાની જરૂર છે. આ અહેવાલમાં પલસાણા પોકેટમાં વસતા આદિવાસીઓના જુદા જુદા પ્રશ્નો ઉપરથી આ વિસ્તારની આબોહવા, જમીન, નદી-નાળાં, જંગલની વિકાસલક્ષી આયોજનમાં કેવો અને કેટલો ઉપયોગ થઇ શકે તેમ છે તેની ચર્ચા કરી છે.

આ પ્રકરણમાં અભ્યાસના આધારે અગત્યના અને જાણવા જેવા તારણોની માહિતી આપી છે.

(૧) સંપર્કથી વ્યક્તિનું વલણ બદલાય છે. તેવી અવધારણા સમાજમાં પ્રવર્તે છે.આ અવધારણા પલસાણા પોકેટમાં મહદ અંશે ખોટી પડી છે.
દા.ત. અભ્યાસમાં પસંદ કરેલ અંભેટી ગામમાં તા. ૧-૧૨-૧૮૭૨ થી પ્રાથમિક શાળા છે. છતા આ ગામના હળપતિ અને નાયકાજાતિના લોકોમાં શિક્ષણ ઘણું ઓછું છે.

(૨) આદિવાસી વિકાસમાં કુદરતી સંપત્તિનો જોઇએ તેટલો ઉપયોગ થતો નથી. દા.ત. પલસાણા તાલુકામાં ૨૦ તળાવ છે. આ તળાવનો ઉપયોગ ઉત્પાદનલક્ષી થયો નથી. ૨૦ તળાવમાંથી ૭ જેટલા

તળાવનો ઉપયોગ આદિવાસીના આર્થિક ઉપાર્જનના સાધન તરીકે કરી શકાય તેમ છે.

(૩) અભ્યાસમાં પસંદ કરેલ ગામોમાં લાઇટ, પાણી વીજળી, રસ્તાની સુવિધા હોવા છતાં જયા આદિવાસીની વસ્તી વધુ વસે છે તેવા ફળીયામાં આ સવલતોનો લાભ આદિવાસીને અપૂરતો મળ્યો છે.

(૪) આ વિસ્તારમાં તાપમાન અને વરસાદમાં અનિશ્ચિતતા જોવા મળે છે. જેની અસર આદિવાસી જીવન ઉપર પડે છે. દા.ત. નદીમાં વારંવાર પૂર અને અપૂરતા વરસાદથી ખેતમજૂરી ના કામમાં મુશ્કેલી પડે છે.

(૫) અભ્યાસમાં પસંદ કરેલ પાંચ ગામ ઉપરથી કહી શકાય છે કે આદિવાસીની વસ્તી જે ગામમાં ઓછી છે તે ગામોમાં પિયતની અને ખેડાણ નીચે જમીન વધુ છે. અને જયા આદિવાસીની વસ્તી વધારે છે તે ગામમાં પિયતની અને ખેડાણની જમીન ઓછી છે.

(૬) અભ્યાસમાં પસંદ કરેલ આદિવાસી કુટુંબ પાસે વૃક્ષ અને પશુઓ ઘણા ઓછા પ્રમાણમાં છે.

(૭) પલસાણા તાલુકા નજીક સુરત–નવસારી અને બારડોલી શહેરો આવેલા છે. આ શહેરોના જુદા જુદા ઔદ્યોગિક એકમમાં આદિવાસીને ખૂબજ ઓછા પમાણમાં રોજગારી મળે છે. દા.ત. અભ્યાસના દસ્તાન ગામ નજીક ૪ પેપર મીલ આવેલી છે. આ પેપરમીલમાં અકુશળ કારીગરો હોય છે. આ પેપરમીલ નજીકના ગામોના આદિવાસીને ખૂબજ ઓછા પમાણમાં પેપર મીલમાં રોજગારી મળે છે.

(૮) ૧૯૭૧ થી ૧૯૮૧ના દશકામાં પલસાણા તાલુકામાં અનુસૂચિત જાતિ અને જનજાતિ સિવાયની વસ્તીમાં વસ્તી વધારાનો દર ઉંચો છે.

(૯) પલસાણા તાલુકામાં ૧૯૭૧ થી ૧૯૮૧ના દશકામાં ૧૦૦૦ પુરૂષે સ્ત્રીનું પ્રમાણ ઓછું થાય છે. આદિવાસીમાં આ સમયમાં ૧૦૦૦ પુરૂષે સ્ત્રીનું પ્રમાણ વધુ છે.

(૧૦) આદિવાસીમાં સ્ત્રી અને પુરૂષનો સામાજિક,આર્થિક દરજ્જો સમાન છે. સ્ત્રી પુરૂષના સામાજિક,આર્થિક દરજ્જો કેવો છે તે બાબતને ખ્યાલમાં રાખી સમાજનું વિકાસલક્ષી આયોજન બનાવવું જોઇએ.

(૧૧) જમીનવાળા કરતા જમીનવગરના કુટુંબનું કદ નાનું છે. અભ્યાસમાં સમાવેલ ત્રણ જાતિમાં નાયકા જાતિના કુટુંબનું કદ મોટું છે.

(૧૨) પલસાણા તાલુકામાં અનુસૂચિત જનજાતિ કરતા અનુસૂચિત જાતિના લોકોમાં રાજકીય જાગૃતિ વધારે આવેલી છે.

(૧૩) પલસાણા તાલુકાના આદિવાસીના વિકાસ માટે સહકારી મંડળી અપૂરતી છે.

(૧૪) આદિવાસી અને બિન આદિવાસીની સંયુકત મંડળીને વધુ મહત્વ આપવું જોઇએ.

(૧૫) આદિવાસી સમાજની સામાજિક સંસ્થા જેવી કે જાતિપંચ,યુવકમંડળ,ભજન મંડળને મહત્વ આપી તેમના ધ્વારા આદિવાસી વિકાસનું કાર્ય કરવામાં આવશે તો વિકાસની ગતી વધશે.

(૧૬) આદિવાસીના વિકાસમાં અને પરિવર્તનના કાર્યમાં શિક્ષણે અગત્યનો ભાગ ભજવ્યો છે.

(૧૭) પલસાણા તાલુકામાં ૧ થી ૭ ધોરણની શાળા ઘણી ઓછી છે. ૩૦(૬૩.૮૩) શાળા તો ૧ થી ૪ ધોરણની છે.

(૧૮) પલસાણા તાલુકામાં વસ્તી વધારાના દર કરતા અક્ષરજ્ઞાન ધરાવતી સંખ્યાનો વધારો ઓછો છે.

(૧૯) અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબના સભ્યોમાં શિક્ષણ ઘણું ઓછું છે. સ્ત્રી શિક્ષણનો ઘણું ઓછું છે. ૭૨.૩૭% પુરૂષ અને ૮૨.૩૮ ટકા સ્ત્રી અભણ છે.

(૨૦) જમીનવાળા કુટુંબ કરતા જમીનવગરના કુટુંબમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. જમીનવાળા કુટુંબમાં કુલ સભ્યના ૭૬.૧૯ ટકા સભ્યો અભણ છે. જયારે જમીન વગરના કુલ સભ્યમાં ૭૭.૧૫ ટકા લોકો અભણ છે. જાતિવાર શિક્ષણમાં હળપતિ જાતિમાં શિક્ષણ ઘણું ઓછું છે.

(૨૧) અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબોના ઘર કાચા અને એક રૂમ વાળા છે. ઘર પોતાની જમીન, સરકારી, પંચાયત અને ગામતળની જમીનમાં પણ હોયછે.

(૨૨) પોકેટના ગામના આદિવાસી પોતાના પૈસા બેંકમાં ઓછા પ્રમાણમાં મૂકે છે. ઘરવપરાશથી વધારે પૈસા હોય તો તે ઘરમાં રાખે છે.

(૨૩) અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબ પાસે વાસણો અને ઘર-વખરીના સાધનો ખૂબજ ઓછા છે. કુટુંબદીઠ સરેરાશ ૨૦ વાસણ છે. વાસણો એલ્યુમિન્યમ અને પિત્તળના વધુ હોય છે. નાયકા જાતિના લોકો પાસે અભ્યાસની અન્ય જાતિ કરતા વધારે વાસણો છે. ઘરવખરીના સાધન કુટુંબદીઠ ૫ છે. નાયકા જાતિના લોકો પાસે ઘરવખરીના સાધનો અન્ય જાતિના લોકો કરતા વધુ છે.

(૨૪) પોકેટના ગામના આદિવાસી પાસે જમીન ખૂબજ ઓછી છે. અભ્યાસમાં પસંદ કરેલ ૭ જમીનવાળા કુટુંબમાં કુટુંબ દીઠ ૧ એકર અને ૧૫ ગૂઠા જમીન છે. અભ્યાસમાં સમાવેલ ૭ કુટુંબની જમીન બિનપિયત છે.

(૨૫) અભ્યાસમાં જે જમીનવાળા કુટુંબ સમાવવામાં આવ્યા છે તેમને જમીન ઇનામમાં કે કામના બદલામાં ભરણ પોષણ કરવામાટે મળી છે.

(૨૬) પલસાણા તાલુકાના કુલ ખાતેદારમાં ૫ એકરથી ઓછી જમીન ધરાવતા ૫૮.૪૪ ટકા ખાતેદારો છે. ૧૦ એકરથી વધુ જમીન ધરાવતા ફકત ૧૦.૨૯ ટકા ખાતેદારો છે.

(૨૭) પોકેટના ગામમાં આદિવાસીની વસ્તી વધારે છે. તે ગામોના ખેડૂતો પાસે જમીન ઘણા મોટા જથ્થામાં છે. જે ગામમાં આદિવાસીની વસ્તી ઓછી છે ત્યાં જમીન જુદા જુદા જથ્થામાં વહેંચાયેલી છે.

(૨૮) અભ્યાસમાં સમાવેલ ૧૦૦ કુટુંબ પાસે અસ્કયામત ઘણી ઓછી છે. કુટુંબદીઠ ૬૪૦૮-૦૦ રૂપિયાની અસ્કયામત છે. તેમાં ૫૩૦ રૂા. જમીન, ૩૯૦૨ રૂા. મકાન, ૬૮-૦૦ રૂા. વૃક્ષો, ૧૨૮૮ પશુ, ૬૪-૦૦ રૂા. યંત્ર ઓજારો, ૧૮૧ રૂા. વાસણો અને ૩૭૪ રૂા. ઘર વખરીના સાધનોની અસ્કયામત છે.

જમીનવાળા કુટુંબની જમીનની અસ્કયામત અલગ ગણતા જમીન વગરના કુટુંબની અસ્કયામત કરતા ઓછી અસ્કયામત છે. જમીનવાળા કુટુંબ પાસે ૭૫૭૧ રૂા. જમીનની અને ૪૯૧૯ રૂા. ની અન્ય વસ્તુની અસ્કયામત છે. જયારે જમીનવગરના કુટુંબ પાસે ૫૯૫૦-૦૦ રૂા. ની અસ્કયામત છે. નાયકા જાતિના લોકો પાસે અભ્યાસમાં સમાવેલ અન્ય જાતિ કરતા વધુ અસ્કયામત છે.

(૨૯) અભ્યાસમાં સમાવેલ કુટુંબનો મુખ્ય વ્યવસાય ખેતમજૂરી છે. અન્ય વ્યવસાયોમાં હિરાઘસવા, સાઇકલ રીપેરીંગ નોકરી, માળીકામ, વેપાર, ડ્રાઇવર, પશુપાલનના વ્યવસાયમાં પણ આદિવાસીઓ રોકાયેલા છે.

(૩૦) અભ્યાસમાં પસંદ કરેલ ગામોમાં હળપતિ લોકો હજુ પણ ખેતમજૂરી નું કામ બંધાયને કરે છે.

(૩૧) સ-ડ બર્ગેના સૂત્ર પ્રમાણે અભ્યાસના પાંચ ગામોમાં આદિવાસીની વસ્તી વધી રહીછે.

(૩૨) અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબમાં ૪૧.૬૨ ટકા સભ્યોની જવાબદારી ૫૮.૩૮ ટકા લોકો ઉપાડે છે. નાની વયના બાળકોની સંખ્યા વધુ હોવાથી કુટુંબનું ભરણપોષણ કરવાની જવાબદારી મુખ્યત્વે ૧૫ થી૩૫ વર્ષના ૩૭.૩૮ ટકા યુવાનો ઉપર છે. આ યુવાનોને ૩૬ થી ૬૦ વર્ષના ૨૧ ટકા લોકો આર્થિક ઉપાર્જનના કાર્યમાં મદદરૂપ થવાનું કામ કરે છે.

(૩૩) અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબમાં કમાનાર વ્યકિતમાં પુરૂષ કરતા સ્ત્રીઓ ઓછી છે. આમ છતા એક કરતા વધુ વ્યવસાય પુરૂષ કરતા સ્ત્રીઓ વધુ કરે છે.

(૩૪) અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબનું મુખ્ય આવકનું સાધન ખેત મજૂરી છે. કુલ આવકમાં ૬૧.૩૭ ટકા આવક આ ક્ષેત્રમાંથી થાય છે.

(૩૫) ૧૯૭૯-૮૦ના ભાવે ગુજરાત રાજયની વાર્ષિક માથાદીઠ આવક કરતા અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબની માથાદીઠ આવક અડધી છે. અભ્યાસમાં સમાવેલ કુટુંબના માથાદીઠ વાર્ષિક આવક ૮૫૮ રૂપિયા છે.

(૩૬) ૧૯૭૯-૮૦ના ભાવે ગ્રામ્ય વિસ્તારમાં ૭૬-૦૦રૂપિયાના માથાદીઠ માસિક ખર્ચ થતા હોય તેવી વ્યકિતને ગરીબી રેખા નીચે મુકી શકાય. આ મુજબ અભ્યાસમાં પસંદ કરેલ ૧૦૦ ટકા કુટુંબ ગરીબી રેખા નીચે જીવે છે. અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબના સભ્યોનો માસીક ખર્ચ ૭૩ રૂપિયા છે.

(૩૭) જમીનવાળા કુટુંબ કરતા જમીન વગરના કુટુંબમાં વ્યકિતદીઠ ખર્ચ વધુ જ આવે છે. અભ્યાસમાં સમાવેલ જમીનવાળા હળપતિના કુટુંબમાં વ્યકિતદીઠ ૬૭ રૂપિયા, જમીનવગરના હળપતિ કુટુંબમાં ૭૪ રૂપિયા, ચૌધરી જાતિના કુટુંબોમાં ૭૨ રૂપિયા અને નાયક જાતિના કુટુંબમાં ૭૧ રૂપિયા વ્યકિતગત માસિક ખર્ચ આવે છે.

(૩૮) ખર્ચને પહોંચી વળવા ભૌતિક મિલકતના અભાવે પોતાનો શ્રમ અગાવથી વેંચવો પડે છે. એટલે કે ખેતીકામમાં કામ કર્યા પહેલા પૈસા લઇને કામ માટે બંધાય છે.

(૩૯) અભ્યાસમાં સમાવેલ કુટુંબમાં ૩૬ કુટુંબને દેવું કરવું પડે છે. કુટુંબ પાસે સ્થાયી મિલકતના અભાવે ખાનગી દેવું કરવુ પડે છે. દેવાની કુલ રકમમાં ૬૭.૫૭ ટકા રકમ ખાનગી વ્યકિતનું દેવું છે.

(૪૦) દેવુ કરવા પાછળનો મુખ્ય હેતુ ઘરવપરાશને પહોંચી વળવાનો છે. ૩૬ કુટુંબને દેવું કરવું પડે છે. તેમાંથી ૧૦ કુટુંબને ઘરવપરાશના ખર્ચને પહોંચી વળવા દેવું કરવું પડે છે. ત્યારબાદ લગ્ન માટે અને ભેંસ લાવવા માટે દેવું કરવું પડે છે.

(૪૧) જે કુટુંબને દેવું છે તે લોકોને ટુંકાગાળાનું દેવુ વધુ છે. અભ્યાસમાં સમાવેલ ૩૮ કુટુંબને દેવુ છે. તેમાં ૨૨ કુટુંબને ૧ વર્ષથી જુનું દેવું છે.

(૪૨) ૩૮ કુટુંબને દેવું છે તેમાં ૨૫ કુટુંબને દેવાનું વ્યાજ આપવું પડતું નથી. કારણકે પૈસા જયાં કામ કરતા હોય તે વ્યકિત પાસેથી લાવે છે. તેને ત્યાં કામે બંધાયને દેવું કરે છે. ૧૩ કુટુંબને વ્યાજ આપવું પડે છે. તેમાં ૮ કુટુંબને, ૪ ટકા, ૪ કુટુંબને ૨૪ ટકા અને ૧ કુટુંબને ૩૬ ટકા વ્યાજ આપવું પડે છે.

(૪૩) દેવું ભરપાઇ ન થવાનું મુખ્ય કારણ આવક કરતા ખર્ચ વધુ છે. અન્ય કારણોમાં ભેંસ લાવવા, હિરાના ધંધામાં મંદી આવવાથી અને કુટુંબમાં ઉપરાઉપરી માંદગી આવવાથી દેવું ભરપાઇ થઇ શકયું નથી.

(૪૪) દેવું ભરપાઇ મજૂરીની આવકમાંથી કરશે તેમ ૨૪ કુટુંબે જણાવ્યું બાકીના કુટુંબ ભેંસના દૂધની આવક, હિરાઘસવાની આવક, ખેતીની આવક,વેપારની આવક અને નોકરીની આવકમાંથી દેવુંભરપાઇ કરશે.

(૪૫) દેવાદાર કુટુંબ કોની પાસેથી દેવું લે છે તેનું કેટલું વ્યાજ, કેટલા સમયથી દેવું લીધુ છે અને દેવુંભરપાઇ શેમાંથી કરશે તે વિગત જોતા ખ્યાલ આવે છે કે અહીંના આદિવાસીઓ બંધાયને ખેતમજૂરીનું કામ વધુ કરે છે.

(૪૬) [illegible] કુલ કમાનાર સભ્યોમાં ૪.૧૫ ટકા સભ્યો ૧૪ વર્ષથી નીચેના બાળકો છે. કુલ કમાનાર પુરૂષોમાં ૪.૨૪ ટકા પુરૂષો અને ૪.૦૫ ટકા સ્ત્રીઓ ૧૪ વર્ષથી નીચેની વયના છે.

(૪૭) હળપતિ આદિવાસીનો મુખ્ય વ્યવસાય ખેતમજૂરી નો છે. આ વ્યવસાયમાંથી કુટુંબનું ભરણપોષણ યોગ્ય રીતે થતું નથી. બાળકોને પણ મજૂરી કામ કરવું પડે છે. આ જાતિમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હોવા પાછળ નું એક પરિબળ આર્થિક પરિસ્થિતી પણ છે.

(૪૮) જમીનવાળા આદિવાસી પાસે પણ ખેતીના અદ્યતન સાધનો નથી. આદિવાસી ખેડૂત પાસે ખેતીના સાધનમાં નાના ઓજારો અને લાકડાનું હળ જ છે.

(૪૯) આદિવાસી પાસે સોનાના ઘરેણા ખૂબજ ઓછા હોય છે. ચાંદીના ઘરેણા વધુ હોય છે. અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબ પાસે ચાંદીના ઘરેણા કુટુંબદીઠ ૫૭.૭૫ રૂપિયાના, કલાઇના ઘરેણા ૨૬.૯૦ રૂપિયા, સોનાના ઘરેણા ફકત ૨૩ રૂપિયાના છે.

(૫૦) અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબ ફકત ૧૪ કુટુંબને દૂધાળા પશુનો લાભ મળ્યો છે.

(૫૧) અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબના સભ્યોને જુદા જુદા અનેક પ્રકારના રોગો થાય છે. તેમાં મેલેરીયા, પેટનો દુઃખાવાની માંદગી વધુ પ્રમાણમાં થાય છે. સમાજ કલ્યાણ ખાતા તરફથી એક પણ કુટુંબને માંદગી સહાયતા પૈસા મળ્યા નથી.

(૫૨) અહીંના આદિવાસીઓ નવો ધંધો કરવામાં નાના પાયાનો વેપાર કરવા વધુ ઇચ્છા રાખે છે. વેપારમાં શાકભાજીની લારી, ચાની લારી-શીંગ-ચણા વેચવાની લારી કરવાની ઇચ્છા વધુ રાખે છે.

(૫૩) નવો ધંધો કરવા માટે સૌથી વધુ નાણા ની સહાય ની જરૂર છે. ત્યારબાદ સાધનો અને ધંધાની તાલીમ ની જરૂર દર્શાવી છે.

(૫૪) રહેવાના મકાનની સહાયની ખાસ જરૂર છે. ૫૧ (એકાવન) કુટુંબે નવા મકાનની જરૂરિયતા દર્શાવી છે. ૬૧ કુટુંબે મકાન રીપેરીંગ કરાવવા નાંણાની સહાય માંગી છે.

(૫૫) જમીનવાળા કુટુંબે જમીન સમતલ કરાવવા, પાળા બાંધવા, નાળા બાંધવા માટે નાંણાની સહાયની જરૂરિયાત છે.

(૫૬) જમીનવાળા કુટુંબને ખાતર, બિયારણ,અને જંતુનાશક દવાની પણ જરૂરિયાત છે.

(૫૭) જમીન ન હોવા છતા મકાનની આજુબાજુની જમીનમાં ફળઝાડનું વાવેતર કરવાની ૨૫ કુટુંબે ઇચ્છા પ્રદર્શિત કરી છે.

(૫૮) વનીકરણ માટે ૧ જમીનવાળું કુટુંબ અને ૫ જમીનવગરના કુટુંબે ઇચ્છા દર્શાવી છે.

(૫૯) ગૌણ આવક વધારવા ૬૩ કુટુંબે ભેંસની માંગણી કરી છે. ૧૦ કુટુંબે બકરીની માંગણી કરીછે.

(૬૦) આજુબાજુના વિસ્તારમાં ઔદ્યોગીક મજૂરી કરવા, અને નાના પાયાનો વેપાર કરવા ૧૧ કુટુંબે સાઇકલ ની માંગણી કરીછછે.

(૬૧) સરકારની યોજનામાં જે લોકોને પશુ મળયા છે.તેમની પાસે ચાર ની અપૂરતી વ્યવસ્થાને લઇને ગામમાં અન્યજાતિના લોકો સાથે કયારેક કયારેક ઝઘડો થાય છે. પરિણામે પશુ મળવાથી જોઇએ તેટલો આર્થિક વિકાસ થયો નથી.

(૬૨) આદિવાસીના વિકાસમાં બિન આદિવાસીઓનું વલણ અંશત: પ્રતિકૂળ રહયું છે.

(૬૩) આદિવાસી વિકાસ માટે જે સરકાર જુદી જુદી યોજના અમલમાં મૂકે છે તે યોજનાથી પોતાનો વિકાસ થશે તેવો આત્મસાત આદિવાસીને થયો નથી.

(૬૪) આદિવાસીના વિકાસ માટે લાંબા ગાળાની યોજનાઓ અમલમાં મૂકવી જોઇએ.

અભ્યાસના મુખ્ય તારણોને આધારે આત્મસાત થાય છે કે પલસાણા પોકેટમાં વસતા આદિવાસીના વિકાસ માટે કુટુંબલક્ષી લાંબાગાળાની યોજનાઓ અમલમાં મૂકવા જોઇએ જેથી કુટુંબની આર્થિક પરિસ્થિતી સુધારી શકાશે આર્થિક પરિસ્થિતી સુધારવા પ્રકરણ-૬માં દર્શાવેલ આયોજન મદદરૂપ થશે.

----

## પરિશિષ્ટ-૧

૧૯૭૧ની કુલ વસ્તી — ૧૯૮૧ની કુલ વસ્તી

| ક્રમ | ગામનું નામ | ૧૯૭૧ કુલ વસ્તી પુ | સ્ત્રી | કુલ | અનુ.જાતિ વસ્તી પુ. | સ્ત્રી | કુલ | અનુ.જનજાતિ વસ્તી પુ. | સ્ત્રી | કુલ | ૧૯૮૧ કુલ વસ્તી પુ. | સ્ત્રી | કુલ | અનુ.જાતિ વસ્તી પુ. | સ્ત્રી | કુલ | અનુ.જનજાતિ વસ્તી પુ. | સ્ત્રી | કુલ | છેલ્લા દશકામાં ક્રમ વસ્તીમાં વધઘટ કુલ | અનુ.જાતિ | અનુ.જનજાતિ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | દેવધ | ૨૮૭ | ૨૭૪ | ૫૬૧ | ૪૭ | ૪૯ | ૯૬ | ૮૦ | ૬૦ | ૧૪૦ | | | | | | | | | | | | |
| ૨. | સેદાવ | ૧૭૪ | ૧૭૨ | ૩૪૬ | - | - | - | ૧૩૫ | ૧૨૬ | ૨૬૧ | ૧૯૦ | ૧૮૬ | ૩૭૬ | ૧ | ૪ | ૫ | ૧૪૯ | ૧૩૮ | ૨૮૭ | +૮.૬૭ | - | +૯.૯૬ |
| ૩. | નિયોલ | ૬૨૭ | ૫૮૦ | ૧૨૦૭ | ૩૦ | ૪૦ | ૭૦ | ૨૩૧ | ૨૨૬ | ૪૫૭ | ૭૪૮ | ૭૪૩ | ૧૪૯૧ | ૩૯ | ૪૦ | ૭૯ | ૩૦૪ | ૨૯૯ | ૬૦૩ | +૨૩.૫૩ | +૧૨.૮૬ | +૩૧.૯૫ |
| ૪. | મંગોલી | ૫૭૬ | ૫૭૭ | ૧૧૫૩ | ૭૫ | ૮૨ | ૧૫૭ | ૨૩૯ | ૨૩૪ | ૪૭૩ | ૭૨૩ | ૭૧૭ | ૧૪૪૦ | ૯૮ | ૧૦૭ | ૨૦૫ | ૩૨૨ | ૨૮૮ | ૬૧૦ | +૨૪.૮૯ | +૩૦.૫૭ | +૨૮.૯૬ |
| ૫. | વરેલી | ૧૧૪ | ૧૧૦ | ૨૨૪ | ૫૧ | ૫૮ | ૧૦૯ | ૪૦ | ૩૩ | ૭૩ | ૨૪૮ | ૧૯૧ | ૪૩૯ | ૬૧ | ૫૭ | ૧૧૮ | ૫૨ | ૫૫ | ૧૦૭ | +૯૫.૯૮ | +૮.૨૬ | +૪૬.૫૮ |
| ૬. | વાંકાનેડા | ૫૦૧ | ૪૮૧ | ૯૮૨ | ૩૨ | ૩૧ | ૬૩ | ૨૪૭ | ૨૩૭ | ૪૮૪ | ૧૧૨૮ | ૧૦૦૫ | ૨૧૩૩ | ૭ | ૮ | ૧૫ | ૩૫૭ | ૩૨૫ | ૬૮૨ | +૧૧૭.૨૧ | -૭૬.૧૯ | +૪૦.૯૧ |
| ૭. | કડોદરા | ૭૦૨ | ૬૩૪ | ૧૩૩૬ | ૩૦ | ૩૨ | ૬૨ | ૨૫૧ | ૨૪૮ | ૪૯૯ | ૧૫૨૧ | ૧૧૮૨ | ૨૭૦૩ | ૩૯ | ૪૨ | ૮૧ | ૪૫૧ | ૪૨૨ | ૮૭૩ | +૧૦૨.૩૨ | +૩૦.૬૫ | +૭૪.૯૫ |
| ૮. | હરિપુરા | ૩૬૭ | ૩૦૫ | ૬૭૨ | ૨૨ | ૨૪ | ૪૬ | ૧૧૪ | ૧૦૪ | ૨૧૮ | ૫૨૫ | ૫૩૭ | ૧૦૬૨ | ૨૫ | ૨૯ | ૫૪ | ૧૩૩ | ૧૫૧ | ૨૮૪ | +[illegible] | +૧૭.૩૯ | +૩૦.૨૮ |
| ૯. | જોળવા | ૩૮૨ | ૩૩૬ | ૭૧૮ | - | ૯ | ૯ | ૨૧૪ | ૧૮૫ | ૩૯૯ | ૬૩૯ | ૫૯૩ | ૧૨૩૨ | ૭ | ૫ | ૧૨ | ૩૮૧ | ૩૫૨ | ૭૩૩ | +૭૧.૫૯ | +૩૩.૩૩ | +૮૩.૭૧ |
| ૧૦. | ઇસનાળ | ૫૪૦ | ૫૧૨ | ૧૦૫૨ | ૩૨ | ૪૯ | ૮૧ | ૩૦૨ | ૨૭૦ | ૫૭૨ | ૯૯૬ | ૮૭૩ | ૧૮૬૯ | ૫૦ | ૫૬ | ૧૦૬ | ૪૨૫ | ૪૦૭ | ૮૩૨ | +૭૭.૬૬ | +૩૦.૮૬ | +૪૫.૪૫ |
| ૧૧. | તાતીથૈયા | ૨૬૯ | ૨૨૮ | ૪૯૭ | ૨૩ | ૧૭ | ૪૦ | ૯૨ | ૬૬ | ૧૫૮ | ૪૩૭ | ૪૨૦ | ૮૫૭ | ૩૭ | ૩૦ | ૬૭ | ૧૬૨ | ૧૭૪ | ૩૩૬ | +૭૨.૪૩ | +૬૭.૫ | +૧૧૨.૬૬ |
| ૧૨. | ગલથાણ | ૭૪૫ | ૬૭૯ | ૧૪૨૪ | ૬૧ | ૭૫ | ૧૩૬ | ૨૧૮ | ૧૯૮ | ૪૧૬ | ૨૨૯૬ | ૧૯૪૪ | ૪૨૪૦ | ૫૯ | ૬૩ | ૧૨૨ | ૫૭૦ | ૪૭૭ | ૧૦૪૭ | +૧૯૭.૭૫ | -૧૦.૨૯ | +૧૫૧.૬૮ |
| ૧૩. | તલોદરા | ૧૫૯ | ૧૩૬ | ૨૯૫ | [illegible] | [illegible] | ૧૧ | ૮૧ | ૫૯ | ૧૪૦ | ૨૯૭ | ૨૫૭ | ૫૫૪ | ૬ | ૭ | ૧૩ | ૧૨૩ | ૮૮ | ૨૧૧ | +૮૭.૮૦ | +૧૮.૧૮ | +૫૦.૭૧ |
| ૧૪. | કરાળા | ૧૪૭ | ૧૫૨ | ૨૯૯ | ૮ | ૧૦ | ૧૮ | ૯૩ | ૮૯ | ૧૮૨ | ૨૨૯ | ૧૯૭ | ૪૨૬ | ૧૧ | ૧૦ | ૨૧ | ૩૩ | ૧૧૪ | ૧૪૭ | +૪૨.૪૭ | +૧૬.૬૭ | -૧૯.૨૩ |
| ૧૫. | મરઘાસી | ૨૨૫ | ૨૧૦ | ૪૩૫ | ૧૭ | ૨૦ | ૩૭ | ૪૦ | ૪૧ | ૮૧ | ૨૮૨ | ૨૫૫ | ૫૩૭ | ૨૪ | ૨૨ | ૪૬ | ૬૮ | ૬૭ | ૧૩૫ | +૨૩.૪૫ | +૨૪.૩૨ | +૬૬.૬૭ |
| ૧૬. | કરણ | ૩૭૯ | ૩૫૪ | ૭૩૩ | ૬ | ૫ | ૧૧ | ૧૫૫ | ૧૪૩ | ૨૯૮ | ૭૪૫ | ૭૨૩ | ૧૪૬૮ | ૧૧ | ૭ | ૧૮ | ૧૯૯ | ૧૮૬ | ૩૮૫ | +૧૦૦.૨૭ | +૬૩.૬૪ | +૨૯.૧૯ |
| ૧૭. | વણુંસરા | ૯૦૧ | ૮૭૬ | ૧૭૭૭ | ૫૭ | ૭૦ | ૧૨૭ | ૩૭૧ | ૩૧૫ | ૬૮૬ | ૧૭૭૩ | ૧૭૭૮ | ૩૫૫૧ | ૫૭ | ૬૨ | ૧૧૯ | ૬૩૮ | ૬૮૧ | ૧૩૧૯ | +૯૯.૮૩ | -૬.૩૦ | +૯૨.૨૭ |
| ૧૮. | કારેલી | ૬૮૫ | ૬૨૬ | ૧૩૧૧ | ૨૩ | ૧૮ | ૪૧ | ૩૨૯ | ૩૦૦ | ૬૨૯ | ૧૪૧૭ | ૧૧૮૧ | ૨૫૯૮ | ૧૬ | ૧૭ | ૩૩ | ૫૪૦ | ૪૮૨ | ૧૦૨૨ | +૯૮.૧૭ | +૧૯.૫૧ | +૬૨.૪૮ |
| ૧૯. | ગાંગપોર | ૬૩૫ | ૭૦૭ | ૧૩૪૨ | ૨૧ | ૨૬ | ૪૭ | ૨૫૦ | ૨૪૯ | ૪૯૯ | ૮૮૭ | ૮૪૬ | ૧૭૩૩ | ૪૨ | ૩૭ | ૭૯ | ૩૧૧ | ૩૦૪ | ૬૧૫ | +૨૯.૧૪ | +૬૮.૦૯ | +૨૩.૨૪ |
| ૨૦. | જતપોર | ૧૮૨ | ૧૭૯ | ૩૬૧ | ૨ | ૪ | ૬ | ૧૪૦ | ૧૩૧ | ૨૭૧ | ૨૨૦ | ૨૦૬ | ૪૨૬ | ૨ | ૨ | ૪ | ૧૬૪ | ૧૫૧ | ૩૧૫ | +૧૮.૦૦ | -૩૩.૩૩ | +૧૬.૨૪ |
| ૨૧. | સોપાળી | ૫૯૮ | ૬૧૦ | ૧૨૦૮ | ૪૭ | ૫૫ | ૧૦૨ | ૩૧૫ | ૩૦૩ | ૬૧૮ | ૮૧૭ | ૮૫૩ | ૧૬૭૦ | ૫૫ | ૬૨ | ૧૧૭ | ૪૪૪ | ૪૩૩ | ૮૭૭ | +૩૮.૨૪ | +૧૪.૭૧ | +૪૧.૯૧ |
| ૨૨. | તૂંડી | ૮૫૯ | ૮૮૩ | ૧૭૪૨ | ૭૪ | ૮૧ | ૧૫૫ | ૩૭૨ | ૩૭૦ | ૭૪૨ | ૧૩૦૬ | ૧૩૧૬ | ૨૬૨૨ | ૮૧ | ૧૦૮ | ૧૮૯ | ૫૬૮ | ૫૭૬ | ૧૧૪૪ | +૫૦.૫૨ | +૨૧.૯૪ | +૫૪.૧૮ |
| ૨૩. | સાંકી | ૩૪૫ | ૩૪૯ | ૬૯૪ | ૩૯ | ૪૮ | ૮૭ | ૧૪૨ | ૧૩૦ | ૨૭૨ | ૪૨૮ | ૪૨૫ | ૮૫૩ | ૪૪ | ૪૧ | ૮૫ | ૧૭૧ | ૧૫૬ | ૩૨૭ | +૨૨.૯૧ | -૨.૩૦ | +૨૦.૨૨ |
| ૨૪. | [illegible] | ૨૦૫ | [illegible] | [illegible] | ૨૩ | ૧૭ | ૪૦ | ૧૦૭ | ૯૮ | ૨૦૫ | [illegible] | ૩૮૧ | ૭૦૬ | ૨૨ | ૨૪ | ૪૬ | ૧૪૨ | ૧૧૬ | ૨૫૮ | +૪૨.૬૪ | +૧૫.૦૦ | +૨૫.૮૫ |
| ૨૫. | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | ૩૦ | ૬૧ | ૧૦૫ | ૨૦૩ | ૩૦૮ | [illegible] | [illegible] | ૧૨૧૩ | [illegible] | ૪૪ | ૮૫ | ૪૩૦ | ૪૫૪ | ૮૮૪ | +૮૫.૧૯ | +૩૯.૩૪ | +૩૩.[illegible] |
| ૨૬. | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | ૧૪૮ | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | ૧૪ | ૩૨ | ૨૦૧ | ૧૬૩ | ૩૬૪ | +૧૫.[illegible] | -૨૦.૦૦ | +[illegible] |
| ૨૭. | [illegible] | ૧૦૦ | [illegible] | [illegible] | [illegible] | [illegible] | ૩૪ | ૨૬૬ | ૨૫૪ | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | ૫૨ | ૫ | [illegible] | [illegible] | [illegible] | [illegible] |
| [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | ૬૩ | [illegible] | [illegible] | ૧૭૦ | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] |

| ક્રમ ગામનું નામ | ૧૯૭૧ કુલ વસ્તી પુ. | સ્ત્રી | કુલ | અનુ.જાતિ વસ્તી પુ. | સ્ત્રી | કુલ | અનુ.જનજાતિ વસ્તી પુ. | સ્ત્રી | કુલ | ૧૯૮૧ કુલવસ્તી પુ. | સ્ત્રી | કુલ | અનુ.જાતિ વસ્તી પુ. | સ્ત્રી | કુલ | અનુ.જનજાતિ વસ્તી પુ. | સ્ત્રી | કુલ | છેલ્લા દશકામાં વસ્તીમાં વધઘટ કુલ | અનુ.જાતિ | અનુ.જનજાતિ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૦ ભૂતપોર | ૧૯૫ | ૨૧૩ | ૪૦૮ | ૪૭ | ૬૩ | ૧૧૦ | ૩૪ | ૨૬ | ૬૦ | ૨૨૯ | ૨૩૯ | ૪૬૮ | ૬૫ | ૬૪ | ૧૨૯ | ૩૬ | ૪૧ | ૭૭ | +૧૪.૭૧ | +૧૭.૨૭ | +૨૮.૩૩ |
| ૩૧ પલુડા | ૧૨૫ | ૧૩૭ | ૨૬૨ | ૪ | ૧૧ | ૧૫ | ૪૪ | ૪૬ | ૯૦ | ૧૭૧ | ૧૮૩ | ૩૫૪ | ૩ | ૭ | ૧૦ | ૭૭ | ૯૨ | ૧૬૯ | +૩૫.૧૧ | −૩૩.૩૩ | +૮૭.૭૮ |
| ૩૨. ચેના | ૧૫૫૫ | ૧૪૮૧ | ૩૦૩૬ | ૭૦ | ૮૧ | ૧૫૧ | ૭૦૬ | ૬૩૬ | ૧૩૪૨ | ૧૯૧૫ | ૧૮૬૮ | ૩૭૮૩ | ૧૦૧ | ૧૨૦ | ૨૨૧ | ૭૭૧ | ૫૨૨ | ૧૨૯૩ | +૨૪.૬૦ | +૪૬.૩૬ | −૩.૬૫ |
| ૩૩. પામડોદ | ૫૬૫ | ૫૩૬ | ૧૧૦૧ | ૩૮ | ૪૭ | ૯૫ | ૨૮૫ | ૨૫૫ | ૫૪૦ | ૫૮૮ | ૫૬૨ | ૧૧૫૦ | ૩૯ | ૭૦ | ૧૦૯ | ૨૯૩ | ૨૦૭ | ૫૦૦ | +૪.૪૫ | +૧૪.૭૪ | +૫.૫૬ |
| ૩૪. પીસાદ | ૭૪૧ | ૭૬૦ | ૧૫૦૧ | ૨૮ | ૪૦ | ૭૮ | ૩૭૦ | ૩૭૦ | ૭૪૦ | ૮૯૩ | ૮૭૦ | ૧૭૬૩ | ૫૨ | ૫૨ | ૧૦૪ | ૪૨૦ | ૪૧૯ | ૮૩૯ | +૧૭.૪૫ | +૩૩.૩૩ | +૧૩.૩૮ |
| ૩૫. બારાસડી | ૩૯૯ | ૪૨૧ | ૮૨૦ | ૩૬ | ૪૧ | ૭૭ | ૨૧૭ | ૨૨૩ | ૪૪૦ | ૬૦૯ | ૫૬૭ | ૧૧૭૬ | ૩૧ | ૩૭ | ૫૮ | ૧૭૪ | ૧૯૫ | ૩૬૯ | +૪૩.૪૧ | −૨૪.૬૮ | −૧૬.૧૪ |
| ૩૬. વઘેસર | ૧૦૮૧ | ૧૦૪૬ | ૨૧૨૭ | ૩૧ | ૨૮ | ૫૯ | ૫૯૧ | ૫૭૨ | ૧૧૬૩ | ૧૪૬૭ | ૧૪૩૯ | ૨૯૦૬ | ૪૫ | ૪૫ | ૯૦ | ૭૨૩ | ૭૩૬ | ૧૪૫૯ | +૩૬.૬૨ | +૫૨.૫૪ | +૨૫.૪૫ |
| ૩૭. ગોલેમા | ૮૨ | ૬૫ | ૧૪૭ | – | – | – | ૮૨ | ૬૫ | ૧૪૭ | ૯૯ | ૮૮ | ૧૮૭ | – | – | – | ૯૭ | ૮૬ | ૧૮૩ | +૨૭.૨૧ | – | +૨૪.૪૯ |
| ૩૮. વાંગરોલીયા | ૪૧૪ | ૪૦૭ | ૮૨૧ | – | – | – | ૪૦૯ | ૪૦૨ | ૮૧૧ | ૪૮૪ | ૪૮૦ | ૯૬૪ | – | – | – | ૪૮૧ | ૪૭૬ | ૯૫૭ | +૧૭.૪૨ | – | +૧૮.૦૦ |
| ૩૯. કણાય | ૪૫૪ | ૪૧૭ | ૮૭૧ | ૨૫ | ૩૧ | ૫૬ | ૨૩૮ | ૨૨૪ | ૪૬૨ | ૭૬૬ | ૭૪૮ | ૧૫૧૪ | ૨૨ | ૨૮ | ૫૦ | ૩૮૮ | ૩૫૮ | ૭૪૬ | +૭૩.૮૨ | −૧૦.૭૧ | +૬૧.૪૭ |
| ૪૦. પલસાણા | ૨૧૧૩ | ૨૦૯૧ | ૪૨૦૪ | ૭૫ | ૯૪ | ૧૬૯ | ૬૬૬ | ૬૧૧ | ૧૨૭૭ | ૨૫૮૬ | ૩૩૮૨ | ૫૯૬૮ | ૮૫ | ૯૩ | ૧૭૮ | ૮૯૫ | ૮૪૦ | ૧૭૩૫ | +૪૧.૯૬ | +૫.૩૩ | +૩૫.૮૭ |
| ૪૧. ઉટારવા | ૩૮૭ | ૩૭૭ | ૭૬૪ | ૧૪ | ૧૧ | ૨૫ | ૧૭૮ | ૧૭૪ | ૩૫૨ | ૪૨૬ | ૪૪૧ | ૮૬૭ | ૨૧ | ૨૦ | ૪૧ | ૧૯૬ | ૨૨૩ | ૪૧૯ | +૧૩.૪૮ | +૬૪.૦૦ | +૧૯.૦૩ |
| ૪૨. માળીઆ | ૨૪૭ | ૨૩૬ | ૪૮૩ | ૧૮ | ૨૧ | ૩૯ | ૧૪૧ | ૧૨૯ | ૨૭૦ | ૨૬૬ | ૨૫૦ | ૫૧૬ | ૨૨ | ૨૪ | ૪૬ | ૧૬૭ | ૧૫૨ | ૩૧૯ | +૬.૮૩ | +૧૭.૯૪ | +૧૮.૧૫ |
| ૪૩. મહેકપુર | ૯૭૯ | ૧૦૧૩ | ૧૯૯૨ | ૨૦ | ૧૯ | ૩૯ | ૫૪૧ | ૫૧૬ | ૧૦૫૭ | ૧૧૬૮ | ૧૧૬૧ | ૨૩૨૯ | ૨૨ | ૨૦ | ૪૨ | ૬૫૨ | ૬૨૫ | ૧૨૭૭ | +૧૬.૯૨ | +૭.૬૯ | +૨૦.૮૧ |
| ૪૪. સિપોર | ૨૯૫ | ૩૪૬ | ૬૪૧ | ૩૫ | ૬૮ | ૧૦૩ | ૨૦૭ | ૨૨૨ | ૪૨૯ | ૩૫૮ | ૩૬૩ | ૭૨૧ | ૩૫ | ૬૦ | ૯૫ | ૨૫૭ | ૨૮૧ | ૫૩૮ | +૧૨.૪૮ | −૭.૭૭ | +૨૫.૪૧ |
| ૪૫. અમલસાડી | ૬૪૮ | ૫૧૮ | ૧૧૬૬ | – | – | – | ૬૩૬ | ૫૦૧ | ૧૧૩૭ | ૯૧૨ | ૭૪૦ | ૧૬૫૨ | ૯ | ૧ | ૧૦ | ૮૩૦ | ૬૯૧ | ૧૫૨૧ | +૪૧.૬૮ | +૧૦૦.૦૦ | +૩૪.૩૯ |
| ૪૬. પૂણી | ૭૯૬ | ૮૫૪ | ૧૬૫૦ | ૪૩ | ૮૦ | ૧૨૩ | ૪૧૫ | ૪૧૭ | ૮૩૨ | ૮૬૧ | ૮૨૧ | ૧૬૮૨ | ૪૩ | ૭૩ | ૧૧૬ | ૬૩૦ | ૪૮૩ | ૧૧૧૩ | +૧.૯૪ | −૫.૬૯ | +૩૩.૭૭ |
| ૪૭. પારડીપીતા | ૨૪૬ | ૨૯૧ | ૫૩૭ | – | ૧ | ૧ | ૧૩૩ | ૧૫૦ | ૨૮૩ | ૨૦૮ | ૩૯૦ | ૫૯૮ | ૪ | ૯ | ૧૩ | ૧૫૪ | ૧૮૩ | ૩૩૭ | +૧૧.૩૬ | +૧૨૦૦.૦૦ | +૧૯.૦૮ |
| ૪૮. વાંખવાડ | ૪૦૬ | ૪૪૭ | ૮૫૩ | – | – | – | ૧૯૮ | ૨૦૨ | ૪૦૦ | ૪૬૧ | ૬૬૪ | ૧૧૨૫ | ૧૨ | ૧ | ૧૩ | ૩૨૮ | ૩૪૫ | ૬૭૩ | +૩૧.૯૯ | +૧૩૦૦.૦૦ | +૬૮.૨૫ |
| ૪૯. ગંભેટી | ૯૦૮ | ૧૦૦૨ | ૧૯૧૦ | ૧૮ | ૨૧ | ૩૯ | ૫૫૫ | ૬૦૨ | ૧૧૫૭ | ૧૦૦૮ | ૧૦૪૪ | ૨૦૫૨ | ૨૫ | ૨૮ | ૫૩ | ૬૬૭ | ૬૫૫ | ૧૩૨૨ | +૭.૪૩ | +૩૫.૯૦ | +૧૪.૨૬ |
| ૧. તરાજ | ૪૯૬ | ૪૨૬ | ૯૨૨ | ૭૪ | ૭૦ | ૧૪૪ | ૧૯૪ | ૧૫૪ | ૩૪૮ | ૫૪૫ | ૪૭૨ | ૧૦૧૭ | ૬૦ | ૬૩ | ૧૨૩ | ૨૦૯ | ૨૨૮ | ૪૩૭ | +૧૦.૩૦ | −૧૪.૫૮ | +૨૫.૫૭ |
| તાલુકો | ૨૬૭૬૨ | ૨૬૪૦૮ | ૫૩૧૭૦ | ૧૪૦૧ | ૧૭૧૮ | ૩૧૧૯ | ૧૨૬૭૪ | ૧૨૦૧૪ | ૨૪૬૮૮ | ૩૮૯૫૮ | ૩૬૯૧૭ | ૭૫૮૭૫ | ૧૫૮૯ | ૧૮૭૯ | ૩૫૬૮ | ૧૫૮૩૦ | ૧૫૫૫૩ | ૩૩૪૮૩ | +૪૨.૭૦ | +૧૪.૪૦ | +૩૫.૬૧ |

(૨૭૦)

<u>પરિશિષ્ટ-૨</u>

## ૧૯૮૧ના જનગણનાના અહેવાલ મુજબ આદિવાસી વસ્તીની ટકાવારી મુજબના ગામોની કેટલી વ્યક્તિ અક્ષરજ્ઞાન ધરાવનાર છે તેની માહિતી

| ક્રમ | આદિવાસીની વસ્તીની ટકાવારી પ્રમાણે વર્ગીકરણ | ગામોની સંખ્યા | અક્ષરજ્ઞાન ધરાવતી સંખ્યા પુ. | અક્ષરજ્ઞાન ધરાવતી સંખ્યા સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | ૦ થી ૨૦ ટકા | ૧ | ૧૬૪ | ૧૩૨ | ૨૯૬ |
| | | | (૫૫.૪૧) | (૪૪.૫૯) | (૧૦૦.૦૦) |
| | | ૨.૦૪ | ૦.૯૨ | ૧.૦૪ | |
| ૨. | + ૨૦ થી ૪૦ ટકા | ૨૦ | ૯૯૩૩ | ૬૮૪૨ | ૧૭૭૭૫ |
| | | | (૫૯.૨૧) | (૪૦.૭૯) | (૧૦૦.૦૦) |
| | | ૪૦.૮૨ | ૫૫.૨૪ | ૫૪.૦૪ | |
| ૩. | + ૪૦ થી ૬૦ ટકા | ૧૮ | ૫૭૭૨ | ૪૨૪૨ | ૧૦૦૧૪ |
| | | | (૫૭.૬૪) | (૪૨.૩૬) | (૧૦૦.૦૦) |
| | | ૩૬.૭૩ | ૩૨.૧૦ | ૩૩.૫૦ | |
| ૪. | + ૬૦ થી ૮૦ ટકા | ૭ | ૧૨૯૯ | ૧૦૩૯ | ૨૩૩૮ |
| | | | (૫૫.૫૬) | (૪૪.૪૪) | (૧૦૦.૦૦) |
| | | ૧૪.૨૯ | ૭.૨૨ | ૦૮.૨૧ | |
| ૫. | + ૮૦ થી ૧૦૦ ટકા | ૩ | ૮૧૩ | ૪૦૬ | ૧૨૧૯ |
| | | | (૬૬.૬૯) | (૩૩.૩૧) | (૧૦૦.૦૦) |
| | | ૬.૧૨ | ૪.૫૨ | ૩.૨૧ | |
| | કુલ | ૪૯ | ૧૭૯૮૧ | ૧૨૬૬૧ | ૩૦૬૪૨ |
| | | | (૫૮.૬૮) | (૪૧.૩૨) | (૧૦૦.૦૦) |
| | | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

## પરિશિષ્ટ-૩

૧૯૮૧ના જનગણનાના અહેવાલ મુજબ આદિવાસી વસ્તીની ટકાવારી મુજબના ગામોમાં કમાનાર વ્યકિત કયા વ્યવસાયમાં રોકાયેલી છે તેની માહિતી.

| આદિવાસીની વસ્તીની ગામવાર ટકાવારી | ગામની સંખ્યા | ખેડૂત પુ. | ખેડૂત સ્ત્રી | ખેતમજૂરો પુ. | ખેતમજૂરો સ્ત્રી |
|---|---|---|---|---|---|
| ૦ થી ૨૦ | ૧ | ૪૧ (૩૦.૬૦) | ૨ (૨.૯૦) | ૬૮ (૫૦.૭૫) | ૬૬ (૯૫.૬૫) |
| | ૨.૦૪ | ૧.૧૮ | ૦.૭૬ | ૦.૫૯ | ૦.૬૦ |
| + ૨૦ થી ૪૦ | ૨૦ | ૧૬૧૭ (૧૩.૨૬) | ૧૦૪ (૧.૯૬) | ૫૦૭૬ (૪૧.૬૩) | ૪૭૧૩ (૮૮.૬૭) |
| | ૪૦.૮૨ | ૪૬.૬૩ | ૩૯.૫૪ | ૪૪.૧૪ | ૪૨.૬૪ |
| + ૪૦ થી ૬૦ | ૧૮ | ૧૪૩૪ (૧૮.૧૯) | ૧૧૨ (૨૩૭) | ૪૬૦૪ (૫૮.૪૦) | ૪૪૫૧ (૯૪.૨૬) |
| | ૩૬.૭૩ | ૪૧.૩૫ | ૪૨.૫૯ | ૪૦.૦૩ | ૪૦.૨૭ |
| + ૬૦ થી ૮૦ | ૭ | ૨૮૭ (૧૩.૬૦) | ૨૫ (૧.૭૯) | ૧૩૨૬ (૬૨.૮૫) | ૧૩૨૨ (૯૪.૫૭) |
| | ૧૪.૨૯ | ૮.૨૮ | ૯.૫૧ | ૧૧.૫૩ | ૧૧.૯૭ |
| + ૮૦ થી ૧૦૦ | ૩ | ૮૯ (૧૧.૭૬) | ૨૦ (૩.૦૭) | ૪૨૭ (૫૬.૪૧) | ૫૦૦ (૭૬.૫૭) |
| | ૬.૧૨ | ૨.૫૬ | ૭.૬૦ | ૩.૭૧ | ૪.૫૨ |
| | ૪૯ | ૩૪૬૮ (૧૫.૦૩) | ૨૬૩ (૨.૧૬) | ૧૧૫૦૧ (૪૯.૮૪) | ૧૧૦૫૨ (૯૦.૯૨) |
| | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

-૨-

| ગૃહઉદ્યોગ પુ. | સ્ત્રી | અન્યકામ પુ. | સ્ત્રી | કુલ પુ. | સ્ત્રી |
|---|---|---|---|---|---|
| - | - | ૨૫ | ૧ | ૧૩૪ | ૬૯ |
| | | (૧૮.૬૫) | ( ૧.૪૫) | (૧૦૦.૦૦) | (૧૦૦.૦૦) |
| | | ૦.૩૨ | ૦.૧૩ | ૦.૫૮ | ૦.૫૭ |
| ૨૬૩ | ૫૦ | ૫૨૩૭ | ૪૪૮ | ૧૨૧૯૩ | ૫૩૧૫ |
| (૨.૧૬) | (૦.૯૪) | (૪૨.૯૫) | (૮.૪૩) | (૧૦૦.૦૦) | (૧૦૦.૦૦) |
| ૬૮.૬૭ | ૬૪.૧૦ | ૬૭.૭૯ | ૫૮.૬૪ | ૫૨.૮૪ | ૪૩.૭૨ |
| ૮૨ | ૨૧ | ૧૭૬૩ | ૧૩૮ | ૭૮૮૩ | ૪૭૨૨ |
| (૧.૦૪) | (૦.૪૪) | (૨૨.૩૭) | (૨.૯૩) | (૧૦૦.૦૦) | (૧૦૦.૦૦) |
| ૨૧.૪૧ | ૨૬.૯૨ | ૨૨.૮૨ | ૧૮.૦૬ | ૩૪.૧૬ | ૩૮.૮૪ |
| ૨૩ | ૩ | ૪૭૪ | ૪૮ | ૨૧૧૦ | ૧૩૯૮ |
| (૧.૦૯) | (૦.૨૧) | (૨૨.૪૬) | (૩.૪૩) | (૧૦૦.૦૦) | (૧૦૦.૦૦) |
| ૬.૦૧ | ૩.૮૫ | ૬.૧૪ | ૬.૨૮ | ૯.૧૪ | ૧૧.૫૦ |
| ૧૫ | ૪ | ૨૨૬ | ૧૨૯ | ૭૫૭ | ૬૫૩ |
| (૧.૯૮) | (૦.૬૧) | (૨૯.૮૫) | (૧૯.૭૫) | (૧૦૦.૦૦) | (૧૦૦.૦૦) |
| ૩.૯૧ | ૫.૧૩ | ૨.૯૩ | ૧૬.૮૯ | ૩.૨૮ | ૫.૩૭ |
| ૩૮૩ | ૭૮ | ૭૭૨૫ | ૭૬૪ | ૨૩૦૭૭ | ૧૨૧૫૭ |
| (૧.૬૬) | (૦.૬૪) | (૩૩.૪૭) | (૬.૨૮) | (૧૦૦.૦૦) | (૧૦૦.૦૦) |
| ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

## પરિશિષ્ટ—૪

### ૧૯૮૧ની જનગણનાના અહેવાલ મુજબ પલસાણા તાલુકામાં ગામવાર કમાનાર સભ્યો કયા કયા વ્યવસાયમાં રોકાયેલા છે તેની વિગત

| ક્રમ | ગામનું નામ | આદિવાસી વસ્તીના ટકા | કુલવસ્તી પુ | કુલવસ્તી સ્ત્રી | કમાનાર પુ. | કમાનાર સ્ત્રી | ખેડૂત પુ. | ખેડૂત સ્ત્રી | ખેતમજૂરી પુ. | ખેતમજૂરી સ્ત્રી | ગૃહઉદ્યોગ પુ. | ગૃહઉદ્યોગ સ્ત્રી | અન્ય પુ. | અન્ય સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | તરોજ | ૪૨.૯૬ | ૫૪૫ | ૪૭૨ | [illegible] | ૩૯૬ | ૭૪ | ૪ | ૧૨૪ | ૧૧૪ | – | – | ૬૧ | ૯ |
| ૨. | સેંઢાવ | ૭૬.૩૩ | [illegible] | ૧૮૬ | [illegible] | ૫૭ | ૧૪ | – | ૮૦ | ૫૪ | ૨ | – | ૩૦ | ૩ |
| ૩. | ~~નીપોલ~~ નિઝોલી | ~~૪૦.૪૭~~ | ૭૪૮ | ૭૪૩ | ૪૩૮ | ૨૭૧ | ૧૦૦ | – | ૨૩૩ | ૨૬૫ | ૨ | ૧ | ૧૩૩ | ૫ |
| ૪. | ચંદીલી | ૪૨.૩૬ | ૭૨૩ | ૭૧૭ | ૪૨૦ | ૧૬૫ | ૭૬ | ૧૧ | ૧૭૦ | ૧૪૦ | ૮ | ૭ | ૧૬૬ | ૭ |
| ૫. | વરેલી | ૨૪.૩૭ | ૨૪૮ | ૧૯૧ | ૧૫૯ | ૪૨ | ૨૫ | ૪ | ૪૦ | ૩૨ | – | – | ૯૪ | ૬ |
| ૬. | વાંકાનેડા | ૩૧.૯૭ | ૧૧૨૮ | ૧૦૦૫ | ૬૯૮ | ૩૫૩ | ૪૭ | ૩ | ૨૮૩ | ૩૨૮ | ૭ | ૨૦ | ૩૬૧ | ૨ |
| ૭. | કડોદરા | ૩૨.૩૦ | ૧૫૨૧ | ૧૧૯૨ | ૧૦૩૯ | ૨૫૩ | ૬૨ | ૨ | ૨૯૧ | ૨૩૭ | ૪૯ | ૫ | ૬૩૭ | ૯ |
| ૮. | હરિપુરા | ૨૬.૭૫ | ૫૨૫ | ૫૩૭ | ૨૯૦ | ૧૩૭ | ૬૨ | ૮ | ૧૧૨ | ૧૨૬ | ૩ | ૧ | ૧૧૩ | ૨ |
| ૯. | જોળવા | ૫૯.૫૦ | ૬૩૯ | ૫૯૩ | ૪૩૦ | ૨૭૩ | ૬૫ | ૩ | ૨૯૮ | ૨૬૮ | ૩ | – | ૬૪ | ૨ |
| ૧૦. | દાસ્તાન | ૪૪.૫૨ | ૯૯૬ | ૮૭૩ | ૬૩૩ | ૩૦૬ | ૮૪ | ૯ | ૨૫૭ | ૨૮૪ | ૧ | – | ૨૮૧ | ૧૩ |
| ૧૧. | તાતીથૈયા | ૩૯.૨૧ | ૪૩૭ | ૪૨૦ | ૨૬૪ | ૧૫૮ | ૬૩ | ૧ | ૧૭૪ | ૧૫૭ | ૬ | – | ૫૧ | – |
| ૧૨. | મલથાણ | ૨૪.૬૯ | ૨૨૯૬ | ૧૯૪૪ | ૧૪૩૦ | ૨૮૩ | ૫૩ | ૧ | ૨૨૫ | ૧૦૮ | – | – | ૧૧૫૨ | ૧૭૪ |
| ૧૩. | તલોદરા | ૩૮.૦૮ | ૨૯૭ | ૨૫૭ | ૧૮૯ | ૮૦ | ૨૫ | – | ૧૦૬ | ૭૯ | ૬ | – | ૫૨ | ૧ |
| ૧૪. | કરાળા | ૩૪.૫૧ | ૨૨૭ | ૧૯૯ | ૧૦૧ | ૧૪ | ૧૧ | – | ૬૪ | ૧૪ | ૧ | – | ૨૫ | – |
| ૧૫. | ખરભાસી | ૨૫.૧૪ | ૨૮૨ | ૨૫૫ | ૧૬૩ | ૬૨ | ૫૦ | ૫ | ૪૩ | ૫૫ | – | – | ૭૦ | ૨ |
| ૧૬. | કરણ | ૨૬.૨૩ | ૭૪૫ | ૭૨૩ | ૪૭૦ | ૩૪૫ | ૫૩ | ૨ | ૩૧૮ | ૩૩૧ | ૨ | – | ૯૭ | ૧૨ |
| ૧૭. | બગુમરા | ૩૭.૧૪ | ૧૭૭૩ | ૧૭૭૮ | ૧૦૭૪ | ૮૧૦ | ૧૫૧ | ૧૬ | ૭૩૫ | ૭૭૯ | ૭૩ | ૨ | ૧૧૫ | ૧૩ |
| ૧૮. | કારેલી | ૩૯.૩૪ | ૧૪૧૭ | ૧૧૮૧ | ૯૦૬ | ૨૧૨ | ૫૧ | ૬ | ૧૧૧ | ૧૩૩ | ૪૧ | ૧૪ | ૭૦૩ | ૫૯ |
| ૧૯. | ગંગપોર | ૩૭.૪૯ | ૮૭૭ | ૮૪૬ | ૫૧૮ | ૩૦૩ | ૧૦૫ | ૧ | ૩૨૯ | ૨૯૪ | ૬ | – | ૭૮ | ૮ |
| ૨૦. | જતપોર | ૭૩.૯૪ | ૨૨૦ | ૨૦૬ | ૧૪૨ | ૧૦૩ | ૨૫ | ૧ | ૯૮ | ૯૫ | ૧૩ | ૧ | ૬ | ૬ |
| ૨૧. | સોપાણી | ૫૨.૫૧ | ૮૧૭ | ૮૫૩ | ૪૮૪ | ૩૨૨ | ૯૬ | ૮ | ૨૮૦ | ૨૯૫ | ૧૨ | ૬ | ૧૦૦ | ૧૩ |
| ૨૨. | તુંડી | ૪૩.૬૩ | ૧૩૦૬ | ૧૩૧૬ | ૮૦૧ | ૫૫૫ | ૧૧૯ | ૪૫ | ૫૧૪ | ૫૦૩ | ૧૪ | ૧ | ૧૫૪ | ૬ |
| ૨૩. | શીંડી | ૩૮.૩૪ | ૪૨૮ | ૪૨૫ | [illegible] | ૧૩૨ | [illegible] | [illegible] | ૧૩૯ | ૧૨૬ | – | – | ૬૪ | ૩ |
| ૨૪. | તાતીઆવડા | ૩૩.૨૫ | ૩૯૫ | ૩૮૧ | [illegible] | [illegible] | [illegible] | [illegible] | ૧૩૫ | ૧૨૬ | ૧૩ | – | ૧૯ | – |
| ૨૫. | [illegible] | [illegible] | [illegible] | ૬૧૯ | [illegible] | [illegible] | [illegible] | [illegible] | ૨૬૯ | ૧૭૫ | – | – | ૪૯ | ૧૦ |
| ૨૬. | [illegible] | [illegible] | ૩૦૦ | ૩૫૦ | [illegible] | [illegible] | [illegible] | [illegible] | ૧૧૬ | ૧૧૧ | – | – | ૨૮ | ૫ |

| ક્રમ | ગામનું નામ | આદિવાસી વસ્તીના ટકા | કુલવસ્તી પુ. | કુલવસ્તી સ્ત્રી | કમાનાર પુ. | કમાનાર સ્ત્રી | ખેડૂત પુ. | ખેડૂત સ્ત્રી | ખેતમજૂરી પુ. | ખેતમજૂરી સ્ત્રી | ગૃહઉદ્યોગ પુ. | ગૃહઉદ્યોગ સ્ત્રી | અન્ય પુ. | અન્ય સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૯. | ~~કસરીલી~~ ઇસરોલી | ૩૯.૦૫ | ૨૩૦ | ૨૩૬ | ૧૧૭ | ૩૩ | ૧૬ | ૫ | ૪૯ | ૨૬ | ૩ | ૨ | ૪૯ | – |
| ૩૦. | ભૂતપોર | ૧૬.૪૫ | ૨૨૯ | ૨૩૯ | ૧૩૪ | ૬૯ | ૪૧ | ૨ | ૩૮ | ૬૬ | – | – | ૨૫ | ૧ |
| ૩૧. | પલુડા | ૭૭.૭૪ | ૧૭૧ | ૧૮૩ | ૧૦૧ | ૪૯ | ૨૯ | – | ૫૨ | ૪૭ | – | ૨ | ૨૦ | – |
| ૩૨. | ચેના | ૩૪.૧૮ | ૧૯૧૫ | ૧૮૬૮ | ૧૦૭૮ | ૬૨૨ | ૨૭૨ | ૩ | ૫૨૯ | ૬૦૨ | [illegible] | ૨ | ૨૬૭ | ૧૫ |
| ૩૩. | ધામડોદ | ૪૬.૫૬ | ૫૮૮ | ૫૬૨ | ૩૪૨ | ૧૭૨ | ૯૧ | ૪ | ૧૭૧ | ૧૬૧ | ૬ | ૧ | ૭૪ | ૬ |
| ૩૪. | વીસાદ | ૪૭.૫૯ | ૮૯૩ | ૮૭૦ | ૫૫૧ | ૩૫૦ | ૧૮ | ૮ | ૩૩૭ | ૩૩૫ | – | ૧ | ૧૦૬ | ૬ |
| ૩૫. | બારાસડી | ૩૦.૭૦ | ૬૦૯ | ૫૬૭ | ૩૦૬ | ૨૨૭ | ૬૪ | ૩ | ૨૫૭ | ૨૨૦ | ૧૧ | ૧ | ૪૪ | ૩ |
| ૩૬. | વણેસા | ૫૦.૨૧ | ૧૪૬૭ | ૧૪૩૯ | ૮૦૦ | ૫૭૩ | ૧૭૫ | ૭ | ૫૭૧ | ૫૫૭ | ૧૧ | ૧ | ૧૪૩ | ૮ |
| ૩૭. | ~~[illegible]~~ ઓલીયા | ૬૭.૮૬ | ૯૯ | ૮૮ | ૫૬ | ૫૦ | – | – | ૪૫ | ૪૯ | – | – | ૧૧ | ૧ |
| ૩૮. | વંઝોલિયા | ૯૯.૨૭ | ૪૮૪ | ૪૮૦ | ૩૦૦ | ૨૫૨ | ૨૨ | ૪ | ૨૦૯ | ૨૪૪ | ૯ | ૧ | ૬૦ | ૩ |
| ૩૯. | કણાવ | ૪૯.૨૭ | ૭૬૬ | ૭૪૮ | ૪૬૧ | ૩૬૭ | ૬૨ | ૩ | ૩૫૮ | ૩૪૫ | – | – | ૪૧ | ૧૯ |
| ૪૦. | પલસાણા | ૨૯.૦૭ | ૨૫૮૬ | ૨૩૮૨ | ૧૪૨૨ | ૬૦૩ | ૧૫૩ | ૨૫ | ૫૦૮ | ૪૬૦ | ૨૪ | ૪ | ૭૩૪ | ૮૪ |
| ૪૧. | ઇટાળવા | ૪૮.૩૩ | ૪૨૬ | ૪૪૧ | ૧૩૬ | ૧૦૧ | ૬૨ | ૨ | ૧૧૨ | ૧૩૨ | – | – | ૬૬ | ૩ |
| ૪૨. | માળીયા | ૬૧.૮૨ | ૨૬૬ | ૨૫૦ | ૨૪૧ | ૧૩૭ | ૨૪ | ૨ | ૮૯ | ૯૭ | – | ૧ | ૨૩ | ૧ |
| ૪૩. | મલેકપુર | ૫૪.૮૩ | ૧૧૬૮ | ૧૧૬૧ | ૭૦૬ | ૪૧૨ | ૧૪૦ | ૫ | ૪૮૧ | ૩૯૯ | – | – | ૮૫ | ૮ |
| ૪૪. | ~~[illegible]~~ [illegible] | ૭૨.૯૭ | ૩૫૮ | ૩૯૩ | ૨૨૧ | ૧૯૦ | ૨૬ | ૧ | ૧૭૧ | ૧૮૭ | – | – | ૨૪ | ૨ |
| ૪૫. | અમલસાડી | ૯૨.૪૯ | ૯૧૨ | ૭૪૦ | ૪૦૧ | ૩૫૧ | ૬૭ | ૧૬ | ૧૭૩ | ૨૦૭ | ૬ | ૩ | ૧૫૫ | ૧૨૫ |
| ૪૬. | બુજી | ૬૬.૧૭ | ૮૬૧ | ૮૨૧ | ૫૨૦ | ૩૧૨ | ૭૦ | ૧ | ૨૯૮ | ૨૯૯ | ૭ | ૧ | ૧૪૫ | ૧૧ |
| ૪૭. | ધામણપોર | ૫૯.૮૨ | ૫૬૧ | ૫૬૪ | ૩૦૨ | ૧૪૯ | ૪૫ | – | ૧૭૧ | ૧૪૬ | ૨૧ | – | ૬૩ | ૪૮ |
| ૪૮. | પાટડીયાતાં | ૫૬.૩૫ | ૨૭૮ | ૩૨૦ | ૧૫૩ | ૧૦૭ | ૪૨ | ૧ | ૮૭ | ૧૦૦ | ૨ | ૧ | ૨૨ | ૩૪ |
| ૪૯. | ચમેટી | ૬૪.૪૨ | ૧૦૦૮ | ૧૦૪૪ | ૬૦૭ | ૪૪૪ | ૮૮ | ૧૪ | ૩૨૧ | ૪૧૫ | ૧ | – | ૧૬૭ | ૧૫ |

## પરિશિષ્ટ-૫

## ક્ષેત્રકાર્યની ડાયરી

આજરોજ સેઢવ ગામની મુલાકાત લીધી સવારે ૯-૦૦ વાગ્યે પલસાણા બસસ્ટેન્ડ પહોંચ્યા ત્યાં ડાહ્યાભાઇ હળપતિ આવી ગયા હતા. ડાહ્યાભાઇ સાથે સેઢવ જવાનું નક્કી કર્યું હતું. ડાહ્યાભાઇ તાલુકા પંચાયતમાં નોકરી કરે છે. ૯-૧૫ પલસાણાથી સુરત જવાની બસ મળી. ૯-૫૦ અમો નીપોલ પાટીયે પહોંચ્યા ત્યાંથી સેઢવ ચાલતા ગયા. નીપોલથી સેઢવ ૩ કિલોમીટર દૂર છે. ચાલતા ચાલતા સેઢવ ગામની માહિતી ડાહ્યાભાઇ પાસેથી મેળવી ગામના સરપંચ અનાવિલ બ્રાહ્મણ છે. તેમના ઘરે ગયા સરપંચ હતા નહીં. તે ઉધના નોકરી કરવા ગયેલ, સરપંચના ઘરેથી મારા કામ અંગેની વિગત પૂછી. ત્યારબાદ નાયબ સરપંચને બોલાવવા માણસને મોકલ્યો, ચા-કોફી બનાવ્યા. મારી સાથે આવેલ ડાહ્યાભાઇએ પાણી કે ચા-કોફી પીધા નહીં. નાયબ સરપંચ પણ ગામમાં હતા નહીં. ગ્રામપંચાયતના કોટવાળને બોલાવવા મોકલ્યા તે પણ નિપોલ ગયેલ. સરપંચની બાજુમાં રહેતા અનાવિલ ખેડૂત આવ્યા મારી સાથે ચર્ચા કરવા લાગ્યા. ચર્ચા ખાસ કરીને સરકારી અધિકારીની કાર્યદક્ષતા અને તેનું પ્રજા સાથેનું વર્તન કેવું હોય છે. તે વિષેની હતી. તેઓ કહેતા કે અમારા જેવા (અનાવિલ)ને પણ સરકારી અધિકારી દાદ ન આપે તો આદિવાસીનું શું થતું હશે ? ચર્ચામાં અનાવિલ લોકોની મોટાઇના દર્શન વારંવાર થતા હતા. સરપંચના ઘરેથી એ જમવા માટે આગ્રહ કર્યો મારી જમવાની ઇચ્છા હતી નહીં તેથી તેમનું આમંત્રણ સ્વિકાર્યું નહીં. બપોરના ૧૨-૩૦ થયા હશે ત્યારે હું અને ડાહ્યાભાઇ દેસાઇ ફળીયામાંથી નવા હળપતિવાસ જવા નીકળ્યા. નવો હળપતિવાસ ગામમાં દાખલ થતાજ આવે છે. ફળિયાના મકાન કાચા-દિવાલ વાંસ માટીની, છાજ નળીયા ઘાસના હતા. ફળીયામાં

વ્યકિતની હલન ચલન હતી નહીં. હજુ કામેથી લોકો આવ્યા ન હતા. ફળીયાનાં નાના છોકરા મને જોઇને ઘરમાં ચાલ્યા જતા હતા. એકાદ-બે છોકરા તો રડવા પણ લાગ્યા. તેથી ઘરની વ્યકિત બહાર આવીને કુતુહલ થી અમને જોવા લાગ્યા. ત્યાં આ ફળીયાના પંચાયતના સભ્ય અને પંચાયતના કોટવાલ મળ્યા. બન્ને હળપતિ આદિવાસી જાતિના છે. પંચાયતના સભ્યે કેડથી નીચેના ભાગમાં ટુવાલ પહેરેલો શરીરનો ઉપલો ભાગ ખુલ્લો હતો. તેમનું શરીર દુબળું પાતળું હતું. ઉંચાઇ મધ્યમ અને રંગે ઘઉં વર્ણના હતા. ડાહ્યાભાઇએ મારી સાથે તેમનો પરિચય કરાવ્યો. ત્યારબાદ મારા કાર્ય અંગે તેમણે પ્રશ્નો કર્યા. તેનો તેમને સંતોષ થાય તેવા ઉત્તર મેં આપ્યો ત્યારબાદ જુના હળપતિ વાસમાં મેં જવાની ઇચ્છા કરી તે પંચાયતના સભ્ય અમારી સાથે જુના હળપતિ વાસમાં આવ્યા નહીં. પંચાયતના સભ્યની સૂચના થી એક ભાઇ અમારી સાથે નવા હળપતિવાસમાં આવ્યા. જુના હળપતિ વાસમાં ગામના જુના સરપંચ રહે છે. તેમને અમો મળ્યા. તે સરંપચે ટેરેલીનનું કલરવાળું પેન્ટ, સફેદ બુશર્ટ હાથમાં ઘડીયાળ અને પગમાં બૂટ પહેર્યા હતા. આંખ અને મૂછ મોટી હતી. વ્યકિતત્વ પ્રભાવશાળી હતું. તેઓ સુરત હિરા ઘસવાનું કામ કરે છે. તેમનું ઘર કાચુ પણ સુંદર હતું. ઘરમાં વાસણ પિતળ અને સ્ટીલના હતા. રેડીયો, સાઇકલ, લાકડાની ખુરશી, લાકડાનો કબાટ હતો. તેમની સાથે ચર્ચા કરતા તેમણે ગામમાં ખેતમજૂરી ના દર ઘણા ઓછા મળે છે. તેની વાત અને હજુ પણ આ તાલુકામાં હળપતિઓ બંધાયેલ મજૂરી છે. તેની વિગતે સમજ આપી. હળપતિ લોકો લગ્ન માટે પૈસાની જરૂર પડે તેથી ધણિયામા પાસેથી પૈસા લઇ ખેતીના કામ માટે બંધાય છે. એકવાર બંધાયા પછી છૂટવા કેટલી

મુશ્કેલી પડે છે. તેની વાત કરતા હતા. ત્યાંજ એક ભાઇ શરીર ઉપર લુગડું ઓઢીને આવ્યા. તેમના આખા શરીરે ફોલ્લા હતાં. તે ભાઇ છેલ્લાં ૨૫ વર્ષથી ખેતીમાં બંધાયને કામ કરતા હતા. ધણિયામાને ત્યાંજ રહેતા. તે જયારે બંધાયા ત્યારે કેટલા પૈસા લઇને બંધાયા તે અંગેની કોઇ ચોકકસ માહિતી તે આપી શકયા નહીં. માંદા પડવાથી ધણિયામાએ તેને મા-બાપને ત્યાં મોકલી આપ્યા. માંદગીમાંથી સાજા થયા બાદ ખેતીના કામ માટે આવવાનું જણાવ્યું.

જુના હળપતિ વાસમાં રહેતા ભૂત પૂર્વ સંરપંચે નવા હળપતિ વાસના હળપતિ વિષે ફરીયાદ કરી ફરીયાદ મોટાભાગે રાજકીય હતી. સરપંચને ત્યાં ડાભી ચા પીધી નહીં પણ ડાહ્યાભાઇએ ચા પીધી નહીં. કુવા ઉપરથી તાજુ પાણી મંગાવી પીધુ. બપોરે ચાર વાગે નવા હળપતિ વાસમાં ગયા ત્યાં પંચાયતના સભ્યે દૂધ મંગાવી રાખેલ આ અંગે તપાસ કરતા ખ્યાલ આવ્યો કે દૂધ સરપંચને ત્યાંથી મંગાવવામાં આવ્યું હતું. સાંજે ૬ વાગ્યા સુધી સરપંચ આવ્યા નહતા. તેથી બીજે દિવસે મળવાનું નકકી કરી નિઓલ ચાલતા પહોંચ્યા. રસ્તામાં ડાહ્યાભાઇને ચા-કોફી નહીં પીવા વિશે પૂછયું તેમણે જણાવ્યું કે હું સ્વામિનારાયણનો ધર્મ પાળું છું તેથી આ લોકોનું પાણી કદાચ ચોખ્ખું ન હોય. વાસણ ચોખા ન હોય. કદાચ ઘરની વ્યકિત દારૂ પીતો હોય આવા જુદા જુદા કારણોને લઇને તેમણે આ ગામમાં પાણી પીધુ નહીં. નિઓલથી કઠોદ ચાર રસ્તાથી પલસાણા રાત્રે ૮ વાગ્યે પહોંચ્યા.

.....

## સંદર્ભસૂચિ


(૧) ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ
ગ્રંથ-૭ મરાઠા કાલ.
સંપાદકો : રસિકલાલ છોટાલાલ પરીખ અને
હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી. પ્રથમ સંસ્કરણ
ઇ.સ. ૧૯૮૧.

(૨) ગુજરાતની આર્થિક અને પ્રાદેશિક ભૂગોળ
લેખક - પ્રો.મંજુલાબહેન બી. દવે
યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ-ગુજરાત રાજ્ય
પ્રથમ આવૃત્તિ-૧૯૭૯.

(૩) ગુજરાતના આદિવાસીઓ
લેખક - વિમલ શાહ ગૂજરાત વિદ્યાપીઠ
પહેલી આવૃત્તિ : ૧૯૬૬-જાન્યુઆરી

(૪) ગુજરાતના આદિવાસીઓ
લેખક : મુસ્તાઅલી મસવી
પ્રકાશક : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
અમદાવાદ-૧૯૮૨.

(૫) ગુજરાતના દૂબળાઓ
લેખક - પી.જી.શાહ, અનુવાદ પીલુસી.શાહ
સંક્ષેપ-બિન્દુ બહેન શાહ, પ્રકાશક : ગૂજરાત
વિદ્યાપીઠ, માર્ચ-૧૯૬૬.

(૬) જિલ્લા પંચાયત સુરત
જિલ્લાની આંકડાકીય રૂપરેખા
વર્ષ ૧૯૮૧-૮૨

(૭) સામાજિક માનવશાસ્ત્ર
ભારતીય આદિમજાતિ સંસ્થાઓ
લેખક: ઉર્મિલાબહેન દેસાઇ, રચના પ્રકાશન.

(૮) સૂરત સોનાની મૂરત
લેખક : ઇશ્વરલાલ ઇચ્છારામ દેસાઇ
પ્રથમ આવૃત્તિ . તા. ૨૪ ઓગસ્ટ ૧૯૫૮

(૯) હવામાન શાસ્ત્ર અને ગુજરાતની આબોહવા
ડો. નીમભાઇ નીચ્છાભાઇ દેસાઇ અને સ.સા.
મુકુન્દ વી. ઉનાકર
પ્રકાશક : અંબાલાલ જાનિ
શ્રી ફાર્બસ ગુજરાતી સભા

અહેવાલ :
-----

(૧) આદિવાસી ગામોમાં ગરીબી અને સમૃધ્ધિની
ગત્યાત્મકતા (એમ.ફીલ નિબંધ)
(ધરમપુરના ગામોને ખ્યાલમાં રાખીને)
નિબંધકર્તા - ગિરીશભટ્ટ.
મ.દે.સમાજસેવા મહાવિદ્યાલય,ગૂજરાત વિદ્યાપીઠ

-----

પરિશિષ્ટ-૬

## આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

### મુલાકાત માર્ગદર્શિકા

### પ્રોજેક્ટના ગામોમાં વસતા આદિવાસીઓ અને બિનઆદિવાસી વસ્તી સાથેના સંબંધો

૧. તમારી જાતિના અને કુળના કુટુંબો આ ગામોમાં વસે છે ?

૨. પ્રોજેક્ટના ગામોમાં બિનઆદિવાસી કઈ કઈ જાતિઓ વસવાટ કરે છે ? આદિવાસીઓ અને બિનઆદિવાસીઓ વચ્ચે પારસ્પારિક સંબંધો કેવા છે ?

૩. પ્રોજેક્ટના ગામોમાં બિનઆદિવાસી જાતિઓનું આદિવાસીઓ તરફ વલણ કેવું છે ?

૪. પ્રોજેક્ટના ગામોના બિનઆદિવાસીઓ તેમના સામુહિક, ધાર્મિક અને સામાજિક પ્રસંગોમાં તમને આમંત્રે છે ? અથવા તમે આ કુટુંબોને તમારા પ્રસંગોએ આમંત્રો છો ? તેઓ આમંત્રણનો સ્વીકાર કરે છે ?

૫. ગામના આદિવાસીઓને ગામના બિનઆદિવાસી આગેવાનોના માર્ગદર્શન/સહાયની જરૂર હોય તેમનો પૂરતો સહકાર મળે છે ?

૬. ગામના બિનઆદિવાસી ખેડૂતો તમને ખેતમજૂરીએ બોલાવે છે ? કેટલી મજૂરી ચૂકવવામાં આવે છે ?

૭. ગામની બિનઆદિવાસી જાતિઓ અને આદિવાસીઓ વચ્ચે ઘર્ષણ કે ઝઘડાના પ્રસંગો બને છે ? જો બનતા હોય તો આવા ઘર્ષણ માટેના કારણો કયા છે ? આવા ઝઘડા અને ઘર્ષણ કેવી રીતે નિવારવામાં આવે છે ? (કેસસ્ટડી)

૮. ગામના બિનઆદિવાસી દુકાનદાર આદિવાસીઓને ઉધાર વસ્તુ આપે છે ? જો આપતા હોય કેટલી રકમ સુધી ?

૯. ગામના બિનઆદિવાસી શાહુકાર આદિવાસીઓને જરૂર હોય તો નાણાં ધીરે છે ? વ્યાજનો દર કેટલો ગણવામાં આવે છે ?

૧૦. રોજગારીના કેન્દ્રો કયા છે ? અને ત્યાં શું કામ કરે છે ? પગાર કેટલો મળી શકે ?

:::

૧૫. પોકેટના ગામોમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ શિક્ષણ અને તાંત્રિક શિક્ષણ પામેલાની સંખ્યા

પ્રાથમિક

માધ્યમિક

ઉચ્ચ માધ્યમિક

કોલેજ

ટેકનીકલ

૧૬. પોકેટના ગામમાં આશ્રમશાળાઓની સંખ્યા

૧૭. પોકેટ વિસ્તારના માહિતીપત્રમાં દર્શાવેલા જુદા જુદા વ્યવસાયોમાં રોકાયેલા આદિવાસીઓની અંદાજિત સંખ્યા

૧૮. પોકેટના ગામોમાં સ્વતંત્ર ધંધા ઉદ્યોગ હોય તો તેમની માહિતી

૧૯. પોકેટના ગામોમાંથી આદિવાસી યુવકો પરદેશમાં નોકરી કરવા ગયા છે ?

ત્યાં શું કામ કરે છે ?

કેટલીક આવક મેળવે છે ?

નોંધ : ઉપરોક્ત દર્શાવેલ માહિતીની નોંધ પોકેટ વિસ્તારમાં આવતાં સમગ્ર ગામની લેવાની છે.

૧૦. પોકટના ગામોમાં ચાલતા જુદા જુદા ગૃહઉદ્યોગોની માહિતી

૧. માટીકામ હા / ના

૨. સુથારીકામ હા / ના

૩. લુહારીકામ હા / ના

૪. બીડી વાળવી હા / ના

૫. અન્ય હા / ના

૧૧. પોકટ વિસ્તારમાં ચાલતા લઘુ ઉદ્યોગો

૧. હીરા ઘસવા સંખ્યા

૨. ઘંટી / હલર

૩. છાપકામ

૪. જીનીંગ અને પ્રોસેસીંગ

૫. ક્વોરી / પથ્થરકામ

૬. વાહન/સાધનોની મરામત

૧૨. પોકટ વિસ્તારમાં પશુપાલન વ્યવસાયો

૧. મરઘાં ઉછેર

૨. બકરાં / ઘેટાં ઉછેર

૩. ડેરી ઉદ્યોગ / દૂધની બનાવટો

૪. પશુઆહાર

13. પોકટના ગામોમાં મજૂરી

૧. ખેતમજૂરી

૨. છૂટક મજૂરી

૩. કારખાના/ઉદ્યોગોમાં મજૂરી

૧૪. પોકટના ગામોમાં આદિવાસી કલ્યાણ અને વિકાસ કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાઓનાં નામ અને કાર્યક્રમ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૩૮૦ ૦૧૪

## આદિવાસી પોકેટ વિસ્તારમાં માળખાકીય સગવડોની માહિતી

૧. પોકેટ વિસ્તારનું નામ :

આદિવાસી પેટા યોજના :

આ પોકેટ વિસ્તારના ગામોની સંખ્યા :

પોકેટના ગામોમાં કુલ આદિવાસી વસ્તી :

પોકેટ વિસ્તારમાં વસતી આદિવાસી જાતિઓના નામ :

પોકેટના ગામોમાં વસતી અન્ય જ્ઞાતિઓ :

૭. પોકેટના ગામોમાં પ્રાથમિક સુવિધાઓ

હા ના કુલ

૧. વીજળી

૨. પાણી પૂરવઠો

૩. વાહન વ્યવહાર

૪. ટપાલ અને તાર

૫. આરોગ્ય કેન્દ્ર/[illegible]

૬. શૈક્ષણિક (પ્રાથમિક)

૭. " (માધ્યમિક)

૮. " (ઉ.મા./કોલેજ)

પોકેટના ગામોમાં લેવાતા મુખ્ય પાક / ગૌણ પાક

પોકેટના ગામોમાં સિંચાઈની સગવડ

૧. કૂવા

૨. વિદ્યુત મોટર

૩. નહેર

૪. પંપ